**આરણ્યક**
**Aranyak**

**બિભૂતિભૂષણ બંદોપાધ્યાય**

**અનુવાદ :** ડૉ. ચન્દ્રકાન્ત મહેતા
**સંક્ષિપ્તીકરણ :** પ્રજ્ઞા પટેલ


**પ્રકાશક** : દીપક સોમપુરા
વિચારવલોણું પરિવાર
બી-૫, રંભા કોમ્પ્લેક્ષ, ગુજરાત વિદ્યાપીઠ સામે,
નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ફોન : ૦૭૯-૨૭૫૪૧૯૫૩

**મુદ્રક** : અનુરાજ ગ્રાફિક્સ
૪૦૬, વિમૂર્તિ કોમ્પ્લેક્ષ, ગુરૂકુળ રોડ,
મેમનગર, અમદાવાદ-૫૨.
ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨

**મુખપૃષ્ઠ સજાવટ** : નિર્મલ સરતેજા

**કિંમત** : રૂા. ૫૫.૦૦

08.12 / 06.01

# આરણ્યક

❁

**બિભૂતિભૂષણ બંદોપાધ્યાય**

**અનુવાદ :** ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

**સંક્ષિપ્તીકરણ :** પ્રજ્ઞા પટેલ

❁

**વિચારવલોણું પરિવાર પ્રકાશન**

## નિવેદન

વ્યક્તિ - સમષ્ટિના સમગ્ર-સ્વસ્થ વિકાસ માટે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવાની હોંશ રાખનાર સંસ્થા એટલે જ 'વિચારવલોણું પરિવાર'. એનો ધ્યેયમંત્ર છે, 'નહીં માનવીથી અદકેરું કાંઇ,' એની કાર્યપદ્ધતિ છે, 'સહ વીર્યં કરવા વહૈ.'

માનવસમાજમાં સારા એવા પ્રમાણમાં સમગ્રપણે વિકસિત વ્યક્તિઓની હયાતીની જરૂર ક્યારેય ન હતી એટલી આજે છે. દરેક વ્યક્તિનાં જ્ઞાન, માહિતી, ડહાપણ એ કક્ષાએ સજ્જ થવાં જોઇએ કે જેથી ગેરમાર્ગે દોરનારી વિચારસરણી કે નુકસાનકારક કાર્યક્રમોને તે ઓળખી શકે, એટલું જ નહી પણ તેનો સામનો કરવાની ક્ષમતા અને હિંમત પણ ધરાવે.

આ માટે જરૂરી છે વિચારના ખેતરમાં સતત ગોડ કરતા રહેવાની. એ માટી જેમાં વિચાર ઊગે છે - તે તળેઉપર કરવાની, તેને યોગ્ય ખાતર આપવાની અને બંધિયારને બદલે મોકળું વાતાવરણ આપવાની.

વિચારના ઘણા સ્રોત છે : વાંચન -પ્રવચન-દર્શન-સહવાસ-ચર્ચા-સંવાદ-સત્સંગ..... વગેરે. આ વિવિધ સ્રોતોમાંથી મળેલો વિચાર જ્ઞાન - સમજણ-ડહાપણમાં પરિણમશે.

વાંચન એ માટેનો સરળ સ્રોત છે. સાવ એકલા, પોતાની ફુરસદે, પોતાના ખૂણામાં રહીને વાંચન દ્વારા ઉત્તમ વિચારનું સેવન થઇ શકે. નાનકડું પુસ્તક મનના અંધારા ખૂણામાં સ્વસ્થ વિચારનું કોડિયું પ્રગટાવી મનને ઝળાંહળાં કરી શકે, જેની ઝાંખી આસપાસના લોકોને પણ થાય.

આ પ્રયાસના ભાગરૂપે અમારી આ પુસ્તકશ્રેણી છે. એક વરસમાં છ ચૂંટેલાં પુસ્તકો જે તમને નવો વિચાર આપે, તમારા વિચારોને પુષ્ટ કરે, મનની ક્ષિતિજોને વધુ દૂર લઇ જાય. વિચારના વધુ ઊંડાણના પ્રદેશમાં ઊતરવા પ્રોત્સાહિત કરે કે વિચાર પ્રમાણે જીવવાનું બળ પૂરું પાડે.

અમારી પુસ્તિકા જો આમાંનું એકાદ પણ કરી શકે તો લાગતાં - વળગતાં સૌની મહેનત સાર્થક થશે.

**મુનિ દવે**
ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭ પ્રમુખ - વિચારવલોણું પરિવાર

## પ્રાસ્તાવિક

આખો દિવસ કચેરીના કેડ ભાંગી નાખે એવા કામથી પરવારી ગઢના મેદાનના કિલ્લાને અઢેલીને હું બેઠો હતો. પાસે જ એક બદામનું વૃક્ષ હતું. થોડો સમય હું શાત બેસી રહ્યો. ત્યાં બદામ વૃક્ષની સામે જ, જાણે પાણીની લહેર હોય એવી ઊંચીનીચી જમીન જોઈને, મને થયું કે જાણે લવટૂલિયાની ઉત્તર દિશાના સરસ્વતીકુંડના કિનારા પર સાંજને સમયે હું બેઠો છું. પણ બીજી જ ક્ષણે પલાશી દરવાજાને રસ્તે મોટરનું ભૂંગળું વાગ્યું કે મારો ભ્રમ ભાંગી ગયો.

આ વાત ઘણી જૂની છે, છતાં જાણે ગઈકાલની જ હોય એમ મને લાગે છે.

કલકત્તા શહેરની ધાંધલધમાલમાં ને કામકાજમાં રોજ ગળાબૂડ ડૂબેલો રહેલો એવો હું જ્યારે લવટૂલિયા બઈહાર કે આઝમાબાદનો એ અરણ્ય-ભૂભાગ; એ જ્યોત્સ્ના, એ તિમિરમય સ્તબ્ધ રાત્રી; ઘૂ ઘૂ કરતાં કાશ ને ઝાઉનાં જંગલો; મોડી રાત્રે નીલ ગાયોનાં દલનો દ્રુત પદધ્વનિ, ધખધખતા બપોરે સરસ્વતીકુંડના પાણીની ધારે તરસી જંગલી ભેંસ, એ અપૂર્વ ને અનન્ય એવા શિલાખંડવાળા મેદાનમાં રંગબેરંગી વનફૂલોની શોભા ને ખીલતાં રક્તપલાશનાં ગીચ જંગલોની વાત વિચારું છું, ત્યારે મનમાં થાય છે કે કોઈ રજાના દિવસની સાંજે તંદ્રાભર્યો હું એક સૌંદર્યસભર જગતના સ્વપ્નને જોતો હતો. એવું જગત કે જે આ દુનિયામાં ક્યાંય છે જ નહિ.

કેવળ વન ને મેદાનો જ નહિ; કેટકેટલા પ્રકારના માણસો મેં જોયાં હતાં!

કુંતા... દુખિયારી કુંતાની વાત યાદ આવે છે. હજીય જાણે એ ગરીબ સ્ત્રી પોતાનાં છોકરાંઓને સાથે લઈને સૂંઠિયા બઈહારના વિસ્તીર્ણ એવા કોઠાંના જંગલમાં, કોઠાં વીણી વીણીને પોતાની રોજબરોજની સંસારયાત્રામાં મશગૂલ છે, અથવા તો શિયાળાની કડકડતી ઠંડીમાં ચાંદની રાતે મારી પતરાળીનો અજીઠો ભાત લેવાની આશાથી કચેરીના આંગણામાં એક ખૂણે, કૂવાની પાસે ઊભી છે. યાદ આવે છે, નર્તક બાલક ધાતુરિયા.

મહાલિખારૂપના પહાડની તળેટીમાં, વિશાળ વનપ્રદેશમાં વસંત ઋતુનું આગમન થયું છે, લવટૂલિયા બઈહારમાં બધે પીળા રંગના ગોલગોલિ

ફૂલોનો જાણે મેળો ભરાયો છે. બપોરની અગ્નિવર્ષાથી તામ્રવર્ણું આકાશ રેતીના તોફાનથી ધૂંધળું બની ગયું છે. રાત્રે મહાલિખારૂપના પહાડમાં-શાલવનમાં લોકોએ આગ લગાડેલી હોવાથી જાણે અગ્નિમાળા દૃષ્ટિએ પડે છે! કેટકેટલાં ગરીબ બાળકો, નર-નારીઓ, કેવા ખૂની શાહુકારો, ગાયકો, ભઠિયારાઓ ને ભિખારીઓની જીવનયાત્રાનો મને પરિચય થયો! મારા બંગલામાં બેઠો બેઠો મોડી રાત સુધી શિકારીઓની અજબગજબ વાતો હું સાંભળતો.

આ બધા લોકોની વાતો મારે કહેવી છે. આ દુનિયામાં જે માર્ગે સભ્ય માણસોની અવરજવર બહુ ઓછી છે. એ માર્ગમાં કોણ જાણે કેટલીયે અદ્ભુત જીવનધારાઓ અજાણ્યા મેદાન ને અરણ્ય પ્રદેશમાંથી વહે છે, શાંતિથી કશાય શોરબકોર કર્યા સિવાય. તેમનાં સ્મરણોને પણ હું ભૂલી શક્યો નથી.

પણ મારાં આ સ્મરણો આનંદદાયી નથી; દુઃખદાયી છે. સ્વચ્છંદ પ્રકૃતિની એ લીલા ભૂમિ - મારો વનદેવતા - મને કદીયે માફ નહિ કરે. પણ મેં સાંભળ્યું છે કે, પોતાનો ગુનો પોતે જ કબૂલ કરવાથી ગુનાનો ભાર થોડો હળવો બને છે.

એથી જ આ વાર્તા જન્મી છે.

**બિભૂતિભૂષણ બંદોપાધ્યાય**

# એ અરણ્યની ગદ્ય કવિતા છે ..

શ્રી વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'આરણ્યક' એ બંગાળી તેમ જ ભારતીય સાહિત્યની એક મહાન કૃતિ છે. એ અરણ્યની ગદ્યકવિતા છે. અત્યાર સુધી આલેખાયેલી નહિ એવી અરણ્યની પશ્ચાદ્ભૂમિકામાં કે જે ભૂમિકાનો માનવની વધતી જતી વસ્તીને વસાવવા માટે નાશ કરવામાં આવે છે, કર્તાએ અરણ્યની અને આદિવાસી ગામડાંની ભૂમિકામાં સહાનુભૂતિપૂર્વક અને પ્રતીતિકર રીતે માનવનું અને એના આસપાસના વાતાવરણનું મનોરમ ચિત્ર આલેખ્યું છે. આ રીતે પ્રત્યક્ષ અનુભવ અને સહાનુભૂતિને રંગે રંગાયેલું માનવ અને પ્રકૃતિનું અત્યંત આકર્ષક ચિત્ર આલેખતું આ કાવ્ય છે.

પરંતુ આ ઉપરાંત શ્રી વિભૂતિભૂષણના લખાણમાં એવું કાંઈક છે, કે જે આપણા અંતરના ઊંડાણને સ્પર્શે છે, ને આપણને જાગૃત કરે છે. અને આપણા પોતાના અંતરમાં રહેલી પ્રકૃતિભાવનાનું આપણને તીવ્રભાન કરાવે છે. એ કેવળ વૃક્ષો અને વેલીઓના, પુષ્પોના અને ફળોના, મૂળિયાંના અને છોડના, તેમ જ અરણ્યજીવનના પ્રેમી જ નથી, પરંતુ એ સર્વ તત્ત્વોના એઓ દ્દષ્ટા પણ છે. એઓ કાંઈ એ સર્વ તત્ત્વોને વનસ્પતિવિદ્દ્ની જેમ કાતરથી કટકા કરીને કે સૂક્ષ્મદર્શક કાચથી જોતા નથી, પરંતુ વ્યવહારવિદ્ માનવીની દૃષ્ટિથી જુએ છે.

આ કૃતિમાં ક્રમેક્રમે આપણી સમક્ષ જે જે પાત્ર આવતું જાય છે, તે પ્રત્યેક પાત્ર જીવંત વ્યક્તિ છે. વળી એ પાત્રો શહેરથી ખૂબ દૂર હોવાને લીધે એમનામાં આદિકાળના માનવીની પ્રામાણિકતા અને સરળતા છે. ગામડામાં અને અરણ્યની મધ્યમાં અથવા અરણ્યની સરહદ પર રહેતાં માનવીઓનાં એ સાચાં પ્રતિનિધિ છે.

સર્જનાત્મક સાહિત્ય તરીકે એનું મૂલ્ય ઘણું ઊંચું હોવા ઉપરાંત, આ કૃતિ આપણી સમક્ષ અરણ્યનો આત્મા અને નવાં ગ્રામનો ચિતાર રજૂ કરે છે, અને પ્રકૃતિ અને માનવ બંને પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરે છે. એક અન્ય દૃષ્ટિએ પણ આ કૃતિનું મૂલ્ય છે, કે માનવી એની લાક્ષણિક પરિસ્થિતિમાં કેવો હોય છે તેનું સર્વગ્રાહી દર્શન એ કરાવે છે. માનવી કુદરત પાસે શી રીતે સેવા લે છે, અને પોતાની જરૂરિયાત સંતોષવાને એ શી રીતે એ ધરતીની કાયાપલટ કરી નાંખે છે તેનું આલેખન અહીં લાક્ષણિક રીતે થયું છે.

**- સુનીતિકુમાર ચેટરજી**

# અરણ્યનું અદ્‌ભુત સૌંદર્ય ને નોખા માનવીઓ વચ્ચે લઈ જતી કથા - 'આરણ્યક'

'આરણ્યક' વાંચ્યા પછી એને ભૂલી શકાય નહીં. કથા અંદર ધબકવા લાગે. આપણો સમય હાથ ઝાલીને જાણે ખેંચવા માંડે, કદી ન જોયેલી એ અરણ્યભૂમિ ભણી ને કશા જ આવરણ વિના સાચેસાચું જીવતા એ લોકો ભણી.

પુસ્તકના પ્રારંભે લેખક શ્રી બિભૂતિભૂષણ બંદોપાધ્યાયની પ્રસ્તાવનામાં સહજ ઉલ્લેખ છે. મારે સાવ ટૂંકમાં એ લાગણી વ્યક્ત કરવી છે કે, આવી અદ્‌ભુત કથાના સંક્ષિપ્તીકરણની જરૂર શા માટે? 'વિચારવલોણું' દ્વારા શ્રેષ્ઠ સાહિત્ય, માણસના જીવનને કેન્દ્રમાં રાખીને-પોષતું- વર્ષની છ પુસ્તિકા દ્વારા વહેતું કરવામાં આવે છે. આમાં ક્યારેક વિવિધ ભારતીય કે વિદેશી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકો અનુવાદ, ભાવાનુવાદ, રૂપાંતર કે સંક્ષિપ્તીકરણ દ્વારા મૂકવામાં આવે છે. આ જ દિશામાં 'આરણ્યક' મૂળ ગુજરાતી અનુવાદ ૩૧૨ પાનાનું પુસ્તક લગભગ ૧૦૦ પાનામાં બહોળા વાચક પરિવાર સુધી પહોંચાડવાનો ખૂબ નમ્ર પ્રયાસ કર્યો છે. 'આરણ્યક' નવલને એના મૂળભૂત તત્ત્વ સાથે સંક્ષિપ્તમાં આપવાનું અત્યંત કઠિન કાર્ય, છતાં ઉમદા હેતુ સાથે એ દાયિત્ય અદા કરવા મથામણ કરી છે. આ પાછળની તાલાવેલી એટલી જ કે આજના ધમાલિયા સમયમાં સમયના અભાવે મૂળ પુસ્તક ન વાંચી શકતા વાચકો સુધી આ સંક્ષિપ્ત પુસ્તક પહોંચે, 'આરણ્યક' સાથે તેઓ દોસ્તી કરી શકે.

શ્રી બિભૂતિભૂષણ બંદોપાધ્યાયની શૈલી નોખી, અદ્‌ભુત. એક પછી એક પડ ખૂલતાં જાય, દરેક પડ જુદી જ રીતે આકર્ષે અને તેમ છતાં આખી કથાનું પોત અકબંધ રહે, મૂળ સેતુ સાથે અનુસંધાન સતત રહે. એમનું પાત્રાલેખન, માણસોને મળવાની-પામવાની ઉદાત્ત રીત, ગામ-સ્થળો-ઋતુઓ-પર્વો-પશુ-પંખી-પ્રાણીઓ-પ્રકૃતિનાં વિભિન્ન રૂપો-લોકજીવનના રૂપરંગ-માનવીનું મનોજગત-આ બધાંને એમણે આત્મસાત્ કર્યા પછી કંડાર્યા હોય એવું અનુભૂત થાય. કથાનાયક ક્યાંય અળગો, અલિપ્ત, બહારનો જણાતો નથી. જ્યારે અને જ્યાં હોય, એ નખશિખ ત્યાંનો જ બની રહે છે. અહીં પ્રેમ પણ કેટલો પાવન બનીને મંદ મંદ સુગંધે આપણને સ્પર્શે છે! આપણે દુનિયાનાં ઘણે સ્થળે ફર્યા હોઈશું, વન-જંગલ પણ જોયાં હશે, પરંતુ આ દૃષ્ટિએ એમાં પ્રવેશ નહીં જ કર્યો હોય. એ વનદેવતાને આપણાં પ્રણામ. જંગલના સૌંદર્ય, માનવીય સંબંધો-પ્રેમની આ કથા યુગે યુગે આપણને ઉષ્મા બક્ષતી રહે ... એ શ્રદ્ધા સાથે...

**પ્રજ્ઞા પટેલ**

('આત્મન્', પ્લોટ નં. ૧૯૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨)

# ૧

**પં**દર-સોળ વર્ષ પહેલાંની વાત છે. હું તાજેતરમાં જ બી.એ. થયો હતો. નોકરીની શોધમાં દિવસો વિતાવતો હતો. મેં વિચાર કર્યો કે, આજે એક-બે ઠેકાણે નોકરી મળવાની આશા છે, ત્યાં જવા સિવાય બીજું કશુંય કામ નથી. એટલે આખો દિવસ શહેરમાં રખડીશ ને દેવીની મૂર્તિઓનાં દર્શન કરીશ. બીજું કરવાનોય શું હતો!

એવામાં વીશીનો નોકર જગન્નાથ આવ્યો ને એણે મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી. એ ચિઠ્ઠીમાં વીશીવાળાએ પૈસાની ઉઘરાણી કરી હતી. વીશીમાં પૂજાનિમિત્તે આજે જમણ હતું. મારે બે મહિનાના દામ ચૂકવવાના હતા. એટલે પૂરા નહિ તો ઓછામાં ઓછા દશ રૂપિયા તો આપવાનું જ એ ચિઠ્ઠીમાં જણાવ્યું હતું. વળી એમાં એમ પણ જણાવ્યું હતું કે જો હું પૈસા નહિ આપું, તો આવતીકાલથી વીશીમાં મારાથી જમી શકાશે નહિ.

વીશીવાળાની વાત સોળેસોળ આના સાચી હતી. પણ મારી પાસે ખીસામાં ફક્ત બે રૂપિયા ને થોડા આના હતા. એટલે એ ચિઠ્ઠીનો કશોય જવાબ આપ્યા વિના હું વીશીમાંથી બહાર નીકળી પડ્યો. બહાર તો નીકળ્યો પણ ક્યાં જવું તેની મૂંઝવણમાં હું પડ્યો. જોડાસાંકોની શાળાની નોકરી છોડ્યે આજે એક જ વર્ષ પૂરું થયું હતું. એક વર્ષમાં તો નોકરીની શોધમાં બધેય મેં તપાસ કરી હતી પણ બધે ઠેકાણેથી એક જ જવાબ મળતો હતો : 'નોકરી ખાલી નથી.'

રસ્તે જતાં અચાનક સતીશનો ભેટો થયો. હું ને સતીશ છાત્રાલયમાં એક જ ખોલીમાં રહેતા હતા. અત્યારે તો એ અલીપુરમાં વકીલાત કરતો હતો. સતીશ મને જોતાંવેંત જ દૂરથી બોલી ઊઠ્યો, 'એ સત્યચરણ, ક્યાં ચાલ્યો દોસ્ત? ચાલ ને આપણા છાત્રાલયમાં જઈને દેવીનાં દર્શન કરી આવીએ. આપણી જૂની જગ્યામાં મજા આવશે. ચાલ! ચાલ! ત્યાં તો જલસો હશે. પેલો … અવિનાશ … યાદ આવે છે? કોઈ મોટા જમીનદારનો છોકરો હતો. એ તો હમણાં જાણીતો ગવૈયો બન્યો છે. એ આજે ગાવા આવવાનો છે. એણે મને સંગીત સાંભળવા નિમંત્રણ આપ્યું છે. એની જમીનદારી અંગે વકીલાતનું કામકાજ હું કરું છું ને એટલે. ચાલ દોસ્ત, ચાલ, તને જોઈને તો એ ખુશ થઈ જશે!'

સંગીતની લહેરમાં એવો તલ્લીન બની ગયો કે કાલે વીશીવાળાને જો કશું ન ચુકાવ્યું તો ભૂખે મરવાનો વારો આવશે તે યાદ આવ્યું નહિ. જલસો

રાતના અગિયાર વાગ્યા સુધી ચાલ્યો. અવિનાશ ને હું છાત્રાલયની વિવાદ સભાના સંયુક્ત મંત્રીઓ હતા. ત્યારથી મારી ને અવિનાશની વચ્ચે ખૂબ ગાઢો સંબંધ બંધાયો હતો. પણ કોલેજ છોડ્યા પછી આ અમારું પહેલું મિલન હતું.

અવિનાશે કહ્યું, 'ચાલ, મારી મોટર છે. તારે જ્યાં જવું હોય ત્યાં ઉતારી દઉં. ક્યાં રહે છે તું?' પછી વીશીના દરવાજા આગળ મને એણે ઉતાર્યો, ત્યારે એણે કહ્યું, 'કાલે બપોરે ચાર વાગે હેરીંગ્ટન સ્ટ્રીટમાં મારે ત્યાં ચા પીવા આવજે. ભૂલતો નહિ. બત્રીસ નંબરનું મકાન છે.'

બીજે દિવસે અવિનાશનું ઘર શોધી કાઢ્યું. અમે જાતજાતની વાતો કરી. પછી અવિનાશે પૂછયું, 'હમણાં તું શું કરે છે સત્ય?'

મેં કહ્યું, 'જોડાસાંકો શાળામાં શિક્ષકની નોકરી કરતો હતો, પણ હમણાં તો બેઠાબેઠ છે. મારે હવે શિક્ષકની નોકરી તો નથી જ કરવી. જોઉં છું બીજે કોઈ ઠેકાણે નોકરીનો પત્તો લાગે છે કે કેમ ... એક-બે ઠેકાણે તપાસ કરી છે. મળે એવી આશા પણ છે.'

અવિનાશે થોડો વખત વિચાર કર્યો અને પછી એ બોલ્યો, 'તારા જેવા લાયક માણસને નોકરી મળતાં જરાય મુશ્કેલી ન નડવી જોઈએ. જો એક વાત કરું. તેં તો કાયદાનો પણ અભ્યાસ કર્યો છે ને?'

'હા. મેં તો એલએલ.બી.ની પરીક્ષા પણ પસાર કરી છે, પણ વકીલાત કરવાની મારામાં હામ નથી.'

અવિનાશે કહ્યું, 'પૂર્ણિયા જિલ્લામાં અમારું ઘણું મોટું જંગલ છે. લગભગ પચીશત્રીશ હજાર વીઘાં જમીન છે. ત્યાં અમે એક મુનીમ રાખ્યો છે. પણ એની ઉપર આટલી મોટી જમીનનો બંદોબસ્ત કરવાનો ભાર નાંખવો એ મને યોગ્ય નથી લાગતું. એથી અમે ઘણા વખતથી એક યોગ્ય માણસની તપાસમાં તો છીએ જ. બોલ તું ત્યાં જશે?'

ઘણી વાર માણસના કાન એને છેતરે છે. મને પણ કાંઈ એવું જ લાગ્યું. અવિનાશ આ શું કહે છે? આજે એક વર્ષથી નોકરીની શોધમાં રખડતાં રખડતાં જોડાનાં તળિયાં ઘસાઈ ગયાં, અને આજે ચા પીવાનું આગ્રહપૂર્વક આમંત્રણ આપી સામેથી પાછો નોકરી સ્વીકારવાની વિનંતી કરી રહ્યો છે?

અવિનાશ ખૂબ ભોળો અને દરિયાવદિલ આદમી હતો. એણે તો તરત જ કહી નાંખ્યું : 'હવે વિચારવાફિચારવાનું રહેવા દે. હું હમણાં જ મારા પિતાજીને કાગળ લખી નાંખું છું કે, મને એક અત્યંત વિશ્વાસુ ને પ્રામાણિક માણસ મળી ગયો છે. અમારે જમીનદારીના કામનો જાણકાર માણસ નથી જોઈતો. એવો માણસ મોટે ભાગે ચોરી જ કરે. તારા જેવા ભણેલા ને બુદ્ધિશાળી

માણસની જ અમારે જરૂર છે. જંગલ હમણાં જ લીધું છે. ત્રીસ હજાર વીઘાં જમીન કાંઈ જેવા-તેવા માણસના હાથમાં થોડી સોંપી દેવાય છે? તારી જોડે મારે વધારે વાત કરવી જ નથી. તારી રગેરગ હું જાણું છું. તારે હા જ પાડવાની છે. હું હમણાં જ બાપુજીને લખી દઉં છું કે તારી નિમણૂકનો કાગળ તને મોકલી આપે.'

બે અઠવાડિયે હું મારો બધો સામાન લઈને બી.એન.ડબલ્યુ. રેલવેના એક નાનકડા સ્ટેશને ઊતર્યો. શિયાળાનો બપોર હતો. જમીન પર બધે વૃક્ષોની ગાઢી છાયા પથરાયેલી હતી. જંગલનાં દૂર દૂરનાં વૃક્ષો પર ધુમ્મસ છવાયેલું હોય એમ લાગતું હતું. રેલવે લાઈનની બંને બાજુ વટાણાનાં ખેતરો હતાં, ત્યાંથી તાજા વટાણાની સુગંધ લઈને પવન આવતો હતો. વાતાવરણમાં નિર્જનતા ને શાંતિ હતી. મનમાં થયું કે જે જીવન હું વિતાવવા જાઉં છું તે પણ નિર્જનતાભર્યું ને અકળાવી મૂકે તેવી શાંતિથી ભર્યું હશે.

સાંજે ગાડું આવ્યું. એ ગાડામાં જ કલકત્તાથી લઈ આવેલો તે કામળો ઓઢીને આખી રાત વિતાવી. બરફ જેવી ઠંડી રાત હતી. મને શી ખબર કે આવી કાતિલ ઠંડી હશે! સવારે તડકો થયો ત્યારે પણ ગાડું ચાલતું હતું. પણ મેં આસપાસ જોયું તો જમીનનાં રૂપરંગ બદલાઈ ગયાં હતાં. પ્રકૃતિદેવીએ જાણે જુદાં જ વસ્ત્ર પહેર્યાં હતાં. ખેતરો નહોતાં. વસ્તી જેવું પણ કાંઈ દેખાતું નહોતું. ફક્ત નાનાંમોટાં જંગલો જ હતાં. ક્યારેક ગાઢ, ક્યારેક આછાં. વચ્ચે વચ્ચે ખુલ્લાં મેદાનો આવતાં. પણ ત્યાં ખેતી થતી હોય એમ લાગતું નહોતું.

લગભગ દશ વાગે હું કચેરી પહોંચ્યો. જંગલમાં જ લગભગ દશ-બાર વીઘાં સાફ કરીને થોડાં ઘાસથી છવાયેલાં ઝૂંપડાં તૈયાર કર્યાં હતાં. જંગલનાં જ લાકડાં, જંગલના જ વાંસ ને જંગલનું જ ઘાસ વાપર્યું હતું. ઝૂંપડામાં જમીન પર લીંપણ કર્યું હતું.

આ બધાં ઝૂંપડાં તાજાં જ બાંધ્યાં હોય એમ લાગતું હતું. ઝૂંપડાંની અંદર જતાં જ ભીના ઘાસની, તાજા લીંપણની ને લીલા વાંસની વાસ આવતી હતી. પૂછતાં ખબર પડી કે પહેલાં કચેરી જંગલની બીજી બાજુએ હતી. પણ ત્યાં શિયાળામાં પાણી સહેલાઈથી મળતું નહિ, એટલે થોડો વખત પહેલાં જ અહીં આ નવાં ઝૂંપડાંઓ બાંધ્યાં હતાં. પાસે જ ખળખળ ઝરણું વેગથી વહેતું હતું, એટલે પાણીની કશી મુસીબત નહોતી.

❖ ❖

મેં જિંદગીનો મોટો ભાગ કલકત્તામાં જ વિતાવ્યો હતો. મિત્રોનો સાથ; પુસ્તકાલય; નાટકસિનેમા; જલસા એ બધા વિનાની જિંદગીની હું કલ્પના

જ કરી શકતો નહોતો. આવી પરિસ્થિતિમાં ફક્ત થોડા રૂપિયા માટે જે જગ્યાએ આવ્યો તે જગ્યા આવી નિર્જન હશે તેની તો મને કલ્પના પણ નહિ. દિવસો પર દિવસો વહી જતા હતા. દૂરના પહાડો ને જંગલો પર પૂર્વાકાશમાં હું સૂર્યોદય જોતો હતો, ને સાંજે સિંદૂરવર્ણા વૃક્ષોની પાછળ સૂર્યને ડૂબતો પણ હું જોતો હતો. એ સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચેનો અગિયાર કલાકનો શિયાળાનો દિવસ શી રીતે વિતાવવો એ મારે માટે એક મોટી સમસ્યા હતી. કામ કરવું હોય તો ઘણું કામ થઈ શકે એમ હતું, પણ હું તો તદ્દન નવો જ આવેલો. અહીંના લોકોની ભાષા હજી પૂરી સમજતો નહોતો. કશાય કામમાં હજી મને પૂરી ગમ પડતી નહોતી. જે થોડી ચોપડીઓ સાથે લઈ આવ્યો હતો, તે મારા ઓરડામાં વાંચી વાંચી હું દિવસો જેમતેમ પૂરા કરતો હતો. કચેરીમાં જે માણસો હતા તે જંગલવાસી હતા. એઓ મારી વાત સમજે નહિ, હું એમની વાત સમજું નહિ. પહેલા દશ દિવસ તો જાણે દશ યુગની જેમ વીત્યા. ઘણી વાર તો થતું કે ચૂલામાં જાય નોકરી, અહીં રહીને જીવવા કરતાં તો કલકત્તામાં પેટ ઠોકીને પડી રહેવું ઘણું સારું. અવિનાશને કોણ જાણે ક્યાં ચોઘડિયામાં હા પડાઈ ગઈ ને આ જંગલમાં આવીને પડ્યો ... ના રે ના, આ જિંદગી મારે માટે નથી.

રાતે મારા ઘરમાં બેસીને આવા વિચારો કરતો હતો, ત્યાં કચેરીનો વૃદ્ધ મુનીમ ગોષ્ટ ચક્રવર્તી બારણું ઉઘાડીને અંદર આવ્યો. આ એક જ માણસ એવો હતો કે જેની જોડે બંગાળીમાં વાત કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું હતું. ગોષ્ટબાબુ અહીં સત્તર-અઢાર વર્ષોથી હતા. વર્ધમાન જિલ્લામાં વનપાસ સ્ટેશનની નજીક ક્યાંક એનું ઘર હતું. મેં કહ્યું, ‘બેસો ને, ગોષ્ટબાબુ.’

ગોષ્ટબાબુ પાસેની ખુરશી પર બેઠા પછી બોલ્યા, ‘તમને એક વાત કહેવા આવ્યો છું. સાધારણ વાત અમસ્તી કાને નાંખવા આવ્યો છું. અહીંના કોઈ પણ માણસનો વિશ્વાસ કરશો નહિ. આ બંગાળા નથી. અહીંના લોકો તો ઘણા ખરાબ છે...’

‘બંગાળાના બધા લોકો કંઈ બહુ સારા નથી ગોષ્ટબાબુ.’

‘એ હું જાણું છું મેનેજરબાબુ! એ દુઃખે ને મેલેરિયાને લીધે તો હું અહીં આવ્યો. હું જ્યારે પહેલવહેલો અહીં આવ્યો ત્યારે મને ઘણી મૂંઝવણ થતી. આ જંગલ જોઈને મને ગભરામણ છૂટતી. હવે એવું થયું છે કે બંગાળાની વાત તો આઘી રહી પણ પટણા કે પૂર્ણિયા જાઉં છું તોપણ બે-ત્રણ દિવસથી વધારે હું ત્યાં રહી જ શકતો નથી ને.’

ગોષ્ટબાબુના મોઢા તરફ હું તાકી રહ્યો. પછી બોલ્યો, ‘એમ કેમ? જંગલનું ખેંચાણ એટલું બધું જબરું છે કે?’

ગોષ્ટબાબુ મારા મોઢા તરફ જોઈને જરા હસ્યા ને બોલ્યા, 'એમ જ સમજો ને. એ તો તમને પણ એવો અનુભવ થશે. તાજા જ કલકત્તેથી આવ્યા છો, એટલે કલકત્તે જવા તડપી રહ્યા છો. તમારી ઉંમર પણ નાની છે, મેનેજરબાબુ! એ તો થોડો વખત અહીં રહેશો ને પછી અહીંની એવી માયા લાગશે. જોજો ને.'

'એમાં જોવાનું શું છે?'

'જંગલ તમારા મનનો કબજો લઈ લેશે સાહેબ! ધીમેધીમે લોકોની ભીડ ને અવાજો તમને ગમશે નહિ. મારો એવો જ અનુભવ છે મેનેજરબાબુ! ગયે મહિને અહીં જ પાસેના ગામે અદાલતના કામે ગયેલો ત્યારે એવું જ થયેલું કે ક્યારે અહીંથી નાસી જાઉં.'

મેં મનમાં ને મનમાં વિચાર્યું : ભગવાન એવી દશામાંથી મને બચાવે. મારા મનની એવી સ્થિતિ આવે તે પહેલાં અહીંથી રાજીનામું આપીને કલકત્તા ચાલી જાઉં.

ગોષ્ટબાબુ બોલ્યા, 'રાતને વખતે બંદૂક તો પાસે જ રાખીને સૂવું. આ જગ્યા સારી નથી. પહેલાં અહીં કચેરીમાં ડાકુઓ આવેલા, ને બધું લૂટી ગયેલા. તેથી હવે આપણે કચેરીમાં ઝાઝા પૈસા રાખતા નથી.'

નોકરીની ઘણી શોધ કરી તોયે નોકરીનો પત્તો લાગ્યો નહિ, ને આખરે આ ભયાનક જગ્યામાં આવી પડ્યો. પહેલાં જાણતો હોત કે આ જગ્યા આવી છે તો કેમે કરીને હા પાડત નહિ. આવા વિચારોનું ધમસાણ ચાલતું હતું, ત્યાં ઊગતા ચંદ્રનું સૌંદર્ય જોઈને મારું મન સહસા અત્યંત પ્રફુલ્લિત બની ગયું.

❖ ❖

કચેરીથી થોડે દૂર વડના એક જૂના ને વિશાળ વૃક્ષની આસપાસ પથ્થરનો ચોતરો ચણેલો હતો. એ વડને બધા ગ્રાન્ટ સાહેબનો વડ કહેતા. એ નામ શાથી પડ્યું તેની ઘણી તપાસ કરવા છતાં કાંઈ માહિતી મળી નહિ. એક દિવસ સાંજે ફરતાં ફરતાં પશ્ચિમ દિશા તરફ સૂર્યાસ્તની શોભા જોતો જોતો એ ચોતરા પર બેઠો.

હું ક્યાં અહીં દૂર દૂર આવી ચડ્યો! મને ગૂંગળામણ થવા લાગી. કોઈ નિર્જન અરણ્યમાં, ઘાસની ને વાંસની ઝૂંપડીમાં હું રહેતો હતો … ફક્ત પેટને ખાતર! શું માણસ અહીં રહી શકે? ન મળે કોઈ માણસ, ન મળે કોઈ સંગીસાથી, એકલોઅટૂલો. કોઈ વાત કરવાવાળું પણ નહિ. અહીંના તો બધા મૂરખ જંગલી માણસો, જરા સરખી વાત તો તેઓ સમજે જ નહિ. એવા લોકોના સાથમાં દિવસો વિતાવવાના! રે ભગવાન! મનમાં નક્કી કર્યું કે હવે

આ મહિનાના તો થોડાક જ દિવસો બાકી રહ્યા છે. આવતો મહિનો ગમે તેમ કરીને આંખ મીંચીને કાઢી નાખીશ. ત્યાર પછી અવિનાશને એક લાંબો કાગળ લખીને, નોકરીમાંથી રાજીનામું આપીને પાછો કલકત્તે ચાલી જઈશ.

પાછો કચેરીમાં આવ્યો ને દીવો સળગાવી એક ચોપડી વાંચતો બેઠો. ત્યાં ચોકીદાર મુનેધર આવીને સલામ કરીને ઊભો રહ્યો. મેં પૂછયું, 'કેમ મુનેધર, શું છે?'

મુનેધર બોલ્યો, 'હજૂર, તમે મુનીમબાબુને મારે માટે એક લોખંડની કઢાઈ ખરદીવા હુકમ આપો ને.'

'લોખંડની કઢાઈને શું કરશે તું?'

'એક લોઢાની કઢાઈ હોય તો કેટલી સગવડ થાય હજૂર! એને જ્યાં જઈએ ત્યાં સાથે લઈ જઈએ તો એમાં ભાત રંધાય, એમાં આપણી ચીજવસ્તુ રાખી શકાય, એમાં જમાય, ને વળી ભાંગી જાય તેની ચિંતા નહિ. મને એક કઢાઈ અપાવો.'

આ દુનિયામાં એવા ગરીબ લોક હોય છે કે જેમને છ આનાની લોખંડની કઢાઈ મળે કે જાણે સ્વર્ગ મળ્યું હોય એમ લાગે! મેં સાંભળ્યું હતું કે આ પ્રદેશના લોકો ઘણા જ ગરીબ છે, પણ આટલા બધા ગરીબ હશે એમ તો ધારેલું નહિ. મને એમની પર માયા ઉપજી. બીજે દિવસે મારી સહીવાળી એક ચિઠ્ઠીને જોરે મુનેધરસિંહ નવગછિયાના બજારમાંથી એક કઢાઈ ખરીદી લાવ્યો ને મારા ટેબલ પર મૂકી મને ઝૂકીને સલામ કરીને ઊભો રહ્યો.

'થઈ ગયું. હજૂરની કૃપાથી કઢાઈનું થઈ ગયું.' એનું આનંદથી પ્રફુલ્લિત મુખ જોઈને આ એક મહિનામાં મને પહેલવહેલું થયું : ''કેવા ભલાભોળા લોકો છે! ખરું દુઃખ મારું નહિ, એ લોકોનું છે.''

## ૨

**ઘ**ણો સમય કલકત્તામાં વિતાવ્યો હતો, એથી આ અરણ્યભૂમિની નિર્જનતા છાતી પર મોટો પથ્થર મૂક્યો હોય તેમ મને ગૂંગળાવતી હતી. કચેરીથી લગભગ એક માઈલ દૂર એક રમણીય જગ્યા હતી. ત્યાં નાનાં નાનાં પહાડી ઝરણાં વહેતાં હતાં. તેનો કલ્લોલ સંભળાતો હતો, એ ઝરણાંની બંને બાજુ પાણીમાં ઊગનારાં લીલી ફૂલોનું જંગલ હતું. કલકત્તાના બાગમાં એને 'સ્પાઈડર લીલી' કહેતા. જંગલી 'સ્પાઈડર લીલી' મેં કદીયે જોયું નહોતું, મને ખબર પણ નહોતી કે આવી એકાંત જગ્યાએ ઝરણાંની પથ્થરની બિછાતમાં ફૂટતાં આ

લીલી ફૂલો આટલાં સુંદર હોતાં હશે, અને પવનમાં એ આવી મીઠી સુગંધ ફેલાવતાં હશે. ઘણી વાર હું ત્યાં શાંત ચિત્તે બેસી આકાશ, સંધ્યા ને નિર્જનતાનો ઉપભોગ કરતો.

વચમાં વચમાં હું ઘોડા પર સવારી કરી ફરવા જતો. શરૂઆતમાં તો ઘોડેસવારી બહુ ફાવતી નહિ, પણ ધીમે ધીમે ઘોડેસવારીમાં હું નિષ્ણાત બની ગયો. તે વખતે મને લાગ્યું કે જિંદગીમાં ઘોડેસવારી જેવો આનંદ બીજે ક્યાંય પણ નથી. જેણે ક્યારેય આવા દિગન્તવ્યાપી વનપ્રદેશમાં આકાશ તળે પોતાની ઈચ્છા મુજબ ઘોડો ફેરવ્યો નથી તેને એ આનંદની સમજણ નહિ પડે.

જે કામને માટે હું અહીંયાં આવ્યો હતો તે કામ નિષ્ઠાથી કરવાના મારા પ્રયત્નો ચાલુ હતા. આટલા હજાર વીઘાં જમીનની યોગ્ય વ્યવસ્થા કરવી એ કાર્ય કંઈ બહુ આસાન નહોતું. બીજી એક વાતની મને અહીં આવ્યા પછી ખબર પડી કે આ જમીન પહેલાં-એટલે કે ત્રીસેક વર્ષ પૂર્વે-નદીમાં ડૂબી ગઈ હતી. અને વીશેક વર્ષથી એ જમીન પાછી નદીમાંથી બહાર આવી હતી. પણ જેમણે જમીન પાણીમાં ડૂબતાં, બાપદાદાની જમીન છોડી ગંગા પાર કરીને અન્ય જગ્યાએ વસવાટ કર્યો હતો, એ જૂના લોકોને જમીનદાર હવે જમીન પાછી આપવા રાજી નહોતા. પાઘડી લઈને અને વધારે ગણોત લઈને નવા ગણોતિયાને એ જમીનમાં વસાવવાનો બંદોબસ્ત કરવાની જમીનદારની ચાલબાજી હતી. અર્થાત્ બિચારા ઘરબાર વિનાના, આશ્રય વિનાના, અત્યંત ગરીબ એવા લોકોને પોતાના ન્યાયપૂર્વકના હકથી વંચિત રાખવામાં આવતા હતા, અને તેઓ વારેવારે આવીને રડતાકકળતા, ખોળા પાથરીને યાચના કરતા છતાં તેમને જમીન પાછી આપવામાં આવતી નહોતી.

મારી પાસે પણ ઘણા જૂના ગણોતિયાઓ આવીને પોતાની દર્દભરી કહાની રજૂ કરતા તેથી, તથા તેમની અવસ્થા જોઈ મારું હૃદય રડી ઊઠતું, પણ કોઈપણ જૂના ગણોતિયાને જમીન ન આપવાનો જમીનદારનો કડક હુકમ હોવાથી મારે લાચારી અનુભવવી પડતી.

આ તરફ નવા ગણોતિયાઓ મોંઘીર, પૂર્ણિયા, ભાગલપુર, છાપરા વગેરે આસપાસના જિલ્લામાંથી આવતા, અને એઓ ગણોતના દર સાંભળી પાછા ચાલ્યા જતા, એમાંથી બે-પાંચ જણ વળી જમીન રાખતા પણ ખરા. આ બધો જમીનવહેંચણીનો ક્રમ એટલો બધો ધીમો હતો કે, દશ હજાર વીઘાં જમીનમાં ગણોતિયાઓ વસાવતાં કાંઈ નહિ તો બીજાં વીશ-પચીશ વર્ષો વીતી જાય એમ લાગતું હતું.

અમારે એક બીજી નાની કચેરી હતી, ઘોર જંગલની વચમાં. અહીંથી એ ઓગણીશ માઈલ દૂર હતી, એ જગ્યાનું નામ લવટૂલિયા હતું. જો કે જેવું જંગલ અહીં હતું તેવું જ જંગલ ત્યાં પણ હતું. ત્યાં કચેરી રાખવાનો ઉદ્દેશ એ હતો કે એ જંગલમાં દર વર્ષે ઢોર ચરાવવાનું ભાડું લઈને ગોવાળિયાઓને ગાય-ભેંસ ચરાવવા દેતા. આ ઉપરાંત ત્યાં લગભગ બસો-ત્રણસો વીઘાં જમીનમાં જંગલીકુલનું જંગલ હતું, ત્યાં લાખના કીડા પોષવા માટે લોકો એ જંગલને ભાડે રાખતા.

કુલવનનો ઈજારો આપવાનો સમય નજદીક આવ્યો હતો, એટલે એક દિવસ ઘોડા પર લવટૂલિયા તરફ રવાના થયો. અમારી કચેરી અને લવટૂલિયાની વચ્ચે એક લાલ માટીનો ઊંચો સાત-આઠ માઈલ લાંબો પહાડી રસ્તો હતો. એ પ્રદેશનું નામ 'ફૂલકિયા-બઈહાર' હતું. એ રસ્તો જાતજાતનાં વૃક્ષો ને વેલાઓથી ભરપૂર હતો. વચ્ચેની જગ્યાએ જંગલ એટલું બધું ગાઢું હતું કે ઘોડાને શરીરે ઝાડનાં ડાળ ને પાંદડાં સતત લાગ્યા જ કરે.

લવટૂલિયા આ હું પહેલી વાર જ આવ્યો હતો. નાનું ઘાસથી છાયેલું એક છાપરું હતું. છાપરાની અંદરની ભોંય જમીન કરતાં જરાય ઊંચી નહોતી, ઘરની અંદર સાદડી પણ સૂકા કાશની હતી ને જંગલના ઝાડની ડાળીઓથી બાંધી હતી. સાંજ પડતાં પહેલાં તો હું ત્યાં પહોંચી ગયો હતો. અહીંયાં જેટલી ઠંડી હતી તેટલી હું જ્યાં રહેતો હતો ત્યાં નહોતી. મને તો લાગ્યું કે જાણે ઠંડીથી હું ઠરી જઈશ. નોકરોએ ઝાડનાં ડાળાં ને પાંદડાંઓ સળગાવી બળતું કર્યું હતું, એની પાસે જ હું એક કૅમ્પમાં વપરાતી એવી ખુરશી પર બેઠો, ને બીજા બધા મારી આસપાસ ગોળ કુંડાળામાં બેઠાં.

મેં પટવારીને પૂછયું, 'આ બધા માણસો ઈજારો લેવા આવ્યા છે?'

પટવારી બોલ્યો, 'ના હજૂર! એ તો બધા ખાવાને લોભે આવ્યા છે. તમે આવવાના છો એની ખબર પડતાં આજે બે દિવસથી એ કચેરીમાં આવીને બેઠા છે. એ લોકોને તો એવી રીતે અહીં આવવાની આદત છે. હજી કાલે થોડા બીજા માણસો પણ આવી રહેશે.'

આવું તો મેં કદીય સાંભળ્યું નહોતું. મેં કહ્યું, 'શા માટે આવશે? મેં કંઈ એમને આમંત્રણ આપ્યું નથી.'

'.... હજૂર! એ લોકો બિચારા ઘણા જ ગરીબ છે. ભાત તો એમને ખાવાનો મળતો નથી. જુવાર ને મકાઈના રોટલા બારે મહિના બિચારા ખાય છે. ભાત ખાવાનો મળે તે દિવસ તો એમને માટે ભારે ઉત્સવનો ગણાય. આપ આવ્યા છો તો એ નિમિત્તે ભાત ખાવાનો મળશે એ લોભે બિચારા ચાલ્યા આવે છે. જોજો ને, હજી તો બીજા કેટલાયે આવશે.'

તાપણાંની પાસે અમે સાત-આઠ જણ હતા, ને અમારી સામે નાનાં નાનાં બે ઘાસનાં છાપરાં હતાં. એક છાપરામાં હું સૂવાનો હતો, અને બીજા છાપરામાં બધાં રાતવાસો કરવાનાં હતાં. અમારી ચારે બાજુએ અંધારાથી છવાયેલું વન અને મેદાન, ને માથા પર નક્ષત્રોથી શણગારાયેલું અંધકારમય આકાશ હતાં. આ દૃશ્ય મને ખરેખર અદ્‌ભુત લાગતું હતું, જાણે કે આ ચિરપરિચિત પૃથ્વીમાંથી નિરાશ્રિત બનીને કોઈ શૂન્ય ગ્રહમાં, કોઈ બીજી જ અજ્ઞાત ને રહસ્યમય જીવનયાત્રાનો હું આરંભ ન કરતો હોઉં એવું લાગ્યું.

જેટલા લોકો આવ્યા હતા, તેઓના કોઈના શરીર પર આવી ભયાનક ઠંડીમાં પણ વસ્ત્ર નહોતું. રાતે તાપણું કરીને એઓ રાત વિતાવતા હતા. રાત્રે જ્યારે ખૂબ જ ઠંડીને લીધે ઊંઘ ન આવે ત્યારે તાપણાંની ખૂબ નજીક ભીચડાઈને સવાર સુધી બેસી રહે.

કોણ જાણે શાથી પણ મને આ લોકો ગમ્યા. એમની દરિદ્રતા, એમની સરળતા, કઠોર જીવનસંગ્રામનો સામનો કરવાની એમની તત્પરતા - આ અંધારી અરણ્યભૂમિ અને હિમ વર્ષાવતું મુક્ત આકાશ, એમને વિલાસિતાની ફૂલબિછાત તરફ જવા દેતાં નથી, પણ સાચેસાચ એમને ખડતલ પુરુષ બનાવે છે. જરા અમથો ભાત ખાવાનો મળશે એ આનંદે જેઓ ભીમદાસ ટોલાથી આવો પહાડી માર્ગ કાપીને નવ માઈલનો રસ્તો વટાવી આવ્યા, અને તે પણ આમંત્રણ વિના. તેમની આનંદ ગ્રહણ કરવાની શક્તિ કેટલી સતેજ છે તેનો વિચાર કરતાં હું આશ્ચર્યમુગ્ધ બન્યો.

❖ ❖

જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ જંગલની માયા મને વિશેષ અને વિશેષ વળગતી ગઈ. એની નિર્જનતા ને સંધ્યાસમયે સિંદૂરથી રંગાતાં ઝાડનું શું આકર્ષણ હશે તે તો હું કહી શકતો નથી - પણ હમણાં હમણાં મારા મનમાં એમ જ થયા કરતું હતું કે, આ દિગન્તવ્યાપી વિશાળ વનપ્રદેશ છોડીને, તાપથી સળગતી જતી અહીંની માટીની સુગંધ, વનનાં પુષ્પોની સુગંધ, આ સ્વાધીનતા, આ મુક્તિ છોડીને કલકત્તાની ધાંધલધમાલમાં તો હવે હું પાછો નહિ જ જઈ શકું.

એક દિવસનો પ્રસંગ તો જિંદગીમાં કદીય હું ભૂલીશ નહિ. મને લાગે છે કે તે દિવસ દોલપૂર્ણિમાનો હતો. કચેરીના નોકરોએ રજા લીધી હતી, ને આખો દિવસ ઢોલ વગાડીને હોળી ઊજવી. સાંજને સમયે પણ નાચગાન ચાલતાં હતાં એ જોઈને હું મારા ઓરડામાં જઈ દીવો સળગાવી મોડી રાત સુધી હેડ ઑફિસ માટે કાગળો લખતો બેઠો. કામ પૂરું કરીને ઘડિયાળમાં જોયું તો

એક વાગ્યો હતો. ઠંડી તો જાણે શરીરને ઠારી નાંખે એવી હતી. એક સિગારેટ લઈ બારીમાંથી મેં બહાર ડોકાવ્યું, ત્યારે મેં જે અદ્‌ભુત દૃશ્ય જોયું તેનાથી હું મુગ્ધ ને વિસ્મિત બની ત્યાં જ જડાઈ રહ્યો. જેણે મને મુગ્ધ કર્યો હતો તે મધ્યરાત્રિની પૂનમની અવર્ણનીય એવી જ્યોત્સ્ના હતી.

હું જ્યારથી આવ્યો હતો ત્યારથી સખત ઠંડીને કારણે મોડી રાત્રે ક્યારેય બહાર નીકળ્યો નહોતો, એ કારણે હોય કે ગમે તેમ પણ ફૂલકિયા-બઈહારમાં પરિપૂર્ણ જ્યોત્સ્નાનું રૂપ મેં પહેલી વાર જ જોયું. બારણું ઉઘાડીને હું બહાર આવીને ઊભો રહ્યો. ક્યાંય પણ ચૈતન્ય નહોતું. નોકરો આખો દિવસ નાચગાન કરીને થાક્યા હતા ને નિરાંતે ઊંઘતા હતા. તદ્દન શાન્ત વનની ભૂમિ હતી અને નિસ્તબ્ધ જનહીન મધરાત હતી. એ ચાંદની રાતનું વર્ણન ન થઈ શકે. જિંદગીમાં ક્યારેય એવી છાયા વિનાની ચાંદની મેં જોઈ નહોતી.

ત્યાર પછી તો ફૂલકિયા-બઈહારમાં ચાંદની રાત તો કેટલીયે વાર જોઈ છે. ફાગણ થતાં જ્યારે કેસૂડાનાં ફૂલ આખા પ્રદેશને રંગીન ગાલીચાથી છાઈ દે છે, ત્યારે કેટલીયે ઊજળી ચાંદની રાતે વાતાવરણમાં કેસૂડાનાં ફૂલની મીઠી સુગંધનો અનુભવ કર્યો છે, ત્યારે પ્રત્યેક વાર એમ થયું છે કે ચાંદની આટલી બધી રૂપાળી હોઈ શકે, મનમાં આવો ભયમિશ્રિત ઉદ્દાસભાવ પેદા કરી શકે, તેની બંગાળામાં તો કદીય હું કલ્પના પણ ન કરી શકું. ફૂલકિયાની એ ચાંદની રાતનું વર્ણન કરવાનો હું પ્રયત્ન નહિ કરું, એ સૌંદર્યજગતનો જ્યાં સુધી પ્રત્યક્ષ પરિચય ન થાય ત્યાં સુધી કાને સાંભળવાથી કે લખેલું વાંચવાથી કશીય ગમ ન પડે, એનો પરોક્ષ રીતે પરિચય આપવો અસંભવિત છે.

❖ ❖

એક દિવસ આઝમાબાદના સર્વે કેમ્પથી પાછો ફરતો હતો ત્યારે સાંજને સમયે હું રસ્તો ભૂલ્યો. વનની ભૂમિ કાંઈ બધે સમથલ નહોતી, ક્યાંક જંગલથી વીંટળાયેલી ઊંચી રેતીવાળી ભૂમિ હતી, તેમાં વચ્ચે પાછી ખીણ જેવી નીચાણવાળી ભૂમિ હતી, જંગલનો ક્યાંય અંત આવતો હોય એમ દેખાતું નહોતું. ઊંચી જગ્યાએ આવીને જોયું કે ક્યાંય કચેરીની પાસે હનુમાનની ધજા કે ત્યાંનો દીવો દેખાય છે! પણ ક્યાંય અજવાળાનું ચિહ્ન નહોતું. ફક્ત ઊંચીનીચી જમીન, કાશવન અને ઝાઉવન સિવાય કશું જ દેખાતું નહોતું. બે કલાક ઘૂમ્યા પછી પણ જ્યારે કાંઈ જંગલનો છેડો મળ્યો નહિ, ત્યારે મનમાં થયું કે નક્ષત્ર જોઈને હું દિશા નક્કી કરું. ગ્રીષ્મકાળ હતો, કાલપુરુષ બરાબર મારા માથા પર હતો. પણ બરાબર સમજાયું નહિ કે કઈ દિશાએથી ઊતરી આવીને બરાબર માથા પર આવ્યો હતો. સપ્તર્ષિમંડળને શોધવા પ્રયત્ન કર્યો પણ તેમાં સફળતા

મળી નહિ. પરિણામે નક્ષત્રોની મદદથી દિશા શોધવાની આશા છોડી દઈને ઘોડાને મન ફાવે તેમ ફેરવવા મંડ્યો. બેએક માઈલ દૂર ગયો, ત્યાં જંગલમાં એક દીવો દેખાયો. દીવા તરફ લક્ષ રાખીને ત્યાં ગયો તો મેં જોયું કે ગીચ જંગલની વચમાં એક ઘાસની ઝૂંપડી હતી. ગ્રીષ્મ હોવા છતાં એ ઝૂંપડી આગળ તાપણું સળગતું હતું. તાપણાથી થોડેક દૂર એક જણ બેઠો બેઠો કંઈ કરતો હતો.

મારા ઘોડાના દાબડાનો અવાજ સાંભળી એ માણસ એકદમ ચમકીને ઊભો થયો, ને બોલ્યો, 'કોણ છે એ?' પછી તો મને ઓળખ્યો એટલે એ તદ્દન નજીક આવ્યો, અને પછી મને ખૂબ આગ્રહ કરી ઘોડા પરથી ઉતાર્યો.

પેલા માણસે એક ચટાઈ પાથરી ને તે પર હું બેઠો. મેં પૂછ્યું, 'તમારું નામ શું?' એણે કહ્યું, 'ગનુ મહાતો, હું જાતનો ગંગોતા છું.' આ પ્રદેશમાં ગંગોતા જાતિ કાં તો ખેતી કરતી કે પશુપાલન કરતી, એ તો હું જાણતો હતો, પણ આ માણસ આ નિર્જન ને ગાઢ જંગલમાં એકલો શું કરતો હશે?

મેં પૂછ્યું, 'તમે અહીંયાં શું કરો છો? તમારું ઘર ક્યાં છે?'

'હજૂર, ભેંસ ચરાવું છું. મારું ઘર અહીંથી દશ માઈલ ઉત્તર દિશામાં છે. એનું નામ ધરમપુર, લછમનિયા ટોલામાં.'

'તમારી પોતાની ભેંસો છે? કેટલીક છે?'

એ માણસે ગર્વથી ઉત્તર આપ્યો, 'પાંચ ભેંસ છે હજૂર.'

ગનુએ મને થોડાં ફળો આપ્યાં ને ખાવાનો આગ્રહ કર્યો. ગનુએ પોતે પણ થોડાં ફળ લીધાં. તાપણાના અજવાળામાં એની ઝૂંપડીમાં પિત્તળનાં થોડાં વાસણો ચકચકતાં દેખાયાં. તાપણાંના અજવાળા સિવાય બહાર બધે ભયાનક અંધકાર હતો. મેં એને પૂછ્યું, 'તું એકલો અહીં રહે છે, તે તને જનજનાવરની બીક લાગતી નથી?'

ગનુ બોલ્યો, 'એમ બીક રાખ્યે કાંઈ ચાલે હજૂર? અમારો તો આ ધંધો છે. હમણાં થોડા દિવસ પહેલાં મારી ઝૂંપડીની પાછળ એક વાઘ આવેલો. ભેંસની બે પાડી હતી તેની પર એની દાઢ હતી. વાઘનો અવાજ સાંભળી મેં રાતે ઊઠીને ડબ્બો વગાડ્યો, મશાલ સળગાવીને બૂમાબૂમ કરી મૂકી. પછી આખી રાત ઊંઘ આવી નથી હજૂર! શિયાળામાં આખી રાત શિયાળવાં બોલે છે.'

ગનુની આગળ કેવી અદ્દ્ભુત વાતો મેં સાંભળી છે! ઊડતા સાપની વાત, જીવતા પથરાની વાત, ને અપંગ બાળકની હરવાફરવાની વાત વગેરે. આ નિર્જન જંગલની આવી પરિસ્થિતિમાં ગનુની જે વાતો મને રહસ્યમય અને

સ્વીકાર્ય લાગતી હતી, તે જો કલકત્તામાં રહ્યો રહ્યો હું સાંભળત તો મને આ વાતો તદ્દન મૂર્ખાઈભરેલી અને ગપાષ્ટક જ લાગત. બધી વાતો કંઈ બધી જગ્યાએ સંભળાય નહિ, એને માટે જે જગ્યાએ વાત સાંભળી હોય તે સ્થાન તથા બીજી પરિસ્થિતિ પણ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે તે તો વાત સાંભળનાર જ જાણે છે. ગનુની બધી વાતમાં મને અત્યંત તથા આશ્ચર્યજનક વાત જંગલી ભેંસ ને દેવતા ટોડવારોની લાગી.

## 3

ઉનાળો આવતાં જ ગ્રાન્ટ સાહેબના વડની ટોચ ઉપર પીરપૈતિ પહાડની દિશામાંથી એક જાતનાં બગલાં ઊડીને આવ્યાં ને બેઠાં. દૂરથી તો જાણે એમ જ લાગે કે વડની ટોચ સફેદ ફૂલોથી ભરાઈ ગઈ છે.

એક દિવસ અર્ધા સુકાયેલા એવા કાશવન આગળ ખુરસીટેબલ નાખીને હું બેઠો હતો ને મારું કામ કરતો હતો, ત્યાં મુનેધરસિંહ-અમારો નોકર-આવીને બોલ્યો, 'હજૂર, નન્દલાલ ઓઝા ગોલાવાલા આપને મળવા આવ્યો છે.'

એણે કહ્યું, 'મારું નામ નન્દલાલ ઓઝા. હું મૈથિલી બ્રાહ્મણ છું. જંગલના ઈશાન ખૂણામાં કચેરીથી લગભગ અગિયાર માઈલ દૂર સુંઠિયા દિયારાતમાં મારું ઘર છે. મારે ઘરની ખેતી છે. થોડુંઘણું વ્યાજવટું પણ કરું છું. હું આવતી પૂનમે મારે ત્યાં જમવાનું આપને આમંત્રણ આપવા આવ્યો છું. આપ મારે ગરીબને ત્યાં આપની ચરણરજ લાવવા કૃપા કરો. એ સૌભાગ્યનો મને લહાવો આપો.' આ તાપમાં અગિયાર માઈલ દૂર જમવાના નિમંત્રણનો સ્વીકાર કરવાની મારી તો જરા પણ ઈચ્છા નહોતી; પણ નન્દલાલના અતિ આગ્રહને લીધે મારે આખરે હા પાડવી પડી.

પૂનમને દિવસે બપોર પછી ગાઢા કાશવનના જંગલમાંથી કોઈકનો એક હાથી આવતો દેખાયો. હાથી કચેરી આગળ આવ્યો એટલે મહાવતે જણાવ્યું કે આ હાથી નન્દલાલ ઓઝાનો પોતાનો છે અને મને લઈ જવા માટે એણે મોકલ્યો છે.

આખરે હાથી પર બેસીને નન્દલાલના ઘર તરફ પ્રયાણ કર્યું. પગ નીચે ને સર્વત્ર લીલો રંગ જ દૃષ્ટિએ પડતો હતો. આકાશ જાણે મારા માથાને અડતું હતું. દૂર દૂરની ભૂરી ગિરિમાળાઓ વનભૂમિને ઘેરી વળી હતી, એથી જાણે કોઈ માયાવી સૃષ્ટિ રચાઈ હોય એમ લાગતું હતું. એ માયાવી સૃષ્ટિનો હું

રહેવાસી હોઉં, જાણે દૂર દૂરના સ્વર્ગલોકોનો દેવ હોઉં એમ મને લાગ્યું. જાણે વાદળાંઓની નીચે, પૃથ્વીની લીલીછમ વનભૂમિની ઉપર નીલ વાયુમંડળને ભેદીને અદૃશ્ય રીતે હું ત્યાં આવતો ને જતો હોઉં એમ મને લાગ્યું.

સુંઠિયા ગામમાં જેવો મારો હાથી પ્રવેશ્યો તો દેખાયું કે લોકો હારબંધ રસ્તાની બંને બાજુએ મને જોવાને ઊભા હતા. ગામમાં પેસતાં થોડે દૂર જ નન્દલાલનું ઘર હતું.

છૂટક છૂટક એવા તાડછાથી છવાયેલા આઠ-દશ ઓરડા હતા. વિશાળ જગ્યા હતી. હું જેવો ઘરમાં પેઠો કે બે વાર બંદૂકના અવાજ થયા. હું તો ચમક્યો. એવામાં હસતો હસતો નન્દલાલ ઓઝા આવ્યો ને સન્માનપૂર્વક મને ઘરમાં લઈ ગયો અને એક મોટા ખંડમાં ખુરસી પર બેસાડ્યો. પછી ભોજન. નંદલાલે જે ધામધૂમથી ભોજનની વ્યવસ્થા કરી હતી તે તો મારી કલ્પનામાંયે નહોતું. એક મોટા પાટલા ઉપર આસન મૂકેલું, ને સામે એક ઠાકોરજીના નૈવેદ્ય માટે હોય એમ જાતજાતની વાનગીઓથી ભરપૂર એવો થાળ મૂકેલો.

સાંજ પડતાં પહેલાં મને જવાની વેળા થઈ ત્યારે નન્દલાલે એક નાની થેલી મારા હાથમાં મૂકી અને કહ્યું, 'આ હજૂર માટે નજરાણું છે.' હું વિસ્મય પામ્યો. થેલીમાં પચાસેક રૂપિયા હોય એમ લાગ્યું. આટલા બધા રૂપિયા કાંઈ નજરાણું હોય નહિ, ને વળી નન્દલાલ કાંઈ અમારો ગણોતિયો નહોતો. હવે જો નજરાણું પાછું આપું તો એ અપમાનજનક ને ગૃહસ્થને ન છાજે એવું વર્તન લાગે, એટલે મેં થેલી ઉઘાડી એમાંથી એક રૂપિયો લીધો ને થેલી એને પાછી આપી કહ્યું, 'આમાંથી તમારાં છોકરાંઓને પેંડા ખવડાવજો.'

પણ નન્દલાલ એમ સહેજે છોડે એમ નહોતો, પણ મેં એની વાત સાંભળ્યા વગર જ, બહાર જઈ હાથી પર સવારી કરી.

બીજે દિવસે નન્દલાલ મારી કચેરીએ આવ્યો. એની જોડે એનો મોટો છોકરો હતો, મેં એમનું સન્માનપૂર્વક આતિથ્ય કર્યું, ને જમવા માટે આગ્રહ કર્યો. પરંતુ એ જમવા સંમત થયો નહિ. પછી ખબર પડી કે મૈથિલી બ્રાહ્મણ બીજા કોઈ પણ બ્રાહ્મણને ત્યાં પણ જમતા નથી. બીજી આડીતેડી વાત કર્યા પછી નન્દલાલે મને કહ્યું, 'મારો મોટો છોકરો ફૂલકિયા-બઈહારની તહેસીલદારી માટે ઉમેદવાર છે. તો આપને એની નિમણૂક કરવાની કૃપા કરવી જ પડશે.' હું તો એકદમ ચમક્યો, મેં કહ્યું, 'ફૂલકિયામાં તહેસીલદાર તો છે. એ જગ્યા ખાલી નથી.' એના જવાબમાં નન્દલાલે મને આંખનો ઈશારો કરીને જણાવ્યું, 'હજૂર, આપ તો માલિક છો. તમે ધારો તો શું ન કરી શકો?'

મને વધારે આશ્ચર્ય થયું. આ તે કેવી વાત કરે છે! ફૂલકિયાનો તહેસીલદાર તો ઘણું સારું કામ કરતો હતો. એને શી રીતે કાઢી મૂકું? કાંઈ વાંકગુના વગર એને રજા આપી દઉં એમ!

નન્દલાલે કહ્યું, 'કેટલા રૂપિયા હજૂરને નજરાણું આપું બોલો. એટલા રૂપિયા આજે સાંજે જ આપને મોકલી આપું. પણ મારા છોકરાને તહેસીલદારી તો આપને આપ્યા વિના છૂટકો જ નથી. બોલો હજૂર, કેટલા? પાંચસો મોકલું?' અત્યારે મને સ્પષ્ટ સમજાયું કે ગઈકાલે મને નન્દલાલે શા માટે જમવાનું નિમંત્રણ આપીને આટલી ધામધૂમ કરી હતી? નન્દલાલને મેં સાફસાફ વાત કરીને વિદાય કર્યો. પણ તેમ છતાં મને લાગ્યું કે નન્દલાલે આશા છોડી નહોતી.

થોડા દિવસ પછી ભયાનક વનને છેડે નન્દલાલ મારી વાટ જોઈને ઊભો હતો. મને થયું કે મારા કયાં ભોગ લાગ્યા કે એને ત્યાં હું જમવા ગયો. બે પૂરી ખવડાવીને એણે મારા જીવનને કડવું બનાવી દીધું હતું. આગળથી ખબર હોત તો એનો પડછાયો પણ હું લેત કે? મને જોઈને નન્દલાલ એક મધુર હાસ્ય વેરીને બોલ્યો, 'નમસ્કાર હજૂર.'

'હં. અહીં કેમ ઊભા છો?'

'હજૂર, બધું તો જાણો છો. હું હજૂરને બારસો રૂપિયા રોકડા આપીશ. મારા છોકરાને નોકરીએ વળગાડી દો.'

'નન્દલાલ, તમે ગાંડાબાંડા છો કે શું? તમારી વાત મારાથી માન્ય થઈ શકે નહિ. જેની જમીનદારી છે તેની આગળ જઈને તમારી વાત રજૂ કરો. વળી હમણાં જે નોકરી કરે છે તેને કાઢી મૂકું કયા વાંકે?' આટલું કહી એની જોડે એક અક્ષર પણ વધારે બોલ્યા વગર મેં ઘોડો દોડાવી મૂક્યો.

ધીમે ધીમે મારી કડક વર્તણૂકથી નન્દલાલ મારો અને જમીનદારીનો મોટો શત્રુ બની ગયો. ત્યાં સુધી પણ મને સમજાયું નહિ કે નન્દલાલ કેવો ભયંકર માણસ છે. એનું પરિણામ મારે સારી પેઠે ભોગવવું પડ્યું.

આ સ્થાનની એક જરૂરી ઘટના એ હતી કે ઓગણીસ માઈલ દૂરની પોસ્ટ ઑફિસેથી ટપાલ મંગાવવી પડતી. રોજરોજ આટલે દૂર સુધી માણસ મોકલવાનું શક્ય નહોતું. તેથી અઠવાડિયે બે વાર હું માણસને ટપાલ લેવા મોકલતો.

બપોરનો વખત થઈ ગયો હતો. હજી જવાહિરલાલ દેખાતો નહોતો. મેં અંદરથી બહાર અને બહારથી અંદર એમ આંટા મારવા માંડ્યા. અહીં ઑફિસનું કામ પણ પ્રમાણમાં ઘણું રહેતું. દરેક વિભાગના માણસોનો અહેવાલ તપાસવો; દૈનિક હિસાબની ચોપડી તપાસી એની પર સહી કરવી; સરકારી

કાગળપત્રોનો જવાબ આપવો; પટવારી ને તહેસીલદારે ઉઘરાવેલાં નાણાંનો હિસાબ જોવો; જાતજાતની દરખાસ્તો આવે તેને મંજૂર કે નામંજૂર કરવી; પૂર્ણિયા, મોંઘીર, ભાગલપુર વગેરે જગ્યાએ અદાલતોમાં જમીનદારીના જાતજાતના મુકદ્દમા ચાલતા હતા, તે બધી જગ્યાએ વકીલોના પત્રો તથા મુકદ્દમા અંગેના કાગળોનો અભ્યાસ કરીને બધાના જવાબો આપવા; આવાં અને બીજાં પરચૂરણ કામો જો રોજબરોજ ન પતાવ્યાં હોય, તો બે-ત્રણ દિવસમાં તો એટલું બધું કામ વધી પડે કે એ પૂરું કરતાં નાકે દમ આવે. ટપાલ આવતાંવેંત બીજું પણ એક કામ સાથોસાથ આવી પડે. શહેરના કાગળો આવે, હુકમો જેવા કે અમુક જગ્યાએ જાઓ, અમુક બાબતની તપાસ કરો, અમુક વ્યવસ્થા કરો વગેરે, તેને અંગેનું કામકાજ વધી પડે.

લગભગ ત્રણ વાગે તડકામાં ચળકતી જવાહિરલાલ સિંગની પાઘડી દેખાઈ. બંગાળી મુહરીબાબુએ મને બોલાવ્યો, ‘મેનેજરબાબુ, આવો આવો, ટપાલ આવે છે. જુઓ પેલો...’ જવાહિરલાલ કચેરી પાસે રેતીથી પથરાયેલી જમીન છે તેમાં આવ્યો. એને જોતાં જ હું ખુરશી પરથી ઊઠ્યો. મુહરીબાબુ આગળ ગયા. જવાહિરલાલે આવીને સલામ કરી ને ઊભો રહ્યો અને પાકીટમાંથી ટપાલની થોકડી કાઢી મુહરીબાબુના હાથમાં આપી.

જો સાચી વાત કહું તો આ જીવનમાં વિચાર કરીને કોઈ પણ વસ્તુને જોવાની ટેવ મને અહીં આવીને જ પડી. કેટલીય વાત મનમાં ઉદ્ભવે, ઘણી જૂની વાતોની સ્મૃતિ જાગૃત થાય; એ રીતે મેં મારા મનનો ઉપભોગ અહીં જે રીતે કર્યો છે તેવો કદીયે પૂર્વે કર્યો નહોતો. અહીંની હજારો જાતની અગવડો છતાંયે એ આનંદ જાણે મારા મનમાં એક પ્રકારનો નશો પેદા કરતો હતો.

કલકત્તાથી આવી અહીં પુસ્તકો અને મિત્રો જોડે વાતો કરવાની ન મળવાથી મને ઘણી વાર થતું કે આ જીવન હવે સહન થતું નથી. કલકત્તા જ મારું સર્વસ્વ છે. પૂર્ણિયા કે મોંઘીરમાં મારું કોણ છે કે ત્યાં જાઉં? પણ સદર ઑફિસની રજા સિવાય મારાથી કલકત્તા જવાય નહિ, વળી ખર્ચો પણ એટલો બધો થાય કે બે-પાંચ દિવસ માટે જવાનું પરવડે પણ નહિ.

❖ ❖

થોડા મહિના સુખેદુઃખે કાઢ્યા પછી ચૈત્ર માસના અંતથી એવું બન્યું કે મારી જાણમાં ક્યારેય એવું બન્યું નહોતું. પોષ મહિનામાં થોડો વરસાદ પડ્યો, તે પછી ભયંકર અનાવૃષ્ટિ દૃષ્ટિએ પડી, મહા મહિનામાં વરસાદ પડ્યો નહિ, ફાગણમાં નહિ, ચૈત્રમાં પણ નહિ; ને વૈશાખ પણ કોરો ગયો, સાથે સાથે જેવી અસહ્ય ગરમી તેવું જ સખત પાણીનું દુઃખ હતું.

આપણે સામાન્ય રીતે ગરમી કે પાણીનું દુઃખ શબ્દો જે અર્થમાં સમજીએ છીએ, તેથી પ્રકૃતિની આ ભયાનક પરિસ્થિતિનું સ્વરૂપ સમજવું મુશ્કેલ છે. અમારી જમીનદારી અને મોહનપુર અરણ્યની વચમાં નેપાલના તેરાઈ જંગલમાંથી એક નાની પહાડી નદી વહેતી હતી, પણ અત્યારે તો રેતીમાં એ દટાઈ ગઈ હતી અને ફક્ત એનાં પગલાં જ દૃષ્ટિએ પડતાં હતાં. રેતી ખોદીને જે પાણી મળે તેને લોભે ઘણે દૂરને ગામડેથી સ્ત્રીઓ નાનાં બેડાં લઈને આવતી ને આખી બપોર રેતી ને કાદવ ખૂંદે ત્યારે માંડ અર્ધું બેડું મેલું પાણી લઈને ઘેર પાછી ફરતી.

બપોરે બહાર ઊભા રહી રાતું રાતું આગ વર્ષાવતું આકાશ ને અર્ધી સુકાયેલી વનની ઝાડીઓ ને ઊંચા ઘાસનું વન બિહામણું લાગતું હતું. ચારે તરફ જાણે આગ લાગી હતી. વચમાં વચમાં તો પવન આવતો તે પણ જાણે આખા અંગને દઝાડતો હતો.

એક દિવસે બપોર પછી કચેરીની પાછળ એક લીલા વૃક્ષની છાંયડીમાં હું ઊભો હતો, ત્યારે ચારે બાજુ નજર ફેરવતાં મને મનમાં થયું કે બપોરનું આવું ભીષણ સ્વરૂપ ક્યારેય મેં જોયું નથી અને આ જગ્યા છોડીને જાઉં તો પછી જિંદગીમાં અન્ય કોઈ ઠેકાણે એ દૃષ્ટિએ પડવાનું નથી. જન્મથી બંગાળાની બપોર જોઈ છે, જેઠ માસમાં તાપનું ભયાનક રૂપ પણ જોયું છે, પણ આ રુદ્રમૂર્તિ ત્યાં કદી નજરે ન ચડે. આ ભીમ-ભૈરવરૂપે મને મુગ્ધ કર્યો. સૂર્ય તરફ દૃષ્ટિ કરી તો જાણે એક વિરાટ અગ્નિકુંડ દેખાયો. બપોરનું કેવું અદ્‌ભુત સૌંદર્ય પ્રગટ થતું હતું! તાપની પરવા ન કરતાં હું કેટલોક વખત એ વૃક્ષની છાંયડીમાં ઊભો રહ્યો. સહારા મેં જોયું નહોતું. ગોબીનું રણ પણ જોયું નહોતું, સેવન એડિનની વિખ્યાત ટાકલા-માકાનની મરુભૂમિ પણ જોઈ નહોતી-પણ અહીં મધ્યાહ્નના રુદ્રભૈરવ રૂપમાં એ બધાં સ્થાનોનો અસ્પષ્ટ આભાસ થતો હતો.

હું જાતે એક દિવસ ચાંદની રાતે શિકાર કરવાને ઘોડા પર બેસીને કુંડી આગળ ગયો. સાથે ત્રણ-ચાર નોકર હતા ને બે બંદૂકો હતી. તે રાત્રે મેં જે દૃશ્ય જોયું તે જિંદગીમાં કદી હું ભૂલવાનો નથી.

ગરમ પવન અર્ધા શુષ્ક એવા કાશની ગંધથી મહેકતો હતો. લોકોના વસવાટથી હું ઘણે દૂર આવી પહોંચ્યો હતો. દિશાઓનું ભાન હું ભૂલી ગયો હતો. કુંડીમાંથી એક તરફ શાંતિથી બે નીલ ગાય પાણી પીતી હતી, બીજી તરફ બે હરણાં પાણી પીતાં હતાં. નીલ ગાય હરણ તરફ જોતી હતી, ને હરણાં નીલ ગાયો તરફ જોતાં હતાં. એ બે દળોની વચમાં બે-ત્રણ મહિનાનું નીલ

ગાયનું વાછરડું હતું. આવું કરુણ દશ્ય મેં ક્યારેય જોયું નહોતું. એ જોઈને તરસ્યાં વનપશુઓના શરીર પર ગોળી મારવાની મારી વૃત્તિ જ થઈ નહિ.

❖ ❖

તે દિવસે લગભગ બપોરના ચાર વાગ્યા હશે. એટલી બધી ગરમી હતી કે કામકાજમાં કાંઈ મન લાગ્યું નહિ, એટલે એક ચોપડી વાંચતો પડ્યો હતો. એટલામાં રામબ્રિજસિંહે આવીને જણાવ્યું કે કચેરીની પશ્ચિમ બાજુએ ઊંચા ટેકરા પર કોઈ અજબ ગાંડો દેખાય છે. એ જોરજોરથી હાથપગ હલાવે છે ને કાંઈ બોલે છે. મેં બહાર જઈને જોયું તો સાચેસાચ કોઈ એક જણ ઊભો હતો, ને પછી જાણે ગબડતો ગબડતો હોય તેમ અમારી તરફ આવવા મંડ્યો. કચેરીના બધા લોકો મોઢાં પહોળાં કરીને એ તરફ જોઈ રહ્યા હતા. મેં બે માણસોને એ માણસને કચેરી આગળ લઈ આવવા મોકલ્યા.

જ્યારે એ માણસને લાવવામાં આવ્યો ત્યારે જોયું તો એના શરીર પર ખમીસ કે બંડી કાંઈ નહોતું. એક મેલું ફાટેલું ધોતિયું એણે પહેર્યું હતું; એનું મોઢું લાલલાલ થઈ ગયું હતું; એનો ચહેરો સારો હતો, એનો રંગ ગોરો હતો, પણ એના મુખની આકૃતિ અત્યંત ભયાનક બની ગઈ હતી. એના મોઢામાંથી ફીણ નીકળતું હતું. કશાકની ખેતી કરવાના ઉદ્દેશથી આ પ્રદેશમાં કુલના જંગલની શોધમાં એ પૂર્ણિયાથી બે દિવસ પહેલાં રવાના થયો હતો. ત્યાર પછી બપોરને વખતે અમારા પ્રદેશમાં પેઠો ને રસ્તો ભૂલી ગયો, કારણ એક જ જાતનાં, એક જ પ્રકારનાં ઝાડથી ભરેલા જંગલમાં રસ્તો ભૂલવાનું અત્યંત સહજ છે, ખાસ કરીને આ પ્રદેશથી અજાણ્યા લોકો માટે. આવો ભીષણ તાપ અને તેમાં પાછો અત્યંત ગરમ પવન. એમાં એ આખી બપોર ઘૂમ્યો, ક્યાંય એક ટીપું પાણી પણ મળ્યું નહિ. રસ્તામાં એક પણ માણસ મળ્યું નહિ. એના શરીર પર એક પહેરણ હતું, પણ બપોરનો તાપ એટલો બધો પ્રખર હતો કે એને શરીરે આગ બળવા માંડી કે એણે પહેરણ કાઢીને ક્યાંક ફેંકી દીધું હતું. આવી દશામાં જો અમારી કચેરી આગળના હનુમાનની લાલ ધજા એની નજરે ન પડી હોત તો બિચારો વગર ફોગટનો માર્યો જાત.

એક દિવસ આ ઘોર તાપ અને પાણીના દુકાળને વખતે સમાચાર આવ્યા કે નૈઋત્ય દિશામાં માઈલ બે માઈલ દૂર જંગલમાં ભયાનક આગ લાગી છે ને આગ કચેરીની તરફ ધસતી ધસતી આગળ વધે છે. અમે બધા એકદમ બહાર ગયા ને જોયું તો ધુમાડાના ગોટેગોટાની સાથે રંગીન અગ્નિશિખા બહુ દૂરથી આકાશ તરફ જતી દેખાતી હતી. વિચાર કરવાનો વખત નહોતો. કચેરીના જરૂરી કાગળપત્રો, મહેસૂલના રૂપિયા, સરકારી જમીનનો નકશો,

બીજા ઉપયોગી જમીનદારીના દસ્તાવેજો, મારી અંગત ચીજો હતી. નોકરોએ બીકભર્યા સૂરે કહ્યું, ‘આગ તો આ આવી લાગી હજૂર!’

મેં કહ્યું, ‘બધી ચીજો બહાર કાઢો. પહેલાં સરકારી દસ્તાવેજો ને જમીનદારીના કાગળો કાઢો.’

શું અદ્‌ભુત એ દૃશ્ય હતું! જંગલને ભાંગીને, તોડીને, નીલ ગાયોનું દલ પશ્ચિમથી પૂર્વ તરફ જીવ બચાવવા દોડતું હતું, શિયાળ દોડતાં હતાં, કાન ઊંચા કરીને સસલાં દોડતાં હતાં. એક ઠેકાણે જંગલી ડુક્કરો દોડતાં દોડતાં કચેરી આગળ આવતાં હતાં, એમને પોતે ક્યાં જાય છે તેનું ભાન નહોતું. આ પ્રદેશમાં ગાય-ભેંસ ચારવા રહેલા લોકોની ગાય-ભેંસ આગથી છૂટી થઈ જીવ લઈને નાસતી હતી; જંગલી પોપટો માથા ઉપરથી શોરબકોર કરતા ઊડી ગયા, એની પાછળ પાછળ આવ્યા લાલ હંસો, પાછું એક ટોળું જંગલી પોપટોનું આવ્યું ને પાછળ થોડી કાબરો આવી.

આગ વીસ મિનિટમાં આવી પહોંચી. ત્યાર પછી દશપંદર જણે આગની સામે શું ટક્કર ઝીલી છે! ક્યાંય પાણી નહોતું. ઝાડની અર્ધી સૂકી ડાળીઓ ને ધૂળ એ જ માત્ર હથિયારો હતાં. બધાનાં મોઢાં ને આંખો આગથી અને સૂરજના તાપે દૈત્ય જેવાં ભયાનક બની ગયાં હતાં. આખા શરીર ઉપર રાખ ને કાળાશ લાગી’તી. હાથની નસો ફૂલી ગઈ હતી. અનેકના શરીર ઉપર ને હાથે ફોલ્લા ઊઠ્યા હતા - આ બાજુ કચેરીની બધી ચીજો - પેટી, ખાટલો, ઈસ્કોતરો, ખુરશી, કબાટ, ઝટપટ બહાર કાઢીને ખુલ્લી જમીન પર ફેંકતા હતા. ક્યાંની ચીજ ક્યાં નંખાઈ છે તેની ભાળ કોણ રાખે? મેં મુહરીબાબુને કહ્યું, ‘પૈસા તમે તમારી પાસે સાચવજો ને દસ્તાવેજોની પેટી.’

કચેરીની જગ્યા આગળ આગનો સામનો થવાથી આગનો પ્રવાહ ઉત્તર અને દક્ષિણ તરફથી પૂર્વ તરફ વળ્યો. કચેરી ભાગ્યવશાત્ બચી ગઈ. પાછી બધી વસ્તુઓ ઘરમાં મૂકવા માંડી પણ ઘણે દૂર સુધી પૂર્વના આકાશને લાલ રંગે રંગતી વિનાશકારી અગ્નિશિખા આખી રાત વિનાશ ફેલાવીને સવાર સુધીમાં મોહનપુરાનાં અનામત જંગલો તરફ જઈ પહોંચી.

## ૪

**વૈ**શાખ-જેઠ વીત્યા ને અષાઢ મહિનો આવ્યો. આ મહિનામાં કચેરીનો પ્રથમ પુન્યાહ ઉત્સવ હતો. અહીં માણસનું મોઢું ખાસ જોવા મળતું ન હોવાથી અનેક લોકોને આમંત્રણ આપીને એ દિવસે જમાડવાનો મને શોખ થયો. પાસે

કોઈ ગામ ન હોવાથી અમે ગનોરી તિવારીને મોકલીને દૂર દૂર રહેતા લોકોને આમંત્રણ આપીને બોલાવ્યા.

આ પ્રદેશમાં ખવડાવવાની બહુ ધમાલ કરવી પડતી નથી. મને ખબર જ નહિ કે આવી ગરીબી હોઈ શકે. બંગાળા ભલે ગમે એટલો ગરીબ હોય, પણ આ પ્રદેશના સાધારણ લોકોની સરખામણીમાં બંગાળાના ગરીબ લોકો પણ આપણને વધારે સારી અવસ્થાવાળા લાગે. આટલા મુશળધાર વરસાદમાં આ લોકો આવ્યા હતા. સીંગ, દહીં, ગોળ ને લાડુ ખાવા આવ્યા હતા, કારણ અહીં તો એ જ સારું ખાદ્ય ગણાતું.

વરસાદ હોવા છતાં અતિથિભોજન તો હેમખેમ પતી ગયું. બપોરે જોઉં તો આવા સખત વરસાદમાં ઘણા વખતથી ત્રણ સ્ત્રીઓ જમીન પર કપડું પાથરીને ભીંજાતી બેઠી હતી. સાથે બે-ત્રણ નાનાં છોકરાંઓ પણ હતાં. એમની પાસેના પતરાળામાં સીંગદાણા હતા, પણ એમને દહીં કે ગોળ કોઈએ આપ્યાં નહોતાં, એટલે તેઓ અપેક્ષાપૂર્વક કચેરી તરફ જોતી હતી. મેં પટવારીને બોલાવીને કહ્યું, 'પેલા લોકોને કોણ પીરસે છે? એ લોકો કેમ બેસી રહ્યા છે? ને આટલા વરસાદમાં એમને ખુલ્લામાં બેસાડ્યા કોણે?'

પટવારીએ કહ્યું, 'હજૂર! એ લોકો જાતે દોષાદ છે. એમને જો આપણે ઘરની અંદર બેસાડીએ તો ઘરની બધી ચીજો બહાર ફેંકી દેવી પડે. કોઈ પણ બ્રાહ્મણ, ક્ષત્રિય કે ગંગોતા એ વસ્તુ ખાય નહિ. તે ઉપરાંત ઘરમાં બેસાડવા માટે જગ્યા પણ ક્યાં છે હજૂર?' એ ગરીબ દોષાદની સ્ત્રીઓ પાસે વરસતા વરસાદમાં હું જાતે ગયો એટલે બીજા લોકો મૂંઝાયા ને તેમને પીરસવા લાગી ગયા.

❖ ❖

સર્વે કૅમ્પથી ઘોડા પર હું પાછો આવતો હતો, ત્યાં એક જણ કાશવનની પાસે બેસીને શેકેલી અડદની દાળ ખાતો હતો. વાસણ ન હોવાથી એના મેલા કપડાના છેડામાં જ એ ખાતો હતો. એ માણસ-ભલેને એ હિંદુસ્તાની હોય પણ માણસ હતો ને - આટલી દાળ ખાઈ શકે એ મારી બુદ્ધિને સમજાયું નહિ. મને જોઈને એણે ખાવાનું મૂકી દઈને એકદમ ઊભા થઈને મને સલામ કરી ને મને કહ્યું, 'મેનેજર સાહેબ, જરા ખાતો હતો. મને માફ કરો.'

એક વ્યક્તિ એકાંતમાં બેસીને શાંત ભાવે પોતાનું ખાવાનું ખાતો હોય તેમાં માફ કરવા જેવું શું છે તે કાંઈ મારી સમજણમાં આવ્યું નહિ. મેં કહ્યું, 'ખાઓ! ખાઓ! ઊભા થવાની કશી જરૂર નથી. નામ શું તમારું?' એમ છતાં

પેલો માણસ બેઠો થયો નહિ. ઊભા ઊભા જ એણે મૂંઝાતાં જવાબ આપ્યો, ‘ગરીબનું નામ ધાઉતાલ શાહુ હજૂર!’

મેં ધારીને જોયું તો મને લાગ્યું કે એની ઉંમર સાઠેક વર્ષની હશે. રોગીના જેવું ને લાંબું એનું મોઢું હતું, શરીરનો રંગ કાળો હતો. એક મેલું એવું ધોતિયું ને બંડી પહેર્યાં હતાં. પગમાં કંઈ નહોતું. ધાઉતાલ શાહુ જોડે આ મારું પ્રથમ મિલન હતું. કચેરીમાં આવીને મેં રામજોત પટવારીને પૂછયું, ‘ધાઉતાલ શાહુને ઓળખો છો?’

રામજોતે કહ્યું, ‘જી, હજૂર, ધાઉતાલ શાહુને આ પ્રદેશમાં કોણ ન ઓળખે? એ બહુ મોટો આદમી છે. આ વિભાગમાં બધાનાં એને ત્યાં ખાતાં છે. એનું ઘર નવગછિયામાં છે. એ તો લખપતિ છે, લખપતિ.’ પટવારીની વાત સાંભળી હું આશ્ચર્યચક્તિ બન્યો.

આ પછી પોતાને કામે અનેક વાર ધાઉતાલ શાહુ કચેરીમાં આવી મને મળ્યો હતો. દરેક વખત એની જોડે થોડી થોડી વાત કરતાં મને જણાયું કે, એક અદ્ભુત લોકોત્તર એવા ચારિત્ર્યવાળા માણસ જોડે મારો પરિચય થયો છે. વીસમી સદીમાં આવો માણસ હોઈ શકે, તે નજરે જોયા સિવાય માની શકાય નહિ.

એક દિવસ એ એક કાપડની પોટલીમાં ઘણાબધા જૂના દસ્તાવેજો બાંધીને મને મળવા આવ્યો. એણે મને કહ્યું, ‘હજૂર, મહેરબાની કરીને આ બધા દસ્તાવેજો જરા જોઈ આપો ને.’ મેં બધા દસ્તાવેજો ધ્યાનથી તપાસ્યા, ત્યારે માલૂમ પડ્યું કે સમયસર દાવો ન કરવાને પરિણામે આઠ-દશ હજાર રૂપિયાના દસ્તાવેજો નિરુપયોગી બની ગયા હતા.

વળી એક બીજા પોટલામાંથી એણે બીજા જૂના દસ્તાવેજો કાઢ્યા ને કહ્યું, ‘જરા આને પણ જોઈ દો ને હજૂર! ક્યારેક ક્યારેક મનમાં એવો તુક્કો ઊઠે છે કે આ બધા દસ્તાવેજો લઈને શહેરમાં જાઉં, ને વકીલોને બતાવીને દાવા નોંધાવી દઉં. પણ હું ક્યારેય મુકદ્દમો લડ્યો નથી, મારાથી એ બને જ નહિ ને.’

જોયું તો બધા દસ્તાવેજો નકામા બની ગયા હતા. એ બધાં પણ ચાર-પાંચ હજાર રૂપિયાથી ઓછી કિંમતના નહિ હોય. બિચારા ભલા માણસને બધા જ છેતરી જાય. મેં કહ્યું, ‘શાહુજી, આ શાહુકારનું કામ તમારા જેવા ભલા માણસ માટે નથી. હવે કોઈને વ્યાજે રૂપિયા આપશો નહિ.’

પણ ધાઉતાલ મારો સમજાવ્યો સમજ્યો નહિ. એણે કહ્યું, ‘કાંઈ બધા મને દગો દેતા નથી હજૂર! હજી સુધી ચાંદો-સૂરજ ઊગે છે. હજી આપણા

માથા પર ગરીબોનો બેલી બેઠો છે. ને પૈસા કાંઈ સાચવી રાખે થોડા વધવાના છે? વ્યાજવટું ના કરું તો મારું નભે નહિ હજૂર! એ તો મારો ધંધો છે.'

મને એની વાત સમજાઈ નહિ. વ્યાજના લોભમાં અસલ મૂડી ગુમાવવી પડે એ તે કેવો ધંધો, તે મને સમજાયું નહિ. ધાઉતાલ શાહુએ મારા દેખતાં જ જરાય દુઃખ વગર પંદર-સોળ હજાર રૂપિયાના દસ્તાવેજો ફાડીને ફેંકી દીધા. એણે એ રીતે ફેંક્યા કે જાણે એ બધો તદ્દન નકામો કચરો જ હોય. જો કે એ કાગળો હવે કશા કામમાં આવે એમ નહોતું - એમ છતાં એના હાથ જરાય કાંપ્યા નહિ કે ન એના અવાજમાં જરા પણ ઢીલાપણું આવ્યું. એણે કહ્યું, 'સરસિયાં અને રેડિનાં બિયાં વેચીને હું કમાયો હતો. બાકી મારા બાપદાદાના વારસામાં તો મને કાણી કોડીયે મળી નથી. મેં પૈસા બનાવ્યા, હવે હું જ નુકસાન વેઠું છું. એ તો વેપાર કરીએ તો નફો-નુકસાન પણ થવાનાં જ હજૂર!'

ફક્ત એક જ વાતમાં મને એની મોટાઈ દેખાઈ. લાલ કપડાના એક ચમચામાંથી એ સોપારી કાઢતો, એને સૂડી વડે કાતરી કાતરીને મોઢામાં મૂક્યા કરતો, ને હસતાં હસતાં કહેતો, 'રોજનાં પાશેરેક સોપારી ખાતો હઈશ હજૂર! મારે મોટામાં મોટો ખર્ચ સોપારીનો.' જો ધન તરફ ઉદાસીનતા ને બહુ મોટા નુકસાન પ્રત્યે લાપરવાહી વૃત્તિને દાર્શનિકતા કહેવાતી હોય, તો ધાઉતાલ શાહુના જેવો દાર્શનિક હજી સુધી તો મેં ક્યાંય દેખ્યો નથી.

❖ ❖

જ્યારે જ્યારે હું ફૂલકિયામાં થઈને જતો ત્યારે હું જયપાલકુમારનાં મકાઈનાં પાંદડાંથી છાયેલાં છાપરાં આગળથી પસાર થતો. કુમાર એ ભૂમિહાર બ્રાહ્મણ હતો.

એક મોટા ને પુરાણા પાકુડ ઝાડની નીચે જયપાલનું ઘર હતું. એની પાસે જઈને મેં પૂછ્યું, 'જયપાલ, અહીં બેઠો બેઠો શું કરે છે?'

'બસ, બેઠો છું હજૂર.'

'તારી ઉંમર કેટલી હશે?'

'એનો તો મેં હિસાબ રાખ્યો નથી હજૂર, પણ જ્યારે કોશી નદી પર પુલ બંધાયો ત્યારે હું ભેંસો ચરાવવાને લાયક બન્યો હતો.'

'તેં લગનબગન કરેલાં કે? કાંઈ છોકરાંછૈયાં હતાં કે નહિ?'

'મારી વહુને મરી ગયાંને વીશ-પચીશ વરસ થયાં. બે દીકરીઓ હતી, તે પણ મરી ગઈ, તેને પણ ચૌદેક વરસ થયાં. હવે તો હું ફક્ત એકલો જ છું.'

'ઠીક ભાઈ. પણ તું અહીં એકાંત જગ્યામાં એકલો રહે છે, કોઈ તારી જોડે વાત કરનારું નથી, તું ક્યાંય જતો નથી, કશું કામકાજ કરતો નથી, એ બધું તને ગમે છે? તને કંટાળો નથી આવતો?' જયપાલ આશ્ચર્યચક્તિ નજરે મારી સામે જોઈ રહ્યો. ને પછી બોલ્યો, 'કેમ ન ગમે હજૂર? હું તો બહુ આનંદમાં છું. જરાયે કંટાળો નથી આવતો.'

છેલ્લાં વીશ વર્ષોમાં દુનિયા કેટલી બદલાઈ ગઈ છે, તેની પોતાને આંગણે હંમેશ બેસી રહેનાર આ જયપાલને ક્યાંથી ખબર હોય? હું જ્યારે બાળપણમાં નિશાળમાં નીચલા ધોરણમાં ભણતો હતો, ત્યારે પણ જયપાલ આમ બેસી રહેતો હશે, ને જ્યારે મેં બી.એ.ની પરીક્ષા પસાર કરી ત્યારે પણ જયપાલ આમ જ એકલો બેસી રહે છે. જે નાનામોટા બનાવો મારા જીવનમાં મને ઘણા મહત્ત્વના લાગતા હતા, તેની સરખામણી કરીને જયપાલના આ જરાય ફેરફાર વિનાના એકધારા જીવનની હું વિચારણા કરતો હતો.

કાંઈક જયપાલની જીવનયાત્રાનો પ્રભાવ ને કાંઈક ચારે તરફ કોઈ પણ પ્રકારના બંધન વિનાની મુક્ત પ્રકૃતિ એ બંનેએ મને પણ જયપાલના જેવો નિર્વિકાર, ઉદાસીન ને નિસ્પૃહ બનાવવા માંડ્યો હતો.

શહેરમાંથી પાછા ફરતાં જ્યારે સભ્ય લોકોના વસવાટથી હું ઘણે દૂર જાઉં, ને મારા પોતાના જંગલમાં પ્રવેશ કરું, ત્યારે દૂર સુધી પથરાયેલાં ગાઢાં જંગલોની શોભા, ખુલ્લાં મેદાનો, ઊંચા ટેકરાઓ, જંગલી પોપટોનો કલરવ, સૂર્યનો તડકો ને ધરતીની મુક્ત હવા, એ બધાં જાણે એકસામટાં મારા હૃદયનો કબજો લઈ લેતાં.

## ૫

**સું**દર ચાંદની વરસી રહી હતી. ઠંડી પણ હાડકાંને કંપાવે એવી સખત હતી. પોષ મહિનાના આખરી દિવસો હતા. સદર કચેરીથી લવટૂલિયાની કચેરીની તપાસ કરવા હું ગયો હતો. લવટૂલિયાની કચેરીમાં બધાં ખાઈ-પીને પરવારે ત્યારે લગભગ રાતના અગિયાર વાગતા. એક દિવસ જમીકરીને હું જ્યારે રસોડામાંથી બહાર આવ્યો, ને જોઉં છું તો એટલી મોડી રાત્રે ને એવી કડકડતી ઠંડીમાં, ખુલ્લા આકાશ નીચે ચાંદનીમાં કચેરીના ચોગાનને છેડે, એક સ્ત્રી ઊભી હતી. મેં પટવારીને પૂછયું, 'ત્યાં કોણ ઊભું છે?'

પટવારીએ કહ્યું, 'એનું નામ કુંતા. તમે આવવાના છો એ વાતની એને ખબર પડતાં એ કાલે આવીને મને કહેવા લાગી, 'મેનેજરબાબુ આવશે, તેની એંઠી પતરાળીનો ભાત લેવા હું આવીશ. મારાં છોકરાં બિચારાં બહુ હેરાન થઈ ગયાં છે.'

મેં એને કહ્યું, 'વારુ.'

એ વખતે હું આઠ-દશ દિવસ લવટૂલિયા કચેરીમાં રહ્યો હતો. રોજ રાતે હું જોતો કે એ સ્ત્રી મારી પતરાળીમાંના ભાતને માટે મોડી રાતે, કડકડતી ઠંડીમાં ખુલ્લામાં એકાદ વસ્ત્ર પહેરીને કૂવા પાસે ઊભી રહેતી. આખરે એક દિવસ મેં કુતૂહલવશ થઈને પટવારીને પૂછ્યું, 'આ જે સ્ત્રી રોજ ભાત લઈ જાય છે તે છે કોણ? આ જંગલમાં એ રહે છે ક્યાં? દિવસે તો ક્યાંય દેખાતી નથી?'

પટવારીએ કહ્યું, 'એની વાત માંડીને કહું છું હજૂર.'

'સાંભળો હજૂર. દસેક વર્ષ પહેલાં આ પ્રદેશમાં દેવીસિંગ રજપૂતની બોલબાલા હતી. એની બીકથી બધા ગંગોતા, ખેડૂતો અને ભરવાડો થરથર કાંપતા. દેવીસિંગનો ધંધો ખૂબ ભારે વ્યાજે પૈસા ધીરીને પછી લાઠીની મદદથી વ્યાજ અને અસલ રકમ વસૂલ કરવાનો હતો. એ આઠ-નવ લાઠીધારી માણસો પોતાના તાબામાં રાખતો. હમણાં જેમ રાસબિહારીસિંગ આ જંગલનો શાહુકાર છે તેમ તે વખતે દેવીસિંગ હતો.

'દેવીસિંગ જોનપુર જિલ્લામાંથી આવીને પૂર્ણિયામાં રહ્યો હતો. અહીં આવીને જે બધા ડરપોક ગંગોતા હતા તેમને ઉધાર પૈસા આપીને તથા મારપીટ કરીને એણે પોતાને કબજે કરી લીધા. અહીં વસવાટ કર્યા પછી થોડાંક વર્ષો રહીને એ કાશી ગયો હતો, ત્યાં કોઈ ગાનારીને ત્યાં ગાયન સાંભળવા ગયો, ને એને એની ચૌદ-પંદર વર્ષની છોકરીની માયા લાગી. પછી એ છોકરીને ત્યાંથી ભગાડી દેવીસિંગ અહીં લઈ આવ્યો. તે વખતે દેવીસિંગની ઉંમર સત્તાવીશ-અટ્ઠાવીશ વર્ષની હશે. અહીં આવી એણે એ છોકરી જોડે લગ્ન કર્યાં. પણ જ્યારે લોકોએ જાણ્યું કે એ ગાનારીની છોકરી હતી, ત્યારે દેવીસિંગના જાતભાઈઓએ-રજપૂતોએ એની જોડે રોટીવ્યવહાર બંધ કર્યો અને એને ન્યાત બહાર મૂક્યો. આ કુંતા તે એ દેવીસિંગ રજપૂતની વિધવા. એક વખત એવો હતો કે જ્યારે એ કિનખાબની ઝાલરવાળી પાલખીમાં બેસી લવટૂલિયાથી કોશી અને કલબલિયાના સંગમમાં નાહવા જતી હતી ને કારીગરીવાળા ચાંદીના લોટામાં પાણી પીતી હતી. એની આજે આવી દુર્દશા છે. આજે બિચારીની મુસીબત એ છે કે બધા જાણે છે કે એ ગાનારીની છોકરી છે તેથી એના પતિનાં આત્મીય સ્વજનોમાં કે ગંગોતામાં પણ એની તરફ કોઈ નજર સુદ્ધાં કરતું નથી.'

મેં પૂછ્યું, 'એની મા-પેલી ગાનારી-તેણે પણ પછી એની દીકરીની તપાસ ન કરી?'

પટવારીએ કહ્યું, 'મેં તો એની માને ક્યારેય જોઈ નથી હજૂર. કુંતાએ પણ ક્યારેય માની ભાળ કાઢી નથી. એ આમ જ દુઃખ ને મુસીબતમાં બાળકોને ઉછેરે છે. આજે તમે જુઓ છો તે તો કાંઈ નથી હજૂર! પણ એક વખત એનું જે રૂપ હતું તેવું તો આ પ્રદેશમાં મેં મારી જિંદગીમાં કોઈનું રૂપ જોયું નથી.'

એક દિવસ ઉત્તર તરફની સીમ તરફ જતાં, ફરતો ફરતો હું કચેરીથી ઘણે દૂર જઈ ચડ્યો. એ તરફ ઘણે દૂર સુધી ફેલાયેલાં કોઠાનાં ઝાડનાં જંગલ હતાં. આ બધાં જંગલોની જાળવણીનું કામ ઉપાડી લઈ છાપરા અને મુઝપુર જિલ્લાના કલવાર જાતના લોકો લાખની ખેતી કરી ઢગલાબંધ પૈસા કમાતા. કોઠાના જંગલમાં હું રસ્તો ભૂલ્યો, ત્યાં એકાએક કોઈ સ્ત્રીના કંઠનો આર્તનાદ, નાનાં બાળકોનો ચિત્કાર ને એમનું રુદન, ને પુરુષના કંઠની કઠોર ગાળાગાળીનો અવાજ મેં સાંભળ્યો. જરા આગળ જઈને મેં જોયું તો લાખના ઈજારદારના ચાકરો એક સ્ત્રીને એના વાળ પકડીને ઘસડીને લઈ જતા હતા. પહેલાં તો મેં પેલાઓને ધમકાવી એમના સકંજામાંથી પેલી બાઈને છોડાવી. પેલી સ્ત્રી બિચારી એવી તો શરમની મારી મૂંઝાઈ ગઈ કે કોઠાંના ઝાડની આડશે જઈને ઊભી રહી. એની આ દશા જોઈને મને અત્યંત દુઃખ થયું.

ઈજારદારના લોકો એમ સહેજમાં પેલી બાઈને છોડે એમ નહોતા. મેં તેમને સમજાવ્યું : 'બાપુ, જો એક ગરીબ બાઈ પોતાનાં છોકરાંઓને ખવડાવવા પાંચ-છ કોઠાં પાડે તેમાં તમારી લાખની ખેતીને એવું તે શું નુકસાન થઈ ગયું? એને બિચારીને ઘેર જવા દો.'

પેલામાંથી એક જણે કહ્યું, 'આપ જાણતા નથી હજૂર! આ બાઈનું નામ કુંતા છે. એ લવટૂલિયામાં રહે છે. એને તો કોઠાં ચોરવાની આદત જ પડી ગઈ છે. વરસેક દિવસ પહેલાં પણ એને પકડી હતી - આમ જ ચોરી કરતાં-ત્યારે વળી એને વગર સજાએ છોડી દીધી હતી.'

હું એકદમ ચોંકી ગયો. કુંતા! એને તો મેં ઓળખી જ નહિ. એનું કારણ એ હતું કે, દિવસના અજવાળામાં તો મેં કુંતાને જોઈ જ નહોતી, એને જોઈ હતી ફક્ત રાતે. મેં ઈજારદારના માણસોને ધમકાવી એમના હાથમાંથી તો એને છોડાવી. એ બિચારી એવી તો છોભીલી પડી ગઈ હતી કે છોકરાંઓને લઈને સીધી ઘેર જ ગઈ.

તે રાતથી કુંતા શરમની મારી કચેરીમાં ભાત લેવા આવતી નહિ.

❖ ❖

શિયાળો પૂરો થયો ને વસંત ઋતુ બેઠી.

અમારા આ જંગલમહાલના સીમાડા પર અગ્નિ દિશાએ સાત-આઠ માઈલ પર - એટલે અમારી મુખ્ય કચેરીથી ચૌદ-પંદર માઈલ દૂર - ફાગણ મહિનામાં, હોળીને વખતે એક બહુ મોટો મેળો ભરાતો હતો. મેં ત્યાં જવાનું નક્કી કર્યું. ઘણા વખતથી મેં આટલા બધા માણસો ભેગા મળે તે દૃશ્ય જોયું નહોતું, અને વળી આ પ્રદેશનો મેળો કેવો હોય તે જાણવાનું કુતૂહલ પણ ખરું. અમારી કચેરીના લોકોએ મને ઘણો વાર્યો. એમણે કહ્યું : રસ્તો ઘણો કપરો છે, અહીંથી ત્યાં પહોંચો ત્યાં સુધી મોટા મોટા પહાડો અને વિકટ જંગલો જ છે. તે ઉપરાંત આખે રસ્તે જંગલી ભેંસો ને વાઘની બીક છે, રસ્તામાં વસ્તી છે પણ બહુ દૂર દૂર, એટલે મુશ્કેલીમાં પડ્યા હોઈએ તો મદદ મળવી મુશ્કેલ - એવું એવું તો ઘણું કહ્યું.

મારી નજરમાં ભાવિમાં મારે મોઢે સાહસની વાતો સાંભળનાર પૌત્ર-પૌત્રીઓની જમાત આવી એટલે મુનેધર મહતો, પટવારી તથા નવીનબાબુ મુહરીની ગમે એટલી ના છતાં, મેળાને દિવસે વહેલી સવારમાં હું ઘોડો લઈને ઊપડી ગયો. હું ઘોડાને ક્યારેક ઝડપી ગતિએ, તો ક્યારેક ધીરી ગતિએ જરૂરિયાત પ્રમાણે ચલાવતો.

હું તો કચેરીમાંથી નીકળ્યો ત્યારથી જ ખૂબ આનંદમાં હતો. આ પ્રદેશમાં નોકરી લીધા પછી અહીંનો મુક્ત વનપ્રદેશ મને ધીમે ધીમે મારા વતનનું વિસ્મરણ કરાવતો હતો, સભ્ય જગતના જાતજાતના આમોદપ્રમોદની ટેવને ભુલાવી દેતો હતો, અને મારા મિત્રો ને સગાંવહાલાંને ભુલાવવાની પણ એ જાણે કોશિશ કરતો હતો. ઘોડા ભલે ને ઝડપી ચાલે ચાલે કે ધીમી ચાલે ચાલે, જ્યાં પર્વતની તળેટીમાં વસંત ઋતુના આગમનથી ખીલેલાં રંગીન પલાશ ફૂલોનો મેળો જામ્યો હોય; પર્વતની નીચે, ઉપર, મેદાનમાં બધે જ નાનાં નાનાં વૃક્ષોની ડાળીઓ ફૂલોના ભારથી લચી પડતી હોય, જ્યાં ત્યાં બધે પાંદડાં વિનાનાં સફેદ દૂધ જેવા ટીચકામાંથી પીળા રંગનાં મોટાં મોટાં સૂર્યમુખી જેવાં ફૂલો પોતાની સુવાસથી વાતાવરણને મઘમઘતું બનાવતાં હોય ને તેથી બપોરનો તડકો મધુર લાગતો હોય, ત્યારે કેટલો રસ્તો કાપ્યો તેનો કોણ હિસાબ રાખે?

પણ કંઈ તો હિસાબ રાખવો જ જોઈએ, નહિ તો દિશા અને રસ્તો બંને ભૂલી જવાય એવી સંપૂર્ણ શક્યતા હતી. અમારા જંગલની હદ વટાવી તે પૂર્વે જ મને આ સત્ય સમજાયું હતું. થોડે દૂર સુધી હું અન્યમનસ્ક ભાવે ગયો. ત્યાં અચાનક સામે જ બહુ દૂર એવા જંગલનો ઉપરનો ભાગ જાણે લીલી રેખા હોય તેમ ક્ષિતિજના એક છેડાથી બીજા છેડા સુધી પથરાયેલો મેં જોયો. અહીં વળી આવું મોટું જંગલ કયાંથી આવ્યું?

મેં ફરી વાર ઘોડાનું મોઢું ફેરવ્યું. બરાબર હોશિયાર થઈને ક્યાં જવાનું હતું તે નક્કી કર્યું. અને એ દિશાનું યાદ રહે એવું એક ચિહ્ન નક્કી કર્યું ને તે બરાબર દૃષ્ટિમાં રાખી લીધું. અપાર સમુદ્રમાં વહાણને યોગ્ય માર્ગે લઈ જવું, અનંત આકાશમાં વિમાનને ચલાવવું અને વિસ્તૃત પંથહીણ જંગલમાં ઘોડેસવારી કરવી ને નિશ્ચિત સ્થાને પહોંચવું, એ બધાં લગભગ એકસરખાં કામો છે. જેને આ જાતનો અનુભવ થયો હશે તે મારી આ વાતની સચ્ચાઈ બરાબર સમજી શકશે.

ફરી પાછા સૂર્યના તાપથી બળી ગયેલાં, પાંદડાં વિનાનાં એવાં વૃક્ષોની હારમાળા શરૂ થઈ, ફરી પાછી જંગલી ફૂલોની મૃદુ મધુર સુગંધ આવવા માંડી ને રાતાં પલાશ પુષ્પોની શોભા દૃષ્ટિએ પડી. અમારી હદ વટાવીને થોડે દૂર જતાં રસ્તે ધુમાડો દેખાયો. હું તરત જ તે તરફ ગયો. ત્યાં કેટલાક માણસોએ જંગલનાં લાકડાં કાપી કોલસા બનાવવા માટે તેને ભઠ્ઠીમાં મૂક્યાં હતાં. એ કોલસા તેઓ શિયાળામાં દૂર દૂરના ગામે વેચવાના હતા.

મને ઘોડા પર આવેલો જોઈને એ લોકો બી ગયા હતા. એમણે માન્યું કે હું જંગલ ખાતાનો અમલદાર છું. આ વિભાગનાં બધાં જંગલો સરકારી હતાં અને તેથી રજા વિના લાકડાં કાપવાં કે કોલસા બનાવવા એ ગુનો હતો. મેં એમને આશ્વાસન આપ્યું, ‘મૂંઝાશો નહિ, હું જંગલ ખાતાનો અધિકારી નથી, તમને ફાવે એટલા કોલસા બનાવો. મારે પાણી પીવું છે. અહીં ક્યાંક મળશે?’ એક જણ જમતો જમતો ઊઠ્યો અને એક સ્વચ્છ, ચકચકતી વાડકીમાં ચોખ્ખું પાણી લઈ આવ્યો. પૂછતાં ખબર પડી કે પાસે જ જંગલમાં ઝરણું હતું તેનું પાણી એ લઈ આવ્યો હતો.

ત્યાંથી પાંચેક માઈલ હું દૂર ગયો ત્યાં કારો નદી દેખાઈ. નદી પાર કરીને થોડે દૂર ગયો ત્યાં તો રસ્તાનું દૃશ્ય અત્યંત મનોહારી હતું. એ વખતે બપોરનો સખત તાપ હતો, સંધ્યાની તો છાયા સરખી નહોતી કે રાતની ચાંદની નહોતી. એ બળતા બપોરમાં ડાબી બાજુએ વનથી વીંટળાયેલી ગિરિમાળા, દક્ષિણ તરફ લોહપથ્થરવાળી ઊંચીનીચી જમીન ગલગલી ફૂલનાં વૃક્ષોની છાયાથી ઢંકાયેલી હતી. આસપાસ બધે ધાતુપ ફૂલોનાં વૃક્ષોનું જંગલ હતું. એ જગ્યા ખરેખર મને અદ્‌ભુત લાગી.

મેળામાં પહોંચતાં બપોરના એક વાગ્યો. બહુ મોટો મેળો હતો. મારી ડાબી તરફ જે ગિરિમાળા ત્રણેક માઈલ મારા માર્ગની જોડે ચાલ્યા કરતી હતી તેની દક્ષિણ તરફ નાના એક ગામના ખેતરમાં પહાડના ઢળાણમાં ચારે બાજુ શાલ-પલાશના જંગલમાં એ મેળો ભરાયો હતો. મહિષાવાડી, કડારી,

તિનટાંગા, લછમનિયા ટોલા, ભીમદાસ ટોલા, મહાલિખારૂપ વગેરે દૂર તેમ જ નજીકના સ્થાનેથી લોકો ભેગા થયા હતા. તેમાં મોટાભાગની સ્ત્રીઓ હતી. તરુણીઓએ વાળમાં પિયાર કે ધાતુપનાં ફૂલો ખોસ્યાં હતાં. કેટલાંકના અંબોડામાં લાકડાની કાંસકી પણ ખોસેલી હતી. એમના દેહનો ઘાટ લાવણ્યમય હતો. એઓ મોજથી નકલી મોતી, સસ્તી જાપાન કે જર્મનીની બનાવટની સાબુ રાખવાની ડબ્બી, બંસી, અરીસા, તદ્દન નકામું ને એકદમ હલકી બનાવટનું ઍસેન્સ ખરીદતી હતી. પુરુષો એક પૈસાની દશવાળી કાળી સિગારેટ ખરીદતા હતા, છોકરાંઓ રેવડી, તલના લાડુ, બુંદીના લાડુ અને તેલમાં તળેલાં ભજિયાં ખાઈ રહ્યાં હતાં.

અચાનક કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળી હું ચોંક્યો. મેં એક જણને પૂછ્યું તો ખબર પડી કે એવું કાંઈ નહોતું. કોઈક વહુવારુને એના પિયરના ગામની કોઈ સ્ત્રી મળી હતી. અહીંનો રિવાજ જ એવો છે કે કોઈ સ્ત્રીને ઘણા સમય પછી કોઈ પિયરની સ્ત્રી, કોઈ સખી અથવા બીજું કોઈ સુપરિચિત મળી જાય, તો બંને મોટેમોટેથી રડવા મંડી જાય. જો કોઈ સ્ત્રી પોતાના પિયરની સ્ત્રીને જોઈને ન રડે તો એનો અર્થ એવો થાય કે એ સાસરે ઘણી સુખી છે, પણ એ તો સ્ત્રીઓ માટે ઘણું શરમજનક ગણાતું.

એક ઠેકાણે એક દુકાનદાર ચોપડીઓ પાથરી બેઠો હતો. હિંદી ‘ગુલબકાવલી’, ‘લયલા મજનૂ’, ‘વેતાળ પચ્ચીશી’, ‘પ્રેમસાગર’ ઈત્યાદિ પુસ્તકો ત્યાં હતાં. જરા સુઘડ દેખાતા લોકો ચોપડીઓનાં પાનાં ઉથલાવતા હતા. મને લાગ્યું કે દુકાને ઊભા રહીને ચોપડીઓ વાંચવાની ટેવ જેવી આનાતોલ ફ્રાન્સના પેરિસમાં છે, તેવી જ આ કડારી તિનટાંગાના જંગલી લોકોના મેળામાં પણ છે. ઊભા ઊભા મફત વાંચવાનું મળતું હોય તો કોઈ ચોપડી ખરીદે નહિ.

મેળાના સ્થાનથી થોડે દૂર શાલવનની છાયામાં કેટલાક લોકો રસોઈ કરતા હતા. એવા માણસોને માટે મેળામાં એક તરફ શાકભાજીનું બજાર હતું. શાલનાં પાંદડાંના દડિયામાં સુંગઠી અને ચકલીનાં લાલ ઈંડાં વેચાતાં હતાં. ચકલીનાં લાલ ઈંડાં આ તરફ લોકો ખૂબ લહેરથી ખાય છે. એ સિવાય કાચાં પપૈયાં, સૂકાં કોઠાં, કેંદફળ, જમરૂખ અને જંગલી સફરજન.

મેળાની એક બાજુ ઈજારદારનો તંબૂ હતો. તેમાં બ્રહ્મા મને ખૂબ આદરપૂર્વક લઈ ગયો અને એક જૂની બેન્ડવુડની ખુરશી પર મને બેસાડ્યો. ત્યાં મેં એક જણને જોયો. તેવો માણસ આ દુનિયામાં ફરી નહિ મળે એમ મને લાગે છે. એ કોણ હતો તે મને ખબર નથી પણ બ્રહ્મા મહાતોનો કોઈ નોકર

હશે. એની આંખમાં અને મુખ પર બેહદ દીનતા અને વિનમ્રતાનો ભાવ જોઈને હું એની પ્રત્યે આકર્ષાયો. મને થયું કે આ માણસની આટલી બધી દીન ને કરુણ નજર શા માટે છે? શું એ ઘણો જ ગરીબ હશે? એ માણસમાં કોણ જાણે શું હતું, તે મને વારંવાર એની તરફ જોવાનું મન થતું. મને એક આંગ્લ કવિનું વાક્ય યાદ આવ્યું કે, દયામણા લોકો પર પ્રભુની કૃપા વર્ષે છે, કારણ કે સ્વર્ગ તો એમની જ ભૂમિ છે. આવો દીન ને વિનમ્રતાનો ભાવ મેં ક્યારેય કોઈના મુખ પર જોયો નહોતો.

બ્રહ્મા મહાતોને પૂછતાં ખબર પડી કે એનું ઘર કડારી તિનટાંગામાં હતું. બ્રહ્મા મહાતો ને એ એક જ ગામના હતા. એનું નામ ગિરધારીલાલ હતું. એ ગંગોતા ન્યાતિનો હતો. એક નાના છોકરા સિવાય આ દુનિયામાં એનું કોઈ સગું નહોતું. એની અવસ્થા મેં ધાર્યું હતું તે પ્રમાણે અત્યંત ગરીબ હતી. બ્રહ્માએ એને મેળાની દુકાનની વસૂલાત કરવા નીમ્યો હતો. મહેનતાણામાં રોજના ચાર આના ને બે ટંક ખાવાનું.

મેં જાતજાતના માણસો જોયા છે, પણ ગિરધારીલાલના જેવો સાચો માણસ મેં હજી સુધી જોયો નથી. કેટલો સમય વહી ગયો, કેટલાય લોકને ભૂલી ગયો હોઈશ, પણ જેમની છબી ચિરકાળ મનમાં અંકિત થઈ છે, એવા થોડા લોકોમાં ગિરધારીલાલનું સ્થાન મહત્ત્વનું છે.

❖ ❖

સાંજ પડવા આવી હતી. હવે પાછા ફરવું અત્યંત જરૂરી હતું. એથી મેં બ્રહ્મા પાસે વિદાય માગી. મારી વાત સાંભળતાં એ તો જાણે આસમાન પરથી પડ્યો હોય એવો થઈ ગયો. તંબૂમાં જે લોકો બેઠા હતા તે સર્વે, આશ્ચર્યથી મારી તરફ જોવા લાગ્યા. ત્રીસ માઈલ રસ્તો વટાવીને આવે કવખતે જવાનું તદ્દન અસંભવિત હતું. એણે કહ્યું, ‘હજૂર, કલકત્તાના રહેવાસી, આ પ્રદેશનો રસ્તો આપને ખબર નથી. એટલે ન જવા તમને વિનંતી કરું છું. દશ માઈલ જતાં જતાંમાં તો સૂર્ય આથમી જશે. ભલે ને ચાંદની રાત હોય, મોટા મોટા પહાડો ને જંગલમાંથી રસ્તો છે, રસ્તામાં ક્યાંય કોઈ માણસ મળવાનો સંભવ નહિ. વાઘ પણ બહાર નીકળવાનો સમય, જંગલી ભેંસ પણ મળે, વળી કોઠાં પાકવાનો વખત એટલે વરુ તો નિશ્ચય મળવાનું જ.

બધાની આગ્રહભરી વિનંતીનો ઈન્કાર કરીને હું ચાલી નીકળ્યો. બ્રહ્મા મહાતોએ સાચું કહ્યું હતું. કારો નદીએ પહોંચતાં પહેલાં જ, સૂર્યબિંબ ગિરિમાળાની પાછળ અસ્ત પામ્યું.

આખે રસ્તે પહાડોનું ઉતરાણ, સપાટ જમીન, આમતેમ પથરાયેલાં જંગલો વગેરે અત્યંત મનોહર લાગતું હતું. વચ્ચે વચ્ચે સાંકડી પગદંડી જાણે દબાઈને પડી છે, અને ક્યારેક એ પગદંડી અદશ્ય થઈ જાય છે. ચોતરફ ભયંકર નિર્જનતા હતી. દિવસનું અજવાળું હતું ત્યાં સુધી તો ઠીક હતું, પરંતુ ચાંદની પ્રસરતાં મને એમ લાગ્યું કે જાણે હું અજાણ્યા ને અનોખા સૌંદર્યથી સભર એવા પરીના દેશમાં ફરી રહ્યો છું. પણ એ આનંદ સાથે મને વાઘની બીક પણ લાગવા માંડી.

આ ભયની અનુભૂતિએ ચારે બાજુના સૌંદર્યને વધારે વધાર્યું. કોઈ કોઈ જગ્યાએ રસ્તો દક્ષિણથી ઉત્તર તરફ જતો હતો, ને વળી પાછો ઉત્તરથી પૂર્વ તરફ વળાંક લેતો હતો. ડાબી બાજુએ સર્વત્ર બહુ ઊંચી નહિ એવી ગિરિમાળા હતી, તેના ઢોળાવમાં ગલગલી ને પલાશનું જંગલ હતું, ઉપરની બાજુ શાલનાં વૃક્ષો ને ઊંચું ઘાસ હતાં. ચાંદની પૂરબહારમાં પ્રકાશતી હતી, વૃક્ષોની છાયા એકદમ નાની બની ગઈ, ને કોઈ જંગલી ફૂલોની મહેકથી આખો ચાંદનીમય પ્રદેશ મઘમઘતો બની ગયો. દૂર દૂર પહાડોમાં સાંતાલોએ પાંદડાં સળગાવ્યાં હતાં. એ દશ્ય અત્યંત રમણીય લાગતું હતું, જાણે કોઈએ પહાડો પર દીપમાળાની સજાવટ ન કરી હોય!

આ ચાંદની રાતે જંગલમાં ભ્રમણ કરતાં કરતાં હું વિચાર કરતો હતો કે આ જીવન જુદું છે, જેમને ઘરની ચાર દીવાલોમાં પુરાઈ રહેવું ગમતું નથી, સંસાર માંડવો એ જેના લોહીમાં નથી, એવા ગરીબ સ્વભાવના ને સાહસપ્રિય માણસને માટે આવું જીવન જ મધુરું છે. કલકત્તાથી હું અહીં પહેલી વાર આવ્યો ત્યારે અહીંની ભીષણ નિર્જનતા ને આખો વખત જંગલનો વાસ, મને કેવાં અકળાવી મૂકતાં હતાં! પણ હવે મને આમાં જ રસ પડે છે. અહીંની જંગલી, રુક્ષ વન્યપ્રકૃતિએ મને પોતાના મુક્તિમંત્રથી દીક્ષા આપી દીધી છે, હવે શું શહેરના પાંજરામાં પુરાઈ રહેવું ગમે? આ પથવિહીન પ્રદેશની ટેકરીઓમાં ને શાલ-પલાશનાં વનોમાં, આ પ્રમાણે ખુલ્લા આકાશ નીચે પ્રકાશતી ચાંદનીમાં મન ફાવે તેમ ઘોડાને દોડાવવાના આનંદનો દુનિયાના કોઈ પણ ખજાના માટે હું બદલો કરવા તૈયાર નથી.

ચાંદની વિશેષ પ્રકાશવા લાગી. ખીલેલી ચાંદનીમાં નક્ષત્રો અને તારાઓ લગભગ લુપ્ત થઈ ગયાં હતાં. મને લાગ્યું કે અત્યાર સુધી હું જેનાથી પરિચિત હતો તે આ દુનિયા નથી, આ તો સ્વપ્નપ્રદેશ છે. આ ચોતરફ ફેલાયેલી જ્યોત્સ્નામાં મોડી રાતે અપાર્થિવ જીવો ધરતી ઉપર ઊતરે છે, આ તો કલ્પના ને સ્વપ્નનું - તપશ્ચર્યાનું મધુર ફળ છે. જેમને જંગલી ફૂલો તરફ પ્રેમ નથી,

સુંદરતાનું જેને ભાન નથી, ક્ષિતિજરેખા જેને ઈશારાથી પોતાની પાસે બોલાવતી નથી, તેના હાથમાં કદીય આ દુનિયા આવવાની નથી. ના, કદાપિ નહિ.

મહાલિખારૂપનું જંગલ પૂરું થતાં, ચાર માઈલનો રસ્તો વટાવ્યો કે અમારી સરહદ શરૂ થઈ. રાતના લગભગ નવ વાગે હું કચેરી પહોંચ્યો.

❖ ❖

કચેરીમાં ઢોલનો શબ્દ સાંભળી બહાર જઈને જોઉં છું તો કેટલાક લોકો કોણ જાણે ક્યાંથી આવીને કચેરીના કંપાઉન્ડમાં ઢોલ વગાડતા હતા. એટલામાં જમાદાર મુક્તિનાથસિંહ બારણા આગળ આવીને સલામ કરીને બોલ્યો, ‘એક વાર મહેરબાની કરીને બહાર આવો તો.’

‘કેમ જમાદાર, શું છે?’

‘હજૂર! આ વખતે દક્ષિણ તરફ દુકાળ પડ્યો છે. ધાન પાક્યું નહિ એટલે પેટગુજારો થતો નથી, એટલે બિચારા જ્યાં ત્યાં નાચ બતાવીને પૈસા મેળવે છે. એ લોકોની ઈચ્છા હજૂરને નાચ બતાવવાની છે. જો આપનો હુકમ હોય તો નાચ બતાવે.’

નૃત્યકારો મારા ઓરડાની આગળ આવી ઊભા રહ્યા. મુક્તિનાથે એ લોકોને પૂછયું, ‘કયો નાચ તમે હજૂરને દેખાડશો?’ એટલે નૃત્યમંડળીમાંથી એક સાઠબાસઠ વર્ષનો બુઢ્ઢો સલામ કરીને વિનીત ભાવે બોલ્યો, ‘હજૂર! હો હો નાચ ને છક્કર-બાજિ નાચ.’

એમની ભાષા થોડી સમજાતી હતી, થોડી સમજાતી નહોતી. કદાચ એ જ કારણથી એમનું ગીત મને અદ્‌ભુત લાગ્યું હશે. પહાડ ને પિયારના સૂરથી બાંધેલું એમનું ગીત આ સ્થાને જ મધુર લાગતું હતું. એમના નાચની દક્ષિણા ફક્ત ચાર આના હતી. કચેરીના માણસોએ એક સાથે મને કહ્યું, ‘આ ચાર આના પણ એમને બધે નથી મળતા હજૂર! એટલે વધારે આપીને એમનો લોભ વધારશો નહિ.’

રાત્રે કચેરીમાં એ લોકોના જમવાની ને રહેવાની વ્યવસ્થા મેં કરી. સવારે એમની મંડળીના આગેવાનને બોલાવી જ્યારે મેં એના હાથમાં બે રૂપિયા મૂક્યા ત્યારે એ તો દિગ્મૂઢ બનીને મારા મોઢા સામે તાકી રહ્યો. એ લોકોની ટોળીમાં એક બારતેર વરસનો છોકરો હતો. એ જાણે યાત્રાદલનો કનૈયો હતો. એના વાંકડિયા વાળ હતા, એ ખૂબ સ્વસ્થ હતો. એની આંખ અને મોઢું સુંદર હતાં. હાવભાવ સહિત એ હાથનો અભિનય કરી ગાતો :

‘રાજા લિજીયે સલામ મૈં પરદેશિયા.’

ફક્ત બે ટંક ખાવાનું મળે એટલા માટે આ કુમળું બાળક આ મંડળીમાં

ભળ્યું હતું. મેં મંડળીના આગેવાનને કહ્યું, ‘આ ધાતુરિયાને અહીં મૂકી જાઓ. અહીં કચેરીમાં કામ કરશે ને ખાશેપીશે.’

પેલો આગેવાન પણ એક અનેરી પ્રકૃતિનો માણસ હતો. બાસઠ વર્ષે પણ એ છોકરા જેવો જ હતો. એણે કહ્યું, ‘એ રહી નહિ શકે હજૂર! ગામના બધા લોકો એક સાથે છે એટલે એને ફાવે છે. એકલો શી રીતે રહી શકે? હજી બચ્ચું છે ને બિચારો? ફરી પાછો હું એને તમારી પાસે લઈ આવીશ હજૂર!’

## ૬

**જં**ગલના જુદા જુદા ભાગોની મોજણી થઈ રહી હતી. કચેરીથી ત્રણ માઈલ દૂર બોમાઈબુરૂના જંગલમાં, રામચંદ્રસિંહ નામનો અમારો એક માણસ આ મોજણી અંગેના કામમાં રહેતો હતો. એક દિવસ સવારે એવા ખબર મળ્યા કે, રામચંદ્રસિંહ આજ બે-ત્રણ દિવસ થયા ગાંડો બની ગયો છે. આ ખબર સાંભળતાવેંત હું કેટલાક લોકોને સાથે લઈને ત્યાં પહોંચ્યો. બોમાઈબુરૂ જંગલ બહુ ગીચ નહોતું.

ગીચ વૃક્ષોની હારથી દૂર ખુલ્લી જગ્યામાં કાશનાં પાંદડાંથી છાયેલી બે ઝૂંપડીઓ હતી. એમાંથી એક ઝૂંપડી મોટી હતી, તેમાં અમીન રામચંદ્ર રહેતો, એની પાસે બીજી ઝૂંપડીમાં આસરફી ટંડેલ રહેતો. પોતાની ઝૂંપડીમાં વાંસના ખાટલા પર રામચંદ્ર સૂતો હતો. અમને જોતાં જ એ એકદમ બેઠો થઈ ગયો. મેં પૂછયું, ‘કેમ, શું થયું છે, રામચંદ્ર? કેમ છે હવે?’ રામચંદ્રે હાથ જોડીને અમને નમસ્કાર કર્યા અને પછી શાંત બેસી રહ્યો.

ત્યાંથી પડાવ ઉઠાવીને રામચંદ્ર અમીન ને આસરફી ટંડેલને હું કચેરીમાં લઈ આવ્યો. રામચંદ્રની અવસ્થા દિનપ્રતિદિન બગડતી ચાલી. એનું પાગલપણું વધવા લાગ્યું. આખી રાત બૂમો પાડતો, ફાવે તેમ બબડતો ને ગાયન ગાતો. ડૉકટરને બોલાવી મંગાવ્યો, પણ કાંઈ વળ્યું નહિ. છેવટે તેનો એક મોટો ભાઈ આવીને તેને લઈ ગયો.

આ બનાવના છ-સાત મહિના પછી ચૈત્ર મહિનામાં બે માણસો કચેરીમાં મને મળવા આવ્યા. એમાંનો એક વૃદ્ધ હતો. સાઠ-પાંસઠ વર્ષનો હશે. બીજો એનો છોકરો હતો. તે વીશ-બાવીશ વર્ષનો હતો. એ લોકો બલિયા જિલ્લાના હતા. એ લોકો અમારા જંગલમાં એમની ગાય-ભેંસો માટે જો કોઈ ચરાણ જમીન મળે તો તે ગણોત આપીને લેવા આવ્યા હતા. બીજી બધી

જમીન અપાઈ ચૂકી હતી. બોમાઈબુરૂની જમીન હજી અપાઈ નહોતી. એ જમીન એમને આપી.

❖ ❖

જ્યારે હું રાજુ પાંડેને પહેલવહેલો મળ્યો એ દિવસ હજી મને બરાબર યાદ છે. કચેરીમાં બેસીને હું મારું કામ કરતો હતો, ત્યાં એક ગોરો ભદ્રપુરુષ મારી પાસે આવીને નમસ્કાર કરીને ઊભો રહ્યો. મારા સવાલના જવાબમાં એણે કહ્યું કે એ ઘણે આઘેથી આવ્યો છે. અહીં થોડી જમીન મળી જાય તો એ ખેતી કરવાની ઈચ્છા ધરાવે છે.

રાજુને મેં લવટૂલિયા-બઈહારની ઉત્તરે ગીચ જંગલમાં બે વીઘાં જમીન આપી, લગભગ વિનામૂલ્યે જ કહી શકાય. મેં એને કહ્યું : 'પહેલાં તો એ જંગલને તું સાફ કર, પહેલાં બે વરસ અમે તારી પાસે કશું લઈશું નહિ, ત્રીજે વર્ષે વીઘા દીઠ ચાર આના ગણોત આપવું પડશે.' તે વખતે પણ મને ખબર પડી નહિ કે કેવા અદ્‌ભુત માણસને મેં જમીન આપી છે.

રાજુ ભાદરવા કે આસો મહિનામાં આવ્યો હતો. એને જમીન મળી કે એ જતો રહ્યો. બીજે વરસે શિયાળો પૂરો થતાં, એક વાર અકસ્માત હું લવટૂલિયાથી કચેરી તરફ આવતો હતો, ત્યારે મેં જોયું કે કોઈ માણસ ઝાડ નીચે બેસીને કોઈ ચોપડી વાંચતો હતો. મને જોઈને ચોપડી બંધ કરીને એ એકાએક ઊભો થઈ ગયો. મેં એને ઓળખ્યો. એ રાજુ પાંડે હતો. ગયે વર્ષે એને જમીન આપ્યા પછી એ કચેરી તરફ એક વાર પણ ફરક્યો નહોતો. એટલે મને જરા ગુસ્સો પણ ચડ્યો. મેં પૂછયું, 'કેમ રાજુ પાંડે, તું અહીંયાં છે કે? મને લાગ્યું કે તુ ંજમીન છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે. ખેતીબેતી કાંઈ કરતો નથી લાગતો.'

મેં જોયું કે બીકને લીધે રાજુનું મુખ ફિક્કું પડી ગયું હતું. એ ગભરાતો ગભરાતો થોથવાતા અવાજે બોલ્યો, 'હા, હજૂર... થોડી ખેતી-આ વખત હજૂર ... 'ફસલ, હજૂર! એ તો ભાગ આપવાનું મારા મનમાંય નહિ, હોય શું જે આપું? આ સીંગદાણા.'

મેં પૂછયું, 'શું મહિનાથી સીંગદાણા પર જ રહે છે? બીજી કાંઈ વાવણી કરી જ નહોતી? કેમ મકાઈબકાઈનો પાક કર્યો નથી?'

'ના હજૂર! બહુ ગીચ જંગલ છે. હું એકલો રહ્યો, એટલે બધું સાફ શી રીતે થાય? મહામહેનતે ચાંગળું જમીન તૈયાર કરી છે. આવો ને હજૂર, એક વાર મહેરબાની કરીને તમારી ચરણરજ મારા ઘરમાં લાવો.'

રાજુની પાછળ પાછળ હું ગયો. વચમાં વચમાં તો એવું ગીચ જંગલ હતું કે ઘોડાને પણ અંદર જતાં મુશ્કેલી પડતી હતી. થોડે દૂર ગયા પછી, જંગલમાં ગોળાકારમાં એકાદ વીઘું જમીન સાફ કરી હતી. એમાં ઘાસથી છવાયેલી નાની શી બે ઝૂંપડીઓ હતી. એકમાં રાજુ રહેતો હતો ને બીજીમાં એની સીંગદાણાની ફસલ હતી. ત્યાં કોઈ કોથળો નહોતો, કોઠી નહોતી. જમીન પર સીંગદાણાનો ઢગલો કર્યો હતો. મેં કહ્યું, 'રાજુ, તું આટલો આળસુ હશે તેની મને ખબર નહિ. દોઢ વર્ષમાં બે વીઘાં જંગલ સાફ ન કરી શક્યો?'

રાજુ બીકનો માર્યો બોલ્યો, 'હજૂર, વખત ક્યાં મળે છે?'

'કેમ વખત નથી મળતો? આખો દિવસ શી ધાડ મારે છે?'

રાજુ શરમનો માર્યો મૂંગો રહ્યો. રાજુની ઝૂંપડીમાં કંઈ રાચરચીલું નહોતું. એક લોટા સિવાય બીજું કાંઈ ધાતુનું વાસણ ઝૂંપડીમાં નહોતું. લોટો મોટો હતો. તેમાં એ રાંધતો. પણ ઝૂંપડીને એક છેડે કંકુ લગાડેલી રાધાકૃષ્ણની મૂર્તિ જોઈને મને સમજાયું કે રાજુ ભક્ત હતો. આજે રાજુને હું પહેલી વાર સમજી શક્યો.

રાજુ પાંડેને હિંદી લખતાંવાંચતાં આવડતું હતું. થોડું ઘણું સંસ્કૃત પણ એને આવડતું હતું. આમ છતાં એ કાંઈ આખો વખત વાંચ્યા કરતો નહોતો. એને વખત મળતાં એકાદ હિંદી પુસ્તક લઈને એ ઝાડની નીચે ઘણો સમય બેસી રહેતો.

એક દિવસ પૂછયું, 'પાંડેજી, તમારા ઘરમાં બીજું કોણ છે?'

'બધાં છે, હજૂર! મારા ત્રણ છોકરા, બે છોકરી, વિધવા બહેન.'

'એમનું ગુજરાન શી રીતે ચાલે છે?'

રાજુએ આકાશ તરફ આંગળી ચીંધી અને બોલ્યો, 'ભગવાન ચલાવે છે. એ લોકોનું ગુજરાન ચાલે એટલે તો હજૂરના શરણમાં હું આવ્યો છું. જમીન તૈયાર કરી લઉં...'

'પણ બે વીઘાં જમીનની ફસલમાં આટલા મોટા કુટુંબનું કાંઈ પોષણ થાય? ને તેમાંયે તમે કોઈ કોશિશ તો કરતા નથી.'

રાજુ પહેલાં તો કાંઈ બોલ્યો નહિ. પછી બોલ્યો, 'જિંદગીના દિવસો બહુ થોડા છે, હજૂર! જંગલ કાપતાં કાપતાં કાંઈ કાંઈ વિચાર આવે છે, હજૂર! ને પછી બેઠો બેઠો વિચાર કરું છું. જ્યાં પૈસાનો લોભ છે, જ્યાં લેવડદેવડ કે આપ-લેનો હિસાબ છે, ત્યાંની હવા ઝેરીલી બની જાય છે. એવા વાતાવરણમાં દેવતાઓ રહેતા નથી, આથી જ્યારે જ્યારે હું અહીં કુહાડી લઉં છું, ત્યારે દેવતાઓ જાણે હાથમાંથી કુહાડી છીનવી લે છે, ને કાનોમાં એવી એવી વાત કરે છે કે જેથી ધન, મિલકત એ બધામાંથી મન ઘણું દૂર દૂર ચાલી જાય છે.'

મને થયું : રાજુ કવિ તો છે જ, પણ એ ફિલસૂફ પણ છે.

મેં કહ્યું, 'પણ રાજુ, દેવો કાંઈ એમ કહેતા નથી કે ઘેર ખર્ચ પેટે કાંઈ મોકલવું નહિ, ભલે છોકરાંઓ ભૂખે મરે. આ બધી વાતો છોડી દે, રાજુ! કામે લાગી જાઓ. નહિ તો હું જમીન લઈ લઈશ.'

એક દિવસ મેં કહ્યું, 'આજે હું તને થોડી વધારે જમીન આપું છું. ખેતીમાં જરા વધારે ધ્યાન આપ; નહિ તો તારા ઘરનાં માણસો બિચારાં ભૂખે મરી જશે.'

તે વર્ષે રાજુએ થોડી મકાઈ પકવી. એ બધી મકાઈ એણે પોતાને ત્યાં મોકલી દીધી. એનો મોટો છોકરો આવીને લઈ ગયો. એનો છોકરો કચેરીમાં મને મળવા આવ્યો હતો. મેં એને ધમકાવતાં કહ્યું, 'ડોસાને એકલો જંગલમાં મૂકીને તમે લહેર કરો છો, તે તમને શરમ નથી આવતી? તમે લોકો કેમ કાંઈ રળતા નથી?'

❖ ❖

તે વખતે સુયોરમારી વસ્તીમાં ભયંકર કૉલેરા ફાટી નીકળ્યો, તેની ખબર કચેરીમાં મને મળી. સુયોરમારી અમારી સરહદમાં નહોતું. એ અહીંથી આઠ-દશ માઈલ દૂર હતું. કોશી અને કલબલિયા નદીને તીરે હતું. રોજરોજ એટલાં બધાં માણસો મરતાં હતાં કે, કોશી નદીમાં હંમેશાં કેટલાંયે શબ તણાતાં જણાતાં હતાં. કારણ કે એમને બાળવાની કશી વ્યવસ્થા નહોતી. એક દિવસ સાંભળ્યું કે, રાજુ પાંડે ચિકિત્સા કરવા ત્યાં ગયો છે. મને ખબર નહિ કે રાજુ પાંડેને દવાદારૂ કરતાં પણ આવડે છે. મેં પણ થોડા હોમિયોપેથીના ચોપડા ઉથલાવી જોયા હતા, એ આશાથી કે વૈદ-ડૉકટર વિનાની આ જગ્યામાં આપણાથી થોડીઘણી સેવા થઈ શકે. આથી હું થોડા માણસો સાથે કચેરીમાંથી નીકળ્યો. એ ગામે પહોંચ્યો ત્યાં રાજુ પાંડે મને મળ્યો. એક થેલીમાં કેટલીક જડીબુટ્ટી લઈને આ ઘેર પેલે ઘેર ફરીને એ રોગીની ચિકિત્સા કરીને દવા આપતો હતો. એણે મને નમસ્કાર કરીને જણાવ્યું, 'હજૂર, આપ ઘણા દયાળુ છો. આપ આવ્યા તેથી કેટલાક લોકોના જાન જરૂર બચશે.'

રાજુ બધાને ઉધાર દવા આપતો. તબિયત સુધરે તો પૈસા આપવાની શરત હતી. પ્રત્યેક કુટિરમાં દરિદ્રતાની ભયાનકતાનાં દર્શન થયાં. રાજુ મને એક રોગીના ઘરમાં લઈ ગયો. ઘરમાં એક જ ખંડ હતો. જમીન પર રોગી એક સાદડી પર સૂતો હતો. પચાસેક વર્ષની ઉંમર હશે. સત્તર-અઢાર વર્ષની એક છોકરી રોગીની પથારી પાસે બેસીને મોટેમોટેથી રડતી હતી. રાજુ તેને આશ્વાસન આપતાં બોલ્યો, 'રડ નહિ, બેટી, હજૂર આવ્યા છે. હવે બીક નથી. હવે જરૂર સારું થઈ જશે.'

મારી અણઆવડતનું સ્મરણ થતાં મને ખૂબ શરમ આવી. મેં પૂછયું, 'આ છોકરી રોગીની દીકરી લાગે છે.'

રાજુએ કહ્યું, 'ના હજૂર, એની વહુ છે. એ છોકરીનું બિચારીનું આ દુનિયામાં કોઈ નથી. વિધવા મા હતી, આને પરણાવીને એ મરી ગઈ. આ માણસને બચાવો, હજૂર! નહિ તો આ છોકરીને બિચારીને ઉપર આભ ને નીચે ધરતી એવી સ્થિતિ રહેશે.'

રાજુને હું કાંઈ જવાબ આપવા જતો હતો, ત્યાં એકદમ મારી નજર રોગીના માથા તરફ દીવાલ પાસે જમીનથી ત્રણેક હાથ ઊંચે એક લાકડાની બેઠક તરફ પડી. એની ઉપર એક પથ્થરના વાસણમાં ખાતાં વધેલો ભાત ખુલ્લો પડ્યો હતો. ભાતની ઉપર માખીઓ બણબણતી હતી. સત્યાનાશ! એક તો કૉલેરા જેવો ભયાનક રોગ ને રોગીની પાસે ત્રણેક હાથ છેટે, વગર ઢાંકેલો ભાત! એ છોકરીની આંસુભરી ને અત્યંત કરુણભાવવાળી એવી આંખો જોઈને હું ધ્રૂજી ઊઠ્યો. મેં રાજુને કહ્યું, 'આ છોકરીને કહી દો કે પેલો ભાત ફેંકી દે.'

મને યાદ આવ્યું કે જેમ આપણે ત્યાં પૂરીબાસુદી એ સ્વાદિષ્ટ અને ઊંચી જાતનું ભોજન મનાય છે, તેમ આ લોકોને માટે ભાત એવું જ ઉત્તમ ભોજન છે. આમ છતાં મેં ઊંચે સાદે કહ્યું, 'કહ્યું ને કે હમણાં ને હમણાં જ ભાત ફેંકી દો.'

છોકરીએ બીકના માર્યા ભાત ફેંકી દીધો. એના પતિને બચાવી શકાયો નહિ. સાંજ પડતાં જ ડોસાએ છેલ્લો શ્વાસ લીધો. એ છોકરીનું રુદન કેટલું બધું કરુણ અને કેટલું બધું દુઃખદ હતું! રાજુ પણ આ છોકરીની ભેગો રડવા લાગ્યો.

રાજુ મને એક બીજે ઘેર લઈ ગયો. એ રાજુના એક દૂરના સાળાનું ઘર હતું. એ ઘરમાં મા અને દીકરાને એક સાથે કૉલેરા થયો હતો. પાસે ઓરડામાં બંનેની પથારીઓ હતી. બંને એકબીજાને જોવા માટે વ્યાકુળ હતાં. છોકરો સાત-આઠ વર્ષનો હતો.

પહેલાં છોકરા મરી ગયો, પણ માને એની ખબર આપી નહિ. મારી હોમિયોપેથી દવાથી ધીમે ધીમે માની સ્થિતિ સુધરતી ચાલી. મા વારંવાર પૂછતી, 'પેલા ખંડમાંથી છોકરાનો અવાજ કેમ સંભળાતો નથી? કેમ છે એને?'

હું જવાબ આપતો, 'એને ઊંઘની દવા આપી છે એટલે એ નિરાંતે ઊંઘે છે.'

છાનાછાના છોકરાના શબને ઘરની બહાર કાઢ્યું. ગામના લોકોને આરોગ્યના નિયમોનું સમૂળગું ભાન નહોતું. ગામમાં એક જ નાનું તળાવ

હતું. ત્યાં જ એ લોકો નહાતા ને કપડાં ધોતા. મેં ઘણી માથાકૂટ કરી પણ એ લોકોના મગજમાં હું એ ન ઉતારી શક્યો કે પાણી પીવું અને નહાવું બંને એકસરખું જ છે.

મોડી રાત્રે ગામમાં આક્રંદનો અવાજ સંભળાયો. પાછું એક જણ મરી ગયું. રાતે ઊંઘ આવી નહિ. ગામના અનેક લોક ઊંઘ્યા નહિ. રોગ અને મોત એ સિવાય ત્રીજી વાત કોઈના મુખ પર નહોતી. પ્રત્યેકના મુખ ઉપર બીક ને દુઃખના ભાવો હતા. કોણ જાણે ક્યારે મોતનું આમંત્રણ આવે? મારા મનમાં એક દુઃખ રહી ગયું કે એ છોકરીએ બિચારીએ ખૂબ જતનથી સંઘરી રાખેલો ભાત મેં એના મોઢામાંથી છીનવી લીધો.

❖ ❖

ક્ષિતિજ પર ખેંચાયેલી ભૂરી રેખા સમી દેખાતી એ પર્વતમાળા અને એ જંગલ, બપોરે અને સાંજે અનેક સ્વપ્નોથી મારા મનને ભરી દેતાં હતાં. એક તો એ પ્રદેશ જ એ દિવસોમાં મને પરીઓના દેશ જેવો લાગતો હતો- એની ચાંદની, એનાં જંગલી વૃક્ષો, નિર્જનતા, એનું નીરવ રહસ્ય, એનું સૌંદર્ય, એનાં માનવીઓ, એનાં પંખીઓના કિલકિલાટ, એનાં જંગલી ફૂલોની શોભા- એ બધું મને અદ્ભુત લાગતું હતું. એ મારા મનમાં એવી શાંતિ અને આનંદ પ્રગટાવતાં કે જે મને જીવનમાં કદીયે ક્યાંય મળ્યાં નહોતાં. વળી મહાલિખારૂપની શિખરમાળા ને મોહનપુરાના સરકારી જંગલની સીમારેખા મને વિશેષ અદ્ભુત લાગતાં હતાં. બપોરે, સાંજે ને ચાંદની રાતે જે રૂપલોક પ્રગટ થતો હતો, તેથી મનમાં ઉદાસ ચિંતા શા માટે ઉદ્ભવતી હશે?

એક દિવસ તો આ પહાડ પર જવું જ છે એમ નક્કી કરીને હું નીકળ્યો. ઘોડા પર નવ માઈલ ગયો. પછી પહાડોની વચમાંની પગદંડી પર ચાલવાનું શરૂ કર્યું. આસપાસ ઘનઘોર જંગલ હતું. એ જંગલની વચમાં વાંકીચૂંકી પગદંડી હતી અને પાછી ઊંચીનીચી હતી. વચ્ચે વચ્ચે નાનાં નાનાં ઝરણાંઓ પર્વત પરથી વહેતાં હતાં. જંગલી ચંદ્રમલ્લિકાને મેં ક્યાંય જોઈ નહિ, કારણ કે એ સમય શરદનો હતો, એટલે ચંદ્રમલ્લિકાને ખીલવાનો સમય નહોતો. પણ જંગલી શેફાલિ ફૂલોનો મેળો જ્યાં નજર પડે ત્યાં દૃષ્ટિએ પડતો હતો. હું ઘણે દૂર સુધી પહાડ પર ગયો, ત્યાંથી રસ્તો છેક નીચે જતો હતો. થોડે સુધી ઊતર્યા પછી, એક શીમળાના ઝાડના થડ જોડે ઘોડો બાંધી, એક શિલાખંડ પર બેઠો કે જેથી ઘોડાનો બિચારાનો થાક ઊતરે.

કેટલાયે યુગ થયા આ પહાડ આ જ સ્થિતિમાં ઊભો છે. દૂરદૂરના ભૂતકાળમાં ખૈબરઘાટ વટાવીને આર્યો જ્યારે પ્રથમ પંચનદીના પ્રદેશમાં

પ્રવેશ્યા, ત્યારે પણ આ વન આ જ સ્થિતિમાં હતું. પોતાની નવવિવાહિતા યુવાન પત્નીને છોડીને જે રાત્રે છાનામાના ભગવાન બુદ્ધે મહાભિનિષ્ક્રમણ કર્યું, તે રાત્રે પણ આ જ ગિરિશિખર ગંભીર રાત્રિની ચાંદનીમાં આજની જેમ જ હસતું હતું; તમસા નદીને કિનારે, પોતાની પર્ણકુટિરમાં રામાયણ લખવામાં એકચિત્ત બનેલા વાલ્મીકિ ઋષિએ એકાએક જ્યારે ચોંકીને જોયું હશે - સૂર્ય અસ્તાચલ પર પહોંચી ગયો છે, નદીનાં શ્યામ જળ પર રક્તરંગી મેઘોની છાયા પડી છે, આશ્રમનાં હરણાં પાછાં આવી ગયાં છે - તે દિવસે ક્ષિતિજની લાલિમાથી મહાલિખારૂપનાં શિખરો આજે મારી નજર સામે જેવાં ઝળકી રહ્યાં છે, તેવાં જ તે સમયે પણ ઝળકતાં હતાં. કેટલાય યુગ પૂર્વે, જે દિવસે ચંદ્રગુપ્ત પ્રથમ સિંહાસન પર આરૂઢ થયા; ગ્રીક રાજા હેલિયોડાસે ગરુડધ્વજ-સ્તંભનિર્માણ કર્યો; રાજકન્યા સંયુક્તાએ જે દિને સ્વયંવરની સભામાં પૃથ્વીરાજની મૂર્તિને વરમાળા પહેરાવી; શ્યામગઢની લડાઈમાં હારીને અભાગી દ્વારા જે રાત્રે આગ્રાથી દિલ્હી ગુપ્તવેશે નાસી ગયો; જે દિવસે શ્રી ચૈતન્ય મહાપ્રભુએ શ્રીવાસને ત્યાં કીર્તન કર્યું; જે દિવસે પ્લાસીનું યુદ્ધ થયું - મહાલિખારૂપનું આ શૈલશિખર ને આ જંગલ બરાબર આવું જ હતું... આવું જ. ત્યારે આ જંગલમાં કોણ રહેતાં હશે? જંગલથી થોડે દૂર એક ગામમાં હું ઘાસનાં છાપરાં જોઈ આવ્યો હતો. મહુડાનાં બિયાંને દબાવીને એમાંથી તેલ કાઢવા માટે લાકડાના બે ટુકડા જોડીને કાંઈ ઘાણી જેવું એમાં હતું. મેં એક ડોસીને જોઈ, જેની ઉંમર ઍંસીનેવું વર્ષની હશે, એનું આખું માથું રૂની પૂણીના જેવું સફેદ હતું, એનું આખું શરીર તદ્દન સુકલકડી હતું. તડકામાં બેસીને એ માથામાંથી જૂ વીણી રહી હતી, - બરાબર કવિ ભારતચંદ્રે વર્ણવેલી અન્નપૂર્ણા જેવી જ એ દેખાતી હતી. બેઠાં બેઠાં મને એ ડોસીનું સ્મરણ થયું - આ પ્રદેશમાં વનની સંસ્કૃતિનું પ્રતીક એ ડોસી હતી - એના જ પૂર્વપુરુષો આ જ વનજંગલોમાં હજારો વર્ષોથી રહેતા આવ્યા છે.

મને તો સમજાતું નથી, કે કોઈ કોઈ જાતિમાં સંસ્કૃતિનું એવું તે કેવું બીજ ગુપ્ત રહ્યું હશે, કે તેઓ જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેમ તેઓ પ્રગતિના પંથે આગળ ને આગળ વધતા જાય છે. જ્યારે બીજી કેટલીક જાતિઓ એવી હોય છે કે હજારો વર્ષ વીતવા છતાં, તેઓ અચળ વસ્તુની જેમ એક ને એક સ્થાને જ જકડાઈ રહે છે. ચાર-પાંચ હજાર વર્ષોમાં બર્બર; આર્ય જાતિ; વેદ; ઉપનિષદ; પુરાણ; કાવ્ય; જ્યોતિર્વિદ્યા; ભૂમિતિ; ચરક સુશ્રુતની ચર્ચા; દેશો પર થયેલો વિજય; સામ્રાજ્યોનાં પતન થયાં; વિનસ ડીમેલો જેવી શિલ્પકળાની સમૃદ્ધિ થઈ; પર્શિયન; તાજમહાલ ને કોલોના ખ્રિસ્તી મંદિરનું

નિર્માણ થયાં; દરબારી કાનડા ને ફિફ્થ સિંફનીની સૃષ્ટિની રચના થઈ; વિમાન, જહાજ, રેલગાડી, રેડિયો ને વીજળીની શોધ થઈ - છતાંય પપુઆ, ન્યૂ ગિની, ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓ કે આપણા દેશના મુંડા, કોલ, નાગા, કૂકી વગેરે લોકો પાંચ-પાંચ હજાર વર્ષ વીત્યાં છતાં હતા ત્યાં ને ત્યાં શા માટે છે?

મહાલિખારૂપ પહાડની ઉપર બપોરનો તડકો રંગબેરંગી દેખાવા માંડ્યો. શેફાલિવનના સુગંધીમય વાતાવરણમાં હેમંત ઋતુની ગુલાબી ઠંડી ભળી હતી. હવે અહીં વધારે વાર કરવામાં ઠીક નહોતું, સામે જ અગિયારશની અંધારી રાત હતી, ત્યાં વળી જંગલમાં એક શિયાળવું રડી ઊઠ્યું. મને થયું કે રસ્તામાં વાઘ કે વરુ ન મળે તો સારું.

## ૭

**પો**તાને વતન પાછા ફરવા મનમાં જે ચટપટી થાય છે તે એક પ્રકારનો વિરલ અનુભવ છે. જેઓ ઘણા સમયથી એક જ જગ્યાએ રહે છે, પોતાનું ગામ કે તેની પાસેનું સ્થાન છોડીને ક્યાંય જતા નથી તેને આ અનુભવના અદ્ભુત તત્ત્વની ખબર પડતી નથી.

અહીં વર્ષોનાં વર્ષો વિતાવી મારી પણ એવી જ સ્થિતિ થઈ હતી. કેટલીય વાર રજા માટે મુખ્ય કચેરીમાં લખવા વિચાર કર્યો હતો, પણ દરેક વખતે કામકાજ એટલું બધું રહેતું કે રજા માગતાં મને સંકોચ થતો. અર્થાત્ આ જનશૂન્ય પહાડી જંગલમાં, વાઘ, વરુ ને નીલ ગાયના દેશમાં, મહિના પછી મહિના, વર્ષોનાં વર્ષો, એકલા વિતાવતાં કેટલું વસમું લાગતું હતું!

શિયાળા પછી જ્યારે ઉનાળો બેઠો ત્યાં તો મારું મન સવિશેષ અકળાઈ ગયું. આવી મનની સ્થિતિમાં હું ઘોડા પર બેસીને સરસ્વતી કુંડની તરફ ફરવા ગયો. એક ખીણની તરફ ઘોડા પરથી ઊતરી હું ઊભો રહ્યો. મારી ચારે બાજુ ઊંચા ઊંચા માટીના પહાડ હતા, તેની પેલી પાર ઊંચાં ઊંચાં કાશનાં ને ઝાઉ વૃક્ષનાં જંગલ હતાં. આ વેંગણના જેવા રંગનાં જંગલી ફૂલોએ મારા કાનમાં વસંતી બંસીના સૂરો સુણાવ્યા. લીંબુનાં ફૂલ નહિ, આંબાના મહોર નહિ, કામિની ફૂલ નહિ, રાતાં પલાશ કે શિમૂલનાં ફૂલ પણ નહિ, પણ આ કોઈ નામ કે કુળ વિનાનાં તુચ્છ રૂપહીન એવાં કાંટાળાં જંગલી ફૂલ! પરંતુ મારે મન તો એ જ આખા જંગલને ભરી દેતી, વનને શોભાયમાન કરતી વસંતની કુસુમરાજિનું પ્રતીક હતાં.

મારા જીવનની આ એક અદ્‌ભુત ક્ષણ હતી. ઘણી વાર સુધી હું એમ ઊભો જ રહ્યો. ઉપર જે ભૂરા આકાશનો ટુકડો હતો, તેમાં બે નક્ષત્રો ઊગી નીકળ્યાં.

આમ જ્યારે બંગાળા જવા માટે મન આતુર બની ગયું હતું, ત્યારે રાસબિહારીસિંગને ઘેરથી હોળીનું આમંત્રણ આવ્યું. રાસબિહારીસિંગ આ પ્રદેશનો બહુ મોટો માણસ હતો. જાતનો રજપૂત હતો ને કારો નદીને તીરે સરકારી ખાસમહેલની રૈયત હતો. એનું ગામ કચેરીથી બાર-ચૌદ માઈલ ઉત્તરે, મોહનપુરાના સરકારી જંગલની પાસે જ હતું.

જો એ આમંત્રણનો સ્વીકાર ન કરું તો સારું દેખાય નહિ, પણ રાસબિહારીસિંગને ત્યાં જમવાની મારી જરાય ઈચ્છા નહોતી. આ પ્રદેશમાં ગંગોતા જાતિની ગરીબ પ્રજા હતી તેનો એ મહાજન હતો. ગરીબને મારીને ને તેમનું લોહી ચૂસીને એ મોટો પુરુષ બન્યો હતો. અમારા પ્રદેશના લોકો ઉપર પણ દાદાગીરી કરવાનો એણે પ્રયત્ન કરેલો, પણ એનો મેં સખતાઈથી વિરોધ કર્યો. મેં એને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ‘તમારી પ્રજાને તમારે જે કરવું હોય તે કરો. પણ જો મારા પ્રદેશના લોકોનો વાળ પણ વાંકો થયો છે, તો પછી તમારી ખેર નથી.’

એ જ રાસબિહારીસિંગ મને હોળીનું નિમંત્રણ આપે તે મને આશ્ચર્યજનક તો લાગ્યું. કચેરીના બધા માણસોએ મને જાતજાતની દલીલ કરીને વારવાનો પ્રયત્ન કર્યો. આ બધી વાતની અવગણના કરીને હું ખાસમહેલે રાસબિહારીને ઘેર પહોંચ્યો. ઈંટની ભીંતો હતી ને ઉપર તાડછાં નાખ્યાં હતાં. આ તરફ સારી આવકવાળા લોકોનાં જેવાં ઘર હોય છે તેવું જ એનું ઘર હતું.

મારો ઘોડો જેવો ત્યાં પહોંચ્યો કે કોણ જાણે ક્યાંથી ધડૂમ ધડૂમ કરતા બે બંદૂકના અવાજ થયા. રાસબિહારીસિંગના માણસો મને ઓળખતા હતા, તેથી તેમણે અહીંની સ્થાનિક રીત અનુસાર બંદૂકના અવાજ દ્વારા મારું સ્વાગત કર્યું હતું તે મને સમજાયું.

થોડી વાર પછી રાહબિહારીસિંગનો મોટો ભાઈ રાસઉલ્લાસસિંગ આવ્યો ને નમ્રતાથી બે હાથ જોડીને મને કહ્યું, ‘આઈએ જનાબ, ગરીબખાને મેં તશરીફ લેતે આઈએ.’ મારા મનની મૂંઝવણ ટળી ગઈ. રજપૂત જાતિ જેનો અતિથિ તરીકે સ્વીકાર કરે તેનું એ કદી બૂરું કરે નહિ. જો કોઈ આવીને મને આ રીતે વિનંતી ન કરત તો હું ઘોડાનું મોઢું ફેરવીને કચેરી તરફ રવાના થઈ જાત.

આંગણામાં ઘણા લોકો એકઠા થયા હતા. એમાંના મોટાભાગના લોકો ગંગોતા હતા. એમણે ફાટેલાં મેલાં કપડાં પહેર્યાં હતાં. આખા શરીર પર અબીલ લગાડ્યું હતું; એઓ આમંત્રણથી તો કોઈ વિના આમંત્રણે પોતાના શેઠને ત્યાં હોળી રમવા આવ્યા હતા.

અર્ધા કલાક પછી રાસબિહારી આવ્યો. મને જોઈને એ પ્રથમ તો દિગ્મૂઢ બની ગયો. એણે તો સ્વપ્ને પણ ધાર્યું નહિ હોય કે હું એના આમંત્રણનો આમ સ્વીકાર કરીશ. જે હોય તે, પણ રાસબિહારીએ ખૂબ આદરથી મારું આતિથ્ય કર્યું. ત્યાર પછી રાસબિહારીસિંગ એનો વૈભવ દેખાડવા મને લઈ ગયો. ગૌશાળામાં સાઠપાંસઠ ગાયો હતી. તબેલામાં સાત-આઠ ઘોડા હતા. ત્યાંથી મને બીજા ઓરડામાં એ લઈ ગયો. આ ઓરડામાં બે અઢી હજાર મકાઈના ડોડા લટકાવ્યા હતા. આ આવતા વર્ષને માટે મકાઈનું વાવેતર કરવા માટેનાં બીજ હતાં.

એને ત્યાં મેં જે જોયું તેને જંગલી વૈભવ જ નામ આપી શકાય. ત્યાં ભરપૂર દૂધ હતું, ભરપૂર ઘઉં હતા, ભરપૂર મકાઈ હતી, ભરપૂર સાકર હતી, ભરપૂર માન ને ભરપૂર લાઠી ને સોટા હતા. પણ એનો ઉદ્દેશ શો? એના ઘરમાં એક પણ સારી છબી નહોતી, સારી ચોપડી નહોતી, સારાં ખુરસી કે સોફાની વાત તો આઘી રહી, પણ સારાં ગાદીતકિયાં પણ નહોતાં.

ઘણા દિવસ પછી અહીં પેલા બાળનર્તક ધાતુરિયાનો નાચ જોયો. ધાતુરિયા હવે મોટો થયો હતો, ને એનો નાચ પણ પહેલાંના કરતાં વધારે સારો હતો. હોળીને લીધે એને ખાસ અહીં બોલાવ્યો હતો.

ધાતુરિયાને પાસે બોલાવીને મેં પૂછ્યું, 'મને ઓળખે છે કે ધાતુરિયા?'

એણે હસીને મને સલામ કરીને બોલ્યો, 'જી, હજૂર! આપ તો મેનેજરબાબુ. આપ મજામાં છો ને?' એનું હાસ્ય મોહક હતું. એને જોતાં જ આપણા હૃદયમાં એની તરફ સહાનુભૂતિ ને કરુણા પેદા થાય. એનું બિચારાનું આ જગતમાં કોઈ સ્વજન નહોતું. એથી આટલી નાની ઉંમરે, નાચી-ગાઈને ને બીજાનાં મન રીઝવીને બિચારાને પેટ ભરવું પડતું અને તે પણ રાસબિહારીસિંગ જેવા પૈસાના અભિમાની અરસિક માણસને ઘરે!

ધાતુરિયાને મેં કચેરીમાં નાચ કરવા આવવાનું નિમંત્રણ આપ્યું. ધાતુરિયા સાચો કલાકાર હતો. એનામાં કલાકારની નિસ્પૃહતા હતી.

પૂનમની ચાંદની જ્યારે પૂરેપૂરી ખીલી ત્યારે મેં રાસબિહારીની રજા માગી. મારો ઘોડો આંગણામાંથી બહાર નીકળ્યો એટલે રાહબિહારીએ ફરીથી બંદૂકના બે અવાજ કર્યા - મારી પ્રત્યેનું સન્માન દર્શાવવા.

દોલપૂર્ણિમાની રાત હતી. ખુલ્લા મેદાનમાં રસ્તા પરની રેતી ચાંદનીને લીધે ચમકતી હતી. કોણ જાણે ક્યાં કોઈ એક પક્ષી દૂર દૂર બોલી રહ્યું હતું. જાણે આ વિશાળ પ્રદેશમાં રસ્તો ભૂલેલા પથિકના અવાજ જેવો એનો આકુળ સ્વર લાગતો હતો.

## ૮

**કુ**દરત પોતાના ભક્તને જે વરદાન આપે છે, તે અત્યંત અમૂલ્ય હોય છે. અનેક દિવસોથી જો તપ ન કર્યું હોય તો એ દાન મળતું નથી. જો તમે કુદરતમાં જ નિમગ્ન રહેશો, તો એના સર્વ પ્રકારના આનંદનો, સૌંદર્યનો ને અનોખી શાંતિનો એ તમારી પર એવો વરસાદ વરસાવશે, એવો વરસાદ વરસાવશે કે તમે પાગલ થઈ જશો. દિવસ ને રાત એનાં જુદાં જુદાં રૂપની મોહિનીથી પ્રકૃતિ તમને મુગ્ધ કર્યા જ કરશે, નવી દૃષ્ટિ આપશે, તમારા મનની શક્તિને તેજીલી બનાવશે ને અમરલોકનો આભાસ દર્શાવી, તમને અમરત્વ સુધી પહોંચાડશે.

જંગલના પ્રદેશમાં લવટૂલિયાના ખેતરેખેતરે દૂધલીનાં ફૂલ ખીલેલાં હતાં કે વસંત ઋતુ આવી છે. એ ફૂલો ઘણાં હતાં. એની આકૃતિ નક્ષત્રના જેવી હતી, એનો રંગ પીળો હતો. લાંબી લાંબી લતાના જેવી એની ડીંટીઓ હતી અને એ ઘણી જમીનને આવરી લેતી હતી. રક્તપલાશનો વૈભવ મોહનપુરાના સરકારી જંગલમાં ને અમારી સરહદની બહારના જંગલમાં અથવા મહાલિખારૂપ જંગલની શિખરમાળાના પ્રદેશમાં જોવા મળતો. અમારી જગ્યાથી એ બધાં સ્થળો ઘણાં દૂર હતાં.

ક્યારેક ક્યારેક બંગાળા જવા માટે મન તલપતું. બંગાળનાં ગામડાંઓમાં આવનારી મધુર વસંત ઋતુની શોભા મારી કલ્પનામાં ખડી થતી. મારાં મનઃચક્ષુ સમક્ષ તળાવના બાંધેલા ઘાટ પરથી નાહીને ભીનાં વસ્ત્ર પહેરી જતી કોઈ બંગાળી વધૂની તસ્વીર તરવરતી, ખેતરોની પાસે ફૂલથી ભરેલું ઘેરું વન ને લીંબુનાં ફૂલોની મુગ્ધ કરે એવી સુગંધથી ભરેલું બપોરનું વાતાવરણ કલ્પનાને પ્રેરતું. મારા દેશની બહાર જઈને મારા દેશને હું વધુ સારી રીતે ઓળખી શક્યો.

પરંતુ જે વાત વારંવાર જુદી જુદી રીતે કહેવા હું પ્રયત્ન કરું છું, છતાં કોઈ રીતે સ્પષ્ટતાથી સમજાવી નથી શકતો, તે છે પ્રકૃતિનું અસીમ, અગમ્ય, રહસ્યમય, વિરાટ ને બીકથી શરીરને કંપાવે એવું રૂપ. જેણે એને જોયું નથી,

તેને શી રીતે સમજાવી શકું કે એ શી ચીજ છે? જનશૂન્ય, વિશાલ, લવટૂલિયા બઈહારના દિગન્તવ્યાપી ઝાડ ને કાશના વનમાં, નિઃસ્તબ્ધ બપોરના એકલો ઘોડા પર બેસીને અહીંની પ્રકૃતિનું આ રૂપ મારા મનને રહસ્યમય અનુભવથી ભરી દેતું હતું.

જેને ઘરમાં જ પુરાઈ રહીને સંસાર માંડવો છે, તે તો એ રૂપ ન જુએ એમાં જ સારું છે. પ્રકૃતિની એ મોહિનીરૂપધારી માયા માણસને ઘર છોડાવે છે, વેરાગી બનાવે છે, એને ઉદાસીન, બેપરવા, રખડુ, હેરી જોન્સટન, માર્કોપોલો, હડસન, શૅકલટન-બનાવે છે. એને ગૃહસ્થ નથી રહેવા દેતી. એક વાર પ્રકૃતિની હાકલ સાંભળી, એક વાર અવગુંઠન કાઢી નાખેલી એવી એની મોહિની નજરોનજર જોઈ, પછી એને માટે ઘરમાં રહીને ગૃહસ્થાશ્રમ સંભાળવો અસંભવિત છે; એ બને જ નહિ.

એક દિને પ્રકૃતિનું એ રૂપ કેવી રીતે પ્રત્યક્ષ કર્યું તેની વાત કહું. પૂર્ણિયાથી વકીલનો તાર આવ્યો, કે, બીજે દિવસે સવારે દશ વાગ્યામાં મારે ત્યાં હાજર રહેવું પડશે, નહિ તો એક મોટા મુકદ્દમામાં અમે હારી જઈશું. અમારી કચેરીથી પૂર્ણિયા પંચાવન માઈલ દૂર હતું. ત્યાં રાત્રે એક ટ્રેન જતી હતી. જ્યારે તાર મને મળ્યો, ત્યારે સત્તર માઈલ દૂર કાયરિયા સ્ટેશનેથી ગાડી પકડવી એ અસંભવિત હતું. એથી મેં તો નક્કી કર્યું કે તરત જ ઘોડા પર ત્યાં જવા ઊપડવું. તહેસીલદાર સુજનસિંહ મારી સાથે આવે એમ નક્કી થયું.

સાંજ પડતાં અમે બંનેએ ઘોડા પર મજલ શરૂ કરી. કચેરીથી થોડે દૂર ગયા હોઈશું, ને જંગલમાં પ્રવેશ્યા ત્યાં જ અંધારિયાનો ત્રીજનો ચંદ્ર ઊગ્યો. એની ઝાંખી ચાંદનીમાં વન મેદાન વિશેષ અદ્‌ભુત લાગતાં હતાં. જ્યાં સુધી નજર પહોંચતી હતી, ત્યાં સુધી એક તરફ જંગલો હતાં, બીજી તરફ રેતાળ પ્રદેશ હતો. ડાબી તરફ પહાડોની હારમાળા હતી. ત્યાં નહોતો કોઈ માણસ, નહોતો કોઈ શબ્દ.

કાશવનની નિશાની રાખી હું ચાલ્યો હતો. જંગલમાં રસ્તાનું કોઈ ઠેકાણું નહોતું. એક વાર સુજનસિંહે કહ્યું, ‘આ રસ્તો નથી હજૂર! આપણે રસ્તો ભૂલ્યા છીએ.’ મેં સપ્તર્ષિમંડળને જોયું ને ધ્રુવતારો શોધ્યો. પૂર્ણિયા અમારે ત્યાંથી ઉત્તર તરફ હતું. મેં સુજનસિંહને સમજાવ્યો, ‘આપણે સાચે રસ્તે જઈએ છીએ.’

સુજને કહ્યું, ‘ના હજૂર! કોશી નદી પાર કરીને પછી સીધા ઉત્તર તરફ જવાનું છે. હવે આપણે ઈશાન ખૂણા તરફ વળવું જોઈએ.’ આખરે રસ્તો મળ્યો. ચાંદની પૂરબહારમાં ખીલી હતી. આવા ખુલ્લા આકાશ નીચે, છાયાવિહીન, ઉદાસ ગંભીર ચાંદની રાતમાં વન, પહાડ ને મેદાનના પથ પર

રેતીમાં આવી ચાંદનીને કેટલાએ જોઈ હશે? અમારા ઘોડા એવા અદ્‌ભુત સ્થળમાં પૂરપાટ દોડતા હતા. બંને ઘોડાને હાંફ ચડી હતી. શિયાળાની ઠંડીમાં પણ અમારું શરીર પરસેવે રેબઝેબ થઈ રહ્યું હતું.

એક શીમળાના વૃક્ષની નીચે દશેક મિનિટ અમે થાક ઉતારવા બેઠા. એક નાની નદી પાસે જ કોશી નદીને મળતી હતી. શીમળાનું વૃક્ષ ફૂલથી ભરાઈ ગયું હતું.

હવે રસ્તો બંને પહાડોની વચ્ચેથી જતો હતો. પહાડો પર પાંદડાં વિનાનાં ઝાડ પર ફૂલથી સભર ડાળીઓ દેખાતી હતી. ક્યાંક ક્યાંક રાતાં પલાશ પણ જોવા મળતાં હતાં. વહેલી સવારે ચંદ્રના આથમ્યા પછી અંધારામાં જંગલનું દશ્ય અદ્‌ભુત લાગતું હતું. પૂર્વ દિશા કુંકુવર્ણી થઈ.

પૂર્ણિયામાં અન્યમનસ્ક ભાવે મેં મુકદ્દમાનું કામ પતાવ્યું, કારણ કે મારું મન તો રસ્તાની શોભા તરફ જ આકર્ષાયેલું હતું. આખરે સાંજના અમે પાછા આવવા નીકળ્યા. તે દિવસે ચંદ્ર જરા મોડો ઊગ્યો હતો. પણ પરોઢ સુધી ચાંદની રહી, ને કેવી અદ્‌ભુત હતી એ ચાંદની! કૃષ્ણપક્ષનું ઝાંખું તેજ, વન, પહાડો, મેદાન પર પથરાતું, ત્યારે કોઈ અદ્‌ભુત ને અપાર્થિવ એવા સ્વપ્નલોકની રચના કરતું હતું. એ કાશનાં જંગલો, ઊંચાનીચા રસ્તા, પહાડોની સપાટી પર પીળા રંગનાં ફૂલોનો મેળો, એ બધાંથી એમ લાગતું હતું કે આપણે ઘણે દૂર કોઈ નક્ષત્રલોકમાં છીએ. જાણે અમે કોઈ મૃત્યુ પારના, અદશ્ય લોકમાં અશરીરી થઈને ઊડીએ છીએ. જાણે અમે જઈએ છીએ બુદ્ધ ભગવાનના એવા નિર્વાણલોકમાં જ્યાં ચંદ્રનો ઉદય થતો નથી, પણ જ્યાં અંધકારેય નથી.

ઘણા દિવસ પછી જ્યારે આ મુક્ત જીવન છોડીને, મેં સંસારમાં પ્રવેશ કર્યો, ત્યારે કલકત્તા શહેરમાં એક નાની સરખી ગલીના એક ભાડાના ઘરમાં બેસીને, પત્નીના સીવવાના સંચાનો અવાજ સાંભળતાં સાંભળતાં મને સ્મરણ થતું - આ અપૂર્વ આનંદનું, ચાંદનીથી રસેલી રહસ્યમય વનશ્રીનું; રાતના પાછલા પહોરમાં ચંદ્ર આથમ્યો હોય ત્યારે અંધારામાં પહાડો પર દેખાતાં પેલાં પીળાં ફૂલોનું, સૂકાં એવાં કાશ વનમાંથી આવતી મીઠી મહેકનું; કોણ જાણે કેટલીય વાર કલ્પનામાં ઘોડા પર બેસીને, ચાંદની રાતમાં મેં પૂર્ણિયાની મુસાફરી કરી હશે!

❖ ❖

ચૈત્ર મહિનો અર્ધો લગભગ વીત્યો હશે, ત્યાં એક દિવસ મને ખબર પડી કે સીતાપુર નામના ગામમાં રાખાલબાબુ નામના એક બંગાળી ડૉક્ટર હતા, તે એકાએક મરી ગયા. આ અબંગાળી પ્રદેશમાં એક બંગાળી ભદ્રલોક

એકાએક મૃત્યુ પામ્યા, એમનાં સ્ત્રી-પુત્રોની શી દશા છે, એમની કોણ સંભાળ રાખે છે, તેમની અંતિમવિધિ ને શ્રાદ્ધ વગેરેની શી વ્યવસ્થા છે, એ બધું જાણવા માટે મારું મન અધીરું બની ગયું. મને થયું કે મારું પહેલું કર્તવ્ય ત્યાં જઈને એ બિચારાં શોકગ્રસ્ત લોકોની ભાળ કાઢવાનું છે.

તપાસ કરતાં ખબર પડી કે એ ગામ અહીંથી વીશેક માઈલ દૂર હતું. હું બપોરે ત્યાં પહોંચ્યો. મેં ‘ઘરમાં કોઈ છે?’ એમ કહેતાં એક બારતેર વર્ષનો છોકરો બહાર આવ્યો. એણે મને ઠેઠ હિન્દીમાં પૂછયું, ‘આપને કોનું કામ છે?’

મેં મારી ઓળખાણ આપીને જણાવ્યું, ‘તમારા ઘરમાં અત્યારે વડીલમાં કોણ છે? તેને બોલાવો.’

એણે કહ્યું, ‘છોકરાઓમાં હું જ બધા કરતાં મોટો છું. મારાથી બે નાના ભાઈઓ છે. ઘરમાં મરદમાં બીજું કોઈ નથી.’

મેં કહ્યું, ‘મારે તમારી મા જોડે થોડી વાતો કરવી છે. એમને પૂછી આવો.’

થોડી વાર પછી એ છોકરો પાછો આવ્યો ને મને અંદર લઈ ગયો. રાખાલબાબુની પત્નીને જોઈને મને થયું કે એની ઉંમર ઘણી નાની છે, લગભગ ત્રીશેકની હશે. તાજેતરમાં જ વિધવા થઈ હોય એવો એનો વેષ હતો, ને રડીરડીને એની આંખ સૂજી ગઈ હતી. ઘરનું રાચરચીલું કોઈ ગરીબ માણસના ઘરના જેવું હતું. મેં એને કહ્યું, ‘હું બંગાળી છું ને તમારો પાડોશી છું. રાખાલબાબુના મૃત્યુની ખબર સાંભળી હું આવ્યો છું. આ મારું કર્તવ્ય છે. મારે લાયક જો કોઈ કામ હોય તો મને નિઃસંકોચ જણાવો.’

ધીમે ધીમે વાત કરતાં ખબર પડી કે આ બંગાળી કુટુંબ આ પ્રદેશમાં તદ્દન અસહાય છે. રાખાલબાબુ વર્ષેક દિવસથી માંદા હતા. તેમની ચિકિત્સા ને ઘરખરચમાં સંઘરેલો બધો પૈસો ખલાસ થઈ ગયો હતો - એમનું શ્રાદ્ધ કરવા માટે પણ પૈસાની સગવડ નહોતી. મેં પૂછયુ, ‘રાખાલબાબુ તો અહીં ઘણાં વર્ષો થયાં રહેતા હતા. એમણે કાંઈ બચાવ્યું નહોતું?’

એણે કહ્યું, ‘પહેલાં કેટલું કમાતા હતા તેની મને ખબર નથી. અમારાં લગ્નને પંદર વર્ષ થયાં. મારી શોક્ય મરી ગઈ, પછી મારી જોડે એમણે લગ્ન કર્યાં. ગયે વર્ષે માહ મહિનામાં એ પથારીવશ થયા, ત્યારથી એક પૈસો પણ રહ્યો નથી. તો પણ આ દેશના લોકો ખરાબ નથી. જેની પાસે લેણું હતું, તે બધા ઘઉં, મકાઈ કે અડદ આપી ગયા છે. એથી અમારું ચાલે છે. નહિ તો અમે ભૂખે મરી ગયાં હોત.’

કેવી અસહાય અવસ્થા હતી! પોતાનાં કોઈ સગાંવહાલાં નહિ એવી સ્વજનહીન સ્થિતિમાં પરદેશમાં બે-ત્રણ સગીર ઉંમરના છોકરાઓ લઈને કશી

મદદ વિના કે પૈસા વગર દિવસ ગાળતી આ વિધવાની દશા જોઈ મારું હૃદય દ્રવી ઊઠ્યું. તે વખતે જે કાંઈ કરવું યોગ્ય હતું તે કરીને હું કચેરીમાં ગયો. વડી કચેરીમાં લખી તત્કાળપૂરતી સો રૂપિયાની મદદ અપાવી રાખાલબાબુની શ્રાદ્ધવિધિ પતાવી.

❖ ❖

લવટૂલિયાની ઉત્તર તરફ એક ખૂબ મોટું જળાશય છે. એ પ્રકારના જળાશયને અહીંના લોકો કુંડ કહે છે. આ જળાશયનું નામ સરસ્વતી કુંડ હતું. સરસ્વતી કુંડની પેલી તરફ ત્રણે બાજુ ગીચ જંગલ હતું. એવાં જંગલો અમારી તરફ કે લવટૂલિયામાં નહોતાં. એ વનોમાં મોટાં મોટાં વૃક્ષો હતાં. પાણી નજીકમાં હોવાને કારણે હોય, કે બીજા કોઈ કારણે હોય, એ જંગલમાં જાતજાતની લતાઓ ને તરેહતરેહનાં જંગલી ફૂલોનો જાણે મેળો જામ્યો હતો.

અહીં ઘણી વાર આવીને હું એક પથરા પર બેસી રહેતો. ક્યારેક મારા મનની મોજ પ્રમાણે બપોરના હું ભટકતો. ઘણાંય મોટાં મોટાં વૃક્ષોની છાયામાં બેસીને પંખીઓનાં કુંજન સાંભળતો. ક્યારેક ઝાડપાન, વેલીઓ, ફૂલો વગેરેનો સંગ્રહ પણ કરતો. અહીં જેટલા જુદી જુદી જાતનાં પંખીના અવાજ સંભળાતા તેટલા સૂરો સાંભળવાનું નસીબ અમારા પ્રદેશમાં મળતું નહોતું. જુદી જુદી જાતનાં ફળ ખાવાનાં મળતાં હશે તેથી, યા તો જાતજાતનાં વૃક્ષોમાં માળા બાંધવાની સગવડ વિશેષ હોય તેથી, અહીં આટઆટલાં પક્ષીઓ રહેતાં હશે. એ પ્રદેશમાં ફૂલોની વિવિધતા પણ સારા પ્રમાણમાં હતી.

એક દિવસ હું ઝાડની એક ડાળી પર જઈને બેઠો. એ આનંદની સરખામણી ન થઈ શકે. મારા માથા પર વિશાળ વનસ્પતિ દળનો ઘેરા લીલા રંગનો પાંદડાંનો સમૂહ હતો, તેની બખોલમાંથી ભૂરા આકાશનો થોડો ભાગ દેખાતો, અને એક લતા પર ફૂલોના ગુચ્છા ઝૂલતા હતા. પગ આગળ છેક નીચે ભીની માટીમાં મોટાં મોટાં દેડકાંઓનો અવાજ સંભળાતો હતો. અહીં આવીને ફક્ત ચિંતન જ કરવાનું મન થાય. મનમાં જાતજાતની અનુભૂતિની ભીડ જામતી. મનના અતલ ઊંડાણમાં ડૂબેલી એવી અતિમાનસ ચેતના ધીમે ધીમે ઊંડાણમાંથી બહાર આવતી - એ આવતી ગંભીર આનંદનું રૂપ લઈને, પ્રત્યેક વૃક્ષ ને લતાના હૃદયધબકારનો જાણે મારા લોહીના પ્રત્યેક ધબકારામાં હું અનુભવ કરતો.

લોકોને જમીન આપવી હતી. એથી નાઢા બઈહારમાં માપણીનું કામ ચાલતું હતું. માપણીદારોને સૂચનાઓ આપવા મારે વારંવાર ત્યાં જવું પડતું. પાછા ફરતી વખતે ફક્ત સરસ્વતીકુંડની વનભૂમિમાં, વૃક્ષોની છાયામાં ફરવાના લોભથી પૂર્વ-દક્ષિણ તરફ બેત્રણ માઈલનું ચક્કર લગાવતો.

તે દિવસે લગભગ ત્રણેક વાગે હું ત્યાંથી પાછો વળતો હતો. સખત તાપથી મેદાન ધખી રહ્યું હતું. એને પાર કરતાં હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. હું જંગલની છાયામાં પેઠો ને છાંયડે છાંયડે થઈને, કુંડના કિનારા સુધી આવ્યો. મેદાન જ્યાં પૂરું થાય છે ત્યાંથી કુંડનો કિનારો લગભગ દોઢેક માઈલ દૂર છે. ક્યાંક ક્યાંક તો એથી પણ વધારે હશે. મેં એક ઝાડની ડાળે ઘોડાને બાંધ્યો ને એક વિશાળ વૃક્ષની ઘેરી છાયામાં મીણિયું કપડું પાથરી હું સૂઈ ગયો. બધી બાજુથી વૃક્ષો ને વેલીઓથી હું એવો ઢંકાઈ ગયો હતો કે કોઈ મને જોઈ ન શકે. કોણ જાણે કયા ઝાડનાં કોઈ મોટાં મોટાં ફળ મારી છાતી પર ઝૂલી રહ્યાં હતાં.

સરસ્વતીકુંડ આગળ જંગલી પંખીઓનો અડ્ડો છે, એ તો મેં પૂર્વે જણાવ્યું છે. એમાં કેટલાં રંગબેરંગી ને તરેહતરેહનાં પંખીઓ છે! શ્યામા, હરટિટિ, પોપટ, ફેજન્ટકો, ચડાઈ, લક્કડખોદ, ઘુવડ, હરિયાલ, વૃક્ષો પર સમડી, બાજ, કુલ્લો, કુંડના પાણીમાં બગલાં, બતક, રાતા હંસ, માણિક પંખી વગેરે જળચર પંખી. વૃક્ષની ઉપરનો ભાગ પંખીના કિલકિલાટથી ગાજી ઊઠ્યો હતો. પંખીઓ એ જોતાં હતાં કે હું સૂતો છું, પણ મારી એમને પરવા નહોતી, મારી ચારે બાજુ હાથ બે હાથને અંતરે તેઓ ઝૂલતી લતા કે વૃક્ષોની ડાળીઓ પર બેસીને કિચ્કિચ્ કરતાં હતાં. મારી તરફ તો, નજર સરખી પણ કરતાં નહોતાં. એમની મારી તરફની એ બેદરકારી મને ગમી.

મેં ધારીને જોયું તો હરણ મોટું નહોતું પણ એક હરણનું બચ્ચું હતું. મારી તરફ એની નજર પડતાં જ, એ એની બે મોટી મોટી આંખોમાં વિસ્મયનો ભાવ પ્રગટ કરતું જોઈ જ રહ્યું. એની આંખોમાં બાળક જેવી સાગ્રહ કૌતૂહલ દૃષ્ટિ હતી. એ હજી વધારે પાસે આવ્યું હોત કે નહિ તેની મને ખબર નથી પણ તે વખતે મારા ઘોડાએ પોતાના પગ પછાડ્યા, એટલે બીક અને આશ્ચર્યના ભાવથી હરણ ઝાડીમાં લપાઈ ગયું ને પછી ભાગી ગયું, જાણે એની માને ખબર આપવા ન જતું હોય!

ત્યાર પછી કેટલીય વાર સુધી હું ઝાડ નીચે બેસી રહ્યો. જળચર પક્ષીઓએ આપસઆપસમાં ઝઘડવા માંડ્યું ને ખૂબ તોફાન કરી મૂક્યું. એક ગંભીર ને પ્રવીણ માણિક પંખી તીર પરના ઊંચા ઝાડ પર બેસી આ ઝઘડા પ્રત્યેનો પોતાનો અણગમો દર્શાવતું હતું. પાણીને કિનારે કિનારે, મોટાં મોટાં વૃક્ષોની ટોચ પર, બગલાંઓ જાણે પંચાયતમાં બેઠાં હોય તેમ બેઠાં હતાં. એથી એવું લાગતું હતું કે થોકબંધ સફેદ ફૂલ ખીલી ઊઠ્યાં છે. તડકો ધીમે ધીમે લાલ બનવા લાગ્યો. પેલી તરફના પહાડોનાં શિખરો પર જાણે તાંબું ઢોળાયું.

બગલાનાં ટોળાંઓએ પાંખ પસારી ઊડવા માંડ્યું, તડકો વૃક્ષોની ટોચ પર જઈને વિરામ્યો.

કેવી નિભ્રૃત શાંતિ હતી! કેવો અદ્‌ભુત સૂનકાર હતો! લગભગ સાડાત્રણેક કલાક હું આ સ્થળે હતો. એ દરમ્યાન વનપંખી સિવાય બીજા કોઈનો સૂર મેં સાંભળ્યો નથી.

સરસ્વતીકુંડ પરનાં વનોમાં કેટલાંય જંગલી હરસિંગારનાં વૃક્ષો છે. કેટલીક જગ્યાએ તો એ વૃક્ષો એટલાં બધાં છે કે જાણે હરસિંગારનું વન જ જોઈ લો. શરદ ઋતુમાં સવારના પહોરમાં, મોટા મોટા શિલાખંડો ઉપર ખરી પડેલા હરસિંગારના ઢગલાના ઢગલા પડેલા આપણને દેખાય.

સરસ્વતીકુંડને મેં કેટલાંયે રૂપોમાં જોયો છે. લોકો કહે છે કે, સરસ્વતીકુંડ જંગલમાં વાઘ છે. ચાંદની રાતે, કુંડના જળ પર લહેરાતી ચાંદનીની શોભા જોવાના લોભે કાર્તિકી પૂર્ણિમાને દિવસે, તહસીલદાર બનવારીલાલની આંખમાં ધૂળ નાખીને આઝમાબાદની કચેરીએ જવાને બહાને, લવટૂલિયા ડિહિ થઈને છાનોમાનો હું ત્યાં જઈ પહોંચ્યો.

ત્યાં વાઘ તો નહોતો. પરંતુ તે દિવસે મને સાચેસાચ એમ થયું, કે માયાવી વનદેવીઓ મોડી રાતે ચાંદનીથી સુશોભિત એવા કુંડના પાણીમાં જલકેલિ કરવા ઊતરતી હશે. ચારે બાજુએ નીરવતા હતી. પૂર્વ તરફના ગીચ જંગલમાં ફક્ત શિયાળવાનો અવાજ સંભળાતો હતો. દૂરની શિખરમાળા અને વનનો ઊંચાણનો ભાગ અસ્પષ્ટ દેખાતો હતો. ચાંદનીના હિમભર્યા વાતાવરણમાં વૃક્ષો ને લતાઓ-ભમરલતા ને નિશિગન્ધાની મધુર સુગંધ - મારી સામે જ વન અને પહાડોથી વીંટળાયેલી, તરંગહીન, વિસ્તીર્ણ કુંડના જળરાશિ ઉપર હેમંતી પૂર્ણિમાની મુગ્ધ કરનારી ચાંદની પૂરેપૂરી ખીલી હતી. ક્યાંય છાયા નહોતી, એ નાની લહેરો પર પ્રતિફલિત થતી જાણે દેવલોકની ચાંદની હતી. વૃક્ષોને ભમરલતાઓ વીંટળાઈ હતી, બેસુમાર સફેદ ફૂલો ખીલ્યાં હતાં, તે જાણે પરીઓનાં ઊડતાં શ્વેત વસ્ત્રો જેવાં લાગતાં હતાં.

સરસ્વતીકુંડમાં પરીઓ આવે છે, એવી વાત મેં અહીં જ સાંભળેલી.

એક દિવસ શ્રાવણ મહિનામાં ઉત્તર તરફ આવેલા એક કેમ્પમાં મારે રાત વિતાવવી પડેલી. મારી જોડે રઘુવરપ્રસાદ અમીન હતો. તે પહેલાં સરકારી નોકરીમાં હતો. મોહનપુરા સરકારી જંગલ ને એ બધા પ્રદેશોનો એને પચીશ-ત્રીશ વર્ષનો પરિચય હતો. એની આગળ સરસ્વતીકુંડની વાત નીકળતાં જ એણે કહ્યું, ‘હજૂર, એ તો માયાકુંડ છે. ત્યાં રાત્રે હૂર-પરીઓ ઊતરે છે. ચાંદની રાતે એ લોકો પોતાનાં કપડાં કાઢીને શિલાખંડો ઉપર મૂકે છે ને પછી પાણીમાં

ઊતરે છે. એ વખતે જો કોઈ એમને જુએ તો તેને તેઓ પાણીમાં ખેંચી જઈ ડુબાડી દે. ચાંદની રાતમાં ક્યારેક ક્યારેક પરીઓનાં મુખ નીલજળમાં ખીલેલાં કમળ જેવાં દેખાય છે. મેં કદી પરીઓને જોઈ નથી, પણ હેડ સર્વેયર ફત્તેસિંહે એક દિવસ એમને જોઈ. તે પછી એક દિવસ મોડી રાતે એ જંગલની પાસેથી પોતાના કૅમ્પમાં પાછો ફરતો હતો. બીજે દિવસે એની લાશ કુંડના પાણીમાં તરતી જણાઈ. માછલીઓએ એનો એક કાન કરડી ખાધો હતો. હજૂર, આપ એથી અહીં એકલા આવશો નહિ.'

આ સરસ્વતીકુંડના કિનારા પર એક દિવસ એક અદ્‌ભુત માણસની મુલાકાત થઈ. એક દિવસ સર્વે કૅમ્પમાંથી હું પાછો ફરતો હતો, કુંડની તીર પાસેની જંગલની વાટે હું ધીરે ધીરે આવતો હતો, ત્યાં એક માણસને મેં માટી ખોદીને કંઈ કરતાં જોયો.

મેં પૂછ્યું, 'તું કોણ છે? અહીં શું કરે છે?

એણે પૂછ્યું, 'હજૂર! કોણ મેનેજરબાબુ?'

'હા. તું કોણ છે?'

'નમસ્કાર. મારું નામ યુગલપ્રસાદ. હું આપના લવટૂલિયાના પટવારી બનવારીલાલનો પિતરાઈ ભાઈ થાઉં.'

મારું કુતૂહલ વધ્યું. મેં પૂછ્યું, 'આ શું વાવે છે?'

એ છાનોછૂપો પોતાનું કામ કરતો હતો, ત્યાં પકડાઈ ગયો. એણે જરા શરમાઈને, બેબાકળા બનીને જવાબ આપ્યો, 'કંઈ નથી. એક ઝાડનું બી વાવતો હતો.'

એણે કહ્યું, 'જાતજાતનાં બી છે, હજૂર! પૂર્ણિયામાં મેં એક સાહેબને ત્યાં એક બહુ સરસ વેલ જોઈ હતી. એની પર ઘણાં ખૂબસૂરત ફૂલ ઊગ્યાં હતાં. એનાં બી પણ છે, અને બીજાં પણ ફળફૂલોનાં બી ઢૂંઢી ઢૂંઢીને લઈ આવ્યો છું. આ જંગલમાં એવાં ઝાડ નથી, તેથી આ બીને રોપું છું. એક-બે વર્ષમાં તો ઝાડ ઊગશે એટલે આની શોભા ઓર વધી જશે.'

એનો શુભ આશય જોઈને મને એની પર શ્રદ્ધા ઉત્પન્ન થઈ. કશાય સ્વાર્થ વિના એક એવા મોટા જંગલની સુંદરતા વધારવા એ પોતાનો સમય ને પૈસા બંને ખર્ચતો હતો, ને તે એવી જમીન પાછળ કે જેની પર એનો જરા જેટલો પણ હક નહોતો. અજબ માણસ છે આ!

યુગલપ્રસાદને મેં બોલાવ્યો, ને અમે બંને જણા એક ઝાડની નીચે બેઠા. એણે કહ્યું, 'મેં આ પહેલાં પણ આ કામ કર્યું છે, હજૂર! લવટૂલિયામાં તમે જેટલાં વનનાં ફૂલો જુઓ છો, ફૂલવાળી લતા જુઓ છો એ બધી મેં આજથી

દશ-બાર વર્ષ પહેલાં, કેટલીક પૂર્ણિયાના વનમાંથી, કેટલીક દક્ષિણ ભાગલપુરના લક્ષ્મીપુર રાજ્યના પહાડી જંગલમાંથી લઈ આવીને ઉગાડી છે. હવે તો એ ફૂલોનું જાણે જંગલ બની ગયું છે.'

'તને આ કામ કરવું ખૂબ ગમે છે?'

'લવટૂલિયાનું જંગલ બહુ સુંદર છે, હજૂર! આ નાના નાના પહાડોમાં તથા જંગલોમાં જાતજાતનાં ફૂલો ઉગાડવાનો મારો બહુ જૂનો શોખ છે.'

ખરેખર યુગલપ્રસાદ અહીંનાં ઘણાંખરાં ફૂલો તથા લતાઓ વિષે ઘણું બધું જાણતો હતો. એ એ બાબતમાં નિષ્ણાત હતો. તેને વિષે મને જરીય શંકા નહોતી. મેં પૂછયું, 'તું એરિસ્ટલોકિયા લતાને ઓળખે છે?'

મેં એને એના ફૂલનું વર્ણન કરી બતાવ્યું. એટલે એ તરત બોલી ઊઠ્યો, 'હંસલતા? હંસના મુખ જેવાં એનાં ફૂલ હોય છે. એ આ દેશનો છોડ નથી. મેં પટણામાં બાબુઓના બાગમાં એ છોડ જોયો છે.' એનું જ્ઞાન જોઈને મને આશ્ચર્ય થયું. સૌંદર્યના આવા પૂજારી આજકાલ ક્યાં નજરે ચડે છે?

મેં મનમાં ને મનમાં એને મદદ કરવાનો નિર્ણય કર્યો. અમે બંને મળીને આ વનને નવા ફૂલથી, લતાઓથી અને વૃક્ષોથી સજાવીએ, એ વિચારનો મને જાણે નશો ચડ્યો. હું જાણતો હતો કે યુગલપ્રસાદને પેટ ભરીને ખાવાનું મળતું નથી, સંસાર ચલાવવો મુશ્કેલ છે. મેં મુખ્ય કચેરીમાં લખાણ કરીને એને આઝમાબાદની કચેરીમાં મહિને દશ રૂપિયાની મહેતાજીની નોકરી અપાવી.

એ વર્ષે કલકત્તાથી હું સાટનના પરદેશી જંગલી ફૂલનાં બીજ લઈ આવ્યો. ડુયર્સ પહાડમાંથી જંગલી જૂઈની લતાના રોપ મંગાવ્યા ને સરસ્વતીકુંડની આજુબાજુ રોપ્યા. બીજે જ વર્ષે વરસાદમાં લતા ને વૃક્ષો ખૂબ મોટાં થઈ ગયાં. કુંડની આસપાસની જમીન ઘણી ફળદ્રુપ હતી, અને જે લતાઓ મેં રોપી હતી, તેને અહીંની હવા ઘણી અનુકૂળ હતી.

## ૯

**લ**ગભગ ત્રણ વર્ષ વીતી ગયાં.

આ ત્રણ વર્ષોમાં મારામાં ઘણું પરિવર્તન થઈ ગયું હતું. લવટૂલિયા ને આઝમાબાદની વન્યપ્રકૃતિએ મારી આંખમાં કોણ જાણે કેવાં આંજણ આંજ્યાં હતાં, કે હું શહેરને લગભગ સદંતર વીસરી ગયો હતો. નિર્જનતાનો, તારાજડિત વિશાળ આકાશનો મને એવો મોહ લાગ્યો હતો, કે વચમાં એકાદ વાર થોડા દિવસ માટે પટણા જવાનું થાય, તો ત્યાંના ડામરના બાંધેલા રસ્તા છોડીને લવટૂલિયા બઈહાર

જવાની તાલાવેલી લાગતી, અને ભૂરા આકાશની નીચે જ્યાં ખેતરોની, જંગલોની, મેદાનોની હારમાળા ચાલી જ જાય છે; જ્યાં માણસોએ તૈયાર કરેલો સરિયામ રસ્તો નથી, મોટરના હૉર્નનો અવાજ નથી, ઈંટનાં ઘરો નથી, ઘેરી નિદ્રામાં જ્યાં પ્રહરે પ્રહરે શિયાળવાના ટોળાં તમને સમયની જાણ કરે છે, ને જ્યાં નીલ ગાયોના ભાગવાનો અવાજ કે જંગલી ભેંસોનો ઘેરો નાદ સંભળાય છે – ત્યાં નાસી જવાનું મન થતું.

વડી કચેરીમાંથી વારંવાર પૂછપરછ થવા લાગી કે શા માટે અહીંની જમીન લોકોને અપાતી નથી. મને ખબર છે કે મારું કામ જ જંગલની એ જમીન લોકોને જુદા જુદા ઉપયોગ માટે આપી જમીનદાર માટે આવક ઊભી કરવાનું હતું, પણ અહીં માણસની વસ્તી આણી પ્રકૃતિના આવા એકાંત કુંજવનનો નાશ કરવાની મારી હિંમત ચાલતી નહોતી. જે લોકો જમીનનો ઈજારો લે તેઓ કાંઈ જમીનમાં વેલીઓ, વૃક્ષો રોપી જમીનની સજાવટ કરવાને જમીન લે નહિ. એ લોકો તો જમીન લઈને તરત સાફ કરવા માંડશે, એને ખેતીને લાયક બનાવી એમાં વાવણી કરશે. ઘરબાર બાંધી ત્યાં રહેવા માંડશે, ને આ નિર્જન, સુશોભિત વનપ્રદેશ, કુંડ, મેદાનો, પર્વતમાળા એ બધું જનપદમાં ફેરવાઈ જશે. માણસોની ભીડથી ભય પામીને વનલક્ષ્મી ઊંચે શ્વાસે ભાગી જશે, માણસ આવશે એટલે આ માયાકાનનની માયાને પણ દૂર કરશે ને સૌંદર્યનો પણ નાશ કરશે.

આ બધી સુંદરતા આપીને એના બદલામાં શું મળવાનું હતું? આવી વિશાળ, નિર્બંધ, અત્યંત સુંદર અરણ્યભૂમિ દેશનું બહુ અમૂલું ધન બની રહે છે.

હું અહીં આવ્યો હતો, અહીં લોકોને વસાવવાનો ભાર લઈને. આમ આવ્યો હતો, અરણ્યપ્રકૃતિનો નાશ કરવાને પણ તેને બદલે એ અપૂર્વસુંદરી વન્યનાયિકાના પ્રેમમાં હું પડ્યો. એથી મારા ખરા કામને હું ઠેલ્યા કરતો હતો. જ્યારે ઘોડા પર બેસીને છાયાગહન બપોરે અથવા તો મુક્તાશુભ્ર ચાંદની રાતે એકલો બહાર નીકળતો, ત્યારે ચારે તરફ જોઈને મારા મનમાં એમ થતું, કે શું મારે હાથે જ આ બધાનો નાશ થશે? ચાંદનીમાં ખોવાઈ જતો ઉદાસ ને સૂમસામ વનપ્રદેશ! એ ચતુર સુંદરીએ મારા મનને કેવું મોહમાં નાખી દીધું હતું!

તેમ છતાં, જે કામને માટે આવ્યો, તે કામ તો કરવું જ જોઈએ. માહ મહિનાના અંતમાં પટણાથી છટુસિંહ નામે એક રજપૂત આવ્યો, ને તેણે હજાર વીઘાં જમીન લેવા માટે દરખાસ્ત મૂકી. હું ભારે ચિંતામાં પડી ગયો. છટુસિંહે કચેરીમાં આંટાફેરા કરવા માંડ્યા. મેં એની દરખાસ્ત વડી કચેરીમાં મોકલી ને સંહારલીલાના સમયને થોડો દૂર ઠેલ્યો.

❖ ❖

એક દિવસ લવટૂલિયાના જંગલની ઉત્તરે નાઢા બઈહારના ખુલ્લા મેદાનમાંથી બપોરે હું આવતો હતો, ત્યારે મેં જોયું તો રસ્તામાં પથરા પર એક જણ બેઠો હતો. એની પાસે આવીને મેં ઘોડો થોભાવ્યો. એ માણસની ઉંમર સાઠેક વર્ષની હશે. એણે મેલુંઘેલું ધોતિયું પહેર્યું હતું ને શરીર પર એક ફાટેલી ચાદર ઓઢી હતી. એ માણસે ઊઠીને મને આશીર્વાદ આપતો હોય તેમ મારી તરફ હાથ લંબાવ્યા. એણે કહ્યું, 'હજૂર, મારું નામ મટુકનાથ પાંડે છે. બ્રાહ્મણ છું. તમારી પાસે જ આવતો હતો.'

'શું કામ હતું?'

'હજૂર, હું ઘણો ગરીબ છું. હજૂરનું નામ સાંભળી ઘણે દૂરથી ચાલ્યો આવું છું. ત્રણ દિવસથી ચાલ ચાલ કરું છું. જો તમારી પાસે કાંઈ આજીવિકાનો જોગ થાય.' એ માણસ મને અસહાય, દુઃખી ને ભલો લાગ્યો. હું એને મારી જોડે કચેરીમાં લઈ આવ્યો.

થોડા દિવસ વીત્યા. મટુકનાથને હું કાંઈ કામ આપી શક્યો નહિ. મેં જોયું કે એને કાંઈ કામ આવડતું નહોતું. થોડું સંસ્કૃત એ ભણ્યો હતો. એટલે પૂજા ને બીજી વિધિઓ એ કરી જાણતો હતો. પાઠશાળામાં એ શિષ્યોને સંસ્કૃત ભણાવતો. એટલે મારી પાસે બેસીને વખતે કવખતે સંસ્કૃત શ્લોકો બોલીને મારું મનોરંજન કરવાની એ કોશિશ કરતો હતો. એક દિવસે એણે મને કહ્યું, 'મને કચેરીની પાસે થોડી જમીન આપીને એક પાઠશાળા ખોલાવી દો ને હજૂર!'

મેં કહ્યું, 'તમારી પાઠશાળામાં કોણ ભણશે, પંડિતજી? જંગલી ભેંસ કે નીલ ગાયનાં દળ તમારું ભટ્ટી કે રઘુવંશ સમજવાનાં હતાં?'

મેં એને ઘણો સમજાવ્યો કે, 'રાજુ પાંડે કરે છે તેમ ખેતી કર, તને જમીન આપું.' મટુકનાથ વિનંતીને સૂરે બોલ્યો કે એ વંશપરંપરાથી પંડિતનું કામ કરતો આવ્યો છે. એને ખેતી જરાય આવડતી નથી. એટલે જમીન લઈને એ કરે શું? આખરે મેં એને એક ઘર બંધાવી આપ્યું ને કહ્યું, 'આ તમારી પાઠશાળા. તમને કોઈ શિષ્ય મળે છે કે નહિ તે જુઓ.'

મટુકનાથે પૂજાવિધિ કરી, બે-ત્રણ બ્રાહ્મણોને જમાડ્યા, ને પાઠશાળાની સ્થાપના કરી. આ જંગલમાં શું મળે? એણે પોતે જ મકાઈના લોટની મોટી મોટી પૂરી તળી, જંગલી શાકભાજી બનાવ્યાં. કોણ જાણે ક્યાંથી ભેંસનું દૂધ લાવી દહીં જમાવ્યું. આમંત્રિત ગૃહસ્થોમાં હું પણ હતો.

પાઠશાળા ખોલીને થોડા દિવસ તો મટુકનાથે ખૂબ મજા કરી. આવા માણસો પણ દુનિયામાં રહે છે. આ પ્રમાણે બે મહિના વીત્યા, મટુકનાથ શૂન્ય

ઘરમાં પોતાની પાઠશાળા ચલાવતો હતો. એક વાર સવારે, બીજી વાર પાછલે પહોરે. એવામાં સરસ્વતીપૂજાના દિવસો આવ્યા, દરેક વર્ષે વાગ્દેવીની પૂજા કચેરીમાં એમ ને એમ જ થતી હતી. અહીં મૂર્તિ કોણ ઘડે? મને ખબર પડી કે મટુકનાથ પોતાની પાઠશાળામાં અલગ પૂજા કરવાનો હતો, ને એ પોતાને હાથે જ સરસ્વતીની પ્રતિમા બનાવવાનો હતો. આ સાઠ વર્ષના ડોસામાં કેટલો ઉત્સાહ હતો! મટુકનાથે પોતાને હાથે એક નાની પ્રતિમા બનાવી. પાઠશાળામાં અલગ પૂજા થઈ.

સરસ્વતી પૂજા પછી દશ-બાર દિવસે મટુકનાથ પંડિતે આવીને મને કહ્યું કે, એની પાઠશાળામાં એક શિષ્ય દાખલ થયો છે. અને કોઈક સ્થળેથી તે ત્યાં ભણવા આવ્યો છે. મટુકનાથે શિષ્યને મારી સમક્ષ હાજર કર્યો. ચૌદ-પંદર વર્ષનો કાળો, સુકલકડી બાળક, મૈથિલી બ્રાહ્મણ, અત્યંત ગરીબ, એણે પહેરેલાં કપડાં સિવાય કપડાંની બીજી જોડ એની પાસે નહોતી. મટુકનાથનો ઉત્સાહ તો માતો નહોતો. એને તો પૂરતું ખાવાનું મળતું નહોતું, ત્યાં તો એ છોકરાના ભરણપોષણનો ભાર એણે પોતાને માથે લઈ લીધો, એ એની વંશપરંપરાગત પ્રથા હતી.

બે-ત્રણ મહિનામાં તો બીજા બે-ત્રણ શિષ્યો આવ્યા. તેઓ એક વખત ખાતા ને એક વખત ભૂખ્યા રહેતા.

રાતના દશ-અગિયાર વાગ્યા સુધી પોતાની પાઠશાળાની સામેના એક બહેડાના વૃક્ષની નીચે એ શિષ્યોને ભણાવતો. પછી અંધારું હોય કે અજવાળું, કારણ કે દીવો સળગાવવા માટે તેલ નહોતું.

એક વાતનું મને ઘણું આશ્ચર્ય થતું કે, મટુકનાથે પાઠશાળા બાંધી આપવા માટે મને જે વિનંતી કરી હતી તે સિવાય તેણે મારી પાસે કદી આર્થિક સહાય માગી નહોતી. વૈશાખ મહિનાથી ભાદરવા મહિના સુધીમાં પાઠશાળાની શિષ્ય સંખ્યા ઘણી વધી. બાપે તગેડી મૂકેલા, માએ ત્યજી દીધેલા દશ-બાર ગરીબ છોકરાઓ વગર પૈસે ને થોડી મહેનતે ખાવાનું મેળવવાના લોભે જુદી જુદી જગ્યાએથી અહીં આવ્યા હતા.

એક દિવસ ખબર પડી કે પાઠશાળાના શિષ્યોએ કશું ખાધું નહોતું. તેઓ ભૂખ્યા છે. મટુકનાથની પણ એ જ સ્થિતિ છે. મેં એ બધા માટે સીધું બહાર કઢાવ્યું ને એમને અપાવ્યું. બે-ત્રણ દિવસ ચાલે એટલાં ચોખા, દાળ, ઘી ને લોટ હતાં. મેં એને કહ્યું, ‘પાઠશાળા શી રીતે ચલાવશો, પંડિતજી? એને બંધ કરી દો. તમે શું ખાવાના ને એ લોકોને ખવડાવવાના શું?’

મટુકનાથની કૃપાથી અમારી વનભૂમિનો ખૂણો પ્રાચીનકાળના ઋષિનો આશ્રમ બની ગયો હતો. પાઠશાળાના છોકરાઓ જોરશોરથી અભ્યાસ કરતા હતા. મુગ્ધબોધનાં સૂત્રો ગોખે, કચેરીમાં દૂધી કે વેંગણની વેલોમાંથી કે ફળનાં વૃક્ષો પરથી ચોરી કરે, ફૂલ-છોડની ડાળીઓ પણ ઉખાડી ફૂલ લઈ જાય, એ તો ઠીક પણ કચેરીના લોકોની વસ્તુઓની પણ ચોરી થવા લાગી.

મેં મટુકનાથને બોલાવ્યો. એની ભલાઈનો ગેરલાભ લઈ પાઠશાળાના છોકરાઓ ફાવે એમ કરતા. 'જે છોકરાઓ અહીં રહેવા ઈચ્છે તેને હું જમીન આપવા તૈયાર છું. એ લોકો પોતાના પરસેવાથી મકાઈ, શાકભાજી, સીંગ વગેરે પકવે. એમાંથી એ લોકોનું ભરણપોષણ થશે.'

મટુકનાથે વિદ્યાર્થીઓ આગળ આ વાત મૂકી. એમાંથી આઠ તો આ વાત સાંભળીને જ ભાગ્યા. ચાર જણ રહ્યા, તે પણ મને લાગે છે કે ભણવાગણવાની ઈચ્છાથી નહિ, પણ બીજો કોઈ ઈલાજ નહોતો તેથી. પહેલાં એ લોકો ભેંસ ચરાવતા તો હવે ખેતી કરશે. ત્યારથી મટુકનાથની પાઠશાળા સાધારણ રીતે સારી ચાલવા લાગી.

❖ ❖

છટ્ટુસિંહ અને બીજા માણસોને લગભગ દોઢ હજાર વીઘાં જમીન સોંપવામાં આવી. નાઢા બઈહારની જમીન વિશેષ ફળદ્રુપ હતી, તેથી એક સામટી દોઢ હજાર વીઘાં જમીન એ પ્રદેશમાં આપવામાં આવી. અહીં વનશ્રીની શોભા અત્યંત રમણીય હતી. કેટલીયે વાર ઘોડા પર સાંજને વખતે એ વનની શોભા જોવાનું મન થતું. નાઢા બઈહારનું એ જંગલ દુનિયાનું એક 'બ્યુટી સ્પૉટ'-સૌંદર્યસ્થાન છે. પણ એ બ્યુટી સ્પૉટ કે સૌંદર્યસ્થાન હવે રહ્યું નથી.

હું બેઠો બેઠો જંગલમાં આગથી બળતા વનનો ચટ ચટ અવાજ સાંભળવા લાગ્યો. કેટલી શોભામય લતાઓના મંડપનો નાશ થયો-તેનો વિચાર કરતો હતો. મારા મનને દુઃખ થતું હતું, તેથી હું એ તરફ જતો નહોતો. દેશની આવી મોટી સંપત્તિ, જે મનુષ્યના મનને આનંદ ને શાંતિ આપનારી હતી, તે એક મુઠ્ઠી ધનને માટે ખાખ કરી દેવામાં આવી.

એક દિવસ નવું ગામ જોવા ગયો. છટ્ટુસિંહ સિવાય બીજાં બધાં માણસો ગરીબ હતાં. મેં વિચાર કર્યો કે આ લોકોને માટે એક રાત્રીશાળાની ગોઠવણ કરું. સરસિયાંના ખેતરોની આસપાસ અનેક છોકરા-છોકરીઓને દોડાદોડ કરતાં ને રમતાં જોઈ મને એવી શાળાની જરૂર વિશેષ લાગી. પરંતુ થોડા દિવસમાં જ નવા માણસોએ ભયાનક તોફાન મચાવ્યું. એ લોકો જરા પણ શાંતિપ્રિય નહોતા. એક દિવસ હું કચેરીમાં બેઠો હતો, ત્યાં ખબર મળી કે, નાઢા બઈહારની પ્રજાએ

આસપાસમાં સખત મારામારી શરૂ કરી છે. જમીનની ખેતી વિષે કશું નિશ્ચિત ન હોવાથી આ મારામારી થઈ હતી. જેમની પાંચ વીઘાં જમીન હતી, તે દશ વીઘાં જમીનવાળાની ફસલ માટે તોફાન કરતા હતા.

કચેરીના માણસોએ મને કહ્યું, 'હજૂર! અહીં તો એવો રિવાજ છે કે જેની લાઠી તેની ફસલ.' જેમની પાસે લાઠીનું જોર નહોતું, તેઓ કચેરીમાં આવીને મારી પાસે રડવા લાગ્યા. એ લોકો બિચારા અસહાય ગંગોતા હતા.

કચેરીના બે માણસોને બનાવની જગ્યાએ મોકલ્યા, ને સૂચના આપી કે શો મામલો છે તે બરાબર જાણી લાવો. તેઓ દોડતા ગયા ને પાછા આવીને હાંફતાં હાંફતાં મને જણાવ્યું, 'ભીમદાસ ટોલાની ઉત્તર તરફ ભયંકર મારામારી ચાલે છે.' તરત જ તહેસીલદાર સજ્જનસિંહ તથા કચેરીના બધા સિપાઈઓને લઈને હું તોફાનવાળી જગ્યાએ પહોંચ્યો.

કચેરીના લોકોને જોઈને બંને પક્ષે મારામારી બંધ કરી ને તેઓ મારી પાસે આવ્યા. દરેક પક્ષ જાણે પોતે સત્યવાદી યુધિષ્ઠિર છે ને સામો પક્ષ દુષ્ટ દુર્યોધન છે એવી રીતે વાત કરવા લાગ્યો.

મારા હુકમથી મારા માણસો બે દળની વચ્ચે જઈને ઊભા રહ્યા. મેં તેમને જણાવ્યું કે, 'નવગાછિયા પોલીસથાણામાં ખબર આપ્યા છે. જમાદાર ને સિપાઈઓ અર્ધે રસ્તે આવી પહોંચ્યા હશે. ને આ બંદૂકો કોની છે?' જો એમાંથી ગોળી છોડી છે, તો જેની બંદૂક હશે તેને જેલમાં જવું પડશે. કાયદો બહુ કડક છે.' જેમના હાથમાં બંદૂક હતી તેઓ પાછા હઠી ગયા. મેં આ પારના ગંગોતા લોકોને બરાડો પાડીને કહ્યું, 'તમારે તોફાન કે મારામારી કરવાની કાંઈ જરૂર નથી. તમે તમારે ઘેર જતા રહો. હું અહીં છું. મારી કચેરીના બધા સિપાઈઓ અહીં છે. તમારી ફસલ લૂંટાય તો એને માટે હું જવાબદાર છું.'

ત્યારથી મેં ગંગોતા સિવાય બીજા કોઈને જમીન આપવાનું બંધ કર્યું. પણ જે ભૂલ પહેલાં થઈ ગઈ તેનો કાંઈ ઉપાય થયો નહિ. નાઢા બઈહારની શાંતિ ઘણા સમયને માટે નાશ પામી.

❖ ❖

ફૂલકિયા બઈહારમાંથી હું બહાર નીકળ્યો ત્યાં સામે જ ક્ષિતિજ સુધી ફેલાયેલાં, ફૂલથી ભરેલાં એવાં સરસિયાનાં ખેતરો નજરે પડ્યાં : જ્યાં સુધી નજર પહોંચતી હતી, સામે ડાબી ને જમણી બંને તરફ કોઈએ પીળાં ફૂલનો ગાલીચો પાથર્યો હોય એવું લાગતું હતું. એમાં ક્યાંય છેદ નહોતો; રુકાવટ નહોતી. જંગલના સીમાડાથી માંડીને બહુબહુ દૂર સુધી, ચંદ્રાકારની નીલરંગી શૈલમાળા સુધી એ પથરાયેલો હતો. માથા ઉપર શિયાળાનું સ્વચ્છ ભૂરું આકાશ

હતું. આવાં સરસિયાનાં ખેતરની વચમાં વચમાં કાશથી છાયેલાં લોકોનાં ઝૂંપડાં હતાં. બૈરાંછોકરાં જોડે આવી કડકડતી ઠંડીમાં કાશની ઝૂંપડીમાં એ લોકો શી રીતે રહેતા હશે!

ફસલ પાકવાના સમયને હવે બહુ વાર નહોતી. એટલે જ કાપણી કરવાવાળા મજૂરો જુદે જુદે સ્થળેથી આવ્યા હતા. આ મજૂરોનું જીવન પણ અદ્‌ભુત હોય છે. પૂર્ણિયા, તરાઈ અથવા જયંતીના પહાડ ને જંગલમાંથી અથવા ભાગલપુરના ઉત્તર ભાગમાંથી બૈરાંછોકરાંને લઈને ફસલને વખતે એ લોકો આ તરફ આવે, નાનાં નાનાં ઝૂંપડાં બાંધીને રહે ને કાપણીનું કામ કરે. ને કાપણીમાંથી જ અમુક હિસ્સો એમને મજૂરી પેટે મળે. કાપણીનો વખત વીતે એટલે ઝૂંપડાં છોડીને બૈરાંછોકરાં લઈને પાછા પોતાને ગામ જાય. બીજે વર્ષે પાછા આવે. એ લોકો પણ જુદી જુદી જાતિના હોય છે.

આ પ્રદેશનો નિયમ છે કે કાપણી કરતી વખતે જ, સરકારનું ને જમીનદારોનું લેણું વસૂલ કરવું. કારણ કે આ પ્રજા રહી ગરીબ. એક વાર કાપણી થઈ ગઈ, પછી બિચારા લેણું ચૂકવી ન શકે. ગણોત વગેરે વસૂલ કરવા માટે કેટલાક દિવસ ફૂલકિયા બઈહારના સરસિયાનાં ખેતરમાં રહેવું પડેલું.

તહસીલદારે પૂછ્યું, ‘અહીં આપને માટે નાનો તંબૂ ઠોકી દઉં?’

‘એક દિવસમાં શું કાશનું ઝૂંપડું તૈયાર ન થાય?’

‘આ ઠંડીમાં તમે એ ઝૂંપડામાં રહી શકશો, હજૂર?’

‘હા, રહી શકીશ. તું ઝૂંપડું જ બનાવ.’

આમ છતાં મને તો એ ઝૂંપડી ગમતી હતી. આટલો આરામ ને આટલો આનંદ કલકત્તાના ત્રણ-ચાર માળના મકાનમાં પણ ન મળે. મને લાગે છે કે ઘણો વખત અહીં રહેવાથી હું જંગલી બનતો જતો હતો. મારી રુચિઓ, મારી દૃષ્ટિ, સારા-ખરાબની ભાવના, એ બધા ઉપર આ મુક્ત અરણ્યપ્રકૃતિનો પ્રભાવ થોડેઘણે અંશે પણ પડતો હશે જ ને, કોને ખબર?

ઝૂંપડીમાં પ્રવેશીને પહેલી તો મને તાજા કાપેલાં કાશનાં પાંદડાંની સુગંધ ગમી, કે જેમાંથી ઝૂંપડી બનાવી હતી. બીજું મને ગમ્યું, ઝૂંપડામાં સૂતાં સૂતાં નજરે ચડતું સરસિયાનાં દિગન્તવ્યાપી પીળાં ફૂલોનું મનોહર દૃશ્ય. એ દૃશ્ય તદ્દન નવું હતું. જાણે લાગતું કે હું જગતવ્યાપી કોઈ પીળા ગાલીચા પર સૂતો છું. જોરથી વાતા પવનમાં સરસિયાંનાં ફૂલની સુગંધ ભરી હતી.

અંધકારથી આવૃત્ત વનપ્રદેશની ઉપર ઊંચા આકાશમાં નક્ષત્રો દૂર દૂરના તેજલોકના પ્રતિનિધિરૂપે મનુષ્યની દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થતાં. આકાશમાં નક્ષત્રો જાણે વીજળીના દીવાની જેમ પ્રકાશતાં. બંગાળામાં હતો, ત્યારે આવી

કૃતિકા કે આવું સપ્તર્ષિમંડળ ક્યારેય જોયાં નહોતાં. એમને જોઈ જોઈને મને એનો ગાઢ પરિચય થયો હતો. નીચે ઘન અંધકાર, જંગલ, નિર્જનતા, રહસ્યમયી રાત્રિ, ને માથા પર નિત્યસંગી અગણ્ય જ્યોતિર્લોક. ક્યારેક ક્યારેક અંધકારના સમુદ્રમાં ચંદ્રનો ટુકડો એવો દેખાતો કે ઘણે દૂરની દીવાદાંડીનો પ્રકાશ. ને એ ગાઢ અંધકારને આગની તીક્ષ્ણ ધારથી કાપતો કાપતો ખરતો તારો ચાલ્યો જતો. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, ઈશાન, નૈઋત્ય બધે એક જ પ્રકારનું દશ્ય. આ પેલો, પેલો બીજો, ને પેલી તરફ બીજો એક એમ પ્રત્યેક મિનિટે ને પ્રત્યેક સેંકડે તારો ઊગતો દેખાતો.

ક્યારેક ક્યારેક ગનોરી તિવારી ને બીજા ઘણા લોકો મારી ઝૂંપડીમાં આવીને બેસતા, જાતજાતની વાતો થતી.

## ૧૦

**પં**દર દિવસ મેં અહીં જંગલમાં વિતાવ્યા. હું ગંગોતા કે અહીંના ગરીબ ભૂમિહારો રહે છે તેમ જ રહ્યો. અહીં સ્વેચ્છાથી રહ્યો નહોતો, પણ રહેવું પડ્યું એટલે રહ્યો હતો. એ જંગલમાં મળતું કાંઈ નહોતું, અને ક્યાંથી શું લાવી પણ શકીએ? ખાલી ભાત ને વનનાં પરવળનું શાક ખાતો. નોકરો ક્યારેક જંગલમાંથી શક્કરિયાં લઈ આવતા. તેને તળીને ખાતા. માંસ-દૂધ-ઘી કાંઈ નહિ. હા. વનમાં સિલ્લી ને મોર ખૂબ હતા. પણ પંખી મારવાનું મન થયું નહોતું. પાસે બંદૂક હતી છતાં શાકાહારી જ રહેવું મને પસંદ હતું.

ફૂલકિયા બઈહારમાં વાઘનો ભય હતો. એક દિવસની વાત. તે દિવસ હાડકામાં સોંસરી ઊતરી જાય એવી ઠંડી હતી. રાત્રે દશેક વાગ્યા પછી બધું કામકાજ પતાવીને, જરા વહેલોવહેલો સૂઈ ગયો. એકદમ કેટલી રાત વીતી હશે, તેની મને ખબર નથી. પણ લોકોના બૂમબરાડાથી મારી ઊંઘ ઊડી ગઈ. એટલામાં એક માણસ દોડતો દોડતો અમારી પાસે આવીને બોલ્યો, ‘મેનેજરબાબુ! બંદૂક લઈને જલદી ચાલો, વાઘ ખૂપરીમાંથી એક નાના છોકરાને ઉઠાવી ગયો છે.’

જંગલની પાસે જ એક ખેતરમાં ડોમન ગંગોતાની ઝૂંપડી હતી. એની વહુ છ મહિનાના બાળકને લઈને ખૂપરીમાં સૂતી હતી. ઠંડી ઘણી સખત હતી. એટલે અંદર એણે તાપણું કર્યું હતું. ધુમાડો અંદર ન રહે ને બહાર જાય તે માટે ઝૂંપડીનું બારણું જરા ઉઘાડું રાખ્યું હતું. એ ખુલ્લા બારણામાંથી વાઘ આવ્યો ને બાળકીને ઉઠાવી ગયો.

મેં કહ્યું, 'બધા લોકોને એકઠા કરો. મશાલ તૈયાર કરો. ચાલો, જંગલમાં જઈને તપાસ કરીએ.' જંગલમાં જવા માટે કોઈ તૈયાર નહોતું. ધાકધમકીથી દશેક જણને ભેગા કર્યા. એમના હાથમાં મશાલો આપી, ને ટીનનો ડબ્બો વગાડતા વગાડતા અમે જંગલમાં ઘણી તપાસ કરી પણ બધું વ્યર્થ ગયું.

બીજે દિવસે સવારે લગભગ દશેક વાગે બે માઈલ દૂર ગીચ જંગલમાં એ બાળકનો દેહ લોહીલુહાણ દશામાં એક આસાન ઝાડની નીચે મળ્યો.

બરાબર ત્રણ દિવસ પછી વાઘ જંગલની બાજુએથી સાંજને વખતે એક ગોવાળને ઉઠાવી ગયો. પછી તો લોકોની ઊંઘ હરામ થઈ ગઈ. રોજ રાત્રે એક વિચિત્ર ઘટના બનતી. વિસ્તૃત બઈહારની ભિન્ન ભિન્ન ઝૂંપડીમાંથી આખી રાત ટીનના ડબ્બાઓ વગાડવામાં આવતા, વચ્ચે કાશનાં પાંદડાં, ડાંખળાં એ બધાંનાં તાપણાં કરીને આગ સળગાવવામાં આવતી. હું અને બાંકેસિંહ પ્રત્યેક પ્રહરે બંદૂકના અવાજો કરતા. ને વાઘનો જ ઉપદ્રવ હતો એમ નહોતું. એક દિવસ મોહનપુરાના સરકારી જંગલમાંથી જંગલી ભેંસોનું ટોળું આવીને ખેતરની ફસલને સાફ કરી ગયું.

મારી ઝૂંપડીથી બસો-ત્રણસો હાથ દૂર ભાગલપુર દક્ષિણ ભાગમાંથી આવેલા કેટલાક કાપણી કરનાર મજૂરો બૈરાંછોકરાંને લઈને પાકની કાપણી કરવા આવ્યા હતા. એક દિવસ સાંજે તેમની ખૂપરીઓ પાસેથી જતાં જતાં મેં જોયું, કે બધાં ઝૂંપડી પાસે બેસીને તાપણાંથી તાપી રહ્યાં છે. એમની દુનિયાથી હું સાવ અજાણ હતો. મને થયું, જરા એ દુનિયાને પણ જોઈ લઈએ.

જઈને મેં પૂછયું, 'કેમ ભાઈ! શું કરો છો?'

એક દળમાં એક વૃદ્ધ પુરુષ હતો, તેને સંબોધીને મેં કહ્યું હતું. તે ઊઠીને ઊભો થયો ને મને સલામ કરીને, બેસીને તાપવાની વિનંતી કરી. જઈને બેઠો, ઝૂંપડીમાં ડોકું કરીને જોયું, તો પથારી કે રાચરચીલું જેવું કશું એમાં નહોતું. જમીન પર સૂકું ઘાસ પાથર્યું હતું. વાસણકૂસણમાં એક કાંસાનો મોટો વાડકો અને એક લોટો હતાં. શરીરે પહેરેલાં તેટલાં જ કપડાં. તે સિવાય એક પણ કપડું ઘરમાં નહોતું. ભલે કપડાં ન હોય પણ રજાઈ, કામળો વગેરે આ ઠંડીમાં ઓઢવાનું કેમ કંઈ જણાતું નથી? રાતે એ લોકો શું ઓઢતા હશે?

ડોસાનું નામ નકછેદી ભગત હતું. એ જાતનો ગંગોતા હતો.

'કેમ? ઝૂંપડીમાં અડદનાં છોડાંનો ઢગલો પડ્યો છે તે જુઓ ને!'

હું કશું સમજ્યો નહિ. 'એ છોડાંને બાળીને આગ પેટાવો છો?'

નકછેદી મારું અજ્ઞાન જોઈને હસ્યો.

'એમ નથી બાબુજી! એ છોડાંના ઢગલામાં ભરાઈને બાળકો સૂએ છે. હું પણ શરીર પર એ છોતરાંનો ઢગલો કરીને સૂઉં છું. જુઓ ને, આ છોડાં ઓછામાં ઓછાં પાંચ મણ હશે. એ ભૂસામાં ઘણી ગરમી હોય છે. એટલી ગરમી તો શરીર પર બે કામળા ઓઢવાથી પણ ન મળે. ને અમે કામળા લાવીએ પણ ક્યાંથી, તમે જ કહો.'

મને થયું, 'ખરું જોતાં એક માણસ બીજા માણસ વિષે કેટલું ઓછું જાણે છે? ક્યારેય મને આ વાતની ખબર હતી? આજે જાણે ભારત વર્ષને હું પિછાનતો હતો.'

તાપણાની બીજી બાજુ બેસીને એક સ્ત્રી કંઈ રાંધતી હતી. મેં પૂછયું, 'શું રાંધે છે?'

નકછેદીએ કહ્યું, 'ઘાટા.'

'એ વળી શું છે?'

એ ખડખડાટ હસીને બોલી, 'બાબુજી! ઘાટા ખબર નથી? ઉકાળેલી મકાઈ. જેમ ચોખાને ઉકાળીએ તો ભાત થાય, તેમ મકાઈને ઉકાળીએ તો ઘાટા થાય.' એ છોકરી જાણે મારી દયા ખાતી હોય તેમ એણે થોડો ઘાટા તપેલીમાંથી કાઢી મને બતાવ્યો.

'એને તમે કેવી રીતે ખાઓ છો?'

હવે પછી મને આ છોકરી જ જવાબ આપવા લાગી. તે હસતાં હસતાં બોલી, 'કેવી રીતે તે મીઠું નાંખીને, શાક જોડે. બીજી શી રીતે ખવાય, તમે જ કહો ને.'

'શાક રાંધ્યું છે?'

'ઘાટાની તપેલીને ઉતારી પછી એમાં શાક બનાવીશ. લીલા વટાણાં હું તોડી લાવી છું.'

પછી તો એની જોડે મેં ઘણી વાતો કરી. રાત ઘણી વીતી ગઈ હતી. અંધારું વધારે ઘેરું બનતું જતું હતું. એની રસોઈ પૂરી થઈ. ઝૂંપડીમાંથી પેલો મોટો વાડકો લાવીને તેમાં ઉકાળેલા ભાતના જેવી એ ચીજ ઢાળી દીધી. એના પર મીઠું ભભરાવ્યું ને એ વાડકો વચ્ચે મૂક્યો. તેની આસપાસ છોકરાંઓ કુંડાળું વળીને બેઠાં ને તેમાંથી ખાવા લાગ્યાં. રાત ઘણી વીતી હતી. એટલે હું ઘેર ચાલ્યો ગયો.

પંદરેક દિવસમાં તો ફૂલકિયા બઈહારની સૂરત બદલાઈ ગઈ. સરસિયાંનાં ડૂંડાંમાંથી બી કાઢવાનો વખત થયો એટલે કોણ જાણે ક્યાંથી જાતજાતના લોકો આવવા લાગ્યા. પૂર્ણિયા, મોંઘીર, છાપરાં વગેરે સ્થળેથી

મારવાડી વેપારીઓ, ત્રાજવાં ને તોલમાપનાં સાધનો તથા કોથળા વગેરે લઈને માલની ખરીદી કરવા આવ્યા. તેમની જોડે મજૂરો ને ગાડીવાનો આવ્યા, મીઠાઈવાળા આવ્યા, ને કામચલાઉ કાશની ઝૂંપડીઓ બનાવી પૂરી, કચોરી, લાડુ, પેંડા વગેરેનું સારું એવું વેચાણ કરવા લાગ્યા. ફેરીવાળાઓ જાતજાતની સસ્તી ને દેખાવમાં આકર્ષક ચીજો લઈને આવ્યા. જેવી કે કાચનાં વાસણ, જાતજાતની ઢીંગલીઓ, સિગારેટ, છીંટનું કાપડ, સાબુ, આયના વગેરે.

ત્યાર પછી આવ્યા ભવૈયાઓ, તમાશા કરનાર લોકો, નટો વગેરે મનોરંજન દ્વારા પૈસા કમાનાર લોકો. નાચવાવાળા, રામલીલાવાળા, રામલીલા ભજવી ભક્તો પાસેથી પૈસા પડાવવાવાળા, હનુમાનજીની સિંદૂર ચડાવેલી મૂર્તિ બધે ફેરવીને લોકોની ધર્મભાવનામાંથી પૈસા પેદા કરતા બ્રાહ્મણો, એમ બધા બે પૈસાની કમાણી કરવા આવી પહોંચ્યા.

ગયે વર્ષે, જે જનશૂન્ય ફૂલકિયા બઈહારનું, જંગલથી ભરેલું, ને ઘોડા પર જતાં પણ બીક લાગે એવું દર્શન થયેલું, તેની જોડે આ વખતે એ જ સ્થળના જે આનંદ ને પ્રફુલ્લતા ઉત્પન્ન કરે એવા દશ્યની સરખામણી કરતાં, મારું મન રાજી રાજી થઈ ગયું. ચારે બાજુ બાલક-બાલિકાઓનાં ખિલખિલાટ હાસ્ય, કલરવ, બરુનાં પિપૂડાંનો પેં પેં અવાજ, ખંજરીનો અવાજ, નાચવાવાળાઓની ઘૂઘરીઓનો અવાજ - એ બધાથી વિશાળ ફૂલકિયાના પ્રદેશમાં તો જાણે મેળો જામ્યો હતો.

માણસોની વસ્તી પણ ખૂબ વધી ગઈ હતી. રાતોરાત અનેક કાશની ખૂપરીઓ ને છાપરાંવાળી ઝૂંપડીઓ તૈયાર થઈ ગઈ. આ બાજુ ઘર બાંધવાનો ખાસ કશો ખર્ચો જ નથી. જંગલમાં કાશ ને ઝાઉ જોઈએ તેટલાં મળતાં હતાં. કાશને વાટવાથી જોઈએ તેવી દોરી બની જાય, એ દોરી પણ ઘણી મજબૂત, ને મજૂરી તો એ લોકોની પોતાની જ હોય.

ફૂલકિયાના તહેસીલદારે આવીને મને કહ્યું, 'આ બધા બહારના લોકો છે. તેઓ અહીં પૈસા કમાવા આવ્યા છે. એ લોકો પાસેથી જમીનદારનો લાગો આપણે લઈ લેવો જોઈએ.'

એક દિવસ એક મારવાડીને મેં ખળીમાં અનાજ જોખતો જોયો. મને લાગ્યું કે એ આ ભોળા લોકોને જોખવામાં ગોટાળો કરીને ઠગે છે. મેં પટવારીને તથા તહેસીલદારને કહ્યું કે, બધા વેપારીઓનાં તોલમાપ બરાબર છે કે નહિ તે જોઈ લો. બેચાર વેપારીઓને પકડીને મારી પાસે લાવવામાં આવ્યા. તેઓનાં વજન ખોટાં હતાં, કોઈના પલ્લાંની દાંડી જ બરાબર નહોતી, એ બધાંને મેં અમારા પ્રદેશમાંથી હાંકી કાઢ્યા. ગરીબ લોકોની પરસેવાની કમાણીને કોઈ

લૂંટી ન જાય એ ખ્યાલથી મેં એ પ્રમાણે કર્યું હતું. મેં જોયું કે ફક્ત વેપારીઓ જ નહિ, પણ જાતજાતના બીજા માણસો પણ આ લોકોને લૂંટવા માટે તૈયાર થઈને બેઠા હતા.

અહીં રોકડા પૈસાનો કારભાર બહુ થોડો છે. ફેરીવાળા પાસે કોઈ વસ્તુ ખરીદતાં તેઓ પૈસાને બદલે સરસિયાં લે. વસ્તુની કિંમત કરતાં અનેકગણાં વધારે સરસિયાં આપવાં પડે. આમાં મોટેભાગે સ્ત્રીઓ ઠગાતી. એ બિચારી અત્યંત ભોળી ને સરલ હતી. એમને ઊંધુંચત્તું સમજાવી એમની પાસે માલની કિંમત કરતાં ચાર ગણો પાક પડાવવો એ તો ઘણું સહેલું કામ હતું.

એક દિવસ મુનેધરસિંહે આવીને કહ્યું, ‘એક માણસ જમીનદારનો લાગો ન આપવો પડે એટલે દોડતો દોડતો ભાગી જાય છે. આપનો હુકમ હોય તો એને પકડી લાવીએ.’

મને જરા આશ્ચર્ય થયું. મેં પૂછયું, ‘શી રીતે ભાગે છે?’

‘ઘોડાની જેમ પૂરપાટ દોડતો જાય છે. હજૂર! અત્યાર સુધીમાં તો મોટા કુંડને વટાવીને જંગલ આગળ પહોંચી ગયો હશે.’

મેં એ લુચ્ચાને પકડી લાવવાનો હુકમ આપ્યો. એક કલાકમાં ચાર-પાંચ સિપાઈ ભાગી જનાર માણસને મારી સામે લઈ આવ્યા. માણસને જોઈને મારા મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ. એની ઉંમર સાઠ વર્ષથી નીચે તો નહિ જ હોય. માથાના વાળ ધોળા હતા. ગાલ પર કરચલી પડી ગઈ હતી. મોઢું જોઈને આપણને એમ થાય કે એ ઘણા વખતનો ભૂખ્યો હશે, ને ફૂલકિયા બઈહારમાં આવીને એને પેટ ભરીને ખાવાનું મળ્યું હશે. ખબર પડી કે એ ‘માખણચોર નટ’નો સાજ સજીને આજે કેટલાય દિવસોથી સારું એવું કમાય છે. આજે એણે લાગો આપવાનો વાયદો આપ્યો હતો. ત્યાં બપોર પછી સિપાઈઓને ખબર મળ્યા, કે એ ગાંસડેપોટલે પલાયન કરી ગયો છે. મુનેધરસિંહ બરાબર પાકી ખબર કાઢવા ગયો, ને જાણી લાવ્યો, તે બઈહાર છોડીને પૂર્ણિયા તરફ જાય છે. મુનેધરસિંહની બૂમ સાંભળીને એણે દોડવા માંડ્યું, પછી શું થયું તે મારી સામે જ હું જોતો હતો.

એ માણસ બીકથી પવનમાં જેમ પાંદડું કાંપે તેમ કાંપવા લાગ્યો. વળી અમારા સિપાઈ તો વાતનું વતેસર કરે. એમને કહ્યું કે પકડી લાવો, તો એ લોકો તો બાંધીને લઈ આવ્યા.

એણે કાંપતાં કાંપતાં કહ્યું, ‘મારું નામ દશરથ.’

‘કઈ જાતનો છે? ઘર ક્યાં છે તારું?’

‘હું ભૂમિહાર બ્રાહ્મણ છું હજૂર! મારું ઘર મોંઘીર જિલ્લામાં છે;

સાહેબપુર પાસે.' એણે હાથ જોડીને બીતાં બીતાં કહ્યું, 'હજૂર! હું જ બતાવું છું, મારી પાસે શું છે તે.'

પછી કમરમાંથી એક પાકીટ કાઢયું ને કહ્યું, 'જુઓ હજૂર! આમાં તેર આના છે. મારું કોઈ સગુંવહાલું નથી, આ ઘરડે ઘડપણ મને કોણ કાંઈ આપે? ફસલના વખતમાં ખળીઓમાં નાચ બતાવી થોડા પૈસા કમાયો છું. હવે ઘઉંની ફસલ સુધી મારે આટલા પૈસામાંથી પેટિયું કાઢવાનું. એને હજી ત્રણ મહિનાની વાર છે, મારી કમાણીમાંથી પેટ પૂરતું તો મને મળી રહે છે. આ સિપાઈઓ કહે છે કે મારે આઠ આના લાગો આપવો પડશે. એ રકમ હું આપી દઉં તો મારી પાસે ફક્ત પાંચ આના બાકી રહે. પાંચ આનામાં ત્રણ મહિના શી રીતે ચાલે?'

મેં કહ્યું, 'તારા હાથમાં આ પોટલું છે, તેમાં શું છે? ખોલ જોઉં.'

એણે પોટલું ખોલ્યું, તો એમાં એક પતરાની આરસી હતી, એક કીડિયાનો મુગટ, એમાં મોરનાં પીંછાં ગૂંથ્યાં હતાં, ગાલ પર લગાડવાનો રંગ, ગળે પહેરવાની નકલી મોતીની માળા, આ બધો શ્રીકૃષ્ણનો વેશ હતો.

મેં કહ્યું, 'બહુ સારું. તારાથી લાગો ન અપાય તો એને બદલે તારો નાચ બતાવ.'

ડોસાએ જાણે સ્વર્ગ મળ્યું હોય એવો આનંદનો ભાવ વ્યક્ત કર્યો. પછી ગાલ ને મોઢે રંગ લગાવીને, મોરપિચ્છનો મુગટ પહેરીને એણે જાણે એ બાર વર્ષનો જ હોય તેવા બાળકના જેવા ભાવો જાતજાતના અભિનય કરીને ને મુખભંગી કરીને બતાવ્યા, ને નાચવા તથા ગાવા લાગ્યો ત્યારે હસવું કે રડવું તે મને સમજાયું નહિ.

એવો સુંદર નાચ મેં ક્યારેય જોયો નહોતો. સાઠ વર્ષનો ડોસો, ક્યારેક બાળકની જેમ રોષથી હોઠ મરડીને કાલ્પનિક જશોદા પાસેથી દૂર ખસતો હતો, ક્યારેક મુક્ત હાસ્યથી ચોરેલા માખણની ગોપબાળોને લહાણી કરતો હતો, ક્યારેક યશોદાએ હાથ બાંધ્યા છે તેથી આંખમાંનાં આંસુ લૂછતો લૂછતો એ ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો. બધો નાચ જોઈ પેટ દુખવા આવે એટલું હસીએ. ખરેખર એ નાચ જોવા જેવો હતો.

નાચ પૂરો થયો. મેં તાળી પાડી. નાચ મને ખૂબ ગમ્યો તે જણાવ્યું.

મેં કહ્યું, 'આવો નાચ મેં ક્યારેય જોયો નથી દશરથ! તું બહુ જ સરસ નાચ કરે છે. જા, તારો લાગો માફ કર્યો. ને હું મારા તરફથી તને ખુશબક્ષીના આ બે રૂપિયા આપું છું. હું તારા નાચથી ખૂબ રાજી થયો છું.'

❖ ❖

એક વાર ફરીને પાછો આવતાં હું પેલા પરિચિત નકછેદી ભગતની ખૂપરી આગળ એને મળવા ગયો. નકછેદી સડાક દઈને ઊભો થઈ ગયો ને કપાળે હાથ લઈ જઈ મને સલામ કરી. એણે કહ્યું, 'એઈ મંચી, બાબુજીને બેસવા માટે કાંઈ પાથર.'

ખૂપરીના બારણા પાસે બરાબર સૂર્યાસ્ત દેખાય તે રીતે અર્ધા સૂકા ઘાસ પર પાથરેલી સાદડી પર હું બેઠો. ચારેબાજુનાં જંગલો પર રંગીન પ્રકાશ છવાઈ રહ્યો હતો. આખા બઈહારમાં અવર્ણનીય શાંતિ ને નીરવતા હતાં.

મેં જોયું કે મંચીનો નાચગાનનો શોખ નાના બાળક જેવો હતો. આ વખતે એણે શું શું જોયું, તેનું ખૂબ ઉત્સાહ ને આનંદથી એ મારી આગળ વર્ણન કરવા બેસી ગઈ. મંચી નકછેદીની શી સગી થાય તે વિષે હજી મેં પૂછયું નહોતું. મેં માન્યું હતું કે એ ડોસાની દીકરી થતી હશે. વળી ડોસાએ મંચી વિષે જે રીતે વાત કરી એટલે મને એ વિષે જરાય શંકા રહી નહિ. મેં પૂછયું, 'આ તમારી દીકરીનાં લગ્ન કર્યાં છે કે?'

નકછેદીને નવાઈ લાગી. એણે કહ્યું, 'મારી દીકરી! મારે વળી દીકરી ક્યાં છે?'

'કેમ વળી? આ મંચી તમારી દીકરી નથી?'

મારી વાતથી બધાંની આગળ મંચી ખિલખિલ કરતી હસી પડી. નકછેદીની પ્રૌઢા સ્ત્રી પણ મોઢા પર પાલવ ઢાંકીને ઝૂંપડીની અંદર ચાલી ગઈ. નકછેદીને અપમાન લાગ્યું. એણે જરા ભારે સાદે કહ્યું, 'છોકરી શાની હજૂર! એ તો મારી બીજી વહુ છે.'

મેં કહ્યું, 'ઓ!' પછી થોડી વાર અમો બધાં મૂગાં રહ્યાં. હું તો એવો હેબતાઈ ગયો હતો, કે શી વાત કરવી તે જ મને ન સમજાયું.

મંચીએ પૂછયું, 'જરા આગ જલાવી દઉં. બહુ સખત ઠંડી છે.'

ખૂપરીથી થોડે દૂર એક સૂકું કાશનું ઝાડ હતું. મંચીએ એમાં આગ જલાવી. ઝાડ સળગી ઊઠ્યું. અમે બધાં સળગતા કાશના ઝાડની આસપાસ બેઠાં.

નકછેદીએ કહ્યું, 'હજીય એ બાળક છે. એને નવી નવી ચીજો ખરીદવાનો ભારે શોખ છે. જુઓ ને! આ વખતે મજૂરીમાં આઠ-દશ મણ સરસિયાં મળ્યાં. તેમાંથી ત્રણ મણ તો આના શોખની વસ્તુ ખરીદવામાં વપરાઈ ગયાં. મેં કહ્યું, 'આટલી બધી મહેનતની કમાણીને તું આમ શોખની વસ્તુમાં શા માટે વેડફે છે? પણ એ તો રહી બૈરાંની જાત. આપણું સાંભળે તો ને? એ તો રડવા માંડે, આંસુ સારવા માંડે, પછી હું કહું 'ખરીદ ત્યારે.'

મેં મનમાં વિચાર કર્યો : 'જુવાન સ્ત્રીનો ઘરડો પતિ, એને માટે બીજો ઉપાય પણ શો હતો?'

મંચીએ કહ્યું, 'કેમ! મેં તમને કહ્યું નહોતું, કે ઘઉંની કાપણી કરતી વખતે જે મેળો ભરાશે, ત્યારે હું કાંઈ જ ખરીદવાની નથી? સારી સારી ચીજો સસ્તામાં મળી ગઈ.'

નકછેદી ગુસ્સામાં બોલ્યો, 'સસ્તામાં? મૂરખ સ્ત્રી સમજીને દુકાનદારો ને ફેરીવાળા તને છેતરે છે, સસ્તું શાનું? ગયે વર્ષે તિરાશી રતનગંજમાં ઘઉંના ખળામાં પાંચ શેર સરસિયાં આપીને એણે એક કાંસકો લીધેલો.'

મંચીએ કહ્યું, 'અચ્છા બાબુજી! હું બધી ચીજો અહીં લઈ આવું છું. તમે જ કહેજો કે સસ્તી મળી છે કે નહિ?' આમ બોલતાંની સાથે જ મંચી ખૂપરીમાં ગઈ, ને કાશની એક નાની શી પેટી લઈને એ બહાર આવી. પછી પેટીમાંથી એક એક ચીજ કાઢીને મારી સામે મૂકીને મને બતાવવા લાગી.

મંચીએ બીજી પણ ઘણી વસ્તુઓ બતાવી. અત્યંત આહ્‌લાદથી એ ઘડીમાં આ બતાવે તો ઘડીમાં તે બતાવે. માથામાં નાખવાનાં નકલી ફૂલો, ચકચકતા પથ્થરની વીંટી, કાચની ઢીંગલીઓ, ઍલ્યુમિનિયમની નાની થાળી, પહોળી લાલ રીબન – એ બધું મેં જોયું કે સ્ત્રીઓને પ્રિય એવી વસ્તુઓ લગભગ દરેક દેશમાં, ને દરેક સમાજમાં સરખી જ હોય છે. જંગલની મંચી અને એની ભણેલી શહેરી બહેનમાં ઝાઝો ફરક નથી હોતો. સારી સારી વસ્તુનો સંઘરો કરવો, ને તેને પોતાની કરવી, એ બંનેના સ્વભાવમાં છે. પછી પેલો ડોસો નકછેદી ગુસ્સે થાય તેમાં શું વળે?

પણ બધા કરતાં સારામાં સારી ચીજ મંચીએ છેક છેવટે મને બતાવવાને સંતાડી રાખી હતી તેની મને શી ખબર? એણે ગર્વ અને આનંદના મિશ્રભાવ સહિત એ વસ્તુને બહાર કાઢીને મારી સામે ધરી. એ હતી ભૂરા ને પીળા રંગના પથ્થરની એક માળા.

સાચેસાચ એના મુખ પર આનંદ અને ગર્વ બંને ભાવોથી મિશ્રિત એવું હાસ્ય ફરકતું હતું. એની ભદ્ર બહેનોની જેમ એ પોતાના મનના ભાવને છુપાવતાં તો શીખી નહોતી. તેથી આ બધી મામૂલી ચીજોના અધિકારથી એના પ્રબળ આનંદમાં એક અકૃત્રિમ ને નિર્મળ એવા નારી આત્માની ઝાંખી થતી હતી. આપણા સભ્ય સમાજમાં સ્ત્રીના મનની આટલી નિર્મળ અભિવ્યક્તિ કવચિત જ જડે.

'બોલો ને, આ બધી વસ્તુઓ કેવી છે?'

'બહુ સરસ.'

બીજે દિવસે નકછેદી એની બે પત્નીઓ તથા છોકરાંઓને લઈને ચાલ્યો ગયો. જતી વખતે નકછેદી મારી ખૂપરીમાં લાગો દેવા આવ્યો હતો. સાથે મંચી પણ હતી. મંચીએ એના ગળામાં પેલા પથ્થરની માળા પહેરી હતી. એણે હસતાં હસતાં કહ્યું, 'પાછી ભાદરવા મહિનામાં મકાઈ કાપવા આવીશ, ત્યારે તમે અહીં હશો ને બાબુજી! શ્રાવણ મહિનામાં અમે જંગલી બહેડાનું અથાણું બનાવીએ છીએ. તમારે માટે હું લઈ આવીશ.'

મંચી મને બહુ ગમી ગઈ. એના જવાથી મને દુઃખ થયું.

## ૧૧

**આ** વખતે મને એક વિચિત્ર વાત જાણવા મળી. મોહનપુરાના સરકારી જંગલથી પંદર-વીશ માઈલ દૂર શાલ અને બીડીનાં પાતરાંના એક મોટા જંગલનું લિલામ થવાનું છે એવી કલેકટર તરફથી જાહેરાત થઈ. મેં તરત જ વડી કચેરીમાં ખબર આપી. તેના જવાબમાં મને તારથી સૂચના મળી કે બીડીનાં પાતરાનું જંગલ મારે લિલામમાં લઈ લેવું. પણ જંગલ લઈએ તે પહેલાં મારે તે જોઈ આવવું જોઈએ. એ જંગલ કેવુંક છે, કેવુંક નહિ તે જાણ્યા વિના લિલામમાં હું ભાવ શી રીતે બોલું? વળી લિલામના દિવસો પણ ગણ્યાગાંઠ્યા હતા, એટલે તાર મળ્યો તેને બીજે દિવસે જ હું જંગલ જોવા નીકળ્યો.

મજૂરોને વહેલા જ સામાન લઈને મોકલી દીધા હતા. મોહનપુરા જંગલના સીમાડા પર કારો નદી આવે છે, તેને જ્યાં પાર કરવાની હતી ત્યાં એ લોકો અમને મળવાના હતા. મારી જોડે અમારો પટવારી બનવારીલાલ હતો.

જમવાકરવાનું બહુ જલદી પતાવ્યું. તો પણ ત્યાંથી નીકળતાં એક વાગ્યો.

દિવસ પૂરો થવા આવ્યો છતાં જંગલનો ક્યાંય છેડો આવતો નહોતો. મને થયું કે હવે વધારે આગળ ન જતાં, એકાદ મોટા ઝાડની નીચે પડાવ નાખ્યો હોય તો સારું. હા. એ વાત સાચી કે અમારે રસ્તે બે વનગ્રામો આવ્યાં હતાં. એકનું નામ ફૂલશાલ. બીજાનું નામ બૂરૂડી. પણ એ ગામ તો લગભગ ત્રણેક વાગે આવેલાં. તે વખતે જો ખબર હોત કે સાંજ પડતાં પણ આ જંગલનો અંત આવવાનો નથી, તો ત્યાં જ પડાવ નાખી રાત ત્યાં જ ગાળત.

જ્યાં નજર જાય, ત્યાં વૃક્ષની ઉપર, છોડોની ઉપર, જરાક ભૂરા રંગની છાંટવાળાં આ સફેદ ફૂલોએ પ્રકાશ પાથર્યો હતો. જાણે કે પીંજેલું કપાસ કોઈએ વૃક્ષોની ઉપર છૂટે હાથે વેર્યું ન હોય! ઘોડાને થોભાવી હું વચ્ચે વચ્ચે આ વનની

શોભાને ધરાઈ ધરાઈને જોયા કરતો. કોઈ કોઈ સ્થળે તો શોભા એવી અદ્‌ભુત હતી કે એ જોઈને, મનમાં તરેહતરેહના વિચારો ઉદ્‌ભવતા થતું કે, હું કેટલે દૂર ક્યાં છું? સભ્ય જગતથી ઘણે દૂર-એક જનહીન અજ્ઞાત જગતમાં, ઉદાસ, અપરૂપ, વન્ય સૌંદર્યની વચ્ચે - જે જગતની જોડે મનુષ્યને કોઈ પ્રકારનો સંબંધ નથી, જેમાં પ્રવેશવાનો અધિકાર પણ નથી, ફક્ત વન્યજીવજંતુ ને વૃક્ષલતાનું એ જગત છે.

આખરે એક મોટા આસનવૃક્ષની નીચે બધાએ ભેગા મળીને વિશ્રામ કર્યો. અમે બધા મળીને આઠ-દશ જણ હતા. બનવારીએ કહ્યું, ‘મોટી આગ જલાવો. અને બધા એકબીજાની પાસે જ રહેજો. છૂટા પડશો નહિ, આ જંગલ ભયાનક છે.’

ઝાડની નીચે હું કૅમ્પ ચેર પર બેઠો. માથા ઉપરથી દૂર સુધી ફેલાયેલું ખુલ્લું આકાશ, હજી અંધારું થયું નહોતું. દૂર નજીક બધે જ જંગલની ટોચ ઉપર જંગલી તેવડીનાં સફેદ ફૂલો ઢગલેબંધ ખીલ્યાં હતાં. મારી ખુરશીની પાસે સોનેરી રંગનું અર્ધું સૂકું, ઊંચું ઘાસ હતું. તાપથી તપેલી માટીની ગંધ, સૂકા ઘાસની ગંધ, કોઈ અજાણ્યાં વનફૂલોની ગંધ, એ દુર્ગાપ્રતિમાની સજાવટમાં અનુભવાતી સુગંધનું સ્મરણ કરાવતી હતી. આ મુક્ત વન્યજીવન મનમાં મુક્તિ ને આનંદનો અનુભવ કરાવતું હતું.

તે રાત તો વીતી. સવારે ઊઠીને નવ વાગ્યામાં તો અમે અમારી જગ્યાએ પહોંચ્યા. ત્યાં જઈને જંગલના અત્યારના માલિક અને તેના માણસોને મળ્યા. એ અમને જંગલ બતાવવા લાગ્યા. અમે જંગલમાં ફરતા હતા ત્યાં, એક નાળાની પેલી તરફ ગાઢા જંગલમાં પથ્થરના થાંભલા પર માનવાકૃતિ કોતરેલી દેખાઈ. ગઈ કાલે સાંજે જોયો તેવો જ સ્તંભ હતો, એ જાતની કોતરણી હતી.

મારી જોડે બનવારી પટવારી હતો. તેને પણ મેં એ થાંભલા પરની મુખાકૃતિ બતાવી. માલિકનો માણસ ત્યાંનો જ રહેવાસી હતો. તેણે કહ્યું, ‘આ તરફના જંગલમાં બીજા પણ ચાર-પાંચ થાંભલાઓ છે. આ પ્રદેશમાં પહેલાં અહીંની જંગલી જાતિનો રાજા હતો, એણે આ તૈયાર કરાવ્યા હતા. આ માર્ગસૂચક ને સીમાદર્શક સ્તંભો છે.’

‘તમને શી રીતે ખબર પડી કે આ સીમાદર્શક સ્તંભો છે?’

એણે કહ્યું, ‘ઘણા વખતથી સાંભળતો આવ્યો છું બાબુજી! તે ઉપરાંત એ રાજાનો રાજવંશ હજી હયાત છે.’

મને યાદ આવ્યું કે, એક વાર નિશાળના શિક્ષક ગનોરી તિવારીએ

મને કહ્યું હતું કે, 'આ પ્રદેશના આદિવાસી રાજાનો વંશજ હજીય જીવે છે. અહીંની બધી પહાડી જાતિઓ એને જ પોતાનો રાજા માને છે.' એ મારી સ્મૃતિ તાજી થઈ. જંગલના માલિકના એ નોકરનું નામ બુદ્ધુસિંહ હતું. એ ઘણો બુદ્ધિશાળી હતો. ઘણા વખતથી અહીં નોકરી કરતો હતો. ને આ વન ને પહાડની ભૂમિનો ઘણો ઈતિહાસ એ જાણતો હતો.

બુદ્ધુસિંહે કહ્યું, 'મોગલ બાદશાહના અમલમાં એણે મોગલ બાદશાહો જોડે યુદ્ધ કર્યું હતું. આ પ્રદેશમાંથી જ્યારે તેઓ બંગાળ તરફ જતા ત્યારે તીરકામઠાંથી મોગલોને આ લોકો હેરાનપરેશાન કરી મૂકતા. આખરે જ્યારે મોગલ સૂબેદારો રાજમહેલમાં રહેવા લાગ્યા ત્યારે એમનું રાજ્ય ચાલ્યું ગયું. એ તો ઘણા બહાદુર હતા. હવે આજે કશું નથી. જે કાંઈ બાકી હતું તે ૧૮૬૨ના સાંતાલના બળવા પછી બધું જ જતું રહ્યું. એ સાંતાલ બળવાનો નાયક હજીય જીવતો છે. તે હમણાંનો રાજા છે. એનું નામ દોબરૂ પાન્ના વીરવર્દી છે. હવે તો એ ઘણો વૃદ્ધ થઈ ગયો છે ને બિચારો ઘણો ગરીબ છે. પણ આ પ્રદેશની બધી આદિવાસી જાતિઓ એને હજી રાજાની જેમ ગણે છે ને સન્માન આપે છે. રાજપાટ ન હોવા છતાં બધા એને રાજા માને છે.'

એ રાજાને મળવાની મને તીવ્ર ઈચ્છા થઈ.

રાજધાની ઘણી નાની હતી. ત્યાં વીશપચીશ ઘર હશે. નાનાં નાનાં માટીનાં ઘરો હતાં. તાડછાંથી છાયેલાં, બહુ સ્વચ્છ હતાં. લીંપણગૂંપણ બહુ સરસ રીતે કર્યું હતું. દીવાલ પર સાપ, કમળ, લતા વગેરેનાં ચિતરામણો હતાં. નાનાં નાનાં બાળકો રમતમાં મશગૂલ હતાં. સ્ત્રીઓ ઘરકામ કરતી હતી. કિશોરી અને યુવતીઓનાં શરીર સ્નાયુબદ્ધ, સુંદર ને લાવણ્યમય હતાં. બધાં તંદુરસ્ત લાગતાં હતાં, બધાં અવાક બનીને અમારી સામે જોતાં હતાં.

❖ ❖

સોળ-સત્તર વર્ષની એક છોકરી બુદ્ધુસિંહની બૂમથી દોડતી આવી. અમને જોઈને એ આશ્ચર્યચક્તિ બની ગઈ. એના મુખ પર ને આંખમાં થોડો ભયનો ભાવ પણ દેખાતો હતો. બુદ્ધુસિંહે પૂછયું, 'રાજા ક્યાં છે?'

મેં બુદ્ધુસિંહને પૂછયું કે, 'આ છોકરી કોણ છે?'

બુદ્ધુસિંહે જવાબ આપ્યો, 'એ રાજાના પૌત્રની દીકરી છે.'

મેં કહ્યું, 'એ છોકરીનું નામ પૂછો.'

બુદ્ધુસિંહે કહ્યું, 'એનું નામ ભાનુમતિ.'

નામ તો ઘણું સુંદર હતું. ભાનુમતિ, રાજકન્યા ભાનુમતિ. ભાનુમતિ તંદુરસ્ત, સુડોળ બાંધાની હતી. એના મુખની શોભા લાવણ્યમયી હતી. એણે જે વસ્ત્ર પહેર્યું હતું તે સભ્ય સમાજની માન્યતા અનુસાર યોગ્ય નહોતું. માથા

પરના વાળ જાડા હતા, ને ગળામાં કાચના મણકા ને કોડીની માળા હતી. દૂરથી એણે એક મોટું મકાઈનું વૃક્ષ બતાવ્યું ને એ બોલી, 'તમે જાઓ, ત્યાં દાદાજી ગાય ચરાવે છે.'

'ગાય ચરાવે છે!' મને આશ્ચર્ય થયું. આ બધા પ્રદેશનો રાજા, સાંતાલ વિદ્રોહનો નેતા દોબરૂ પાન્ના વીરવર્દી ગાય ચરાવે છે!

એણે પૂછયું, 'કોણ? બુદ્ધુસિંહ? તારી સાથે કોણ છે?'

બુદ્ધુએ કહ્યું, 'એક બંગાળીબાબુ તમને મળવા આવ્યા છે. તેઓ થોડું નજરાણું પણ લાવ્યા છે. તમારે એ સ્વીકારવું જ પડશે.'

હું જાતે એની પાસે ગયો, ને મરઘીઓ તથા ફળફળાદિ એની પાસે મૂક્યાં. મેં કહ્યું, 'તમે તો દેશના રાજા છો. તમને મળવાને હું ઘણે દૂરથી આવ્યો છું.'

ડોસો ઘણો રાજી થયો. મારી સામે ધારીધારીને જોયું, ને પછી પૂછયું, 'ક્યાં રહેવું?'

મેં કહ્યું, 'કલકત્તા.'

'હં. ઘણું આઘે છે. સાંભળ્યું છે કે કલકત્તા બહુ મોટું શહેર છે?'

'તમે કદી ગયા નથી?'

'અમે કાંઈ શહેરમાં જઈ શકીએ? અમે તો આ જંગલમાં જ સારા છીએ. બેસો, ભાનુમતિ ક્યાં ગઈ? ઓ... ભાનુમતિ....'

છોકરી દોડતી આવી, ને બોલી, 'શું છે દાદાજી?'

'આ બંગાળીબાબુ ને એમની જોડેના માણસો આજે આપણે ત્યાં રહેશે, ને આપણે ત્યાં જમશેકરશે.'

એને જોતાં જ મને થયું કે રાજા દોબરૂ પાન્ના ઘણો જ ગરીબ છે. એને ગાયો ચરાવતો જોઈને પહેલાં તો મને આશ્ચર્ય થયું હતું. પણ પછી વિચારતાં મને જણાયું કે, ભારતના ઇતિહાસમાં આનાથી પણ ઘણા મોટા મોટા રાજાઓને આનાથી પણ વધારે બૂરી દશામાં રહેવું પડ્યું હતું.

રાજાએ પોતે શાલના પાંદડામાં તમાકુ ભરી એની ચિરૂટ બનાવી મને આપી. દિવાસળી નહોતી. ઝાડની નીચે આગ સળગાવી હતી, તેમાંથી ચિરૂટને સળગાવી મારી સામે ધરી. મેં કહ્યું, 'તમે આ દેશના પ્રાચીન રાજ્યવંશના છો, તમારા દર્શનથી પવિત્ર થવાય.'

દોબરૂ પાન્નાએ કહ્યું, 'હવે કાંઈ રહ્યું નથી. હું સૂર્યવંશનો છું. આ પહાડ, જંગલની સારી દુનિયા અમારું જ રાજ્ય હતું. હું જુવાન હતો ત્યારે કંપની સરકાર જોડે લડ્યો હતો. હવે તો હું ઘરડો થયો છું. લડાઈમાં હું હારી ગયો. ત્યારથી કાંઈ રહ્યું નથી.'

મને ખબર પડી કે રાજાને ત્રણ છોકરાઓ હતા – ને તેનાં પાછાં આઠ-દશ છોકરાં હતાં. આ વિશાળ રાજ્યવંશના બધા લોકો ભેગા જ રહેતા હતા. શિકાર ને ગાયચરામણ એ એમની મુખ્ય આજીવિકા હતી. આ ઉપરાંત વનની પહાડી જાતિમાં ઝઘડો થતાં તેઓ ન્યાય માટે રાજા પાસે આવતા ત્યારે કાંઈ ને કાંઈ ભેટનજરાણું લઈ આવતા. દૂધ, મરઘી, બકરું, પંખીનું માંસ, ફળફળાદિ વગેરે.

મેં પૂછ્યું, 'તમારી કાંઈ ખેતીવાડી છે કે?'

દોબરૂ પાન્નાએ ગર્વસહિત કહ્યું, 'ખેતી કરવાનો અમારા વંશમાં રિવાજ નથી. અમારે ત્યાં શિકારની વધારેમાં વધારે ઈજ્જત છે. તેમાં પણ ભાલાથી કરેલો શિકાર વધારે સારો ગણાય છે. તીરકામઠાંથી કરેલો શિકાર દેવતાઓના કામમાં ન આવે. ને એ કામ વીર પુરુષનું છે જ નહિ. પણ હવે તો બધું જ ચાલે છે. મારો મોટો છોકરો મોંઘીરથી એક બંદૂક લઈ આવ્યો છે. હું તો એને અડકું પણ નહિ. ભાલાનો શિકાર એ જ સાચો શિકાર.'

રાજા દોબરૂ પાન્ના જાતે શરૂઆતથી તે છેવટ સુધી રસોડાની બહાર બેઠો હતો, કે જેથી અમારી મહેમાનગીરીમાં કશી ન્યૂનતા ન આવે. ભોજન વગેરે પત્યા પછી એણે કહ્યું, 'અમારા ઘરમાં ઘણા ઓરડાઓ નથી, એટલે આપને ઘણી તકલીફ પડી. આ વનમાં પહાડની ઉપર અમારા વંશના રાજાઓના મોટા રાજમહેલોનાં ચિહ્નો હજીય છે. મારા બાપદાદાને મુખે મેં સાંભળ્યું છે, કે ઘણા કાળ પહેલાં અમારા પૂર્વજો ત્યાં રહેતા હતા, હવે આજે કંઈ એ દિવસો છે? અમારા પૂર્વજોએ જે દેવતાની પ્રતિષ્ઠા કરેલી તે પણ હજી ત્યાં છે.'

મને જરા કુતૂહલ થયું. મેં કહ્યું, 'રાજાસાહેબ! એ તમારો પુરાણો રાજમહેલ જોવા અમે જઈએ તો આપને કંઈ વાંધો છે?'

'એમાં વળી વાંધો શાનો? જો કે ત્યાં વિશેષ કાંઈ જોવા જેવું નથી. વારુ, ચાલો. હું તમારી સાથે આવું છું. જગરૂ, અમારી જોડે ચાલ!'

મેં વાંધો લીધો, બાણું વર્ષના ડોસાને પહાડ પર ચડાવવાનું મને ઠીક ન લાગ્યું. પણ મારો વાંધો ટકી શક્યો નહિ. એણે હસતાં હસતાં કહ્યું, 'એ પહાડ પર તો હું વારેવારે જાઉં છું. એ પહાડ પર જ અમારા વંશનું સમાધિસ્થાન છે. દરેક પૂનમે હું ત્યાં જાઉં છું. ચાલો, એ જગ્યા પણ તમને બતાવીશ!'

શું આ જ દોબરૂ પાન્નાના પૂર્વજોનો મહેલ હશે!

હકીકતમાં તો આ એક કુદરતી ગુફા હતી. પહેલાંના જમાનામાં પહાડની ઉપર તરફ જેનું મોઢું હોય એવી ગુફામાં સંતાઈ જવાથી દુશ્મનોથી બચી શકાતું હતું.

ગુફામાંથી બહાર આવ્યા ત્યારે જીવમાં જીવ આવ્યો. ત્યાર પછી પહાડ પર થોડું ચડ્યા પછી, એક બહુ મોટા વડના વૃક્ષ નીચે રાજા અમને લઈ ગયો. એ વૃક્ષ એકાદ વીઘા જમીન પર વિસ્તરેલું હતું. વડવાઈઓ ખૂબ ફેલાયેલી હતી. રાજા દોબરૂ પાન્નાએ કહ્યું, 'મહેરબાની કરીને અહીં જોડા કાઢજો.'

રાજાએ અમને જણાવ્યું કે એ જ એના વંશનું સમાધિસ્થાન છે. એક એક પથ્થરની નીચે એમના રાજ્યવંશના એક એક પુરુષની સમાધિ છે. વિશાળ વડની નીચે બધે જ જ્યાંત્યાં મોટા મોટા શિલાખંડો હતા. કોઈ કોઈ સમાધિ તો ઘણી પ્રાચીન હતી. વડવાઈઓએ એને બંને તરફથી ઘેરી લીધી હતી. વળી, એ વડવાઈઓ વૃક્ષના થડ જેવી મોટી બની ગઈ હતી.

સાચેસાચ વડના ઝાડની નીચે ઊભા રહીને મારા મનમાં કોઈ અનન્ય ભાવો પ્રગટ થયા, જે ભાવો હજી સુધી પ્રગટ્યા નહોતા. રાજાને જોઈને પણ નહિ (એ તો મને એક સાંથાલ ડોસા જેવો લાગ્યો) - રાજકન્યાને જોઈને પણ નહિ! (કોઈ એક તંદુરસ્ત, મુંડા યુવતી ને રાજકુમારીમાં મને કશો ફરક નહોતો લાગતો.) રાજમહેલ જોઈને તો નહિ જ. (એ તો મને સાપના દર જેવો કે ભૂતખાના જેવો લાગ્યો.) પણ પહાડની ઉપરનું આ સુવિશાલ પ્રાચીન વટના વૃક્ષ નીચેનું અતિ પ્રાચીન આ સમાધિસ્થળ મારા મનમાં એક અપૂર્વ ને ન સમજાય એવી અનુભૂતિ જગાવી ગયું.

એ સ્થાનનાં ગાંભીર્ય, રહસ્ય ને પ્રાચીનતત્ત્વના ભાવો અવર્ણનીય છે. સાંજ પડતી જતી હતી, પાંદડાંઓ ઉપર, ડાળીઓ પર, બધે ધનઝરીનાં વૃક્ષો ને જમીન ઉપર પીળો તડકો પડતો હતો, અપરાહ્નની ઘનીભૂત છાયાએ તો આ રાજસમાધિને રહસ્યમય, ગંભીર અને સુંદર બનાવી.

એ વિશાળ વડની નીચે ઊભા રહીને મેં સર્વવ્યાપી શાશ્વત કાળની પાછળ બહુ દૂર એવું અન્ય એક અનભિજ્ઞતાનું જગત જોયું, જેની સરખામણીમાં પૌરાણિક અને વૈદિક યુગ પણ આપણને વર્તમાન યુગ હોય એવા લાગે,

સાંજ પડતી હતી. અંધારું થવા આવ્યું હતું, એટલે અમે જલદી જલદી પહાડ ઊતરી ગયા. મારે ગયા જવું હતું, એથી હું અંધારું થતાં તો રવાના થઈ ગયો. બનવારી ઘોડો લઈને તંબૂમાં ગયો. જતી વખતે ફરી વાર રાજકુમારી ભાનુમતિ મળી હતી. એ રાજમહેલને આંગણે અમારે માટે એક વાડકી દૂધ લઈને ઊભી હતી.

## ૧૨

**એ**ક દિવસ રાજુ પાંડેએ કચેરીમાં ખબર મોકલાવ્યા કે, રોજ રાતે જંગલી ડુક્કરનાં ટોળાં એના ઊભા પાકને ખાવા આવે છે. એમાંનાં કેટલાંક તો દાંતવાળા ભયાનક ડુક્કર પણ છે. એ ત્રાસ સામે રોજ ડબ્બા પીટવા સિવાય એ બીજું કાંઈ કરી શકતો નહોતો. જો કચેરી તરફથી એ વિષે કાંઈ બંદોબસ્ત નહિ થાય તો એની બધી ફસલ બરબાદ થઈ જશે. આ સમાચાર સાંભળીને હું જાતે જ બંદૂક લઈને એ તરફ ઊપડ્યો. રાજુની ઝૂંપડી નાઢા બઈહારના ઘન જંગલમાં હતી. એ તરફ હજીયે લોકો વસ્યા નહોતા, ખેતરો પણ ઘણાં થોડાં હતાં, ને વળી પાછો જનાવરોનો ત્રાસ ઝાઝો હતો.

જઈને જોઉં છું તો રાજુ ખેતરમાં કામ કરતો હતો. મને જોઈને એનું કામકાજ પડતું મૂકી દોડતો આવ્યો. મારા હાથમાંથી ઘોડાની લગામ લઈ લીધી. પાસેના જ એક બહેડાના ઝાડ જોડે ઘોડાને બાંધ્યો. મેં પૂછયું, 'ડુક્કર ક્યારે આવે છે?'

'એ કાંઈ ચોક્કસ સમયે નથી આવતાં, હજૂર! પણ રાત પડતાં નીકળી પડે છે. તમે જરા લાંબો વખત અહીં રોકાઓ ને પછી જુઓ કે કેટલાં આવે છે.'

પણ મને વધુ આશ્ચર્ય તો એ જ થતું હતું કે આ જનશૂન્ય જંગલમાં રાજુ એકલો શી રીતે રહેતો હશે? મેં તો આ વાત એને પૂછી નાખી. રાજુએ કહ્યું, 'ટેવ પડી ગઈ છે બાબુજી! ઘણા વખતથી આમ રહેતો આવ્યો છું. મને કાંઈ દુઃખ નથી. હું તો આનંદમાં રહું છું. આખો દિવસ મહેનત, સાંજને વખતે ભજન ગાઉં છું, ભગવાનનું નામ લઉં છું. દિવસ તો ક્યાં ચાલ્યો જાય છે તે ખબર નથી પડતી.'

મને ખબર હતી કે રાજુને સંસારની એક બાબતમાં ખૂબ રસ હતો, એને ચા પીવી ઘણી ગમતી. આ જંગલમાં એને બિચારાને ચા બનાવવા માટેની બધી ચીજો ક્યાંથી મળે એવો વિચાર કરીને હું ચા ને ખાંડ જોડે લઈ ગયો હતો. રાજુને મેં પૂછયું, 'તારે કલકત્તા જવું છે? જો તારી ઈચ્છા હોય તો તને એક વાર કલકત્તા ફેરવી આવું. કાંઈ પૈસા નહિ પડે.'

રાજુએ કહ્યું, 'શહેર બહુ ખરાબ જગ્યા છે. મેં તો સાંભળ્યું છે કે ત્યાં ચોર, ઠગ ને ગુંડાઓનો અડ્ડો છે. શહેરના બધા માણસો બદમાશ હોય છે. અમારા દેશનો એક માણસ શહેરની હોસ્પિટલમાં ગયો હતો. એના પગમાં કાંઈ થયું હતું. ડૉકટર છરી લઈને એનો પગ કાપે અને કહે, 'તું મને કેટલા

રૂપિયા આપશે?' પેલાએ કહ્યું, 'દશ રૂપિયા આપીશ.' પછી ડૉકટરે વધારે પગ ચીર્યો, ને પાછું પૂછયું, 'હવે બોલ, કેટલા રૂપિયા આપશે?' એણે કહ્યું, 'બીજા પાંચ રૂપિયા આપીશ, પણ હવે પગ ચીરો નહિ!' પણ ડૉકટર કહે, 'એટલાથી કંઈ વળે નહિ' એમ કહીને એણે તો પાછો પગ ચીરવા માંડ્યો. એ બિચારો ગરીબ માણસ, જેટલો રડે તેટલો ડૉકટર વધારે ઊંડો ચીરો મૂકે, એમ ચીરતાં ચીરતાં એનો આખો પગ કાપી નાખ્યો. તમે જ વિચારો, કેવી કરુણ વાત છે?'

રાજુની વાત સાંભળી હસવાનું ખાળવાનું મુશ્કેલ બની ગયું. રાજુની ઝૂંપડીની સામે જ એક મોટું આસનનું વૃક્ષ હતું. એની નીચે બેસીને જ અમે ચા પીતા હતા. જે તરફ જોઈએ તે તરફ ગાઢું જંગલ, કેંદ, આમળાં, બહેડાંનાં વૃક્ષો હતાં. ફૂલની મૃદુ સુગંધ સંધ્યાના વાતાવરણને મધુર બનાવતી હતી. મને થયું કે આવી જગ્યામાં બેસીને આ રીતે ચા પીવી એ પણ જીવનનો એક સૌંદર્યાનુભવ છે. મેં પૂછયું, 'અચ્છા, રાજુ, તારી વહુને કેમ લઈ આવતો નથી? એને લાવવાથી તારે જાતે રાંધવું નહિ પડે ને?'

રાજુએ કહ્યું, 'એ જીવતી નથી હજૂર! એને મરી ગયાંને આજે સત્તરઅઢાર વર્ષો થયાં, ત્યારથી ઘરમાં ચિત્ત ચોંટતું નથી.'

ચા-પાણી પીધાં ત્યાં તો સાંજ પડી ને આકાશમાં આછીપાતળી ચાંદની પ્રગટી. એ સાતમ કે આઠમનો દિવસ હશે. મેં હાથમાં બંદૂક લઈને કહ્યું, 'ચાલ રાજુ, જોઉં તો ખરો કે તારા ખેતરમાં ડુક્કર ક્યાં ભરાયાં છે.' રાજુને બંદૂક આપી ડાળ પર ચઢી હું માંચડા પર ગોઠવાયો. રાજુ પણ લાગલો જ ઉપર આવ્યો. બંને જણ જમીન તરફ નજર એકાગ્ર કરીને અડોઅડ માંચડા પર બેઠા.

ચાંદની વધારે ખીલી. ઝાડની બે ડાળીઓમાંથી ચાંદનીમાં જરા સ્પષ્ટ, જરા અસ્પષ્ટ એવો દેખાતો, જંગલનો ઉપરનો ભાગ મનમાં અદ્ભુત ભાવ જગાવતો હતો.

રાજુએ કહ્યું, 'પેલું જુઓ હજૂર!'

મેં બંદૂક બરાબર સંભાળી. એ જનાવર જેવું વધારે નજીક આવ્યું કે ખબર પડી એ ડુક્કર નથી, પણ નીલ ગાય છે. નીલ ગાયને ગોળી મારવાની મને ઈચ્છા ન થઈ. રાજુએ મોટેથી 'હઠ, હઠ' કહ્યું, ને નીલ ગાય પાછી જંગલમાં ચાલી ગઈ.

બે કલાક વીત્યા. દક્ષિણ તરફના એ જંગલમાં જંગલી મરઘો બોલી ઊઠ્યો. રાજુએ કહ્યું, 'ઊતરો હજૂર! હજી તમારા જમવાની તૈયારી કરવાની છે.'

મેં કહ્યું, 'શાનું જમવાનું? હું કચેરીમાં જઈશ. હજી દશ વાગ્યા નથી.

રોકાઈ શકાય એમ નથી. કાલે સવારે ‘સર્વે કૅમ્પ’ જોવા જવાનું છે. ઘોડા પર બેસતાં મેં એને પૂછ્યું, ‘ક્યારેક ક્યારેક તારે ત્યાં હું ચા પીવા આવું, તો તને ખરાબ તો નહિ લાગે ને?’

તે વખતે રાજુને જોઈને મારા મનમાં થયું : રાજુ આ ઉંમરે પણ દેખાવડો છે, જુવાનીમાં એ ઘણો રૂપાળો હશે. ગુરૂજીની દીકરી સરયૂ પોતાના પિતાના જુવાન વિદ્યાર્થી પર મોહી પડી તે એ છોકરીની પસંદગી કેવી ઊંચી હતી તે દર્શાવે છે.

ગંભીર રાત્રિ હતી. હું એકલો મેદાનમાંથી પસાર થતો હતો. ચાંદની અદૃશ્ય થઈ હતી, ક્યાંય અજવાળું દેખાતું નહોતું. એક અદ્‌ભુત નિઃસ્તબ્ધતા સર્વત્ર હતી. એમ લાગતું હતું કે આ પૃથ્વીથી કોઈ દૂરના નક્ષત્રમાં હું નિર્વાસિત બનીને ગયો છું.

જાણે આ નીરવ-નિર્જન રાત્રિએ દેવતાગણ નક્ષત્રોમાં સૃષ્ટિની કલ્પનામાં લીન હતા, જે કલ્પનામાં દૂર દૂરના ભાવિ નવાં વિશ્વોનો આવિર્ભાવ, નવાં નવાં સૌંદર્યનો જન્મ, ભિન્ન ભિન્ન નવા પ્રાણોનો વિકાસ બીજરૂપે રહેલો હતો. એના એ રહસ્યમ રૂપને જે આત્માઓ, જ્ઞાનની આકુળ પિપાસામાં, નિરલસ જીવન વ્યતિત કરે છે; જેમના પ્રાણ વિશ્વના વિરાટત્ત્વ ને ક્ષુદ્રત્ત્વ સંબંધે સચેતન આનંદથી ઉલ્લસિત છે; જન્મજન્માંતરનો પથ વટાવીને દૂરની યાત્રાની આશાથી જેમનાં ક્ષુદ્ર, તુચ્છ વર્તમાનનાં સુખદુઃખ બિંદુની જેમ લુપ્ત થઈ ગયાં છે; તે આત્માઓને જ એ રહસ્યમય રૂપનાં દર્શન કરવાનું સૌભાગ્ય સાંપડે છે. **नयमत्मं बलहीनेन लभ्यः।**

❖ ❖

મિછિ નદીની ઉત્તરે જંગલ અને પહાડની માપણી થતી હતી. ત્યાં આજે આઠ-દસ દિવસ થયાં હું તંબૂ ઠોકીને પડ્યો છું. હજીય દશ-બાર દિવસ રહેવું પડશે એમ લાગે છે.

એ જગ્યા ખૂબ સુંદર હતી. એક ઉપત્યકા હતી, સામેથી પહોળી હતી, પાછળથી સાંકડી, એ અશ્વમુખી ઉપત્યકા પૂર્વ અને પશ્ચિમના પહાડોની વચમાં હતી, જ્યાં જુઓ ત્યાં જંગલ જ જંગલ. બધે નાના-મોટા પથરા પડ્યા હતા. કાંટાળા વાંસનું વન હતું, ને બીજાં વૃક્ષોનાં પણ જંગલો હતાં. અનેક પહાડી ઝરણાંઓ ઉત્તર દિશા તરફથી વહેતાં વહેતાં આ મુક્ત ઉપત્યકામાંથી બહારની બાજુએ વહેતાં હતાં. આ ઝરણાંઓની બંને તરફનાં જંગલો ઘણાં ગીચ હતાં.

પૂર્વ તરફના પહાડમાં એક મોટી ગુફા હતી. ગુફાની સામે જ એક ઘણું જૂનું ને ઘટાદાર વડનું ઝાડ હતું, જે હંમેશાં પોતાની ડાળીઓ હલાવ્યા કરતું. બપોરના તડકામાં ભૂરા આકાશની નીચે આ જનહીન ઉપત્યકા ને ગુફા મારા

મનમાં ઘણા પુરાણા કાળની સ્મૃતિ લઈ આવતી. જે કાળમાં આદિજાતિના રાજાઓના મહેલો ગુફા જેવા હશે – રાજા દોબરૂ પાન્નાની પૂર્વજોની રાજમહેલની ગુફા જેવી-ગુફાની ભીંત પર કાંઈક કોતર્યું હતું. કોઈની છબી હશે-અત્યંત અસ્પષ્ટ, એ શું છે તે સમજાય નહિ એવી. જંગલી આદિજાતિનાં હાસ્યકલરવ, કેટલાં સુખ-દુઃખ, જંગલી સમાજના અત્યાચારના અશ્રુથી લખેલા ઇતિહાસ એ ગુફાની માટીમાં, હવામા પાષાણની ભીંત પર લખ્યા છે – આ બધો વિચાર કરવાનું મને ખૂબ ગમતું હતું.

અહીં એક વાર કવિ વ્યંકટેશ્વરપ્રસાદ આવ્યા. લાંબું ને ફિક્કું મોઢું. શરીર પર કાળો કોટ, મેલું ધોતિયું. એમના વાળ બરછટ ને જથરપથર હતા. એની ઉંમર ચાળીસની હશે. મેં ધાર્યું કે નોકરીને માટે આવ્યો હશે. મેં પૂછયું, ‘બોલો શું કામ છે?’

એણે કહ્યું, ‘બાબુજીનાં (હજૂર કહીને એણે સંબોધન કર્યું નહિ) દર્શન કરવા આવ્યો છું. મારું નામ વ્યંકટેશ્વરપ્રસાદ. હું બિહાર શરીફનો છું. જિલ્લો પટના. અહીં ચકમકી ટોલામાં રહું છં. અહીંથી ત્રણ માઈલ દૂર છે.’

‘હં. અહીં શા કામે આવ્યા છો?’

‘જો તમે મહેરબાની કરીને મને રજા આપો તો કહું. હું તમારો વખત તો નથી બગાડતો ને?’

મેં એ જોયું કે એની હિન્દી ખૂબ શુદ્ધ હતી. એવી હિન્દીમાં હું વાતો કરી શકતો નહોતો. સિપાઈ, નોકરો ને ગામડાંની પ્રજા જોડે મારો વ્યવહાર, એટલે મારું હિન્દી એ લોકો પાસે શીખેલું, ગામડિયા હિન્દી. થોડી સાવધાનીથી મેં કહ્યું, ‘તમારા આવવાનો ઉદ્દેશ કહો.’

એણે કહ્યું, ‘હું આપને મારી થોડી કવિતા સંભળાવવા આવ્યો છું.’

મને આશ્ચર્ય થયું. આજે વળી આવા જંગલમાં મને કવિતા સંભળાવવાની શી ગરજ? ભલે ને કવિ હોય! મેં કહ્યું, ‘તો તમે કવિ છો, એમ? બહુ રાજી થયો. તમારી કવિતા હું ખૂબ આનંદથી સાંભળીશ. પણ તમને મારી પાસે આવવાનું સૂઝયું શી રીતે?’

‘મારું ઘર અહીંથી ત્રણ માઈલ દૂર છે. પહાડની બરાબર આ તરફ. ગામના બધા માણસો કહેતા હતા કે કલકત્તાથી એક બંગાળી બાબુ આવ્યા છે. આપ સાચી કળાની કદર કરી જાણો છો, કારણ કે આપ વિદ્વાન છો. કવિએ કહ્યું છે :

**‘विद्वत्तु दत्क वि वंचं लभ्से प्रक शं**
**छेत्रेंषु कूटम्लदमं सृण्वज्जडेषु ।**

વ્યંકટેશ્વરપ્રસાદે મને કવિતા સંભળાવી. કોઈ એક રેલગાડીના ટિકિટ કલેકટર, બુકિંગ કલાર્ક, સ્ટેશન માસ્તર, ગાર્ડ વગેરેનાં નામો જેમાં આવતાં હતાં, એવી એક લાંબી કવિતા હતી. કવિતા કાંઈ ઊંચી કોટિની નહોતી. તો પણ વ્યંકટેશ્વરને ન ગમે એવું મારે કાંઈ કહેવું નહોતું. એની ભાષા હું પૂરેપૂરી સમજી શક્યો નહોતો. સાચું કહું તો હું ખાસ કાંઈ સમજ્યો જ નહોતો, તો પણ વચ્ચે 'વાહ' 'વાહ' 'શાબાશ' એમ એના ઉત્સાહને પોષે એવા શબ્દો હું કહેતો હતો. ઘણો સમય વહી ગયો. વ્યંકટેશ્વરનું કવિતાવાંચન પૂરું થતું નહોતું. પછી એના જવાની વાત તો ક્યાંથી કરે? બે કલાક પછી એ જરા શાંત રહ્યો. પછી હસતો હસતો બોલ્યો, 'કેમ બાબુજી! કેવી લાગી કવિતા?'

મેં કહ્યું, 'બહુ સરસ. આવી કવિતા તો મેં ઘણી ઓછી સાંભળી છે. તમે કોઈ માસિકમાં તમારી કવિતા કેમ મોકલતા નથી?'

તે દિવસે તો એણે વિદાય લીધી પણ બીજે દિવસે બપોરે આવીને એને ત્યાં આવવા માટે મને ખૂબ આગ્રહ કરવા લાગ્યો. એને ના પડાઈ નહિ, એટલે એની જોડે પગે ચાલીને ચકમકી ટોલા જવા તૈયાર થયો.

અહીં નોંધવા જેવી એક ખાસ વસ્તુ હતી અને તે કવિપત્નીની તંદુરસ્તી.

સ્ત્રીના મુખની એ હિન્દી બોલી કેટલી મીઠી લાગતી હતી! અહીંની સ્ત્રીઓનો બોલવાનો લહેકો મને ઘણો ગમતો હતો. હું સારું હિન્દી બોલી શકતો ન હોવાથી, મને હિન્દી પ્રત્યે આકર્ષણ હતું. આ હિન્દી પુસ્તકમાંની હિન્દી નહોતી - અહીંનાં ગામોમાં, પહાડની તળેટીમાં, અરણ્યપ્રદેશમાં, જવ અને ઘઉંનાં દૂર સુધી ફેલાયેલાં ખેતરોની પડખે જ્યાં રેંટના પાણીથી ખેતરો સીંચાતાં હતાં, ડૂબતા સૂર્યની છાયાથી સભર ગિરિમાળાઓ તરફ ઊડતી હંસ કે બગલાંની હાર એક દૂરના ભૂમિભાગનો આભાસ લઈ આવતી હતી, ત્યાં જ એકાએક ખતમ થઈ જતી એની ભાંગ્યાતૂટ્યાં ક્રિયાપદોવાળી ભાષા, જે વિશેષ કરીને સ્ત્રીઓને મુખે જ સાંભળવાની મળતી હતી - તે ભાષા પ્રત્યે મને સવિશેષ આકર્ષણ હતું.

મને વળાવવા આવતાં રસ્તામાં એક વડનું ઝાડ બતાવીને વ્યંકટેશ્વર બોલ્યો, 'આ જુઓ છો ને બાબુજી! ત્યાં એક કવિસંમેલન મળ્યું હતું. બધા કવિઓએ પોતાની કવિતા વાંચી હતી. મને પણ આમંત્રણ હતું. મારી કવિતા સાંભળીને પટણાના ઈશ્વરીપ્રસાદ દૂબેએ - ઈશ્વરીપ્રસાદને તો ઓળખો છો ને-ખૂબ ઈલમવાળો માણસ છે એ-દૂત માસિકનો સંપાદક-મારાં ખૂબ વખાણ કર્યાં હતાં.'

એની વાત સાંભળીને મને થયું કે, વ્યંકટેશ્વરને એક જ વાર સભ્ય શ્રોતાઓ સમક્ષ પોતાની કવિતા સંભળાવવાનો લહાવો મળ્યો હશે. એ દિવસ એના જીવનનો એક અમૂલ્ય અને સ્મરણીય દિવસ બની ગયો હશે. એવું મોટું સન્માન પછી ક્યારેય એને મળ્યું લાગતું નથી.

## ૧૩

**લ**ગભગ ત્રણ મહિના પછી હું અમારા મહાલમાં પાછો ફરતો હતો. આટલા બધા દિવસે માપણીનું કામ પૂરું થયું. અગિયાર કોશ રસ્તો હતો, આ જ રસ્તે ગઈ વખતે પોષ સંક્રાંતિનો મેળો જોવા આવ્યો હતો. એ જ શાલ ને પલાશનાં વનો, પથરાથી ભરેલું ખુલ્લું મેદાન, ને ઊંચીનીચી શૈલમાળા. બે એક કલાકની મુસાફરી થઈ હશે ત્યાં ક્ષિતિજમાં એક ધૂંધળી રેખા દેખાઈ – એ જ મોહનપુરા સરકારી જંગલ.

આ પરિચિત દિશાનું ભાન કરાવનારા દૃશ્યને આજે ત્રણ મહિનાથી મેં જોયું નહોતું. આટલો વખત અહીં રહ્યા પછી, મને લવટૂલિયા ને નાઢા બઈહાર પ્રત્યે એવું પ્રબળ આકર્ષણ જન્મ્યું હતું કે, એ પ્રદેશને છોડીને કોઈ પણ ઠેકાણે હું વધારે સખત રહ્યો હોઉં તો મનને દુઃખ થાય, મનમાં એમ થાય કે જાણે દેશ છોડીને હું પરદેશમાં ઘૂમી રહ્યો છું. આજે ત્રણ મહિના પછી મોહનપુરા સરકારી જંગલની સીમારેખા જોઈને પ્રવાસી સ્વદેશે આવે ને જેવો આનંદ એને થાય તેવા આનંદનો મેં અનુભવ કર્યો. જો કે હજી લવટૂલિયાની સીમા અહીંથી સાત-આઠ માઈલ દૂર હશે.

હું ખેતરો પાસેથી પસાર થતો હતો ત્યાં ખેતરોની બાજુથી કોઈએ મને બોલાવ્યો : 'બાબુજી! ઓ બાબુજી! બાબુજી...'

મેં ધ્યાનથી જોયું તો ગયા વર્ષવાળી પેલી મંચી જ હતી. મને આશ્ચર્ય પણ થયું ને આનંદ પણ થયો. મેં ઘોડો ઊભો રાખ્યો ત્યાં મંચી હસતી હસતી હાથમાં દાતરડા જોડે જ દોડતી આવી ને મારા ઘોડાની પાસે ઊભી રહી. એણે કહ્યું, 'મેં દૂરથી જ ઘોડો જોઈને તમને ઓળખી કાઢ્યા. આ બાજુ ક્યાં ગયા હતા બાબુજી? કુસુમીની કાપણી કરીએ છીએ બાબુજી! સાંજ પડી ગઈ છે. ઊતરો, ઘોડા પરથી ઊતરો. અમારી ખૂપરી પાસે જ છે.'

મારાથી ના ન કહેવાઈ. મંચીએ કામ પડતું મૂકી મને લઈને એની ઝૂંપડી તરફ જવા માંડ્યું. મંચીનો સ્વામી નકછેદી ભગત મારા આવવાના સમાચાર સાંભળીને ખેતરમાંથી આવ્યો. નકછેદીની પહેલી વારની પત્ની રસોઈ

કરતી હતી. એ પણ મને જોઈને રાજી થઈ. મંચી પાણી લઈ આવી. રસોઈની બધી વ્યવસ્થા કરીને બોલી, 'મારે હાથે બનાવેલી રસોઈ તો બાબુજી તમે ખાશો નહિ. તો તમે જાતે જ રસોઈ કરો.'

'શા માટે તારી બનાવેલી રસોઈ ન ખાઉં? તારાથી જે કાંઈ રંધાય તે રાંધ.'

રાંધતાં રાંધતાં મંચી અત્યાર સુધી એ લોકો ક્યાં ક્યાં ફરતાં હતાં તેની વાતો કરવા લાગી. પહાડમાં અડદની કાપણી કરવા ગઈ હતી. ત્યારે એણે એક બકરો પાળ્યો હતો, એ બકરો કેમ ખોવાઈ ગયો, તે બધી વાત ત્યાં બેઠાં બેઠાં મારે સાંભળવી પડી.

મને કહે, 'બાબુજી, કંકવારામાં ગરમ પાણીના કુંડ છે તે તમે જાણો છો? એની પાસે જ તો તમે ગયા હતા. ત્યાં ગયા નહિ?'

મેં કહ્યું, 'કુંડની વાત સાંભળી છે, પણ ત્યાં જવાનું બન્યું નથી.'

મંચીએ કહ્યું, 'જાણો છો બાબુજી? હું ત્યાં નાહવાને ગઈ ત્યારે મને મારી. મને નાહવા ન દીધી.'

'પછી શું થયું?'

'શું થાય બાબુજી? અમે ગરીબ ગંગોતા કાપણી કરવાવાળા મજૂર. અમારી ફરિયાદ કોણ સાંભળે?'

મેં રહ્યું, 'રડીશ નહિ. તને હું મોંઘીરના સીતાકુંડમાં નવડાવીશ.'

મંચીએ કહ્યું, 'આપ આ વાત લખી લેજો. તમારા બંગાળીબાબુઓની કલમમાં ઘણું જોર હોય છે. એ પાજીઓને ખબર પડશે કે કેટલે વીશે સો થાય છે.'

મેં ઉત્સાહથી કહ્યું, 'હું જરૂર આ વાત લખીશ.'

પછી મંચીએ ખૂબ જતનથી મને જમાડ્યો. એનો આગ્રહ ને એની ખાતરબરદાસ્ત મને ખૂબ ગમ્યા. મંચીના આતિથ્યનો અનુભવ કરી જ્યારે હું પાછો ફરતો હતો ત્યારે મને થયું, 'આનંદ, સ્વાસ્થ્ય અને સરળતાની એ પ્રતિમા છે. આ વનભૂમિની એ વનલક્ષ્મી છે. પરિપૂર્ણ યૌવના, પ્રાણમયી, તેજસ્વિની એટલે કે મુગ્ધા, ભોળી ને બાળક જેવા સ્વભાવની.

બંગાળીની કલમ ઉપર ભરોસો રાખનારી એ વનસુંદરીને તે દિવસે જે વચન આપી આવ્યો હતો, આજે તે મેં પાળ્યું. આટલા સમય પછી, એથી એનું શું ભલું થશે તે મને ખબર નથી. અત્યારે એ ક્યાં છે, કેવી દશામાં છે ને જીવતી છે કે નહિ તે પણ કોણ જાણે છે?!

❖ ❖

એક દિવસ રાજા દોબરૂ પાન્નાનો કાગળ મળ્યો. એને ત્યાં શ્રાવણપૂર્ણિમાનો ઝૂલનોત્સવ હતો. તેમાં ભાગ લેવા મને આગ્રહપૂર્વક નિમંત્રણ આપ્યું હતું. રાજુ ને મટુકનાથે પણ ત્યાં જવાનો આગ્રહ રાખ્યો, એટલે એમને પણ લઈ લીધા. એ લોકો ચાલતા જવાના હતા એટલે આગળ આગળ જ ચાલવા માંડ્યા.

લગભગ દોઢ વાગે તરાપામાં મિછિ નદી ઓળંગી. બધાને નદી પાર કરતાં અઢી વાગી ગયા. હું તો બધાને પાછળ મૂકી ઘોડા પર આગળ આગળ ગયો.

એ અરણ્યપ્રદેશમાં મેં જે વર્ષાનું દૃશ્ય જોયું તે અનન્ય હતું. વાદળોને લીધે દૂરદૂરની શૈલમાળા કાળી બની ગઈ. ચમકતી વીજળીભર્યાં કાળાં વાદળથી આકાશ છવાઈ ગયું, ક્યારેક રસ્તા પરના શાલ કે કેંદ વૃક્ષની શાખાઓ પર મોર પીછાં ફેલાવીને નૃત્ય માટે તૈયાર થઈ રહ્યા હતા, પહાડી ઝરણાંના પાણીમાં ગ્રામબાળકો અતિ ઉત્સાહથી કાશની કે વાંસની જાળી બનાવીને તેનાથી માછલી પકડતાં હતાં. ધૂળવાળા પથરા ભીંજાઈને સ્વચ્છ બની ગયા હતા ને તેથી કાળા દેખાતા હતા. તેની પર બેસીને ગોવાળો શાલનાં પાંદડાંની લાંબી બીડી ફૂંકતા હતા. શાંત અને સૂમસામ સ્થાન હતું. જંગલ પછી જંગલ, મેદાન પછી મેદાન, ઝરણાં, પહાડી ગામો, લાલ રંગની જમીન, ક્યારેક ફૂલથી ભરેલાં કદંબના કે પિયારનાં વૃક્ષો.

સાંજ થતાં પહેલાં હું દોબરૂ પાન્નાની રાજધાનીમાં પહોંચી ગયો. ગયે વખતે અમે જે ઓરડામાં રહ્યા હતા, તે મહેમાનો માટે લીંપીગૂંપીને સજાવીને તૈયાર રાખ્યો હતો. ભીંતો ગેરૂ રંગે રંગી હતી. એની પર વૃક્ષો, મોર ને કમળોનાં ચિતરામણો હતાં. શાલના થાંભલા પર લતા ને ફૂલોની ઝાલર લગાડવામાં આવી હતી.

થોડી વારમાં એક પિત્તળની રકાબીમાં કાપેલાં ફળો ને વાડકીમાં ગરમ દૂધ લઈને ભાનુમતિ આવી ને એની પાછળ પાછળ શાલનાં પાંદડાંમાં છૂટાં પાન, થોડાં સોપારી ને બીજો પાનનો મસાલો લઈને એની ઉંમરની એક બીજી છોકરી આવી.

મેં પૂછયું, 'કેમ ભાનુમતિ, મજામાં છે ને?'

ભાનુમતિને નમસ્કાર કરતાં આવડતું નહોતું. મારા સવાલના જવાબમાં મીઠું મીઠું હસતી એ બોલી, 'ને તમે?'

'હું તો મજામાં છું.'

'થોડું ખાઈ લો. આખા દિવસથી ઘોડા પર છો, તે ભૂખ તો ખૂબ લાગી હશે...'

મારા જવાબની અપેક્ષા ન રાખતાં તે મારી સામે ઘૂંટણ વાળીને નીચે બેસી ગઈ. થાળીમાંથી પપૈયાના બે ટુકડા કાઢીને મારા હાથમાં મૂક્યા. એનું આ સંકોચ વિનાનું બંધુત્વ મને ઘણું ગમ્યું. મારા જેવા માણસ માટે આ વ્યવહાર અદ્ભુત, અનપેક્ષિત ને તેથી જ નવો, મધુર ને સુંદર હતો. કોઈ આત્મીય ન હોય તેવી બંગાળી છોકરી આ રીતે વર્તે? સ્ત્રીઓના સંપર્ક વિષે આપણાં મન હંમેશાં સંકોચયુક્ત ને સંકુચિત હોય છે. એને વિષે ન તો આપણે મુક્ત રીતે વિચાર કરી શકીએ, ન તો આપણે એની જોડે મુક્ત રીતે વાતો કરી શકીએ કે ન તો સંકોચ વિના મળી શકીએ.

મેં બીજું એ પણ જોયું કે, આ પ્રદેશનાં મેદાનો જેવાં ખુલ્લાં છે, વન, મેઘમાળા ને ગિરિમાળાઓ જેવી મુક્ત ને ઉદાર છે તેવો જ સંકોચ વિનાનો, સરળ, કશાય અંતરાય વિનાનો ભાનુમતિનો વ્યવહાર છે. મનુષ્યનો મનુષ્ય જોડે જેવો હોવો જોઈએ તેવો જ સ્વાભાવિક. આવો જ સ્વાભાવિક વ્યવહાર મેં જોયો હતો મંચીનો અને વ્યંકટેશ્વરની પત્નીનો. અરણ્ય અને પહાડોએ એમનાં મનને મુક્ત બનાવ્યાં હતાં, દૃષ્ટિને ઉદાર બનાવી હતી, એ કારણે એમનો પ્રેમ પણ મુક્ત, દૃઢ ને ઉદાર છે. એમનું મન વિશાળ હોવાથી એમનો પ્રેમ પણ વિશાળ હોય છે.

પણ ભાનુમતિએ પાસે બેસીને પોતાને હાથે મને ખવડાવ્યું એની તો તુલના જ ન થઈ શકે. નારીના નિઃસંકોચ વ્યવહારનું માધુર્ય તે દિવસે મેં જીવનમાં પહેલવહેલું અનુભવ્યું. એ જ્યારે સ્નેહ આપે છે ત્યારે કોણ જાણે આ પૃથ્વીમાં કયા સ્વર્ગનાં દ્વાર ખોલી દે છે. ભાનુમતિમાં જે આદિનારી છે, તે નારીનો આત્મા સભ્યસમાજમાં સંસ્કારો અને બંધનોથી બેહોશ બનાવી દેવાયો હોય છે.

ઘણો સમય વીતી ગયો છે, છતાં ભાનુમતિના બંધુપ્રેમનાં ને સ્નેહભર્યા વર્તનનાં સ્મરણો હજી તાજાં જ છે, જંગલી સભ્યતાના એ દાન આગળ સભ્યસમાજના અનેક વૈભવો મારી દૃષ્ટિએ નિસ્તેજ બની જાય છે.

રાજા દોબરૂ ઉત્સવની તૈયારીમાં પડ્યા હતા. એ આવ્યા ને મારી પાસે બેઠા.

મેં પૂછયું, 'ઝૂલન શું આપને ત્યાં વર્ષોવર્ષ થાય છે?'

રાજા દોબરૂએ કહ્યું, 'આ તો અમારા વંશનો ઘણો પ્રાચીન ઉત્સવ છે. આ ઉત્સવમાં અનેક આત્મીય સ્વજન ઝૂલવા નાચવા આવે છે. કાલે અઢી મણ ભાત રંધાશે.'

સાંભળતાં સાંભળતાં કોણ જાણે ક્યારે હું ઊંઘી ગયો. ઊંઘમાં પણ કોણ જાણે કેટલી વાર મેં એમનાં ગીતો સાંભળ્યા.

❖ ❖

બીજે દિવસે ઝૂલનનો ઉત્સવ જોઈને મટુકનાથ, રાજુ ને મુનેધરસિંહ પણ મુગ્ધ બની ગયા. બીજે દિવસે સવારે ઊઠીને જોઉં છું, તો ભાનુમતિની ઉંમરની ત્રીશેક છોકરીઓ આસપાસનાં ગામોમાંથી ઉત્સવમાં ભાગ લેવા આવી હતી. મેં આ લોકોમાં એક સારો રિવાજ જોયો કે આવા નાચગાનમાં પણ આ લોકોમાંથી કોઈ મહુડાનો દારૂ પીતા નહોતા. રાજા દોબરૂને પૂછતાં એણે હસતાં હસતાં સગર્વ કહ્યું, 'અમારા વંશમાં સ્ત્રીઓ દારૂ પીતી નથી. એ ઉપરાંત મારી રજા સિવાય કોઈની ખેર નથી કે મારાં બાળબચ્ચાંની સામે દારૂ પીએ.'

સાંજ પહેલાં જ એક યુવકયુવતીઓનું દલ પહાડ તરફ ગયું. તેમની પાછળ પાછળ અમે પણ ગયા. એ એક મોટું સરઘસ હતું. પૂર્વ દિશા તરફ નવાદા લક્ષ્મીપુરની સરહદ પર ધનઝરી પહાડ, જે પહાડની નીચેથી મિછિ નદી ઉત્તર તરફ વહે છે, તે પહાડના વનની ટોચ પર પૂર્ણચંદ્ર ઊગતો હતો. એક તરફ નીચી ઉપત્યકા, જંગલો લીલમલીલાં હતાં. બીજી તરફ ધનઝરી શૈલમાળા હતી. માઈલેક ચાલ્યા પછી અમે પહાડની તળેટી આગળ આવી પહોંચ્યા. થોડા દૂર ઊંચે ગયા પછી એક સમતલ જગ્યા આવી. એ જગ્યાની વચ્ચોવચ જ એક પ્રાચીન પિયારનું વૃક્ષ હતું. વૃક્ષના થડને લતા અને ફૂલોથી મઢી લીધું હતું. રાજા દોબરૂએ કહ્યું, 'આ વૃક્ષ ઘણું જૂનું છે. હું બાળક હતો ત્યારનો જોતો આવ્યો છું કે આ વૃક્ષની નીચે ઝૂલનને વખતે સ્ત્રીઓ નાચે છે.'

અમે એક બાજુ તાડના પાનની ચટાઈ પાથરી તે પર બેઠાં. પછી ચાંદનીથી રસેલી એ ભૂમિમાં લગભગ ત્રીસેક છોકરીઓ ઝાડની આસપાસ ગોળાકારમાં નૃત્ય કરવા લાગી. જોડે જોડે મૃદંગ વગાડતા વગાડતા યુવકોનું જ દળ પણ એમની જોડે નાચતું હતું. ભાનુમતિ એ દળની સરદાર હતી, સ્ત્રીઓના માથામાં ફૂલના ગજરા હતા ને શરીર પર ફૂલનાં ઘરેણાં હતાં.

મોડી રાત સુધી આ નૃત્ય ને ગીત સતત ચાલ્યા કર્યાં. વચ્ચે વચ્ચે નર્તક-નર્તકીઓ થોડો વખત આરામ લેતાં ને પાછાં નૃત્ય શરૂ કરતાં. મૃદંગના બોલ, ચાંદની વર્ષાને લીધે હરિયાળી વનભૂમિ, શ્યામા છતાં પ્રમાણસર અંગોને લીધે સુંદર લાગતી એવી સ્ત્રીઓનું દળ - એ બધાના મિશ્રણથી કોઈ મોટા ચિત્રકારે જાણે આંકેલું હોય એવું આ ચિત્ર મધુર લાગતું હતું. એમનું આ આકુળ આવેદન કોઈ મધુર સંગીત જેવા ભાવો ઉપજાવતું હતું. મને સ્મરણ થયું ભૂતકાળના ઈતિહાસની સોલંકી રાજકન્યા ને તેની સહચરીઓના આવા જ ઝૂલણ નાચની કથાનું, ગોવાળ બાળક બાલ્યાદિત્યને રમવાને બહાને માળા પહેરવાની વાત પણ મને યાદ આવી. તેના કરતાં પણ બહુ દૂરના ભૂતકાળમાં,

પથ્થર યુગના ભારતના રહસ્યથી ઢંકાયેલા ઇતિહાસની બધી ઘટનાઓ મારી દૃષ્ટિ સમક્ષ બનતી મેં જોઈ - ભાનુમતિ અને એની સખીઓના નૃત્યમાં ભારતના આદિકાળની સંસ્કૃતિ મૂર્તિમન્ત થતી હતી. હજારો વર્ષ પહેલાં આવાં કેટલાંયે વનો, કેટલીયે પર્વતમાળાઓ, આવી કેટલીયે ચાંદની રાતો ભાનુમતિ જેવી કેટલીય બાલિકાઓના નૃત્યચંચલ ચરણોના છંદે આકુલ બની હતી! તેમના મુખનું હાસ્ય આજે પણ જીવંત છે. આ બધાં ગુપ્ત અરણ્યો ને શૈલમાળાઓની આડમાં છૂપાં રહીને તેઓ તેમના વર્તમાન વંશજોના લોહીમાં આજે પણ આનંદ ને ઉત્સાહની વાણી પાઠવે છે.

ઢળતી રાત. પશ્ચિમના જંગલની પાછળ ચંદ્ર ઢળી પડ્યો. અમે બધા પહાડ પરથી ઊતર્યા.

બીજે દિવસે ભાનુમતિ અને એના દાદા દોબરૂ પાન્ના મને કેમે કરીને જવા ન દે. પણ મારાથી કામને ઠેલાય એમ હતું નહિ, એટલે મારે ચાલી આવવું પડ્યું. જતી વખતે ભાનુમતિએ કહ્યું, ‘બાબુજી! કલકત્તાથી મારે માટે એક આરસી લાવી આપશો? મારી પાસે એક આરસી હતી, પણ તે ઘણા દિવસથી ભાંગી ગઈ છે.’

સોળ વર્ષની સુંદર નવયૌવનાને આરસીનો અભાવ! પણ આરસી બનાવાય છે કોને માટે? એક અઠવાડિયામાં પૂર્ણિયાથી એક સારો અરીસો મંગાવી મેં તેને મોકલી આપ્યો.

## ૧૪

**થોડા** મહિના પછી ફાગણ મહિનાની શરૂઆત હતી. લવટૂલિયાથી હું કચેરીમાં પાછો ફરતો હતો. જંગલમાં કુંડ આગળ બંગાળીમાં વાતચીત થતી ને હસાહસ સાંભળી મેં ઘોડો થોભાવ્યો. જેમ જેમ હું પાસે જતો ગયો તેમ તેમ મારું આશ્ચર્ય વધતું ગયું. સ્ત્રીઓનો પણ અવાજ સંભળાતો હતો. છે શું? જંગલમાં કુંડ આગળ હું ઘોડો લઈ ગયો. જઈને જોઉં છું તો ઝાઉની ઝાડીની પાસે શેતરંજી પાથરીને આઠ-દશ બંગાળી ભદ્ર પુરુષો ગપ્પાં મારતા હતા. પાંચ-છ સ્ત્રીઓ પાસે જ રાંધતી હતી, છ-સાત નાનાં નાનાં છોકરાં દોડાદોડ કરતાં હતાં. આટલાં બધાં સ્ત્રી-પુરુષો આ ઘોર જંગલમાં છોકરાંઓને લઈને ક્યાંથી પર્યટન માટે આવ્યાં હશે તે ન સમજાતાં હું અવાક બનીને ઊભો રહ્યો. એટલામાં બધાંની નજર મારી તરફ ગઈ. એક જણે બંગાળીમાં કહ્યું, ‘અરે! આ જંગલી માણસ અહીં ક્યાંથી આવ્યો?’

હું ઘોડા પરથી ઊતર્યો ને તેમની પાસે જતાં જતાં મેં કહ્યું, ‘તમે બંગાળી લાગો છો. અહીં ક્યાંથી આવ્યાં?’

એમને આશ્ચર્ય પણ થયું ને તેઓ મૂંઝાયા પણ ખરાં. ને કહ્યું, ‘ઓ! આપ મહાશય બંગાળી છો? હેં … હેં … ખોટું લગાડતા નહિ. અમે ધાર્યું … હેં … હેં …’

મેં કહ્યું, ‘ના, ના, એમાં ખોટું લગાડવા જેવું શું છે? તમે લોકો આવ્યાં ક્યાંથી? તેમાં વળી સાથે સ્ત્રીઓને પણ લઈને?’

અમે વાતોએ વળગ્યા. એ લોકોમાં જે પુખ્ત ઉંમરનો માણસ હતો, તે રિટાયર્ડ ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ હતો ને રાવબહાદુર હતો. બીજાં બધાં તેનાં છોકરા, ભત્રીજા, ભત્રીજી, છોકરીઓ, પૌત્રી, જમાઈ, જમાઈના મિત્રો વગેરે હતાં. રાવબહાદુરને કલકત્તામાં એક ચોપડી વાંચતાં ખબર પડી કે પૂર્ણિયા જિલ્લામાં શિકાર કરવાની ખૂબ મજા છે, તેથી શિકારની કોઈ સગવડ છે કે નહિ તે જોવા માટે, પૂર્ણિયામાં તેનો ભાઈ મુન્સફ હતો, તેને ત્યાં એ લોકો આવ્યાં હતાં. આજે સવારે ત્યાંથી તેઓ ટ્રેનમાં બેઠાં, ને લગભગ દશ વાગે કટોરિયા ઊતર્યાં. ત્યાંથી હોડીમાં કોશી નદી પાર કરીને અહીં પર્યટન કરવા આવ્યાં હતાં, કારણ કે એમણે બધાને મોઢે સાંભળ્યું હતું કે, લવટૂલિયા, બોમાઈબૂર ને ફૂલકિયા બઈહારનાં જંગલો જોયા વિના જવું, એ ગયેલું ફોગટ છે. પર્યટન પૂરું થતાં, ચાર માઈલ ચાલીને મોહનપુરાના જંગલની નીચે, કોશી નદી હોડીમાં એ લોકો પાર કરશે, ને ત્યાંથી આજે રાત્રે જ કટોરિયાથી ટ્રેન પકડશે.

આ લોકો જંગલમાં આટલે દૂર ‘પિકનિક’ કરવા શા માટે આવ્યાં તે જ મને તો સમજાય નહિ. આ લોકો આવ્યાં હતાં શિકાર કરવા, સસલાં, પંખીઓ, હરણ વગેરે જાણે રસ્તા પર જ એમની બંદૂકની ગોળી ખાવાની રાહ જોઈને જ ન બેઠાં હોય!

જતી વખતે તેઓ જમાવેલા દૂધના કેટલાક ખાલી ડબ્બા ને મુરબ્બાના (જામ) ડબ્બા ત્યાં મૂકતા ગયા. લવટૂલિયા જંગલનાં વૃક્ષોની નીચે એ વસ્તુ મારી નજરને એટલી ગંદી લાગી કે, ન પૂછો વાત.

❖ ❖

આ વખતે મજૂરોમાં મંચીને જોઈ નહિ, તેથી મને ઉદ્વેગ પણ થયો ને આશ્ચર્ય પણ થયું. એણે વારંવાર કહ્યું હતું કે, ઘઉંની કાપણી વખતે એ ચોક્કસ અમારા મહાલમાં આવશે. કાપણીનો મેળો ભરાયો, ઊઠી પણ ગયો, પણ એ શા માટે ન આવી તે કાંઈ સમજાયું નહિ. ફસલનો મેળો જેઠ મહિનાની અધવચમાં પૂરો થયો. એવામાં એક દિવસ મોટી કચેરીના આંગણામાં નકછેદી

ભગતને જોઈ મને આશ્ચર્ય થયું. નકછેદી મારા પગને પકડીને પોક મૂકીને રડ્યો. મારું આશ્ચર્ય વધ્યું. મેં મારા પગ લઈ લીધા ને પૂછયું, 'પણ છે શું તે તો કહે! તમે લોકો આ વખતે ફસલ કાપવા માટે આવ્યાં નહિ? મંચી મજામાં છે ને? એ ક્યાં છે?'

એના જવાબમાં નકછેદીએ કહ્યું તેનો સારાંશ એ હતો કે, મંચી ક્યાં છે તે એ જાણતો નહોતો. ખાસ મહાલમાં કામ કરવાને વખતે જ મંચી એને છોડીને ક્યાંય ચાલી ગઈ છે. ઘણી શોધ કરવા છતાં એનો કાંઈ પત્તો લાગ્યો નહિ.

હું સૂનમૂન બની ગયો. નકછેદી ભગત તરફ મને જરા પણ સહાનુભૂતિ નહોતી. જે કાંઈ પણ ચિંતા હતી તે પેલી વન્ય સ્ત્રી માટે હતી. એ ક્યાં ગઈ? કોઈ તેને ભોળવીને લઈ ગયું હશે? એ કેવી સ્થિતિમાં ને ક્યાં હશે? મેં પૂછયું, 'એનો છોકરો ક્યાં છે?'

'એ તો ગયો. મહા મહિનામાં શીતળામાં મરી ગયો.'

સાંભળીને મને ઘણું દુઃખ થયું. બિચારી પુત્રમરણના શોકથી ઘેલી જેવી થઈ ગઈ હશે. અને જ્યાં પગ લઈ જાય ત્યાં ચાલી ગઈ હશે. થોડી ક્ષણ હું મૂંગો રહ્યો, પછી પૂછયું, 'તુલશી ક્યાં છે?'

'એ અહીં આવી છે. મારી જોડે જ છે. મને થોડી જમીન આપો હજૂર! અમારા બુઢ્ઢાબુઢ્ઢીનો ગુજારો હવે કાપણી પર નહિ થઈ શકે. મંચી હતી તો એના જોરે અમે ભટકતાં. એ અમારા હાથપગ ભાંગીને ચાલી ગઈ.'

મને પણ યાદ આવ્યું કે, મંચીએ ગયે વર્ષે મારી આગળ કલકત્તા જવાનો ખૂબ આગ્રહ બતાવેલો. એ લુચ્ચા રજપૂત છોકરાએ કલકત્તા બતાવવાને બહાને એને ભગાડી હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી. જમીન આપી પણ ખરી. સદર કચેરીમાંથી હુકમ આવ્યો કે, નાઢા બઈહારમાં જેમ બને તેમ જલદી માણસો વસાવો. એટલે પહેલામાં પહેલો મેં ત્યાં નકછેદીને વસાવ્યો.

નકછેદીએ જમીન લીધા પછી હું એની ખૂપરી પર ગયો નહોતો. તે દિવસે સાંજના નાઢા બઈહારમાંથી હું પસાર થતો હતો ત્યારે જોયું તો એક ઠેકાણે થોડી જમીન સાફ કરી હતી ને ત્યાં કાશની બે ખૂપરીઓ હતી. એકમાંથી અજવાળું બહાર આવતું હતું. મને ખબર નહિ કે એ ખૂપરી નકછેદીની હશે. ઘોડાના દાબડાંનો અવાજ સાંભળી જે પ્રૌઢ સ્ત્રી ખૂપરીમાંથી બહાર આવી, તે તુલશી જ હતી.

'તમે લોકોએ અહીં જમીન લીધી છે કે? નકછેદી ક્યાં છે?'

તુલશી મને જોઈને જરા વિચારમાં પડી ગઈ. પછી હાંફળી-ફાંફળી થઈને એણે ઘઉંના ભૂસાની ગાદી પાથરી મને કહ્યું, 'ઘોડા પરથી ઊતરીને

આની પર બેસો બાબુજી! લવટૂલિયા ગયા છે, દુકાનેથી તેલ-મીઠું વગેરે લાવવા. મોટા છોકરાને સાથે લઈને ગયા છે.'

'આવા ઘોર જંગલમાં તું એકલી જ છે?'

'એનાથી તો હું ટેવાઈ ગઈ છું, બાબુજી! એમ બીવાનું કાંઈ અમારા જેવા ગરીબોને પરવડે? મારે એકલીએ તો રહેવું પડતું નહોતું પણ નસીબ વાંકું એટલે શું થાય? જ્યાં સુધી મંચી હતી, ત્યાં સુધી જંગલનો કે પ્રાણીનો કશો ડર નહોતો. એનામાં ગજબનું સાહસ ને તેજ હતું, બાબુજી!'

ખૂપરીની ચારે બાજુ મિલોનાં કાળાં ભૂંગળાં જેવાં કેંદનાં કાળાં કાળાં અને આસમાનને અડતાં હોય એવાં વૃક્ષો ઊભાં હતાં. જાણે કૅલિફોર્નિયાના 'રેડ વુડ'નું જંગલ હોય એવું લાગતું હતું. ચામાચીડિયાં, ઘુવડ વગેરે નિશાચર પક્ષીઓના અવાજો ને ફડફડાટ વૃક્ષો પરથી સંભળાતા હતા. વૃક્ષોમાં આગિયાનાં ઝુંડનાં ઝુંડ ચમકી રહ્યાં હતાં. ખૂપરીની પાછળના વનમાં જ શિયાળવાં રડતાં હતાં. મને સમજાતું નહોતું કે, નાનાં નાનાં બાળકોને લઈને એની મા આ એકાંત જંગલમાં શી રીતે રહેતી હશે? હે વિજ્ઞ, રહસ્યમય અરણ્ય આશ્રિતો પર ખરેખર તારી અસીમ કૃપા ઊતરેલી હોય છે.

એ અંધારી રાતે આ વનભૂમિની કેવી વર્ણનાતીત શોભા મેં જોઈ! પણ જેવો વિચાર આવ્યો કે નાઢા બઈહારનું વન હવે ઝાઝા દિવસ રહેવાનું નથી ત્યાં મારું મન ઉદાસ બની ગયું. હું જેને આટલું બધું ચાહું છું તે જંગલનો વિનાશ મારે હાથે જ થવાનો! બે વર્ષમાં તો આખા મહાલમાં માણસો રહેવા આવશે, અહીં ગંદી પોળો ને કદરૂપાં ઘરો વસશે. પ્રકૃતિએ પોતાને હાથે સજાવેલાં, ને એની સેંકડો વર્ષની સાધનાનાં ફળરૂપ આ નાઢા બઈહાર, એનું અતુલનીય વન્યસૌંદર્ય ને દૂર સુધી વિસ્તરેલું મેદાન એ બધાંને લઈને એ કોણ જાણે ક્યાં અલોપ થઈ જશે ને એના બદલામાં શું મળશે?

ઘાસથી છવાયેલાં કદરૂપાં ઘરો, ગૌશાળા, મકાઈનાં ખેતરો, ધાનનાં ખળાં, કાથીની દોરીની ખાટલીઓ, હનુમાનજીની ધજા, થુવેરનાં કાંટાની વાડ, ને ભરપૂર શીતળા ને કોલેરા.

હે અરણ્ય, હે સુપ્રાચીન, અમને માફ કરજે.

❖ ❖

આસો મહિનો હતો. એક દિવસે મને કાગળ મળ્યો કે રાજા દોબરૂ પાન્ના મરી ગયો છે. રાજકુટુંબ ઘણી મુસીબતમાં છે. વખત હોય તો મારે ત્યાં જવું - પત્ર ભાનુમતિના મોટાભાઈ જગરૂ પાન્નાએ લખ્યો હતો. હું તરત જ ઊપડ્યો ને સાંજ પડતાં પહેલાં ચકમકી ટોલા પહોંચી ગયો. રાજાનો મોટો

છોકરો અને પૌત્ર મને લેવા આવ્યા. મને ખબર પડી કે રાજા દોબરૂ ગાય ચરાવતાં ચરાવતાં એકદમ પડી ગયા ને એમના ઘૂંટણમાં સખત વાગ્યું, એને લીધે આખરે તેઓ મરણ પામ્યા.

રાજાના મુત્યુના સમાચાર મળતાવેંત શાહુકાર આવ્યો, ને એણે ગાયભેંસોને પોતાના કબજામાં લઈ લીધી. જ્યાં સુધી પૈસા નહિ મળે ત્યાં સુધી ગાયભેંસોનો કબજો નહિ મળે એમ એ કહેતા હતા. આમ એ લોકો પર એક પર બીજી આફત આવ્યે જ જતી હતી. આવતી કાલે જ નવા રાજાનો અભિષેક કરવો જોઈએ પણ એના માટે ખર્ચના પૈસા ક્યાંથી કાઢવા? તે ઉપરાંત જો ગાયભેંસ શાહુકાર લઈ જાય તો રાજકુટુંબની અવસ્થા બહુ જ ખરાબ બની જાય. એના દૂધ-ઘીના વેચાણમાંથી રાજકુટુંબનો અર્ધોઅર્ધ ખર્ચ નીકળતો હતો, એટલે એ લોકો ભૂખે મરે એવી સ્થિતિ હતી.

આ બધી વાત સાંભળીને મેં શાહુકારોને બોલાવ્યા. એમાંનો મુખ્ય માણસ બીરબલસિંહ આવ્યો. એ મારી કોઈ વાત સાંભળવા તૈયાર નહોતો. એણે સાફ સંભળાવી દીધું કે જ્યાં સુધી પૈસા નહિ મળે ત્યાં સુધી ગાયભેંસને એ છોડવાનો નથી. મને એ માણસ સારો ન લાગ્યો.

‘દાદાજી મરી ગયા. આ દુનિયામાં હવે મારું કોઈ રહ્યું નહિ બાબુજી!’ ભાનુમતિ નાના બાળકની જેમ પોશપોશ આંસુએ રડતાં આટલું બોલી.

એની વાત સાંભળી મને હસવું આવતું હતું. એના દાદા જ ફક્ત મરી ગયા હતા. મા, બાપ, ભાઈ, માની મા, કાકા, કાકી બધાં તો જીવતાં હતાં. આવો મોટો ભર્યો ભર્યો સંસાર છે ને! ગમે એમ કહીએ તો પણ ભાનુમતિ એક સ્ત્રી હતી, ને તેમાં પાછી બાળક, તેથી પુરુષની સહાનુભૂતિ આકર્ષવા માટે સ્ત્રીસહજ આદર મેળવવાની પ્રવૃત્તિ એનું અજ્ઞાત મન કરે એ સ્વાભાવિક હતું.

સમાધિસ્થાનના તે જ વડની નીચે જ્યારે અમે પહોંચ્યાં ત્યારે દિવસ આથમતો હતો. મેં ભાનુમતિને થોડાં વન્યફૂલો વીણી લાવવા કહ્યું. મારે દોબરૂની સમાધિ પર ફૂલ ચડાવવાં હતાં. સમાધિ ઉપર ફૂલ ચડાવવાનો રિવાજ એમના દેશમાં કોઈ જાણતું નહોતું. મારો ઉત્સાહ જોઈ એણે પાસેથી જ વન્ય શેફાલિ પુષ્પો વીણીને લાવી આપ્યાં. પછી ભાનુમતિએ તથા મેં એક સાથે રાજા દોબરૂ પાન્નાની સમાધિ પર ફૂલ ચડાવ્યાં, બરાબર એ જ વખતે વડની ડાળીએથી સિલ્લીનું ઝુંડ પાંખો ફફડાવતું ને બોલતું બોલતું ઊડી ગયું. જાણે કે ભાનુમતિ અને રાજા દોબરૂ પાન્નાના બધા પૂર્વજો આ કાર્યથી સંતોષ પામીને સમસ્વરે બોલતા હતા : ‘સાધુ! ... સાધુ!’ કારણ કે આર્ય જાતિના વંશનું અનાર્ય રાજાની સમાધિ પ્રત્યે આ પ્રથમ જ સન્માન નિવેદન હતું.

# ૧૫

**ધા**ઉતાલ શાહુ પાસે મારે એક વાર હાથ ધરવો પડ્યો. તે વખતે વસૂલાત બહુ ઓછી થઈ ને દશ હજાર રૂપિયા સરકારી મહેસૂલ આપવાની હતી. તહેસીલદાર બનવારીલાલે સલાહ આપી કે, 'બાકીના પૈસા ધાઉતાલ શાહુ પાસે ઉછીના લો. તમને આપતાં એ જરાય આનાકાની નહિ કરે.' ધાઉતાલ શાહુ અમારા મહાલની પ્રજા નહોતો. એ સરકારી ખાસમહાલમાં રહેતો હતો. અમારી સાથે એને કોઈ પણ પ્રકારનો લેવડદેવડનો સંબંધ નહોતો. એવી પરિસ્થિતિમાં મારા પર વિશ્વાસ મૂકીને વ્યક્તિગત રીતે મને ત્રણેક હજાર રૂપિયા ઉધાર આપે તે વિષે મને શંકા હતી.

પણ ગરજ બહુ બૂરી ચીજ છે. એક દિવસ બનવારીલાલને સાથે લઈને છાનોમાનો ધાઉતાલ શાહુને ઘેર ગયો. કચેરીના કોઈ માણસને આ વાતની ખબર પડવા દીધી નહિ, કારણ કે જો દેવું કરીને હું સરકારી મહેસૂલ ભરું છું એવી એમને ખબર પડે તો બહુ ખોટું થાય.

'અમારી કચેરીમાં ઉઘરાણાના પૈસા ઓછા આવ્યા છે. એટલે મારે સાડા ત્રણ હજાર રૂપિયાની ઘણી જરૂર છે. સરકારી મહેસૂલ ચૂકવવાની છે. એથી તમારી પાસે આવવું પડ્યું.' આ વાત કહેવાની જ હતી, એટલે આખરે ગમે એમ કરીને કહી નાખી.

મેં વિચાર કર્યો કે, હવે અસલ વાત કરવી જોઈએ. રૂપિયા મારે મારી વ્યક્તિગત જવાબદારી પર લેવાના હતા, કારણ કે જમીનદારને નામે ઉધાર પૈસા લેવા માટે મારી પાસે મુખત્યારનામું નહોતું. આ વાત જાણ્યા પછી પણ શું ધાઉતાલ રૂપિયા આપે ખરો? હું રહ્યો પરદેશી માણસ. મારી પાસે એવી અહીં કઈ સંપત્તિ હતી, કે જેની પર મને આટલા બધા રૂપિયા મળે? આ વાત જરા સંકોચપૂર્વક મેં શાહુજીને જણાવી.

'શાહજી! લખાણ મારે નામે કરવું પડશે. જમીનદારને નામે નહિ થઈ શકે.'

ગામનો એક બીજો માણસ ત્યાં બેઠો હતો. તે બોલ્યો, 'કોઈ માણસ ગમે તેવી મુશ્કેલીમાં આવ્યો હોય ને શાહજી પાસે હાથ લંબાવે, તેને એમણે કદી ખાલી હાથે પાછો કાઢ્યો નથી બાબુજી! એ જૂના જમાનાના આદમી છે. આવો મોટો કારભાર કરવાવાળા છે, પણ ક્યારેય એ કોઈની પાસે પૈસા વસૂલ

કરવા અદાલતનો આશરો લેતા નથી. એમને અદાલતમાં જતાં બીક લાગે છે. બહુ ડરપોક છે, પણ એમના જેવા સજ્જન બીજા કોઈ મેં જોયા નથી.'

તે દિવસે ધાઉતાલ શાહુ પાસે મેં જે રૂપિયા ઉધાર લીધેલા, તેને પાછા વાળતાં લગભગ છ મહિના લાગેલા. એ છ મહિના દરમ્યાન ધાઉતાલ અમારી સરહદમાંથી પણ કદી પસાર થયો નથી, એ આશયથી કે ધાઉતાલ પૈસાનો તકાદો કરવા આવ્યો છે એવો મને જરા સરખોય ખ્યાલ ન આવે. આનાં કરતાં બીજો સજ્જન માણસ કેવો હોય!

❖ ❖

વર્ષેક દિવસથી હું રાખાલબાબુને ઘેર ગયો નહોતો. ફસલના મેળા પછી એક દિવસ ત્યાં ગયો. રાખાલબાબુની પત્ની મને જોઈને ખૂબ રાજી થઈ. એ બોલી, 'તમે કેમ આવતા નથી દાદા? અમારી કાંઈ ખબરઅંતર લેતા નથી! આ કોઈ પણ સગાંવહાલાં, બંધુબાંધવ વિનાની જગ્યામાં બંગાળીનું મોઢું જોવાનું મળતું નથી, તેમાં વળી અમારી આ હાલત...' બોલતાં બોલતાં દીદી રડવા લાગી.

મેં ચારે બાજુએ નજર ફેરવી. ઘર વગેરેની સ્થિતિ તો પહેલાં જેવી જ ખરાબ હતી. પણ આ વખતે પહેલાં જેવી અવ્યવસ્થિત દશા નહોતી. રાખાલબાબુનો મોટો છોકરો ઘરમાં જ મિસ્ત્રીનું કામ કરતો હતો. થોડું ઘણું કમાતો હતો. એમ છતાં એનાથી ગમે એમ તોયે ઘરસંસાર ચાલતો હતો.

મારે તરત જ પાછા ફરવું હતું પણ દીદીએ મને કેમે કરી જવા દીધો નહિ. એણે કહ્યું, 'રોકાવું જ પડશે. તમને જમાડ્યા સિવાય હું જવા દેવાની નથી.' લાચારીથી મારે રોકાવું પડ્યું. મકાઈના લોટમાં ઘી ને ખાંડ નાંખી કાંઈ લાડુ જેવું તૈયાર કર્યું, ને હલવો બનાવ્યો ને મને જમવા બેસાડ્યો. એક ગરીબને ઘેર જેટલો આદરસત્કાર થઈ શકે તેટલો એણે મારો સત્કાર કર્યો. મેં જરા આશ્ચર્યચક્તિ થઈને પૂછ્યું, 'શું તમે ખેતરમાં મકાઈ વીણવા જતાં હતાં?'

'હા. હું રાતે જતી હતી, કે જેથી કોઈને ખબર ન પડે. ગામની ઘણી સ્ત્રીઓ જાય છે. એમની જોડે આ ભાદરવા મહિનામાં ઓછામાં ઓછા દશ ટોપલા મકાઈ હું લઈ આવી હોઈશ.'

મને ઘણું દુઃખ થયું. આ કામ તો ગરીબ ગંગોતા સ્ત્રીઓ કરતી હતી. આ દેશની ક્ષત્રી વા રજપૂત સ્ત્રીઓ ગરીબ હોય તો પણ, ખેતરોમાં ફસલ વીણવા જાય નહિ. વળી એક બંગાળી સ્ત્રીને આ કામ કરવું પડે છે એ સાંભળીને મનને અત્યંત દુઃખ થયું. અહીંના અશિક્ષિત ગંગોતાઓ જોડે રહીને એ બધું હીન કામ કરતાં શીખી ગઈ હતી. એની ગરીબાઈ એ જ એનું મુખ્ય કારણ હતું

એ વિશે લેશ માત્ર પણ શંકા નહોતી. હું એને આ વિષે કશું સ્પષ્ટ રીતે કહી શક્યો નહિ. કદાચ એને બિચારીને ઘણું દુઃખ થાય. આ ગરીબ બંગાળી કુટુંબને બંગાળની કેળવણી કે બંગાળની સંસ્કૃતિ મળ્યાં નથી, એટલું જ નહિ પણ મને તો એમ લાગે છે કે થોડાં વર્ષો પછી એ ગંગોતા ખેડૂતના કુટુંબ જેવું બની જશે, ભાષા, વર્તન કે હાવભાવથી બધી જ રીતે. અત્યારથી જ એ દિશામાં એ કુટુંબે સારી એવી ગતિ કરી છે!

રેલવે સ્ટેશનેથી ઘણે દૂર ગામડામાં મેં બીજાં પણ એક બે બંગાળી કુટુંબો જોયાં છે. એ બધાં કુટુંબમાં છોકરીનાં લગ્ન એ એક મોટો કોયડો બની જાય છે. દક્ષિણ બિહારના દૂરના ગામડામાં વસતા એક બંગાળી બ્રાહ્મણ કુટુંબની મને ખબર છે. એમની અવસ્થા અત્યંત ગરીબ હતી. એ કુટુંબમાં ત્રણ છોકરીઓ હતી. મોટીની ઉંમર એકવીશ-બાવીશની હશે, વચલીની ઉંમર વીશની ને નાનીની ઉંમર સત્તર-અઢાર વર્ષની. એમનાં લગ્ન થયાં નહોતાં અને થવાની કોઈ પણ પ્રકારની સંભાવના પણ નહોતી. યોગ્ય ઘર મળવું, બંગાળી પાત્ર જડવું એ આ પ્રદેશમાં અત્યંત મુશ્કેલ બની જાય છે.

કેટલીય વાર વર્ષા જરા થંભી હોય, મેઘના થર પર થર જામ્યા હોય, સાંજનો સમય હોય, ત્યારે આ મુક્ત મેદાનની સીમાહીનતામાં મેં જાણે દેવતાઓનાં સ્વપ્ન જોયાં છે. આ મેઘ, આ સંધ્યા, આ વન, રડતાં શિયાળવાં, સરસ્વતી કુંડનાં પાણીનાં કમળો, મંચી, રાજુ પાંડે, ભાનુમતિ, મહાલિખારૂપના પર્વતો, પેલું દરિદ્ર ગોંડ કુટુંબ, આકાશ, એ બધા એ દેવતાની મહાન કલ્પનામાં એક દિવસ બીજરૂપે હતાં. એના આશીર્વાદથી આજના આ નવનીલનીરદમાલાની જેમ આખા વિશ્વને અમૃતની ધારાથી અભિષિક્ત કરે છે. વર્ષાની આ સાંજ એનો જ પ્રકાશ છે, આ ઉન્મુક્ત જીવનનો આનંદ એ એની જ વાણી છે. એ વાણી મનુષ્યને ચેતનમય બનાવે છે. એ દેવતાથી બીવા જેવું કંઈ નથી. આ સુવિશાળ ફૂલકિયા બઈહાર કરતાં પણ, આ વિશાળ મેઘસભર આકાશ કરતાં પણ, સીમાહીન ને અનંત એનો પ્રેમ ને આશીર્વાદ છે. જે જેટલો હીન હોય, જેટલો નાનો હોય, તેની પર એ વિરાટ દેવતાનો અદશ્ય પ્રસાદ ને અનુકંપા એટલાં વિશેષ હોય છે.

મારા મનમાં જે દેવતાનું સ્વપ્ન જાગતું હતું, એ પ્રવીણ વિચારક, ન્યાય ને દંડ આપનારા, સર્વજ્ઞ કે બહુદર્શી, અથવા અવ્યય, અક્ષય વગેરે દાર્શનિકતાના આવરણવાળા દેવતા નહોતા-નાઢા બઈહારનાં કે આઝમાબાદનાં ખુલ્લાં મેદાનોમાં ગોધૂલિ વખતે, સિંદૂરવર્ણું આકાશ, ચાંદનીથી આચ્છાદિત પ્રદેશ જોઈને મનમાં થતું હતું કે એ જ પ્રેમ ને રોમાંચકતા છે, કવિતા ને સૌંદર્ય

છે, શિલ્પ ને ભાવુકતા છે; એ પોતાના સાચા હૃદયથી બધાને ચાહે છે. પોતાની સુકુમાર કલાવૃત્તિથી સૃષ્ટિ સર્જે છે. પ્રિયજનોના પ્રેમને માટે સર્વ રીતે પોતાની જાતનું વિલોપન કરે છે. ફરી પાછું વિરાટ વૈજ્ઞાનિકની શક્તિ ને દૃષ્ટિ દ્વારા ગ્રહ, નક્ષત્ર ને નિહારિકાની સૃષ્ટિનું સર્જન કરે છે.

આ રીતે જ એક વર્ષાભીના શ્રાવણ મહિનાને એક દિવસે ધાતુરિયા કચેરીમાં આવ્યો. મેં એને ઘણે વખતે જોયો એટલે હું ખૂબ રાજી થયો. 'શી ખબર છે ધાતુરિયા? મજામાં ને?'

જે નાની પોટલીમાં એની બધી સાંસ્કારિક સંપત્તિ બાંધી હતી તે પોટલીને જમીન પર મૂકતાં ને બે હાથ જોડીને મને નમસ્કાર કરતાં એણે કહ્યું, 'બાબુજી, નાચ બતાવવા આવ્યો છું. હું તો ભારે મુસીબતમાં પડ્યો છું. આજે એક મહિનાથી કોઈએ નાચ માટે બોલાવ્યો નથી. મેં વિચાર કર્યો કે કચેરીમાં બાબુજી પાસે જાઉં. બાબુજી નાચની યોગ્ય કદર કરશે. બીજા પણ ઘણા નવા નાચ હું શીખ્યો છું.'

સાંજ પહેલાં ધાતુરિયાએ એનો નાચ બતાવ્યો. એનો નાચ જોવા જંગલના વિસ્તારમાંથી ઘણા લોકો આવીને કચેરીમાં ભેગા થયા હતા. પહેલાંના કરતાં ધાતુરિયાએ એની કલામાં ઘણી પ્રગતિ કરી હતી. એનામાં કલાકારની સાધના ને આરજૂ હતાં. મેં એને થોડા પૈસા આપ્યા ને કચેરીના માણસો પાસેથી ઉઘરાણું કરીને થોડા પૈસા અપાવ્યા. પણ મને થયું કે આનાથી એનું કેટલા દિવસ નભશે?

ધાતુરિયા બીજે દિવસે સવારે મારી વિદાય લેવા આવ્યો. ધાતુરિયાને છોડતાં જીવ ચાલતો નહોતો. મેં એને કહ્યું, 'જો અહીં તને થોડી જમીન આપું તો તું થોડી ખેતીબેતી કરે કે? એમાંથી તારું ગુજરાન ચાલી રહે.' ધાતુરિયા ઘણો રાજી થયો. એણે કહ્યું, 'તમે જે કહેશો તે આપણે કબૂલ. તમે બહુ સારા માણસ છો. હું ઝલ્લુ ટોલાથી પાછો અહીં જ આવીશ.'

ધાતુરિયા નૃત્યકલાનો સારો એવો જાણકાર હતો. એણે માખણચોર નટુઆનો નાચ બહુ સુંદર રીતે બતાવ્યો. એ જ રીતે બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડવાનું, ચોરેલા માખણની વહેંચણી કરવાની ભંગી, એ બધું ખૂબ સુંદર હતું. એને આ બધું વધુ યોગ્ય લાગતું હતું, કારણ કે એ સાચેસાચ બાળક હતો. ધાતુરિયાએ વિદાય લીધી. જતી વખતે એણે કહ્યું, 'બાબુજી, મારી ઉપર તમે આટલી બધી મહેરબાની રાખો છો તો પછી એક વાર મને કલકત્તા લઈ જાઓ ને? ત્યાં નાચની ઘણી કદર છે.'

ધાતુરિયાનું ને મારું એ આખરી મિલન હતું.

બે મહિના પછી સમાચાર મળ્યા કે, બી.એન.ડબલ્યુ. લાઈનના કટોરિયા સ્ટેશનથી થોડે દૂર રેલવે લાઈન ઉપર એક બાળકનું શબ પડ્યું હતું. બધાએ એ શબ નૃત્યકાર ધાતુરિયાનું હતું તે ઓળખ્યું. એ આપઘાત, અકસ્માત કે ખૂન હતું તે હું કહી શકતો નથી. જો આપઘાત હોય તો કયા દુઃખને લીધે એણે એમ કર્યું હશે?

આ પ્રદેશમાં છેલ્લાં બે વર્ષમાં હું જેમના જેમના પરિચયમાં આવ્યો છું, એ બધામાં ધાતુરિયા કોઈ અનોખી જ વ્યક્તિ હતી. એનામાં નિર્લોભ, હંમેશાં ચંચલ, આનંદમય, અવૈષયિક ને સાચા કળાકારનો જે પરિચય થયો હતો, તે માત્ર આ અરણ્યપ્રદેશમાં જ નહિ, પણ સભ્ય કહેવાતા પ્રદેશના માણસમાં પણ દુર્લભ હતો.

❖ ♦❖

બીજાં ત્રણ વર્ષો વીતી ગયાં.

નાઢા બઈહાર અને લવટૂલિયાનો આખો પ્રદેશ બધો અપાઈ ગયો. ત્યાં હવે કયાંયે પહેલાંનું જેવું વન રહ્યું નહિ. પ્રકૃતિએ કેટલાંય વર્ષોથી નિર્જનતામાં ને એકાંતમાં જે કુંજની રચના કરી હતી, કેટલાં લતાવિતાન, કેટલી સ્વપ્નભૂમિ રચી હતી, મજૂરોના ક્રૂર હાથોથી એ બધાનું ખેદાનમેદાન થઈ ગયું. પચાશેક વર્ષની સમૃદ્ધિનો એક દિવસમાં વિનાશ થઈ ગયો. હવે ક્યાંય એ દૂર સુધી પથરાયેલી રહસ્યમય વનભૂમિ નહોતી, ચાંદનીથી શોભતી રાતે જ્યાં માયાપરીઓ રમવા ઊતરતી હતી, મહિષના દયાળુ દેવતા ટાંડવારો જ્યાં હાથ ઊંચા કરીને જંગલી ભેંસોને ફંદામાં ફસાવતી બચાવતા તે ભૂમિ હવે રહી નહિ.

નાઢા બઈહારનું નામ લુપ્ત થઈ ગયું. લવટૂલિયાનો હવે અલ્પઅંશ જ હતો. જ્યાં નજર નાંખીએ ત્યાં ઘાસનાં છાપરાં છે, કાશનાં પાનથી છવાયેલાં ઘર છે - ખૂબ જ ગંદાં, દીઠાં ન ગમે એવાં. જ્યાં ત્યાં બસ માણસો જ માણસો. જ્યાં ત્યાં શેરીઓ બની ગઈ હતી. ખાલી જગ્યા ખેતરોમાં ફેરવાઈ ગઈ હતી. નાનું સરખું ખેતર પણ કાંટાની વાડવાળું. ધરતીનું મુક્ત રૂપ કાપી કાપીને એના ટુકડે ટુકડા કરીને બધું બરબાદ કરી દીધું હતું. એક જ સ્થળ બાકી રહી ગયું હતું - સરસ્વતીકુંડના કાંઠાની વનભૂમિ.

નોકરીને ખાતર, માલિકના સ્વાર્થને ખાતર બધી જમીનની વહેંચણી કરી દીધી, પણ યુગલપ્રસાદને હાથે જેની સજાવટ થઈ હતી, તે અપૂર્વ વનકુંજમાં માણસો વસાવવાનું મન થતું નહોતું. કેટલીયે વાર જાતજાતના લોકો કુંડના કાંઠા પરની જમીનને માટે મારી પાસે આવ્યા હતા. વળી એ માટે ઘણું વધારે

ગણોત ને સલામી આપવા પણ તૈયાર હતા, કારણ કે એ જમીન ઘણી ફળદ્રુપ હતી ને પાસે જ પાણી હોવાથી મકાઈ વગેરેનો પાક પણ સારો થાય એમ હતું. પણ મેં નાની ના જ પાડ્યા કરી.

છતાં કેટલો વખત આમ ઠેલાય? વડી કચેરીમાંથી વારંવાર મને પૂછવામાં આવતું કે સરસ્વતીકુંડની જમીન આપવામાં વિલંબ શા માટે થાય છે? જાતજાતનાં બહાનાં કાઢી અત્યાર સુધી તો એ જમીન બચાવી હતી, પણ હવે બચાવી શકાય એમ નહોતું. માણસનો લોભ બહુ બૂરી વસ્તુ છે. થોડાં મકાઈનાં ડૂંડાંને કે થોડા સીંગદાણાને લોભે પ્રકૃતિની આવી રળિયામણી સ્વપ્નકુંજનો નાશ કરતાં એમને જરાય અરેરાટી થતી નથી. ખાસ કરીને અહીંના લોકો તો વૃક્ષો અને લતાના સૌંદર્યને તો પિછાનતા જ નથી. રમ્યભૂમિની શોભાને જોવાની એમને આંખ જ નથી. એમને તો ફકત એક વાતની સમજ છે કે, જનાવરની જેમ પેટ ભરવું. આપણા દેશને બદલે બીજો કોઈ દેશ હોત, તો કાયદો કરીને આવાં સ્થળો સૌંદર્યપિપાસુ પ્રકૃતિરસિક સ્ત્રી-પુરુષો માટે કૅલિફોર્નિયાના યોસેમાઈ નેશનલ પાર્ક, દક્ષિણ આફ્રિકાના કુગર નેશનલ પાર્ક કે બેલ્જિયન કૉંગોના આલ્બર્ટ નેશનલ પાર્કની જેમ સુરક્ષિત રાખત. આપણા જમીનદારો પ્રકૃતિસૌંદર્યને ઓળખતા નથી, એ લોકો તો ઓળખે છે સલામીના રૂપિયાને, ગણોતના રૂપિયાને, વસૂલાત, લેણું, એ બધાંને. આવા જન્માંધ મનુષ્યોના દેશમાં યુગલપ્રસાદ જેવો માણસ શી રીતે જન્મ્યો તે જ મને સમજાતું નથી, પણ એના મોઢા સામે જ જોઈને અત્યાર સુધી મેં સરસ્વતીકુંડના પ્રદેશને એમ ને એમ રહેવા દીધો હતો. પણ કેટલા દિવસ એને સુરક્ષિત રાખી શકીશ? જવા દો ને. મારુંય કામ પૂરું થવા આવ્યું હતું.

લગભગ ત્રણેક વર્ષથી બંગાળા ગયો નહોતો. ક્યારેક ક્યારેક તો બંગાળા જવા માટે મારું મન તલપી રહેતું. જ્યાં તરુણી કલ્યાણી વધૂ પોતાને હાથે સાંજનો દીવો પેટાવતી હોય, જ્યાં નારીનું દર્શન જ ન થાય, જ્યાં આવો ઉદાસ, ભયાનક અરણ્ય પ્રદેશ નથી એવું બંગાળા આખું જાણે મને મારું ઘર હોય એમ લાગતું.

કોણ જાણે શાથી મારા મનમાં આનંદની ભરતી આવી તે સમજાયું નહિ. ચાંદની રાત હતી. તત્કાળ જ મેં ઘોડા પર જીન ચડાવ્યું ને સરસ્વતીકુંડ તરફ રવાના થયો, કારણ કે નાઢા બઈહાર અને લવટૂલિયા બઈહારનાં વનો ખતમ થઈ ગયાં હતાં. જે કાંઈ અરણ્યશોભા ને નિર્જનતા હતી તે સરસ્વતીકુંડના કાંઠા પર જ હતી. મને સમજાયું કે મારા હૃદયમાં ઉદ્‌ભવેલી આનંદની ભરતીનો ઉપભોગ કરવાનું એક માત્ર બાકી સ્થાન સરસ્વતીકુંડનું તીરભૂમિ હતું.

સરસ્વતીકુંડનું ચાંદનીથી ચમકતું પાણી ને ફૂલોની શોભા, વન્ય શેફાલિની જ્યોત્સ્નામિશ્રિત સુગંધ, શાંત સ્તબ્ધતા, તેજી ઘોડાની રવાલ ચાલ, હૂ હૂ કરતો પવન, એ બધું મળીને એક સ્વપ્ન! સ્વપ્ન! આનંદનો ઘેરો નશો, હું જાણે યૌવનોન્મત તરુણ દેવતા હતો, જેને કોઈ જાતની રુકાવટ કે બંધનો નહોતાં. મુક્ત ગતિથી સમયની સીમાને ઓળંગીને હું જતો હતો. આ સફર જાણે મારી ભવિષ્યની વિજયલિપિ હતી, મારું સૌભાગ્ય હતું, મારી તરફ કોઈ સુપ્રસન્ન દેવતાનો પ્રથમ આશીર્વાદ હતો.

કદાચ હવે અહીં પાછો નહિ આવું. બંગાળામાં ગયા પછી કદાચ ત્યાં જ મરી જાઉં. વિદાય, સરસ્વતીકુંડ વિદાય, કાંઠા પરનાં વૃક્ષોની હારમાળા વિદાય! વિદાય, ચાંદનીથી પ્રકાશિત મુક્ત વનભૂમિ. કલકત્તાના કોલાહલપૂર્ણ ધોરી માર્ગ પર ઊભો રહીને હું તમારું સ્મરણ કરીશ, વિસ્મૃત જીવનના દિનોની વીણાના બહુ સ્પષ્ટ નહિ એવા ઝંકારની જેમ! મને યાદ આવશે, યુગલપ્રસાદે આણેલાં વૃક્ષો ને વેલીઓનાં બીજ ને રોપાઓ, પાણીના કિનારા પરનાં સ્પાઈડર લીલી ને કમળનાં વનો. તમારા વનમાં ગીચ ડાળ ને પાંદડાંમાંથી બપોરનો ઘુવડનો અવાજ સ્મરશે, અસ્તમેઘોની છાયાથી રંગાયેલી પૈનાકાંટાની ડાળીઓ, તારી ભૂરી જળરાશિની ઉપર ગગનમાં ઊડતી સિલ્લી ને લાલ હંસોની હાર, જળના કિનારાના પોચા કાદવમાં પડેલાં હરણનાં બચ્ચાનાં પગલાં, નિર્જનતા, સુગભીર નિર્જનતા, એ બધાથી સુશોભિત સરસ્વતીકુંડ વિદાય!

## ૧૬

**એ**ક દિવસ મેં યુગલપ્રસાદને કહ્યું, ‘ચાલ, મહાલિખારૂપ પહાડ પર નવા ઝાડપાલા શોધી લાવીએ.’

યુગલપ્રસાદે ઉત્સાહપૂર્વક કહ્યું, ‘આ પહાડના જંગલમાં એક પ્રકારની લતા મળે છે, જે બીજે ક્યાંય નથી મળતી. એને આ પ્રદેશમાં ચીહડ કહે છે. ચાલો શોધી કાઢીએ.’

મહાલિખારૂપ પહાડ લગભગ નવ માઈલ દૂર હતો. અમારી કચેરીમાંથી એ ઝાંખો દેખાતો. પહાડની તળેટીમાં પહોંચતાં દશ વાગી ગયા.

એ દિવસે કેવો મજાનો તડકો ને કેવું મજાનું ભૂરું આકાશ હતાં! આકાશનો આવો ભૂરો રંગ મેં ક્યારેય જોયો નહોતો. આકાશ શું આવું ભૂરું હશે! તડકાની કેવી અનોખી છટા હતી! ભૂરું આકાશ મનને જાણે શરાબના નશાથી ચકચૂર કરી દેતું હતું.

ગાઢ જંગલ હતું. આવી ઘન વિજન અરણ્યભૂમિમાં ચિત્તમાં એક પ્રકારની અપૂર્વ શાંતિ ને કોઈપણ જાતનાં બંધન વિનાની સ્વાધીનતાનો અનુભવ હું કરવા લાગ્યો.

અમે પર્વત પર ચડવા માંડ્યું. માથા ઉપરનાં મોટાં મોટાં વૃક્ષો સૂર્યના તાપને ઝીલતાં હતાં. નાનાં મોટાં ઝરણાં કલકલ નિનાદ કરતાં વનમાંથી વહી જતાં હતાં. હરીતકી વૃક્ષોનાં પાંદડાં કેલિકદંબ વૃક્ષોનાં મોટાં મોટાં પાંદડાંની જેમ હવાને રોકીને શન્‌શન્ અવાજ કરતાં હતાં. એવામાં વનમાં મોરનો ટહુકો સંભળાયો.

વાઘના ભયને લીધે અમારા સાથીઓ પહાડ પરથી નીચે ઊતરવાની ઉતાવળ કરવા લાગ્યા. નહિ તો, આ ઊતરતી સંધ્યાએ, ગીચ છાયામાં, નિર્જન ને પહાડોના શિખરોવાળી વનભૂમિ છોડીને પાછા વળવાની જરાય ઈચ્છા નહોતી.

લાચારીથી અમારે ઊતરવું પડ્યું. પહાડના જંગલના કેલિકદંબ વૃક્ષની આડમાં શુક્ર ને બૃહસ્પતિ તગતગતા હતા.

❖ ❖

સુંદર ચાંદની રાત હતી. યુગલપ્રસાદ ને રાજુ પાંડે ગપ્પાં મારવા આવ્યા હતા. કચેરીથી થોડે દૂર થોડાં માણસો આવીને વસ્યાં હતાં. ત્યાંથી પણ એક માણસ આવ્યો હતો. ચારેક દિવસથી એ સહકુટુંબ છાપરા જિલ્લામાંથી અહીં આવીને વસ્યો હતો.

એમનો પ્રેમવિરહ, જીવનમૃત્યુ એ બધું મારા માટે નવું ને વિચિત્ર હતું. પણ બધા કરતાં મને વિચિત્ર તો આ માણસની ઉન્નતિની આશા લાગી. આ લવટૂલિયા જંગલમાં સામાન્ય પાંચ-દશ વીઘાં જમીનમાં ઘઉંની ખેતી કરવાથી એની શી રીતે ઉન્નતિ થવાની હતી તે તો મને સમજાયું નહિ.

એ માણસ પચાસ વર્ષની ઉપરનો હશે. એનું નામ બલભદ્ર સેંગાઈ હતું. એ જાતનો કલાકાર હતો. આ ઉંમરે પણ ઉન્નતિ કરવાની એની ઈચ્છા હતી.

આ લોકોની વૈષયિક ઉન્નતિની વાતો મને નવાઈભરી લાગી. ઉન્નતિ વિષેના આ લોકોના ખ્યાલો કાંઈ ખાસ ઊંચા નહોતા. છ ભેંસોને બદલે દશ કે બાર ભેંસો એટલે ઉન્નતિ. આ દૂરદૂરના ને દુર્ગમ અરણ્યમાં ને શૈલમાળાથી વીંટળાયેલી આ ભૂમિમાં માણસના મનની આશાઆકાંક્ષા કેવી હોય છે, એ જાણવાનો સુયોગ પ્રાપ્ત થતાં, આજની ચાંદની રાત મને અદ્‌ભુત ને રહસ્યમય જણાઈ. માત્ર ચાંદની રાત જ શા માટે, પણ મહાલિખારૂપના એ પહાડો,

દૂરદૂરની ધનઝરી શૈલમાળા, પહાડની ઉપરની ઘન વનશ્રી - એ બધું પણ અદ્‌ભુત ને રહસ્યમય હતું.

❖ ❖

ત્રણ-ચાર મહિનામાં મહાલિખા પહાડથી તે લવટૂલિયા ને નાઢા બઈહારના ઉત્તર સીમાડા સુધી લોકો રહેવા આવી ગયા. જમીન લોકોને આપી હોવાથી ખેતીની શરૂઆત તો પહેલાંથી થઈ હતી, પણ વસતી આટલી બધી વધી ગઈ નહોતી. આ વર્ષે લોકોનાં ટોળેટોળાં આવ્યાં ને રાતોરાત ગામડાં વસવા લાગ્યાં. એમાં જાતજાતનાં કુટુંબો આવ્યાં હતાં. સૂકલકડાં ટટ્ટુઓ પર ગાદલાંગોદડાં, વાસણો, પિત્તળના ઘડાઓ, લાકડાંની ભારીઓ, ગૃહદેવતા ને ચૂલા સુદ્ધાં લઈ જતા એક કુટુંબને મેં જોયું. ભેંસની ઉપર નાનાં-નાનાં છોકરાં, માટીનાં વાસણો, ભાંગેલાં ફાનસ, એટલું જ નહિ પણ ચારપાઈ પણ લાદીને એક કુટુંબ આવ્યું. કોઈ કોઈ કુટુંબો તો પોતાના ખભા પર ઘરનો સરસામાન તેમ જ છોકરાંઓ લઈને ઘણે દૂરથી ચાલતાં આવતાં હતાં.

આ લોકોમાં સદાચારી ગર્વિત મૈથિલી બ્રાહ્મણથી માંડીને ગંગોતા ને દોસાદ સુધીના બધા સમાજના બધા વર્ગોના લોકો હતા. મેં યુગલપ્રસાદને પૂછ્યું, ‘આ બધા લોકો શું અત્યાર સુધી ઘરબાર વિનાના હતા? આટલા બધા લોકો આવે છે ક્યાંથી?’

યુગલપ્રસાદનું ચિત્ત સ્વસ્થ નહોતું. એણે કહ્યું, ‘આ દેશના લોકો જ એવા છે. એમણે જાણ્યું કે અહીં જમીન સસ્તામાં મળે છે એથી ટોળેટોળામાં અહીં આવે છે. અહીં સગવડ હોય તો ઠીક છે, નહિ તો અહીંથી ફરી ડેરા ઉઠાવીને બીજી જગ્યાએ જશે.’

‘આ લોકોને પોતાના બાપદાદાના ઘરની માયા નથી?’

‘જરાય નહિ, બાબુજી! એમનો ધંધો જ કોઈ નવી જમીન ખેતી માટે અપાતી હોય, જંગલ સાફ થતાં હોય ત્યાં જઈને રોજી મેળવીને ગુજરાન કરવાનો છે. રહેવું એ એમને માટે આનુષંગિક છે. જ્યાં સુધી પાક સારો ઊતરશે, ગણોત ઓછું હશે, ત્યાં સુધી અહીં રહેશે.’

❖ ❖

તે દિવસે ગ્રાંટસાહેબના વડની નીચે જમીનની માપણી કરાવવા ગયો હતો. અસરફી ટંડેલ જમીનની માપણી કરતો હતો. હું ઘોડા પર બેસીને એ જોતો હતો. એવામાં મેં કુંતાને ત્યાંથી પસાર થતી જોઈ. કુંતાને ઘણા દિવસથી જોઈ નહોતી. મેં અસરફીને પૂછ્યું, ‘આજકાલ કુંતા રહે છે ક્યાં? દેખાતી નથી?’

અસરફીએ કહ્યું, 'એની વાત તમે સાંભળી નથી બાબુજી? વચ્ચે ઘણો વખત એ અહીં નહોતી.'

'કેમ?'

'રાસબિહારીસિંહ એને પોતાને ઘેર લઈ ગયો હતો. એણે એને કહેલું : 'તું મારા જાતભાઈની પત્ની છે, મારે ઘેર આવીને રહે.'

'પછી?'

'ત્યાં થોડા દિવસ રહી પછી - એનું મોઢું તમે જોયું છે ને બાબુજી! આટઆટલા દુઃખમાં પણ હજી એવી જ રૂપાળી લાગે છે - રાસબિહારીસિંહે એને ઘણું કહ્યું, એની પર બળાત્કાર કરવાનો પણ પ્રયત્ન કર્યો, એટલે એ લગભગ એક મહિનાથી અહીં ભાગીને આવી છે. સાંભળ્યું છે કે રાસબિહારીસિંહે એને છરો બતાવી બીવડાવી હતી. એણે કહ્યું, 'તમારે જોઈએ તો મને મારી નાખો, હું મારો જાન આપીશ, પણ મારો ધરમ નહિ આપું.'

'એ રહે છે ક્યાં?'

'ઝલ્લુ ટોલામાં એક ગંગોતાના ઘરમાં એણે આશરો લીધો છે. તેના કોઢાળાંની પાસે એક નાની અમસ્તી જગ્યા છે તેમાં રહે છે.'

'એનું ગુજરાન શી રીતે ચાલે છે? એને બે-ત્રણ તો છોકરાં છે.'

'ભીખ માગે છે. ખેતરોમાં કાપણી થઈ ગયા પછી રહ્યુંસહ્યું વીણવા જાય છે, ઘઉં ને અડદની કાપણી કરવા જાય છે, કુંતા બહુ સારી સ્ત્રી છે. એ નાચનારીની છોકરી, પણ એનું મન, એનો મિજાજ સારા ઘરની છોકરીના જેવો છે. કાંઈ પણ ખોટું કામ એ હરગિઝ નહિ કરે.'

માપણીનું કામ પૂરું થયું. એ જમીનને એક બલિયા જિલ્લાના માણસે લીધી હતી. કાલથી એ અહીં પોતાનું ઘર વસાવશે. ગ્રાંટ સાહેબના વડનો મહિમા ખતમ થઈ ગયો. મેં અસરફીને કહ્યું, 'અસરફી, કાલે સવારે કચેરીમાં કુંતાને લાવી શકશે? મારે જરા એનું કામ છે.'

'હા, હજૂર! તમે જ્યારે બોલાવો ત્યારે હાજર કરું.'

બીજે દિવસે સવારે કુંતાને લગભગ નવ વાગે અસરફી અમારી કચેરી આગળ લઈ આવ્યો. મેં પૂછયું, 'કેમ છે કુંતા?'

કુંતાએ બે હાથ જોડીને મને પ્રણામ કરીને કહ્યું, 'જી હજૂર! મજામાં છું.'

'તારાં છૈયાંછોકરાં?'

'હજૂરની કૃપાને લીધે બધાં મજામાં છે.'

આ જ કાશીની નાચનારીની છોકરી, પ્રેમવિહ્વલા કુંતા પ્રેમની ઉજ્જવળ વાટને આ દુઃખી રમણી હજી પણ સગૌરવ જલાવી રહી છે, તેથી જ

શું આટલાં દુ:ખદૈન્ય, આટલી નિરાશા, આટલું અપમાન એને નસીબે સહન કરવાનાં હશે? કુંતાએ પ્રેમનું ગૌરવ જાળવ્યું હતું. મેં પૂછયું, 'કુંતા, જમીન લેવી છે?'

કુંતાએ બરાબર સાંભળ્યું કે નહિ તે સમજાયું નહિ. એણે અચંબો પામીને કહ્યું, 'જમીન, હજૂર?' કુંતા બોલતી બંધ થઈ ને એણે આંખ ઢાળી દીધી. બંને આંખોમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યાં.

મેં અસરફીને પૂછયું, 'એને જમીન આપીએ તો પણ એ ખેતી શી રીતે કરશે?'

'એ બહુ અઘરી વાત નથી હજૂર! એને બધા બેએક હળ વાપરવા આપશે. ગંગોતાનાં આટલાં બધાં ઘરો છે, ઘર દીઠ એક એક દિવસ પણ જો હળ આપે તોયે એની જમીન ખેડાઈ જશે. એ જવાબદારી મારી હજૂર!'

'વારુ. કેટલાં વીઘાં જમીન હોય તો એનું નભે અસરફી?'

'જો આપવા જ બેઠા છો, તો હજૂર! મહેરબાની કરીને દશ વીઘાં જમીન આપો.'

મેં કુંતાને પૂછયું, 'કુંતા, જો દશ વીઘાં જમીન તને વગર સલામીએ આપવામાં આવે તો તું બરાબર ખેતી કરીને કચેરીમાં ગણોત આપી શકશે ને? હા. પહેલાં બે વર્ષો તારું ગણોત માફ, પણ ત્રીજા વર્ષથી ગણોત આપવું પડશે.'

કુંતા જાણે હતબુદ્ધિ બની ગઈ. હું એની મજાક કરું છું, કે સાચી વાત કહું છું તે જ એ હજી બરાબર નક્કી કરી શકી નહિ. જાણે દિગ્મૂઢ બની ગઈ હોય એમ બોલી, 'જમીન, દશ વીઘાં જમીન…!' કુંતા લજ્જાજડિત મુખે મારી તરફ જોઈ બોલી, 'જી હજૂર! મહેરબાન!' પછી અચાનક વિહ્‌વળતાથી રડવા લાગી.

મેં ઈશારો કર્યો, એટલે અસરફી એને લઈને બહાર ગયો.

## ૧૭

કાર્તિક મહિનાની છઠનો આ પ્રદેશમાં બહુ મોટો ઉત્સવ છે. જુદા જુદા મહોલ્લામાંથી સ્ત્રીઓ પીળા રંગની સાડીઓ પહેરી ટોળે વળીને ગીત ગાતી ગાતી કલબલિયા નદીમાં છઠનો ઉત્સવ ઊજવવા જાય છે. આખો દિવસ ઉત્સવની ધામધૂમ હોય છે. સાંજે જો લોકોની વસ્તીમાંથી નીકળીએ તો પકવાનની સુગંધ આવ્યા જ કરતી હોય, મોડી રાત સુધી સ્ત્રીઓ ને બાળકોનો હાસ્ય-કલરવ, સ્ત્રીઓનાં ગીતો એ બધું સંભળાતું. છઠ પર્વની સાંજે ઝલ્લુ

ટોળાનું નિમંત્રણ મળ્યું એટલે હું ત્યાં ગયો હતો. પહેલાં અમે ઝલ્લુ ટોલાના મુખી ઝલ્લુ મહાતોને ઘેર ગયા.

ઝલ્લુ મહાતોના ઘરની એક બાજુ જોયું તો હજી પણ જંગલ થોડું થોડું હતું. ઝલ્લુએ ઘરના આંગણામાં એક મંડપ તૈયાર કર્યો હતો. એ મંડપમાં જ અમને એણે આદરથી બેસાડ્યા.

એક પ્રવૃત્તિ જોઈને મને આનંદ થયો કે, બધા ટોલામાં સ્ત્રીઓએ ખૂબ મહેનત કરીને ખાવાનું બનાવ્યું હતું. મેનેજરબાબુ આપણે ત્યાં આવશે એ સાંભળીને એમણે ખૂબ ઉત્સાહથી ને યત્નથી પોતાનું રાંધણકલાનું કૌશલ્ય બતાવીને મીઠાઈઓ તૈયાર કરી હતી. નાઢા બઈહારમાં છનિયા ને સુરતિયાને ત્યાં પણ ગયો. સુરતિયા મને જોઈને દોડતી આવી. 'બાબુજી! આટલું બધું મોડું કેમ કર્યું? હું અને મા બંને જણાએ તમારે માટે ખાસ મીઠાઈ બનાવી છે. હું ક્યારની તમારી રાહ જોતી બેસી રહી છું ને વિચાર કરું છું કે બાબુજીને આટલું બધું મોડું કેમ થયું. આવો, આવો બેસો.'

નકછેદીએ બધાને આદરપૂર્વક બેસાડ્યા. હું નહિ ખાઉં એમ મેં કહ્યું તે સારું ન કર્યું. આખું વર્ષ આ બાળકોને આવું ખાવાનું જોવાનું ય ન મળે. આ તો એમની કેટકેટલી મહેનત, કેટકેટલી આશાનું પ્રતીક છે! આ છોકરીઓને રાજી કરવા મેં મહામહેનતે મીઠાઈના બે ટુકડા ખાધા.

બીજે દિવસે સવારે કુંતા એક પિત્તળના થાળમાં કાંઈ લઈ આવી ને સંકોચપૂર્વક મારી સામે એ થાળો મૂક્યો. થાળા પર એક સફેદ કપડાનો કકડો ઢાંક્યો હતો.

કુંતાએ શરમાતાં શરમાતાં કહ્યું, 'છઠપર્વની મીઠાઈ બાબુજી! કાલે રાત્રે હું બે વાર અહીં આવીને પાછી ગઈ.'

'બાબુજી! આ બધું જ મહેરબાની કરીને ખાજો. તમે ખાશો એમ માનીને મેં ખાસ બનાવી છે. પણ તમને ગરમગરમ મીઠાઈ ખવડાવી ન શકી તેનું મને દુઃખ છે.'

❖ ❖

એક દિવસ મુનેધરસિંહ સિપાઈએ આવીને કહ્યું, 'હજૂર! આ વનમાં એક માણસ ઝાડની નીચે ફાટેલું કપડું પાથરીને સૂતો છે. લોકો એને વસ્તીમાં આવવા દેતા નથી. એને ઢેફાં મારે છે. તમારો હુકમ હોય તો એને લઈ આવું.'

જઈને જોઉં છું તો ગ્રાંટસાહેબના વડની પેલી તરફ (આજથી લગભગ ત્રીસ વર્ષ પહેલાં ગ્રાંટસાહેબ અહીં જમીનની માપણી કરવા આવ્યા હતા, ને એમણે આ ઝાડની નીચે પોતાનો તંબૂ નાંખ્યો હતો, ત્યારથી આ વડનું નામ

ગ્રાંટસાહેબનો વડ પડ્યું હતું.) ઝાડીઓમાં એક અર્જુનવૃક્ષની નીચે એક માણસ ફાટેલું ને મેલું કપડું પાથરીને પથારી જેવું બનાવી સૂતો હતો. ઝાડીઓના અંધકારમાં એ માણસને હું બરાબર જોઈ શક્યો નહિ, તેથી મેં પૂછયું, 'કોણ છે ત્યાં? ક્યાં રહેવું? બહાર આવ.'

એ માણસ બહાર આવ્યો, જાણે સરકતો સરકતો ધીરે ધીરે. પચાસની ઉપર એની ઉંમર હશે. જર્જરિત મુખ, મેલાં ને ફાટેલાં કપડાં, ધોતિયું ને બંડી પહેરેલાં. ઝાડીમાંથી એ જ્યારે બહાર નીકળ્યો, ત્યારે એક પ્રકારની અસહાયતાનો ભાવ એના મુખ પર હતો. શિકારીના સકંજામાં કોઈ જનાવર સપડાયું હોય એવી ભયાર્ત દૃષ્ટિથી એ મારી સામે જોવા લાગ્યો.

ઝાડીના અંધકારમાંથી એ દિવસના અજવાળામાં બહાર આવ્યો ત્યારે જોયું કે, એના ડાબા હાથ પર ને ડાબા પગ પર બહુ મોટા જખમો હતા. એણે કહ્યું, 'મારું નામ ... નામ ... હજૂર! ગિરધારીલાલ. મારું ઘર તીનટાંગામાં છે.' પછી તરત જ વિનંતી, પ્રાર્થના ને રોગીના વિકારવાળા કોઈ અજબ સૂરે એણે કહ્યું, 'જરા પાણી પીવું છે .. પાણી.'

મેં એને ઓળખી કાઢ્યો. પોષ મહિનાના મેળામાં ઈજારદાર બ્રહ્મા મહાતોને ઘેર એને જોયો હતો. એ જ આ ગિરધારીલાલ, એ જ બીકભરી દૃષ્ટિ ને નમ્ર ભાવો.

દરિદ્ર, નમ્ર અને ભીરુ લોકોને જ ભગવાન આટલું બધું દુઃખ આપતો હશે? મુનેધરસિંહને કહ્યું, 'કચેરીમાં જા, ચારપાંચ માણસો ને એક ચારપાઈ લઈ આવ.' મુનેધરસિંહ ગયો. મેં પૂછયું, 'તને શું થયું છે, ગિરધારીલાલ? હું તને ઓળખું છું. તને મારી ઓળખાણ પડી નથી લાગતી. ગયે વર્ષે મેળામાં આપણે બ્રહ્મા મહાતોના તંબૂમાં મળ્યા હતા, યાદ આવે છે? ગભરાવાની જરૂર નથી. તને શું થયું છે?'

ગિરધારીલાલ મોટેમોટેથી રડવા લાગ્યો. એ મને હાથ ને પગ બતાવી બોલ્યો, 'હજૂર! કાપમાંથી આ જખમ થયા છે. એ ઘા રૂઝાયા જ નહિ. જેણે જે દવા કહી તે દવા મેં કરી, પણ ઘા વધતા જ ગયા. ધીમે ધીમે બધા કહેવા લાગ્યા કે મને રક્તપિત્ત થયો છે. આજે ચાર-પાંચ મહિનાથી આ યાતના ભોગવું છું. પૂર્ણિયા હોસ્પિટલમાં જતો હતો, હજૂર! ત્યાં ગયા વિના આ ઘા રૂઝાવાના નથી.'

મને ઘણું આશ્ચર્ય થયું. માણસની જિજીવિષા કેટલી પ્રબળ છે? ઘાવાળા હાથ-પગ લઈને એ દુર્ગમ પહાડ ને જંગલને રસ્તે થઈને પૂર્ણિયાની હોસ્પિટલમાં જવા ઈચ્છે છે!

ચારપાઈ આવી. સિપાઈઓનાં ઘરોની પાસે એક ખાલી ઓરડો હતો, ત્યાં એને લઈ જઈને સુવાડ્યો. કચેરીના કર્મચારીઓ રક્તપિત્ત નામથી ભડકી ગયા હતા. આખરે એમને જેમતેમ સમજાવ્યા.

મને લાગ્યું કે ગિરધારીલાલ ઘણો ભૂખ્યો છે ને ઘણા દિવસ થયાં એણે પેટ ભરીને ખાધું નથી. એને થોડું ગરમ દૂધ પીવડાવ્યું. એથી એનામાં જરા ચેતન આવ્યું.

બીજે દિવસે સ્થાનિક વિશિષ્ટ વૈદ રાજુ પાંડેને બોલાવ્યો. રાજુએ ખૂબ ગંભીર મોઢું કરીને ઘણા વખત સુધી રોગીની નાડી તપાસી. મેં રાજુને પૂછયું, 'આ તારાથી સાજો થશે, કે એને પૂર્ણિયા મોકલી દઉં?'

પછી મને લાગ્યું કે ગિરધારીલાલને હોસ્પિટલમાં મોકલ્યો હોત તો સારું થાત. એના ઘા માટે નહિ, કારણ કે રાજુ પાંડેની જડીબુટ્ટીથી પાંચ-છ દિવસમાં જ ઘા રૂઝાવા લાગ્યા. પણ મુશ્કેલી હતી એની સેવાસુશ્રૂષા વિષેની. આખરે લાચાર બનીને મેં કુંતાને બોલાવી. મેં તેને કહ્યું, 'તું વસતીમાંથી એક ગંગોતા સ્ત્રીને બોલાવી લાવ, હું એને પૈસા આપીશ. આ માણસની સેવાચાકરીનું કામ છે.'

જરાપણ વિચાર કર્યા વિના કુંતા તરત જ બોલી, 'હું સેવાચાકરી કરીશ બાબુજી! તમારે પૈસા આપવાની જરૂર નથી.'

કુંતા રજપૂતની પત્ની હતી. એ ગંગોતા રોગીની સેવા શી રીતે કરશે? મેં કહ્યું, 'એનાં એઠાં વાસણ માંજવાનું, એને ખવડાવવાનું, કારણ કે એ ઊઠી શકતો નથી - એ બધું તારાથી શી રીતે થઈ શકશે?'

કુંતાએ કહ્યું, 'તમે હુકમ કરશો તો હું બધુંય કરીશ ને હું રજપૂત શાની બાબુજી? અમારા કોઈ જાતભાઈએ અત્યાર સુધી અમારી કશીય ખબરઅંતર લીધી છે? તમે જે કહેશો તે હું કરીશ. મારે વળી હવે જાત કેવી?'

રાજુ પાંડેની દવાથી ને કુંતાની સેવાસુશ્રૂષાથી ગિરધારીલાલ એક મહિનામાં સાજો થઈ ગયો. આ સેવા માટે મારા અતિ આગ્રહ છતાં કુંતાએ પૈસા લીધા નહિ. ગિરધારીલાલને એ હવે 'બાબા'નું સંબોધન કરતી થઈ ગઈ હતી. એણે કહ્યું, 'બાબા બિચારા ઘણા દુઃખી છે. એમની સેવા માટે કાંઈ પૈસા લેવાય? મારે માથે ધર્મરાજા છે કે નહિ?'

જીવનમાં મેં જે થોડાં સારાં કામો કર્યાં છે, તેમાંનું એક પ્રધાન સત્કાર્ય અસહાય ને દુઃખી ગિરધારીલાલને વગર સલામીએ જમીન આપવાનું હતું. જમીન આપીને એને લવટૂલિયામાં ઘર કરી આપ્યું. એક દિવસ એની ઝૂંપડીમાં

ગયાં. પોતાની પાંચેક વીઘાં જમીનને એણે જાતે સાફ કરીને એમાં ઘઉં વાવ્યા. ઝૂંપડીની ચારે બાજુ એણે મોટાં લીંબુના રોપ વાવ્યા હતા.

પહેલાં જે એની આંખોમાં અસહાયતાનો ભાવ હતો તેને બદલે હવે આશા અને આનંદ દેખાતાં હતાં.

## ૧૮

**આ** પ્રદેશની વિદાય લેવાનો વખત હવે આવ્યો હતો. જતાં પહેલાં એક વાર ભાનુમતિને મળવાની પ્રબળ ઈચ્છા થઈ આવી. ધનઝરીની શૈલમાળા એક સુંદર સ્વપ્નની જેમ મારા મનનો કબજો કરીને બેઠી હતી. પહાડ, વન, ચાંદની રાત ...

યુગલપ્રસાદને મેં સાથે લીધો. હાશ! લવટૂલિયાની ગીચ, ગંદી, એવી માણસોની વસ્તી, એક જ જાતનાં ઘરો, ખેડાતી જમીન, એ બધામાંથી બહાર નીકળતાં મન પ્રફુલ્લિત બની ગયું. આના જેવી અરણ્ય ભૂમિ હવે ક્યાંય રહી નથી.

આ રસ્તે એ જ બે વનગ્રામો આવતાં હતાં. કુરૂડી અને કુલપાલ, એ બંને ગામો બાર વાગ્યા પહેલાં જ આવી ગયાં. એની સાથે જ આછાંપાતળાં જંગલો દેખાતાં બંધ થયાં ને સામે જ મોટાં મોટાં ઝાડવાળાં ગીચ જંગલો દષ્ટિએ પડ્યાં. કાર્તિક મહિનાના આખરી દિવસો હતા. પવન ખૂબ ઠંડો હતો. ગરમી તો નામની પણ નહોતી. દૂરદૂરની ધનઝરીની પર્વતમાળા અત્યંત સ્પષ્ટ દેખાવા લાગી. સાંજ પડતાં અમે કચેરીએ પહોંચ્યા. ત્યાં શાહબાદ જિલ્લાનો અબ્દુલ વહીદ નામનો મુસલમાન હતો. અમને એણે ખૂબ આદરથી ત્યાં રાખ્યા.

બીજે દિવસે સવારે લગભગ નવ વાગે દોબરૂ પાન્નાની રાજધાની ચકમકિયા ટોલા અમે પહોંચ્યા. અમારા એકાએક જવાથી ભાનુમતિના આનંદનો પાર નહોતો. એની આંખમાં, એના મોઢા પર એના આનંદનો ભાવ વ્યક્ત થયા વગર રહી શકતો નહોતો. એ ભાવ જાણે ઊભરાઈ જતો હતો.

મેં એક બીજી બાબત પણ ધ્યાનથી જોઈ. ભાનુમતિ ઘણી સફાઈથી રહેતી હતી. સાધારણ સાંથાલ સ્ત્રીની જોડે તો એની કોઈ રીતે સરખામણી ન થઈ શકે. વેશભૂષા અને પ્રસાધનનું સહજ સૌંદર્ય ને રુચિબોધ એને એ ઘણા ઊંચા કુટુંબની છોકરી છે તેનો પરિચય આપતાં હતાં.

માટીના જે ઘરના આગલા ભાગમાં અમે બેઠા હતા, તેના આંગણામાં મોટાં મોટાં આસન ને અર્જુનનાં વૃક્ષો હતાં. પોપટો આસાન વૃક્ષો પર કલરવ

કરતા હતા. એક તરફ ઘણે દૂર કાળાં વાદળાં જેવી ગયા જિલ્લાની પહાડશ્રેણી નજરે પડતી હતી.

હાશ! જો બીડીનાં પાનનાં જંગલનો ઈજારો લઈને, આ શાંત જનવિરલ વનપ્રદેશમાં કોઈ પહાડી ઝરણાંને તીરે એક ઝૂંપડી બાંધીને રહેતો હોત તો કેવી મજા આવત! લવટૂલિયા તો ગયું, પણ ભાનુમતિના પ્રદેશના વનનો કોઈ નાશ કરી શકે એમ નથી. એ પ્રદેશની માટીમાં કાંકરાં ને પાયોરાઈટ વિશેષ પ્રમાણમાં છે, તેથી સારો પાક ન ઊતરે. જો પાક સારો ઊતરે એમ હોત તો આ વનનો ક્યારનોય નાશ થયો હોત. પણ જો અહીં તાંબાની ખાણ નીકળે તો જુદી વાત ..

મારું મન દિવાસ્વપ્નને ચકડોળે ચડ્યું. તાંબાનાં કારખાનાંનાં ભૂંગળાં, ટ્રોલીની લાઈન, મજૂરોનાં ઘરોની હાર, એન્જિનમાંથી નીકળેલી કોલસાની રાખનો ઢગલો, મેલાં પાણીની ગટર, દુકાનો, ઘરો, ચાની દુકાન, સસ્તાં સિનેમા. 'જવાની કી હવા', 'શેર સમશેર', 'પ્રેમનો ફંદો', (મૅટિની શોના ત્રણ આના. પહેલેથી આવીને જગ્યા લઈ લેવી), દેશી દારૂની દુકાન, દરજીની દુકાન, હોમિયો ફાર્મસી (ગરીબ રોગીઓની મફત ચિકિત્સા કરવામાં આવશે), આદર્શ ને પવિત્ર હિંદુ હોટલ.

કારખાનામાં ત્રણ વાગ્યાનું ભૂંગળું વાગ્યું. ભાનુમતિ એન્જિનમાં વપરાયેલા કોલસાની ટોપલી માથા પર લઈને વેચવા નીકળી છે. 'કોયલા લ્યો...રે કોયલા, ચાર પેરો ટોપલી...'

ભાનુમતિ તેલ લઈને સામે આવી. મારું દિવાસ્વપ્ન લુપ્ત થયું. હું નાહીને આવ્યો. ભાનુમતિએ પોતાની પેલી આરસી (જે મેં પૂર્ણિયાથી મંગાવીને એને મોકલી હતી) ને એક લાકડાની કાંસકી મને આપ્યાં. સાંજ પડવાને હવે થોડી વાર હતી. ત્યાં ભાનુમતિએ કહ્યું, 'ચાલો બાબુજી! ડુંગર પર જવું નથી? તમને તો ડુંગર બહુ ગમે છે.'

પહાડની ઉપર જ્યારે ગીચ જંગલમાં થઈને અમે ચડ્યાં ને થોડે દૂર ગયાં ત્યાં કોઈ મધુર સુગંધથી મન અને પ્રાણ જાણે પાગલ બની ગયાં. સુગંધ અત્યંત પરિચિત હતી. પહેલાં તો હું ઓળખી શક્યો નહિ, પછી ચોતરફ નજર કરી ત્યાં તો સપ્તપર્ણનાં ફૂલોથી લદાયેલાં વૃક્ષોનાં ઝુંડના ઝુંડ નજરે પડ્યાં. એની જ આ સુવાસ હતી.

હેમંતની શિયાળાની ઠંડી હવામાં ને પુષ્પોથી સભર એવા સપ્તપર્ણના વનમાં ઊભા રહી, સ્વસ્થ, સુંદર કિશોરી ભાનુમતિને જોતાં મને થયું, મૂર્તિમતી

વનદેવીના સાહચર્યથી હું આજે ધન્ય બન્યો છું. શ્યામવર્ણની વનદેવી! રાજકુમારી તો એ છે જ. આ વનભૂમિ, આ પહાડ, આ મિછિ નદી, કારો નદીની ઉપત્યકા, આ બાજુ ધનઝરી ને પેલી તરફ નવાદાની પર્વતમાળા એ બધું જ એક સમયે રાજવંશના કબજામાં હતું, તે જ રાજવંશની આ કુમારી, આજે ભિન્ન યુગની આબોહવાને લીધે, ભિન્ન સંસ્કૃતિના આક્રમણથી એ રાજવંશ દુઃખી, ગરીબ અને નિસ્તેજ બની ગયો છે. તેથી જ આજે ભાનુમતિ અમને એક સાંથાલ સ્ત્રી જેવી લાગે છે. એને જોતાં જ અલિખિત ભારતવર્ષના ઇતિહાસનું એક કરુણ દૃશ્ય મારી દૃષ્ટિ સમક્ષ ભજવાઈ રહ્યું.

આજની આ સંધ્યા મારા જીવનની બીજી અનેક સુંદર સંધ્યાઓ જોડે ભળીને મધુર સ્મૃતિઓના સમારોહથી ઉજ્જવળ બની ગઈ. સ્વપ્નના જેવી મધુર ને સ્વપ્નના જેવી અવાસ્તવિક.

ભાનુમતિ હજી બાલિકા જ હતી. સરલ બાલિકાની જેમ એ ખૂબ આનંદમાં હતી. નાની નાદાન છોકરીની જેમ એ બોલી, ‘અહીં જરા ઊભા રહો તો બાબુજી! કેમ કેવું છે વાતાવરણ? સરસ છે ને?’

હું વિચાર કરતો હતો : આ આખરી મુલાકાત છે. હવે હું અહીં આવવાનો નથી. આ પહાડની ઉપરનું સમાધિસ્થાન ને આ વનપ્રદેશ હવે ફરી જોવાના મારા નસીબમાં નથી. ધનઝરી પહાડની હારમાલાના સપ્તપર્ણનાં ફૂલોથી ભરેલી આ ભૂમિની આ છેલ્લી વિદાય. છ વર્ષનો દીર્ઘ વનવાસ પૂરો કરીને કલકત્તા શહેરમાં હું પાછો જઈશ, પણ જવાના દિવસો જેમ જેમ પાસે આવતા જાય છે તેમ તેમ આ બધાને હું શા માટે દૃઢ બંધનમાં જકડું છું?

નૂરજહાને ઈરાનમાંથી ચિનારનાં વૃક્ષો લાવીને કાશ્મીરમાં રોપાવ્યાં હતાં. નૂરજહાન તો અત્યારે જીવંત નથી, પણ સમગ્ર કાશ્મીર સુંદર ચિનાર વૃક્ષોથી છવાઈ ગયું છે. યુગલપ્રસાદ મરશે તોયે સરસ્વતીકુંડના પાણીમાં આજથી સો વર્ષ પછી પણ હેમંત ઋતુમાં ખીલતાં સ્પાઈડર લીલીનાં ફૂલો પોતાની સુગંધથી વાતાવરણને મઘમઘતું કરશે, અથવા તો કોઈ ને કોઈ ઝાડીમાં વન્ય હંસલાનાં હંસના જેવા આકારવાળાં નીલ ફૂલ ખીલશે. ભલે ને કદાચ કોઈ એ વાત ન કરે કે યુગલપ્રસાદે નાઢા બઈહારમાં આ ફૂલ ક્યાંકથી લાવીને રોપ્યાં હતાં.

પછી એ જ વનની પગદંડીએથી ઊતરતાં ઊતરતાં મને વિચાર આવ્યો : લવટૂલિયા તો ગયું, ને ફૂલકિયા બઈહાર પણ ગયું, પણ મહાલિખારૂપનો પહાડ હજી રહ્યો છે ને ભાનુમતિના ધનઝરી પહાડની ભૂમિ હજી રહી છે. એક વખત કદાચ એવો પણ આવશે કે આપણા દેશના લોકોને જંગલ જોવાનું મળશે નહિ. જ્યાં નજર નાખો ત્યાં ખેતરો ને ખેતરો જ હશે, કાપડની કે શણની

મીલોનાં ભૂંગળાંઓ હશે. ત્યારે લોકો જેમ તીર્થયાત્રાએ જાય છે, તેમ આ અરણ્ય પ્રદેશમાં આવશે. એ હજી આવ્યા નથી એવા દિવસોના માણસો માટે આ વન અખંડિત રહેજો.

❖ ❖

રાત્રે જગરૂ પાન્ના ને એના મોટાભાઈના મુખે એ લોકો વિષે ઘણી વાતો સાંભળી. શાહુકારનું દેવું હજી પતાવ્યું નહોતું. બે ભેંસો પૈસા ઉધાર લાવીને ખરીદવી પડી છે, કારણ કે ખરીધ્યા વિના છૂટકો નહોતો, ગયાનો એક મારવાડી પહેલાં આવીને ઘી ખરીદીને લઈ જતો, આજે ત્રણ મહિનાથી એ આવ્યો નહોતો. ઘરમાં ત્રણ મણ ઘી જમા થયું હતું, કોઈ ખરીદનાર નહોતું વગેરે.

ભાનુમતિની દુનિયા કેટલી હતી તે જાણવાની મને પ્રબળ ઈચ્છા થઈ. મેં પૂછ્યું, 'ભાનુમતિ, ક્યારેય કોઈ શહેર જોયું છે? ભારતવર્ષનું નામ સાંભળ્યું છે?'

ભાનુમતિએ ડોકું હલાવીને ના પાડી. એણે કહ્યું કે ચકમકિયા ટોલા છોડીને એ કદીય ક્યાંય ગઈ નથી. ભારતવર્ષ વળી ક્યાં આવ્યું?

થોડી વાર રહીને એ બોલી, 'દાદાજી એક ભેંસ લાવ્યા હતા. એ બે ટંક ત્રણ શેર ત્રણ શેર દૂધ આપતી. તે વખતે અમારી અત્યારના કરતાં બહુ સારી અવસ્થા હતી બાબુજી! તે વખતે જો તમે આવ્યા હોત તો રોજ તમને માવો ખવડાવત. દાદાજી પોતાને હાથે માવો તૈયાર કરતા. કેવો મીઠો માવો હતો! હવે તો પૂરતું દૂધ જ નથી ત્યાં માવાની તો વાત જ શી? તે વખતે અમારો આદર પણ સારો હતો.' પછી હાથ ઊંચકીને ચારેબાજુ ફેરવીને એણે ગર્વભર્યા સૂરમાં કહ્યું, 'ખબર છે, બાબુજી! આ બધું અમારું રાજ્ય હતું. આખી દુનિયા, વનમાં તમે જે ગોંડ કે સાંથાલને જુઓ છો તે અમારી જાતના નથી. અમે તો રાજગોંડ છીએ. એ લોકો બધી અમારી પ્રજા છે ને અમને રાજા તરીકે માને છે.' એની વાતથી મને દુઃખ પણ થયું ને હસવું પણ આવ્યું.

આખરે માણસને શું જોઈએ છે? ઉન્નતિ કે આનંદ? જેમાં આનંદ ન હોય એવી ઉન્નતિ શું કરવાની? હું એવા ઘણા માણસોને ઓળખું છું, કે જેમણે ઉન્નતિ સાધી છે, પણ આનંદ ગુમાવ્યો છે. જેઓનું જીવન વધુ પડતું વિલાસી હોય છે તેમની મનોવૃત્તિની ધાર ઘસાઈ ઘસાઈને બુઠ્ઠી બની જાય છે. એથી એમને ક્યાંય આનંદ મળતો નથી. એમનું જીવન વિવિધતા વિનાનું, નીરસ ને અર્થહીન બની જાય છે. એમનું મન એવું બંધિયાર બની જાય છે કે એમાં રસ પ્રવેશી જ શકતો નથી.

જો હું અહીં જ રહેતો હોત તો? ભાનુમતિ જોડે લગ્ન કર્યાં હોત. આ માટીના ઘરમાં ચાંદનીથી પ્રકાશિત આંગણામાં સરલ વનબાળા રાંધતાં રાંધતાં આમ જ છોકરવાદી વાત કરતી હોત ને બેઠો બેઠો સાંભળતો હોત. વળી મોડી રાત્રે આ વનમાં ચિત્તાનો અવાજ, જંગલી કૂકડાનો પુકાર ને જંગલી હાથીઓનો અવાજ સાંભળતો હોત. ભાનુમતિ કાળી હતી, પણ એના જેવી તંદુરસ્ત, સપ્રમાણ અંગોવાળી સ્ત્રી બંગાળામાં ન મળે ને એનું સરળ, સતેજ મન! એમાં દયા હતી, માયા હતી, સ્નેહ હતો, એનાં કેટલાંય પ્રમાણ મને મળી ચૂક્યાં છે. એ વિચાર કરવા પણ કેટલા મધુર લાગે છે? કેવું સુંદર સ્વપ્ન! ઉન્નતિ કરવાથી શું વળવાનું હતું? બલભદ્ર ને રાસબિહારીસિંહ ભલે ઉન્નતિ કરતા.

❖ ❖

પાછો બંને બાજુએ છાંયડાવાળો રસ્તો. રસ્તાની એક બાજુએ જાણે રાજકુમારી ભાનુમતિ ઊભી રહી છે, બાલિકા નહિ, યુવતી ભાનુમતિ. એને મેં કદી જોઈ જ નથી. એની આગ્રહભરી દૃષ્ટિ, પ્રણયીની રાહ જોતી ઊભી છે. એનો પ્રણયી પહાડની પેલે પાર શિકારે ગયો છે, એનો આવવાનો સમય થયો છે. મેં મનમાં ને મનમાં એ તરુણીને આશીર્વાદ આપ્યા. ધનઝરી પહાડનાં આગિયાથી પ્રકાશિત ને સપ્તપર્ણની ગંધથી સુવાસિત વનો ને અપૂર્વ દુરચ્છંદા સાંજની આડમાં વનબાલાનો ગુપ્ત અભિસાર સાર્થક હો.

મહાલે પાછો આવીને એકાદ અઠવાડિયામાં બધાંની વિદાય લઈને મેં લવટૂલિયા છોડ્યું.

આવતી વખતે રાજુ પાંડે, ગનોરી, યુગલપ્રસાદ, અસરફી ટંડેલ વગેરે પાલખીની ચારે તરફ ઘેરી વળીને પાલખીની જોડે જોડે લવટૂલિયાના સીમાડા પરની નવી વસ્તીના મહારાજા ટોલા સુધી વળાવવા આવ્યા. મટુકનાથ પંડિતે સ્વસ્તિવચનો ઉચ્ચાર્યાં ને મને આશીર્વાદ આપ્યા. રાજુએ કહ્યું, ‘તમે જશો એટલે લવટૂલિયા ઉદાસ બની જશે.’

‘ઉદાસ’ શબ્દનો ઉપયોગ અહીં વ્યાપક છે ને એનો અર્થ પણ વિશિષ્ટ છે. શેકેલું મકાઈ જો ખાવામાં સારું ન લાગે તો ‘મકાઈ ઉદાસ લાગે છે’ એમ એ લોકો કહે છે. મારે માટે વપરાયેલો આ ‘ઉદાસ’ શબ્દ કયા અર્થમાં હતો તે હું કહી શકતો નથી.

હું જ્યારે વિદાય લેતો હતો, ત્યારે એક સ્ત્રી રડતી હતી. આજે સવારથી આવીને એ કચેરીના આંગણામાં ઊભી હતી. મારી પાલખી જ્યારે ઊંચકવામાં આવી ત્યારે મેં જોયું તો એ જોરજોરથી રડતી હતી. એ સ્ત્રી કુંતા

હતી. નિઃસહાય કુંતાને જમીન આપીને મેં ઠરીઠામ કરી એ મારા મેનેજર તરીકેના જીવનનું એક શુભ કાર્ય હતું. પેલી વનબાલિકા મંચીને માટે હું કાંઈ કરી શક્યો નહિ એનું મને દુઃખ છે. એ અભાગણીને કોઈ કોણ જાણે ક્યાંય ભોળવી ગયું. જો એ અહીં હોત તો હું વિના સલામીએ એના પોતાના નામ પર જમીન આપત.

નાઢા બઈહારના સીમાડા આગળ નકછેદીનું ઘર જોતાં મને એની વાત યાદ આવી. સુરતિયા ઘરની બહાર કાંઈ કરતી હતી. એ મારી પાલખી જોતાં જ બોલી ઊઠી, ‘બાબુજી! બાબુજી! જરા ઊભા રહો.’ પછી એ દોડતી આવી ને પાલખી આગળ ઊભી રહી. એની પાછળ પાછળ છનિયા પણ આવી.

‘બાબુજી, કયાં જાઓ છો?’

‘ભાગલપુર. તારા બાપાજી ક્યાં છે?’

‘ઝલ્લુ ટોલા ઘઉંના બી લેવા ગયા છે. તમે પાછા ક્યારે આવવાના?’

‘હવે હું પાછો નહિ આવવાનો.’

‘છટ્, ખોટી વાત…’

નાઢા બઈહારની સીમા વટાવતાં પાલખીમાંથી મોઢું બહાર કાઢીને ફરી વાર પાછળ ફરીને દૃષ્ટિ નાખી. પાસે પાસે ઘરો, લોકોની વાતચીત, બાળકોનાં હાસ્યકિલ્લોલ, રુદન, ગાયભેંસ, ફસલના ઢગલા, છ-સાત વર્ષોમાં જંગલ ને આ હસતું, ધાન્યથી ભરેલું જનપદ અહીં વસાવ્યું. કાલે બધા વાત કરતા હતા, ‘બાબુજી, તમારું કામ જોઈને અમે બધા ચક્તિ થઈ ગયા છીએ. બઈહાર કેવું હતું ને કેવું બની ગયું.’

હું પણ એ જ વિચાર કરતો કરતો જતો હતો કે નાઢા બઈહાર કેવું હતું ને કેવું થઈ ગયું! ક્ષિતિજમાં લુપ્ત થયેલા મહાલિખારૂપ પહાડને તથા મોહનપુરાને મેં દૂરથી વંદન કર્યાં.

‘હે અરણ્યના આદિમ દેવતાઓ, મને માફ કરજો. વિદાય…!’

❖ ❖

તે પછી ઘણાં વર્ષો વીતી ગયાં. પંદર-સોળ વર્ષો.

બદામના ઝાડ નીચે બેસીને આ બધું વિચારતો હતો. સાંજ પડવા આવી હતી.

ભુલાયેલા ભૂતકાળનાં નાઢા ને લવટૂલિયાનાં અરણ્યો મારા હાથે જ નાશ પામ્યાં. સરસ્વતીકુંડની એ અપૂર્વ વનની શોભા, એમની સ્મૃતિઓનાં સ્વપ્નો આવતાં ને મનને ઉદાસ કરી જતાં. સાથે સાથે મનમાં થાય છે : કેમ હશે કુંતા, સુરતિયા કેટલી મોટી થઈ ગઈ હશે, મટુકનાથની પાઠશાળા આજે પણ

ચાલતી હશે કે નહિ? ભાનુમતિ એ પહાડની ભૂમિવાળા અરણ્યમાં શું કરતી હશે, રાખાલબાબુની પત્ની ને ધ્રુવા, ગિરધારીલાલ, કોણ જાણે આટલા સમય પછી કોણ કઈ હાલતમાં હશે?

વળી વચમાં વચમાં મંચી સ્મૃતિને ચમકાવી જાય છે. પસ્તાઈને શું મંચી પોતાના સ્વામીને ત્યાં પાછી ફરી હશે, કે આસામના ચા બગીચામાં આજે પણ ચાનાં પાંદડાં વીણતી હશે?

કેટલાય કાળથી એમના કોઈ ખબરઅંતર નથી.



# વિચારવલોણું પરિવાર

**અ**મીબાથી અણુયુગ સુધીની વિકાસ યાત્રામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે તાલ મિલાવી ડગ માંડી શકે એવો સુસંગત માનવીય વિકાસ પૂરતા પ્રમાણમાં સધાયો નથી. પરિણામે એક ફિલસૂફે કહ્યું છે તેમ, માનવીને પંખી કરતાં વધુ કુશળતાથી આકાશમાં ઉડ્ડયન કરવાની ક્ષમતા પ્રાપ્ત થઈ, માછલી કરતાં વધુ સરળતાથી પાણીમાં રહેવાની આવડત મળી, પણ પૃથ્વી પર માનવ તરીકે જીવતા ન આવડ્યું. પરિણામે જીવલેણ યુદ્ધો, લોકશાહી, સમાજવાદ, આપખુદશાહી, સરમુખત્યારશાહી વગેરે સ્વરૂપમાં, રાજયવ્યવસ્થાના હિંસક પલટાઓ વગેરેના મૂંગા સાક્ષી બની રહેવાનું મોટા ભાગનાના નસીબે આવ્યું.

સમાજને સ્વસ્થ, તંદુરસ્ત બનાવવાની કામગીરી મુખ્યત્વે તો માનવસર્જનની કામગીરી છે. સ્વયંશક્તિથી અનુશાસિત વ્યક્તિઓ જ રચનાત્મક સ્વસ્થ વાતાવરણનું સર્જન કરી શકશે. આ માટે માનવસમાજમાં સારા એવા પ્રમાણમાં સમગ્રપણે વિકસિત વ્યક્તિઓની હયાતી જરૂરી છે. દરેક વ્યક્તિનાં જ્ઞાન, માહિતી, ડહાપણ એ કક્ષાએ સજ્જ થવાં જોઈએ કે જેથી ગેરમાર્ગે દોરનારી વિચારસરણી કે નુકસાનકારક કાર્યક્રમોને તે ઓળખી શકે. એટલું જ નહીં, પણ તેનો સામનો કરવાની ક્ષમતા અને હિંમત પણ ધરાવે. સ્વયંશાસનની જવાબદારી અને ફરજો અદા કરી શકે અને સહકારભર્યા રચનાત્મક કાર્યક્રમો મારફત સમૂહના પ્રશ્નો ઉકેલવા કટીબદ્ધ થાય એવા નાગરિકોની આજે સવિશેષ જરૂર છે. તેઓએ ભૌતિક નાશથી બચવાના ઉપાયોની સાથે સાથે, અધોગતિને પંથે લઈ જઈ સર્વનાશ કરનારાં બળોનો વિરોધ કરવાની તથા તેમના પર વિજય મેળવવા જેટલી બૌદ્ધિક, નૈતિક, આધ્યાત્મિક કક્ષા પ્રાપ્ત કરી હશે, અને ખોટા આત્મસંતોષમાં રાચવાને બદલે તેઓ પોતાનો સક્રિય રચનાત્મક પુરુષાર્થ અર્પવા સદાય તત્પર રહેશે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે માણસમાંથી ઉપર્યુક્ત કક્ષાનો માનવ બનવાની એક વણથંભી યાત્રાનો આરંભ થઈ ચૂક્યો છે. આપણે એ યાત્રામાં સહભાગી થવા, વધુ ને વધુ સક્રિય જાગૃત પ્રયત્નો કરતા રહીએ અને અન્ય ભાઈ-બહેનોને એમાં સામેલ કરવામાં મદદરૂપ થઈએ. 'વિચારવલોણું પરિવાર' નો મુખ્ય આશય છે આ દિશામાં મદદરૂપ થતા રહેવાનો.